

વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૫)



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(શ્લોક ૨૬૪-૨૭૮) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૪૫૬-૪૭૨)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૫)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(શ્લોક-૨૬૪ થી ૨૭૮, પ્રવચન-૪૫૬થી ૪૭૨)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવંત
૨૦૭૯


વીર સંવંત
૨૫૪૯

ઈ. સન
૨૦૨૩

**પ્રકાશન તિથિ**

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૪મો
જન્મ-જયંતિ મહોત્સવ
તા.૨૧-૪-૨૦૨૩, વૈશાખ સુદ-૨

ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૧૭ પ્રવચનનાં
સંકલનરૂપ આ **‘ભાગવત શાસ્ત્ર’ ભાગ–૧૫** અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ,

ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

- સમયસાર તો સત્યનું ઉદ્ઘાટન છે. ભારતનું મહારત્ન છે!
- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છેને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રના ૨૬૪ થી ૨૭૮ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૪૫૬ થી ૪૭૨ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૧૪માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું

કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારાજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ ‘શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર’નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ‘‘સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.’’ ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે ‘..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.’ ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છેને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છેને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ‘‘સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે’’ એ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

‘‘તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!’’-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૫૬ | ૨૨–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૬૪ | ૦૦૧ |
| ૪૫૭ | ૨૩–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૬૪–૨૬૫ | ૦૧૪ |
| ૪૫૮ | ૨૪–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૬૬–૨૬૭ | ૦૨૬ |
| ૪૫૯ | ૨૫–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૬૭ | ૦૩૭ |
| ૪૬૦ | ૨૬–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૬૭–૨૬૮ | ૦૪૯ |
| ૪૬૧ | ૨૭–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૬૯–૨૭૦ | ૦૬૧ |
| ૪૬૨ | ૨૮–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૭૦ | ૦૭૨ |
| ૪૬૩ | ૨૯–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૭૧ | ૦૮૫ |
| ૪૬૪ | ૩૦–૦૯–૧૯૭૭ | શ્લોક–૨૭૨ | ૦૯૬ |
| ૪૬૫ | ૦૧–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૨ થી ૨૭૪ | ૧૦૯ |
| ૪૬૬ | ૦૨–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૪–૨૭૫ | ૧૨૨ |
| ૪૬૭ | ૦૩–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૬ | ૧૩૩ |
| ૪૬૮ | ૦૪–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૬ | ૧૪૭ |
| ૪૬૯ | ૦૫–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૭ | ૧૬૦ |
| ૪૭૦ | ૦૬–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૭ | ૧૭૫ |
| ૪૭૧ | ૦૭–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૮ | ૧૮૮ |
| ૪૭૨ | ૦૮–૧૦–૧૯૭૭ | શ્લોક–૨૭૮ | ૨૦૧ |

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભ ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિતશાળી !

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૧૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

## ભાદરવા સુદ-૧૦, ગુરુવાર, તા. ૨૨-૦૯-૧૯૭૭, શ્લોક-૨૬૪ પ્રવચન નં. ૪૫૬

કળશટીકા, સાધ્ય-સાધક અધિકાર. કળશટીકાકારે ત્યાંથી સાધ્ય-સાધક અધિકાર શરૂ કર્યો છે. (આમ તો) સાધ્ય-સાધક અધિકાર તો બે કળશ પછી શરૂ થાશે ૨૬૬થી. ૨૬૪ કળશ. ૨૬૪ અને ૨૬૫ એ છે અધિકાર અનેકાંતનો. જે આ શક્તિઓનું વર્ણન કર્યુંને, એવું અનેકાંતનું વર્ણન છે. એ અનેકાંત માહ્યલા બે શ્લોક છે, પણ ટીકાકારે એને સાધ્ય-સાધકમાં નાખ્યા. બાકી અનેકાંત અહીંયાં પૂરું થાય છે ૨૬૫. ૨૬૬થી ઉપાય-ઉપેય, સાધ્ય-સાધક ૨૬૬થી શરૂ થાય છે. અહીં એમણે એ કર્યું છે.

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तदद्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।२६४।।

છેલ્લી શક્તિ આવીને સ્વસ્વામીસંબંધશક્તિ. 'ઈત્યાદિ...' એમ કરીને. છે તો અનંતશક્તિ, પણ વર્ણન ૪૭નું કર્યું. અનંત શક્તિનું વર્ણન કરે તો કાંઈ પાર ન આવે. એટલે ૪૭નું કર્યું. બીજા ગ્રંથોમાં છે. એમ કે લગભગ ૫૪ શક્તિ છે, પણ બબ્બે-ચાર એની એ છે. અહીંયા

કહે છે કે સ્વસ્વામીસંબંધશક્તિ છેલ્લી હતી. એનો અર્થ એ કે આત્મા શુદ્ધ વિજ્ઞાનઘન વીતરાગસ્વરૂપ એની દૃષ્ટિ કરવાથી, એનો અનુભવ કરવાથી જે પર્યાયમાં શુદ્ધતા આનંદનો ભાવ આવે છે એ પર્યાયસહિત, ગુણસહિત આખા સમુદાયને આત્મા કહે છે. શું કહ્યું? સ્વસ્વામીસંબંધ કહ્યોને? તો જે દ્રવ્ય જે આત્મા છે અને એમાં અનંતગુણ છે શક્તિ. એમાં છેલ્લી સ્વસ્વામીસંબંધ કહી. એની સાથે સ્વસ્વામીસંબંધશક્તિની સાથે છે. અર્થાત્ આત્મા ચિદાનંદ ભગવાન એમાં અનંત શક્તિ છે તે અક્રમ છે અને પરિણમન છે તે ક્રમે છે. એ ક્રમ પરિણમન અહીંયાં નિર્મળ લેવું છે, મલિન નહિ. કેમકે મલિન પરિણામ (સાથે) જ્ઞાતાનો પરજ્ઞેય તરીકે સંબંધ છે. અને નિર્મળ પર્યાય, નિર્મળ ગુણ અને દ્રવ્ય (સાથે) સ્વ તરીકે સ્વસ્વામીસંબંધ છે, આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? આહા..!

ભગવાન આત્મા... આજ કાગળ આવ્યો છે ભાઈ ઓલા દરબારનો. હરિસંગ દરબાર આવે છેને. અહીં આવે છે. બેસે છે ત્યાં. ગયા હમણા. અહીંયાં બેસે છે. એનો કાગળ આવ્યો છે કે મને ત્યાં ધંધુકા બોલાવ્યો હતો. ધંધુકા ત્યાં રામવિજયના કોઈ શિષ્ય છે શ્વેતાંબર. ત્યાં બોલાવ્યો હતો અને પછી એણે પૂછ્યું મને કે તમે શું સોનગઢ જઈને લઈ આવ્યા? સોનગઢ શું શીખ્યા તમે? એમ ઓલા શિષ્યે પૂછ્યું. ભાઈ! કાગળ છે. ત્યાં પડ્યો છેને અંદર. ત્યારે એણે કહ્યું કે ભાઈ ત્યાં તો એમ કહે છે... એ ગરાસિયા છે ગરાસિયા દરબાર અહીંયાં બેસે છે. આવે ૨૦-૨૫ દિ'. ઘરે ગામ ગરાસ છે. આપણે તો ૨૫ હજાર ગરાસ સમજતા. પણ લોકોએ ત્યાં એટલું કહ્યું કે દરબાર! તમને ૫૦ હજારની ઊપજ હતી એ સોનગઢ જવા લાગ્યા ત્યારથી બે લાખની ઊપજ થઈ. એક તો એ લખ્યું છે. બીજું, તમે ત્યાં ગયા તો શું શીખ્યા? તો દરબાર કહે છે... સાદા માણસ ત્યાં બેસે છે પાછળ... ત્યાં તો એમ કહે છે કે આત્મા ભગવાનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. એની પ્રાપ્તિ કોઈ રાગથી થતી નથી. રાગ કોઈપણ હોય તે ઘાતક છે. તો રાગથી નહિ પણ વીતરાગભાવથી આત્માનું ભાન થાય છે. એમ ત્યાં આગળ સોનગઢમાં કહે છે. એમ કેટલીક વાત કરી એણે. ત્યારે લોકોએ બહુ ખુશી બતાવી. ભાઈ એવું આવ્યું છેલ્લે. બધા શેઠિયાઓ હતા, શ્વેતાંબર સાધુ હતા એણે બધાએ ખુશી બતાવી, અભિનંદન આપ્યું એને. અભિનંદન એટલે તમને અભિનંદીએ છીએ કે ઓહો..હો..! તમે આ રીતે દરબાર થઈને, ગરાસિયા થઈને ત્યાં જાવ છો અને આ રીતે તમે શીખ્યા. માર્ગ તો આ હું શીખ્યો છું ત્યાં છે એક.

આત્મા વીતરાગસ્વરૂપ અનંત શક્તિઓ એ વીતરાગસ્વરૂપી છે. આહા..હા..! એ સ્વસ્વામીસંબંધશક્તિ પણ વીતરાગી શક્તિ છે. તો એ વીતરાગી શક્તિને ધરનાર દ્રવ્ય, એ શક્તિ ગુણ અને એની પ્રતીત, અનુભવ કરતા પર્યાયમાં જે શુદ્ધતા આનંદનું જ્ઞાન, દર્શન આવે એ પર્યાય. એ પર્યાય ક્રમવર્તી, ગુણ અક્રમવર્તી એનો સમુદાય તે આત્મા. એ પ્રમાણનો વિષય બતાવવાનો છે, અહીંયાં નિશ્ચયનો વિષય એકલો બતાવ્યો નથી. સમજાણું કાંઈ?

નિશ્ચયનયનો વિષય તો એકલું દ્રવ્યસ્વરૂપ અભેદ, પણ અભેદમાંથી અભેદનું ભાન થયું તો પરિણતિમાં જે નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ પરિણતિસહિત આત્માને અહીંયાં પ્રમાણનું જ્ઞાન બતાવ્યું છે. સમજાણું કાંઈ? તો એ પરિણતિ જે શુદ્ધ થઈ એ ગુણ અને દ્રવ્ય એ ત્રણે સ્વ છે અને આ સ્વનો સ્વામી આત્મા. એ પર્યાય સ્વામી છે આ ત્રણેના. આહા..હા..! સ્વસ્વામીસંબંધ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય સાથે સ્વ અને સ્વામીનો સંબંધ છે. આહા..હા..!

અકારણકાર્યની શક્તિમાં પણ... અકારણકાર્ય નામનો ગુણ છે આત્મામાં. જેમ સ્વસ્વામીસંબંધ કહ્યો એમ અકારણ મહાસિદ્ધાંત છે એમાં કે જે અકારણકાર્ય નામનો ગુણ છે એ ગુણી જે આત્મા એનો આશ્રય છે. તો જ્યારે એ દ્રવ્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ થયા તો એ પર્યાયમાં રાગ વ્યવહારરત્નત્રયની એ પર્યાય કારણ નહિ અને એ પર્યાય વ્યવહારરત્નત્રયનું કાર્ય નહિ. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? અકાર્યકારણશક્તિ ગઈ છે પહેલી. અહીં સ્વસ્વામીસંબંધમાં અકાર્યકારણશક્તિનું પણ રૂપ છે અને અકાર્યકારણશક્તિમાં સ્વસ્વામીસંબંધનું પણ રૂપ છે. આહા..હા..!

તો કહે છે કે પોતાનો દ્રવ્યસ્વભાવ જ્ઞાયક એમાં અનંતી શક્તિઓ પડી છે એનું જ્યારે ભાન થાય છે સમ્યગ્જ્ઞાન એ તરફના વલણથી વર્તમાનમાં જ્ઞાનની પર્યાય નિર્મળ સમ્યક્ થાય છે એ પર્યાય સ્વ છે અને એ પર્યાય રાગનું કાર્ય નથી. શું કહ્યું? વ્યવહારરત્નત્રય રાગ છે એની એ નિર્મળ પર્યાય સ્વદ્રવ્યને આશ્રયે થઈ તો એ નિર્મળ પર્યાય જે મોક્ષનો માર્ગ એ વ્યવહારરત્નત્રયનું કારણ નથી અને વ્યવહારરત્નત્રયનું કાર્ય નથી. આહા..હા..! આવી વાત સ્પષ્ટ છે પણ લોકોને... એ લોકો પણ જરી ખુશી થઈ ગયા શ્વેતાંબર લોકો. ધંધુકા-ધંધુકા. હેં! ભારે વાત ભાઈ! તમે દરબાર થઈને (ત્યાં ગયા) તમને તો આ લાભ મળ્યો, પણ તમને તો ૫૦ હજારની પેદાશ હતી અને સોનગઢ ગયા પછી બે લાખની થઈ, એમ બધા કહે છે. આપણને તો ૨૫ હજારની ખબર હતી અત્યાર સુધી. ગરાસ છે ૨૫ હજારનો ગરાસ છે. પણ આવું નાખ્યું છે અંદર. કાગળ આવ્યો છે. અરે ભગવાન! લક્ષ્મી આ આત્માની લક્ષ્મી પ્રાપ્ત થઈ એ જ ધન છે. બહારની ધૂળ હોય, બે લાખ હોય કે કરોડ હોય.. આહા..હા..! એ ક્યાં એની હતી? આત્માની ક્યાં (હતી)? અહીંયાં તો રાગ પણ આત્માનો નથી.

**શ્રોતા :-** અધૂરી પર્યાય એ પણ આત્માની નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અધૂરી પર્યાય એ તો સ્વમાં અહીંયા લેવી છે. અપૂર્ણ પર્યાય એ પણ સ્વમાં લેવી છે. દૃષ્ટિના વિષયમાં નહિ. પણ અહીંયાં સ્વસ્વામીસંબંધમાં જેટલી નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ એ પોતામાં સ્વમાં છે એમ લેવું છે. આહા..હા..! દૃષ્ટિના વિષયમાં એ પર્યાય મલિન હોય, નિર્મળ હોય ઓછી, પૂરી એ દ્રવ્યના વિષયમાં, સમકિતના વિષયમાં ન આવે, પણ અહીં તો પ્રમાણનો વિષય બનાવવો છે. ઝીણી વાત છે, ભાઈ! વર્તમાનમાં

જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વદ્રવ્યના અવલંબને પ્રગટ થઈ એ પર્યાય સ્વ, ગુણ સ્વ, દ્રવ્ય સ્વ એનો સ્વામી. સ્વનો સ્વામી. સમજાણું કાંઈ? તો રાગ-વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે, પણ એ સ્વ નથી અને ધર્મી એનો સ્વામી નથી, આત્મા એનો સ્વામી નથી. આહા..હા..!

**શ્રોતા :-** વિકલ્પનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વસ્વામીસંબંધમાં અકાર્યકારણપણું એમાં છે કે જેને કારણે જે વ્યવહાર વિકલ્પ જે રાગ છે એનું નિર્મળ પર્યાય કાર્ય છે એમ પણ નથી અને મલિન પર્યાય છે એનું નિર્મળ પર્યાય કારણ છે એમ પણ નથી. આવી વાતું છે. આહા..હા..! વીતરાગમાર્ગ છે, ભાઈ! આહા..હા..! આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય, વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. એ આગળ કહેશે, સર્વજ્ઞ પરમાત્માએ કહેલો છે માર્ગ. એ આગળ કહેશે. '**जिननीतिमलङ्घयन्तः**' ૨૬૫ છેને? ૨૬૫ એમાં કહેશે. '**जिननीति**' કેવળીનો કહેલો માર્ગ. '**जिननीति**' છે. ચોથી લાઈન છે. ૨૬૫ની ચોથી લાઈન. '**जिननीति**' ૨૬૫ની ચોથી લીટી, નીચે છે. '**जिननीति**' '**जिननीति**' '**जिननीति**' નીચે... નીચે... નીચે... નીચે... એનાથી નીચે. એનાથી નીચે ચોથી લીટી. એ નહિ. એ નીચે એનો અર્થ. ચોથી લીટી એનો અર્થ.

'**जिननीति**' સમ્યગ્દૃષ્ટિ જિનનીતિને ઓળંગતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ? કે જિનનીતિ એટલે કે જિનેશ્વરે કહેલો જે વીતરાગી માર્ગ એને ઉલ્લંઘતા નથી. એ રાગથી આત્માનો ધર્મ માનતા નથી, પણ વીતરાગી પર્યાયમાં રાગ આવે છે એના જ્ઞાતા તરીકે રહે છે, એ જ્ઞાતાની પર્યાય સ્વ અને સ્વામી છે, પણ રાગનો સ્વ અને સ્વામી ધર્મી એમ આત્મામાં છે જ નહિ. આહા..હા..! ભારે ઝીણું પડે માણસને. શું થાય, બાપુ! મારગડા (જુદાં છે).

અંદર તદ્દન શુદ્ધ ચૈતન્ય વસ્તુ એમાં વર્તમાનમાં જ્ઞાનની પર્યાયને સૂક્ષ્મ, અંતરમાં સૂક્ષ્મ ઉપયોગ દેવાથી એનો દ્રવ્યસ્વભાવ જણાય છે. આહા..હા..! દ્રવ્યસ્વભાવ અસંખ્ય પ્રદેશે પર્યાય છે. અસંખ્ય પ્રદેશ છેને પર્યાયે? એ વાત કહી હતી એકવાર કે આ ઉપર-ઉપર પર્યાય છે આત્માની, આ જડની તો નહિ, પણ અસંખ્ય પ્રદેશ જે જીવનો છે. તો આ ઉપર-ઉપરની પર્યાય એમ નહિ. અંદર અહીંયાં અસંખ્ય પ્રદેશ છે અંદર એ અસંખ્ય પ્રદેશમાં પણ ઉપર પર્યાય છે. આહા..હા..! અસંખ્ય પ્રદેશમાં છેલ્લો એક ક્ષેત્રનો અંશ એમાં પર્યાય છે. એ પર્યાય ધ્રુવમાં નથી. અહીંયાં અસંખ્ય પ્રદેશ છે જીવના, તો ઉપર-ઉપર એટલે આત્માનો પ્રદેશ બહાર છે એની ઉપર પર્યાય છે એમ નથી. આખા અસંખ્ય પ્રદેશમાં અંદર જે અસંખ્ય પ્રદેશ છે આખા એ બધામાં ઉપર પર્યાય છે અને અંદર ધ્રુવમાં નથી. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? શું કહેવું છે?

ફરીને કહીએ. પહેલા કહ્યું હતું, થોડા દિવસ પહેલા. એ નહિ હોઈ ભાઈ કદાચ. આ

શરીર નહિ. જેમ એક લોટો હોય છેને પાણીનો લોટો એની અંદર પાણી છે. તો પાણીનો આકાર લોટાને આકારે છે, પણ લોટાના આકારને કારણે પાણીનો આકાર નથી. લોટાનો આકાર ભિન્ન છે, પાણીનો આકાર ભિન્ન છે. હવે પાણીના આકારની જે પર્યાય છે એ આકૃતિ બહાર છે એટલે નહિ. અંદર અસંખ્ય પાણીના દળમાં જે ઉપર-ઉપર પર્યાય છે તે એની આકૃતિ છે. અરે! બહુ ઝીણું, બાપુ! અંદરમાં ધ્રુવ એ અસંખ્ય પ્રદેશે જે પર્યાય છે, જુઓ અહીંયાં પ્રદેશ છેને? આ નહિ, આ આંગળી નહિ. અંદર પ્રદેશ અસંખ્ય. તો અસંખ્ય પ્રદેશમાં પ્રદેશદીઠ પર્યાય ઉપર છે. આ ઉપર છે અસંખ્ય પ્રદેશમાં ઉપરની પર્યાય છે એમ નહિ. એ અસંખ્ય પ્રદેશમાં દરેક પ્રદેશમાં ઉપર પર્યાય છે. આહા..! એ તો ઠીક આ તો અસંખ્ય પ્રદેશમાં બધે સ્થાને ઉપર છે. ઝીણી વાત પડે, ભાઈ! આ તો માર્ગ એવો છે. આહા..હા..! કદી કર્યો નથી, વિચાર કર્યો નથી. સમજાણું કાંઈ?

જુઓ, આ છેને આ. જુઓ, આ ઉપર-ઉપરની પર્યાય છે. તો એ પર્યાય ઉપરની છે એમ નહિ, ત્યાં અંદર દળ છેને ત્યાં પણ ઉપર પર્યાય છે. અંદર દળ છેને આ? તો એમાં ઉપર પર્યાય છે. એ બધામાં, અનંત પરમાણુ આ તો છે, તો બધામાં ઉપર-ઉપરની પર્યાય છે. બાહ્ય, અંદર. આ... આ.. બધામાં ઉપર છે. એ ઉપરની પર્યાયનું ધ્યાન ધ્રુવમાં જવું જોઈએ. આહા..હા..! ચંદુભાઈ! પહેલા કહ્યું હતું એકવાર. પહેલા આવી ગયું છે. આહા..હા..! રાતે ચર્ચામાં આવ્યું હતું. આ છેને? આ ઉપરની પર્યાય એટલી પર્યાય એમ નહિ. અંદરમાં દળ છેને ત્યાં પણ ઉપર-ઉપર પર્યાય છે. એ ઉપર-ઉપરની સર્વ પ્રદેશની પર્યાય અંદર ધ્રુવમાં નથી. એ બધી પર્યાયને ધ્રુવ તરફ વાળવી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

જ્ઞાનની પર્યાય અસંખ્ય પ્રદેશમાં ઉપર છે. એ પર્યાયને અંદરમાં ધ્રુવ, દરેક પર્યાયના સ્થાને ધ્રુવ અંદર છે, દરેક પર્યાયના સ્થાનમાં ધ્રુવ અંદર છે તો દરેક પર્યાયને અંદર ધ્રુવ તરફ લઈ જવી. આહા..હા..! શાંતિભાઈ! આ ઉપર-ઉપર પર્યાય છે એમ નથી. એમાં દળ છેને? એ બધામાં ઉપર પર્યાય છે. આ ઉપર છે એમ નહિ. અંદર જે અનંત રજકણ છે એ દરેક રજકણ ઉપર પર્યાય છે. આહા..હા..! આ પર્યાયદૃષ્ટિ છોડવી અને દ્રવ્યદૃષ્ટિ કરવી એનો આ અધિકાર છે. દરેક પ્રદેશમાં... ખરેખર તો પ્રદેશનું ક્ષેત્ર પણ ભિન્ન છે, પર્યાયનું ક્ષેત્ર પણ ભિન્ન છે. આવી વાતું! એ અસંખ્ય પ્રદેશ જે દળ આખું છે, રજકણથી ભિન્ન, રાગથી ભિન્ન અને આખા આત્મામાં અસંખ્ય પ્રદેશ ઉપર જે નિર્મળ પર્યાય છે એ પર્યાય અસંખ્ય પ્રદેશમાં અંદરમાં પણ પર્યાય પ્રદેશમાં ભિન્ન છે. આ અસંખ્ય પ્રદેશ છે અંદર. અહીંયાં પણ અસંખ્ય પ્રદેશ છે. આ અસંખ્ય છે. આનાથી ભિન્ન. તો એ દરેક પ્રદેશમાં પર્યાય ભિન્ન ઉપર છે, અંદર ધ્રુવમાં નથી. અરે..! એ પર્યાયનો સ્વામી તરફ અંતરમાં વળતા સ્વ નિર્મળ પર્યાય થાય છે. ઓલી મલિન છે. અનાદિ કાળની ઉપરની પર્યાય મલિન છે અને ઉઘાડ જેટલો છે એટલી નિર્મળ પણ છે, પણ હવે જ્યારે એ મલિન પર્યાય ઉપર છે એને છોડી દેવી.

જ્ઞાનની પર્યાય જે અસંખ્ય પ્રદેશમાં ઉપર ઉઘાડ છે એ પર્યાયને ધ્રુવમાં વાળવી. આવી વાતું ઝીણી.

**શ્રોતા :-** સમુદ્રની લહેર ઉપર-ઉપર છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપર-ઉપર નથી. એ અંદરમાં, બધામાં છે. ઉપર નહિ, દરિયામાં અંદર છે. સમુદ્રમાં જે તરંગો ઉઠે છે એ તો ઉપરનો ભાગ બહાર છે, પણ એ પર્યાય તો સમુદ્રમાં અંદર દળમાં પણ પર્યાય છે. આહા..હા..! આખો ધ્રુવ જેમ પડ્યો છે એમ ધ્રુવની ઉપર અસંખ્ય પ્રદેશમાં પર્યાય પડી છે. સમજાય છે કાંઈ? આ વિષય તો એકવાર રાત્રે ચર્ચાણો હતો, રાત્રે થઈ હતી. આહા..હા..!

અહીં તો બીજું કહેવું હતું કે એ જે પર્યાય છે એના ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ છે. '**पज्जयमूढा हि परसमया**'. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં પણ એ આવે છે. 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ નહિ, પર્યાયબુદ્ધિ નહિ. 'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે, સાચે સાચે વેણ કહે, સાચે જિનમતિ હૈ.' પર્યાયબુદ્ધિ નાહી એમ આવે છે. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' પર્યાયની બુદ્ધિ નથી. સમકિતીને પર્યાયબુદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! અત્યારે ચાલતો વિષય બહુ સ્થૂળ કરી નાખ્યો લોકોએ. આ તો અંદરમાં ભગવાન.

આ પરમાણુ છે એ તો ભિન્ન છે. અંદર જે પ્રદેશ છે, અસંખ્ય પ્રદેશનું દળ એ ઉપરની પર્યાય એટલી નહિ, પણ અસંખ્ય પ્રદેશ છે એમાં પર્યાય ઉપર છે. અભ્યાસ નથી. અહીંયાં તો એમ કહેવું છે કે પર્યાય ઉપર-ઉપર છે અને પર્યાય ધ્રુવમાં પ્રવેશતી નથી. એક કળશમાં આવે છેને, ભાઈ! કળશ આવે છે પહેલો. ઉપર-ઉપર પર્યાય છે એ દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી. સમજાણું કાંઈ? પહેલા આવી ગયું, કળશમાં આવે છે પહેલાં શરૂઆતમાં. નિર્મળ પર્યાય હો, મલિન પર્યાયની તો અહીંયા વાત છે નહિ, એ નિર્મળ પર્યાય જે છે એ પણ દ્રવ્યસ્વભાવ ઉપર તરે છે. દ્રવ્યસ્વભાવ જે ધ્રુવ છે એમાં પર્યાયનો પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલામી છે?

'**કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ?**' '**સ્फुटं**' '**પ્રગટપણે ઊપજ્યા થકા વિદ્યમાન જ છે તોપણ ઉપર ઉપર જ રહે છે.**' ઓહો..હો...! સમયસાર... છે? આહા..હા..! '**ઉપર ઉપર જ રહે છે.**' એ તો છે પણ બીજા અંદર પ્રવેશ કરતા નથી એ શબ્દ છે બીજામાં. ઉપર ઉપર રહે છે એ આત્મા જ્ઞાન છેને? એ ક્યાંક છે વિશેષ. શું કહે છે?

**શ્રોતા :-** સમયસાર શાસ્ત્રમાં ૧૧મા શ્લોકમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમાં હશે. એ ૧૧મો કળશ વચ્ચે છે. '**પ્રતિષ્ઠા પામતા નથી,...**' પર્યાય. '**કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો**

**અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી,...'** ૧૧મો કળશ છે. વિશેષ સ્પષ્ટ આમાં કર્યું છે. છે? '**પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી,** ઉપર જ રહે છે.' આહા..હા..! સમયસારમાં તો સમસ્ત 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.' શું કહે છે? આહા..હા..!

અહીં તો સ્વસ્વામીસંબંધનો અર્થ કરવો હતો. આ દ્રવ્ય છે એમાં અનંતી શક્તિ છે, એમાં સ્વસ્વામીસંબંધ નામની શક્તિ છે, પણ એ શક્તિનું જે શુદ્ધ પરિણમન છે એ પરિણમન ઉપર-ઉપર રહે છે, એ ધ્રુવમાં પ્રવેશ કરતું નથી. છતાં એ ઉપરની પર્યાય પણ સ્વ છે અને આત્મા એનો સ્વામી છે. એનો સ્વસ્વામીસંબંધ છે. આહા..હા..! અને રાગની સાથે સ્વસ્વામીસંબંધ નથી. એ તો જ્ઞાન-જ્ઞેયસંબંધ છે.

એમ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર... આહા..હા..! એનો આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ નથી, પણ જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે. એ જાણવાલાયક છે અને આત્મા જાણનારો છે બસ એટલું. આહા..હા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે, મારા માનવા લાયક એ વસ્તુ નથી. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને પણ મારા માનવા એમ છે નહિ અંદર. એ તો જ્ઞેયજ્ઞાયક એની સાથે સંબંધ છે. આહા..હા..! એને ઠેકાણે આ શરીર ને વાણી ને મન ને સ્ત્રી ને કુટુંબ ને ધંધા ને વેપાર ને પૈસા ને ધૂળ ને.. આહા..હા..! એની સાથે કાંઈ સંબંધ નથી, પ્રભુ! એ તો જુદી-ભિન્ન ચીજ છે. આહા..હા..! સંબંધ હોય તો તે સ્વામી, સ્વસ્વામીસંબંધ નથી, પણ જ્ઞેયજ્ઞાયકસંબંધ છે, જાણવાલાયક છે. આહા..હા..!

શ્રીમદ્દે એક દાખલો આપ્યો છે કે એક ગલી હોય ગલી. પચાસ ઘર છે પચાસ. તો એમાં એનું ૨૫મું ઘર હોય ગલીમાં. તો જોવામાં ૫૦ ઘર જ્ઞેય તરીકે જાણે છે. એમાં આ ઘર મારું એ ક્યાંથી આવ્યું? ૫૦ ઘર ગલીમાં હતા એ આત્મા જાણે છે કે આ છે. આ છે એટલું. એમાં આ મારું એ ક્યાંથી આવ્યું? ઊભું કર્યું ભ્રમણાએ. આહા..હા..! સમજાણું કાંઈ? ૫૦ છોકરાઓ હોય. નિશાળમાં ભણતા હોયને સાથે. એમાં એનો એક છોકરો હોય. ખરેખર તો ૫૦ છોકરાઓ છે એ જ્ઞાનમાં જાણે છે કે આ છે... છે... છે. એમાં આ મારો એ આવ્યું ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? એય..! હસમુખ ત્યાં ઉભો હોય તો કહે આ મારો. પણ ક્યાંથી આવ્યો મારો? તારો ક્યાંથી છે ઈ? એક સાથે ૫૦ છોકરાઓ ઊભા હોય તો જાણે આ છે... છે... છે... છે. એમાં છોકરામાં એવો સ્વભાવ છે કે જ્ઞાનમાં એવો સ્વભાવ છે કે આ મારા છે? એનો એવો સ્વભાવ છે કે આ મારા છે એમ એ માને? અને જ્ઞાનનો એવો સ્વભાવ છે કે આ છોકરો મારો છે એમ માને? આહા..હા..!

એ તો ઠીક પણ દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનના સ્મરણનો રાગ, એ રાગ પણ આ મારો એવું સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! (છોકરો) જેમ પરજ્ઞેય છે એમ રાગ પણ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. આત્મા જાણનાર અને એ જ્ઞેય. એમાંથી રાગ મારો એ આવ્યું

ક્યાંથી? સમજાણું કાંઈ? શાંતિભાઈ!

**શ્રોતા :-** મારાપણાની ભ્રમણા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભ્રમણા ઉભી કરી. આહા..હા..!

૫૦ દીકરીયું ચાલતી હોય એમાં એના છોકરાની વહુ હોય, હવે એમાં એણે પાંચ હજારનો સાડલો આપ્યો હોય. સાડી-સાડી. આમ બધાને જોવે છે. એમાં 'આ મારા છોકરાની વહુ' એ આવી ક્યાંથી એમાં? સમજાણું કાંઈ? એ તો જ્ઞેય તરીકે પચાસ દીકરીયું ચાલે છે. એ છે એમ જાણે છે. એમાં 'આ મારી' એમ આવ્યું ક્યાંથી? આહા..હા..! પોપટભાઈ!

**શ્રોતા :-** સાડલો આપ્યોને કિંમતનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાડલો આપ્યોને. અને એમાં પણ પાછી દષ્ટિફેર. એણે પાંચ હજારનો સાડલો આપ્યો. છેડો હોયને છેડો? સાડીને છેડે સોનાના ઓલા હોયને. સોનાનું હોય. શું કહે છે? પાલવ. એ પાલવ આમ ઉપર રાખે બીજાને દેખાડવા માટે. પાંચ હજારનો હોય, દસ હજારનો હોયને મોટા ગૃહસ્થ લોકોને. પણ બીજા છોકરા એની ઉપર નજર કરે છે એ બીજી દૃષ્ટિ હોય અને એનો સાસરો માને કે મારી પાંચ હજારની સાડી છોકરાની વહુએ પહેરી છે એ મારી બહાર આવે છે એમ માને. આહા..હા..! મેં પાંચ હજારની સાડી બનાવી એ બહાર આવે છે. જુઓ છોકરાઓ જોવે છે. ઓલા બીજા દૃષ્ટિથી જોતા હોય. આ જગતની ભ્રમણા. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે ગુરુ એમ માને કે આ શિષ્ય મારા. એ આવ્યું ક્યાંથી? એમ કહે છે. આહા..હા..! જીવ તરીકે પર છે એ જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! એમાં 'આ શિષ્ય મારો અને હું એનો ગુરુ' એ આવ્યું ક્યાંથી? કહે છે. આવી વાતું છે, બાપુ! આહા..હા..!

અહીં કહે છે કે સ્વસ્વામીસંબંધમાં રાગ નથી આવતો, શરીર, વાણી, મન, લક્ષ્મી, મકાન નથી આવતા, ફક્ત નિર્મળ પર્યાય મોક્ષમાર્ગની, જે શુદ્ધ ચૈતન્યને અવલંબે પ્રગટેલી દશા સ્વમાં આવી છે અને એનો સ્વામી આત્મા, બસ. એ પર્યાય રાગનું કારણ નથી, નિર્મળ પર્યાયે વ્યવહાર-રાગ ઉત્પન્ન કર્યો એમ નથી. વ્યવહારરત્નત્રયે નિર્મળ પર્યાય ઉત્પન્ન કરી એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વસ્વામીસંબંધમાં તો ઘણું... સંબંધ લીધો છેને? સ્વસ્વામીસંબંધ. તો પરની સાથે પરજ્ઞેયસંબંધ, પરજ્ઞેયસંબંધ બસ. સ્વજ્ઞેય તો આ બાજુ આવી ગયું. પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય તો સ્વમાં આવ્યા. તો સ્વસ્વામીસંબંધ અને રાગથી માંડીને બધી ચીજ જ્ઞેયજ્ઞાયકસંબંધ એમાં સ્વ-મારું, આ મારું એ સંબંધ આવ્યો ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારો એ આવ્યું ક્યાંથી કહે છે. ધર્મીને એવો ભાવ વિકલ્પ આવે છે, પણ એ જ્ઞેય તરીકે એને જ્ઞાન તરીકે જાણે છે. આહા..હા..! ગજબ વાત છે. 'ષોડશકારણ ભાવના ભાયે' શું છે પંડિતજી? દર્શનવિશુદ્ધિ હા એમ. 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાયે સોલહ તીર્થંકર પદ પાયે.' પ્રભુ! સાંભળ તો ખરો,

નાથ! આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર (બંધાય) એ ભાવ પણ તારા જ્ઞાનનું સ્વ નહિ, એનો તું સ્વામી નહિ. આહા..હા..! અહીં તો જ્યાં હોય ત્યાં મેં... મેં.. મેં... મેં... હું... હું... હું... એનો રક્ષક, એનો ભક્ષક. આહા..હા..!

ઓલા કહે છે કે એક આહાર નિશ્ચયથી કરી શકાય નહિ, પણ વ્યવહારથી તો આત્મા આહાર કરેને? અરે! ભગવાન! એ હમણા પ્રશ્ન આવ્યો હતો સાધુમાંથી. આહારનો નહિ? એમ કે અત્યારના સાધુ એમ બોલે કે આહાર નિશ્ચયથી આત્મા ન કરી શકે, પણ વ્યવહારથી તો કરી શકે કે નહિ? આહા..! અરે! ભગવાન! અહીંયાં તો નિર્દોષ આહાર લેવાનો જે રાગ વિકલ્પ આવ્યો એને પણ પોતાનો માનવો એ વિપરીત છે. એ રાગ પણ જ્ઞાનના જ્ઞેય તરીકે જાણવામાં આવે છે. જ્ઞાનમાં આ સ્વ છે એમ જણાય તો મિથ્યાદૃષ્ટિ છે. આવી વાત છે. આહા..હા..! ઝીણું પીંખી-પીંખીને કરે તો... એવો માર્ગ છે, પ્રભુ! સમજાણું કાંઈ? કહો, હસમુખ! આ દીકરા મારા, બાયડી મારી, પૈસા અને દુકાન મારી. આ મારાએ મારી નાખ્યા પણ. આહા..હા..!

પ્રભુ તો એમ કહે છે, સ્વસ્વામીસંબંધની વાત ચાલે છે. છેલ્લે શક્તિ પછી આ લેવું છેને? આહા..હા..! તારી શક્તિમાં તો એવી શક્તિ પડી છે કે એમાં વર્તમાન નિર્મળ પર્યાય એ સ્વ, ગુણ સ્વ અને દ્રવ્ય સ્વ, એનો સ્વામી. બસ ત્યાં મર્યાદા અટકી ગઈ. હવે ત્યાં રાગાદિ થયા એ સ્વ અને સ્વામીસંબંધ રાગ સાથે.. ભગવાન કહે છે કે સ્વસ્વામીસંબંધશક્તિને કારણે પરની સાથે અમારો સંબંધ છે એમ છે નહિ. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આહા..હા..! આ શેઠિયાને પાંચ-પચાસ કરોડ હોય, બે-પાંચ દસ કરોડ હોય અને પછી બેઠા હોય. આહા..હા..! શેઠને કહ્યું હતું મેં શાહુજીને. ત્યાં ફતેહપુર શાહુજી આવ્યા હતાને. ચાલીસ કરોડ રૂપિયા. ફતેહપુર આવ્યા હતા. જયંતિ ઉપર આવ્યા હતા. આમ નરમ માણસ છે, પણ હજી... પછી બેઠા હતા. આમ હાથ મુકી પાટ હેઠે બેઠા. કોઈ નહોતું. મેં કહ્યું, શેઠ! શાહુજી! આ જિંદગી ચાલી જાય છે, ભાઈ! તમે પૈસાવાળા એટલે જ્યાં હોય ત્યાં મોઢા આગળ મૂકે. સભામાં પ્રમુખ ઠરાવો, સભામાં પ્રમુખ ઠરાવો, શેઠ સાહેબને પ્રમુખ ઠરાવો. એ સભામાં જઈને અગ્રેસરપણું લેવામાં કાળ ચાલ્યો જાય છે. પોતાનું હિત કરવાનો કાળ ચાલ્યો જાય છે. અમારે ક્યાં એની પાસેથી પૈસા-બૈસા લેવા હતા. ચાલીસ કરોડ હોય કે ધૂળ.

**શ્રોતા :-** આપે તો હિતની વાત કરી કલ્યાણની વાત કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિતની. કીધું આ વખત ચાલ્યો જાય છે, ભાઈ! મોટા માણસ તમે એટલે જ્યાં ત્યાં મોઢા આગળ બેસાડે. આ અમારે શેઠ ભગવાનદાસ છે એને મોટા જ્યાં હોય ત્યાં મોઢા આગળ ઠરાવે. શેઠ! એને કહ્યું હતું. ફતેહપુર છેને. હતાને સાથે. એ એકલા આવ્યા હતા ત્યારે. બપોરે એકલા આવ્યા હતા. શાહુજી! આ પરવસ્તુમાં પૈસાના માહાત્મ્યથી તમને મોટા ઠરાવે પ્રમુખ સભામાં, તો જ્યાં ત્યાં સભાઓ ભરાય એટલે તમને

મોઢા આગળ ઠરાવે એમાં તમારો કાળ આમાં જાય છે, પ્રભુ! આહા..હા..! તમારા હિતની વાત તો રહી જાય છે અને આ અહિતના માર્ગમાં મોઢા આગળ કરે. આહા..હા..! મોઢા આગળ શું કહે છે? આગે. આગળ કરે, મોઢા આગળ. એ મોઢા આગળ એટલે ઠીક મોઢા આગળ આવ્યુંને. ઠીક. આહા..હા..! પ્રભુ! મોઢા આગળ તો તારી પર્યાય, ગુણ અને દ્રવ્ય એ મોઢા આગળ છે. આહા..હા..! એમાં રાગને મુખ્ય કરવો એ તારી ચીજમાં છે નહિ, તારા ગુણમાં નથી, તારી નિર્મળ પર્યાયમાં એ નથી. નિર્મળ પર્યાય પોતાની છે, રાગ એ પોતાનો નથી. આહા..હા..! હવે અત્યારે તો એ મોડો ઝઘડો કે વ્યવહાર વ્રત કરીએ, અપવાસ કરીએ, ત્યાગ કરીએ, આ કરીએ એમ કરતાં-કરતાં સમકિત થશે, નિશ્ચય થશે. આહા..હા..!

એ ઉપાય-ઉપેયમાં આવે છે. આ ગાથા છેને. ઉપાય-ઉપેયની શરૂઆત કરે છેને ત્યાં વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રની પરાકાષ્ઠા આવે છેને? એ તો ત્યાં હતું એ જણાવે છે. પહેલું એકદમ નિશ્ચય સ્વરૂપ સાતમા ગુણસ્થાનની ભૂમિકા નથી ત્યારે એને સમ્યગ્દર્શનસહિત શુભરાગ હોય છે. એ શુભરાગનો પાક થતાં... થતાં... થતાં... અભાવ કરતાં.. કરતાં... વીતરાગતા થાય છે. ઉપાય-ઉપેયમાં શરૂઆત એમ લીધી છે. આહા..હા..! અહીંયા ઉપાય-ઉપેય. જિનેશ્વરદાસજી! આ ઉપાય-ઉપેય. એ પછી ગાથા આવશે. ત્રીજા શ્લોકમાં. સંસ્કૃતમાં એવો પાઠ છે કે વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્રની પરંપરાના પાકથી નિશ્ચય થાય છે. એનો અર્થ કે જેને પોતાનું આત્મદર્શન-જ્ઞાન-ચારિત્ર તો થયું છે, નિશ્ચય. છે અંદર, ઉપાય-ઉપેયની શરૂઆતમાં છે. પણ ત્યાં આગળ રાગભાગ જે છે એનો નાશ કરતાં... કરતાં... કરતાં... કરતાં... વીતરાગભાવ એકદમ થશે, તો વ્યવહારના પાકથી વીતરાગભાવ થયો એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! હવે અહીં ના પાડે છે કે વ્યવહાર તારી ચીજ નથી અને એનાથી તને લાભ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? આહા..હા..! શાસ્ત્રના અર્થો કરવાની રીત પોતાની સ્વચ્છંદ દૃષ્ટિથી અર્થ કરે. એમ ન ચાલે, ભાઈ! આ તો વીતરાગ ત્રણ લોકનો નાથ માથે છે. આહા..હા..! ગણધરોએ શાસ્ત્ર રચ્યા, સંતોએ આદર્યા અને કેવળીઓએ કહ્યા.

અહીંયાં કહે છે... સંસ્કૃત આવી ગયુંને? '**ખંડાન્વયસહિત અર્થ :-**' '**इह तत् चिद् वस्तु द्रव्यपर्ययमयं अस्ति**' જુઓ, બેય. એકલું દ્રવ્ય અહીં નથી લેવું. અહીંયાં તો પ્રમાણનો વિષય લેવો છે. સમજાણું કાંઈ? કેમ? કે દ્રવ્ય જે વસ્તુ છે અનંત શક્તિસંપન્ન એનું ભાન થાય તો એ અનંત શક્તિસંપન્ન છે એમ થયું. તો ભાનની પર્યાય પણ પર્યાયમાં સાથે લેવી છે. સમજાણું કાંઈ? '**द्रव्यपर्ययमयं अस्ति**' આ આત્મા દ્રવ્ય-પર્યાયમય છે. એકલું દ્રવ્ય અહીંયાં નથી લેવું. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય, પણ સમ્યગ્જ્ઞાન દ્રવ્યની સાથે જે જ્ઞાન થયું એ દ્રવ્ય અને પર્યાય બંનેને જાણે છે. સમજાણું કાંઈ? નિર્મળ પર્યાય હોં! મલિનતાની તો વાત નથી. '**વિદ્યમાન...**' '**इह**'નો અર્થ કર્યો. '**इह**' '**વિદ્યમાન...**' '**तत्**' '**પૂર્વોક્ત...**' '**चिद् वस्तु**' '**જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય...**' '**चिद् वस्तु**' ચિદ્ એટલે જ્ઞાન. '**જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય...**'

જ્ઞાનની મુખ્યતાથી કહ્યું છેને? એ ઉપરથી તો અનેકાંત શરૂ કર્યું. કે 'તમે જ્ઞાન-જ્ઞાન કરો છો તો એકાંત જ એ થઈ જાય. એમાં બધા ગુણોની પર્યાય આવતી નથી.' એમાં આવી જાય છે. એ માટે તો આ શક્તિનું વર્ણન કર્યું. સમજાણું કાંઈ?

જીવદ્રવ્ય દ્રવ્યપર્યાયમય. આહા..! અસ્તિ. દ્રવ્ય-ગુણ-પર્યાયમય. જુઓ, અહીંયાં દ્રવ્ય, ગુણ અને પર્યાયમ જીવદ્રવ્ય લીધું. નિર્મળ અક્રમ જે ગુણ છે એની ક્રમવર્તી નિર્મળ પર્યાયસહિત દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો આત્મા લીધો છે. આહા..હા..! પાઠ પાછો એમ છે '**द्रव्यपर्ययमयं**'. આત્મા દ્રવ્ય, એમાં અનંત શક્તિ અને એનું પરિણમનમાં ભાન થયું એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય એ જીવદ્રવ્યમય. આહા..હા.! એ દ્રવ્યપર્યાયમય. એ દ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયસહિત. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પહેલાં એ કહ્યું સવારમાં કે ગુણ-ગુણી આત્મા શુદ્ધ છે એવો ભેદ પણ કાઢી નાખવો. કારણ કે શુદ્ધસ્વરૂપ જ એનું ત્રિકાળ છે. એટલે આત્મા શુદ્ધ એવો પણ ભેદ કાઢી નાખવો. એ દૃષ્ટિનો વિષય બતાવવો છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં દ્રવ્ય-પર્યાયમય જીવદ્રવ્યને જાણે છે. એકલી પર્યાય છે એકાંત.. એ અનેકાંત તો અહીંયા છે, પર્યાય છે જ નહિ તો એકાંત થઈ જાય છે. આહા..હા..! અનેકાંત અહીંયાં સિદ્ધ કરવું છે. દ્રવ્ય પણ છે અને પર્યાયમય દ્રવ્ય છે. આહા..હા..! જીવદ્રવ્ય દ્રવ્યપર્યાયમય. એક બાજુ એમ કહે કે પર્યાય દ્રવ્યમાં પ્રવેશતી નથી. હમણા કહ્યુંને? ઉપર ઉપર રહે છે, છતાં પ્રમાણજ્ઞાનના વિષયમાં જીવદ્રવ્ય પર્યાયમય છે. આહા..! આવી વાતું હવે. અનેકાંત છે. આહા..હા..!

ભગવાન આત્મા પવિત્ર પ્રભુ એની શક્તિઓ જે અનંત કીધી ૪૭ આદિ એ બધી પવિત્ર છે અને એની પરિણતિ પણ પવિત્ર છે. એવું જીવદ્રવ્ય, પર્યાયમય જીવદ્રવ્ય. આહા..હા..! એ સમ્યક્ પ્રમાણજ્ઞાનનો વિષય તેને અહીંયાં દ્રવ્યપર્યાયમય કહેવામાં આવ્યો છે. દૃષ્ટિનો વિષય એ વાત અત્યારે લીધી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઘડીકમાં કંઈક, ઘડીકમાં કંઈક. આ તો પ્રમાણનો વિષય છેને. અને એકાંત લોકો જે કહે છેને કે પર્યાય નથી અને વેદાંત કહે છે કે પર્યાય નથી. બુદ્ધ કહે છે કે પર્યાય છે, દ્રવ્ય નથી. એ એકાંતનો નિષેધ કરવા માટે 'જીવ દ્રવ્યપર્યાયમય છે' એમ કીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું સમજવું... સમજવું... સમજવું એકલું. આહા..હા..! એ સમજવું એ કરવું નથી? આહા..હા..! પણ એ તો સમજવાની ક્રિયા તો એને ભાસતી નથી. રાગ અને બાહ્યક્રિયા કરે તો 'કાંઈક કરું છું' એમ ભાસે. આહા..હા..!

**શ્રોતા :-** વ્રત, તપ કરે તો ભાસે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો ભાસે કે આ વ્રત કર્યા, શરીર સુકાણું, આહાર ન લીધો. શરીરથી બ્રહ્મચર્ય પાળે છે. એ બધું સૂઝે બહારનું. આહા..હા..! પરમાર્થ વચનિકામાં કહ્યું

છે કે આગમની પદ્ધતિનો ભાવ જગતને સહેલો છે વ્યવહારનો એ એને ભાસે છે, પણ અધ્યાત્મનો વ્યવહાર એને ભાસતો નથી. અધ્યાત્મનો વ્યવહાર અંદર નિર્મળ પર્યાય એ અધ્યાત્મનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? પરમાર્થ વચનિકામાં છે. મોક્ષમાર્ગપ્રકાશક. પરમાર્થ વચનિકા છે એમાં છે. આહા..હા..! આગમની વ્યવહાર શૈલી જે છે એ લોકોને સહેલી પડે. દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન ને એ. પણ અધ્યાત્મના વ્યવહારની પણ એને ખબર નથી. અધ્યાત્મનો નિશ્ચય તો દ્રવ્ય છે પણ દ્રવ્યને આશ્રયે મોક્ષમાર્ગની વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે એ વ્યવહાર છે. અધ્યાત્મનો વ્યવહાર એ છે. આહા..! સમજાણું કાંઈ? એને પ્રવચનસારમાં આત્મવ્યવહાર કહ્યો છે અને રાગાદિનો વ્યવહાર મનુષ્યવ્યવહાર કહ્યો છે. મનુષ્યનો વ્યવહાર એ સંસારીનો વ્યવહાર છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞેય અધિકારની ૯૪ ગાથા પહેલી. જ્ઞેય અધિકાર છેને? જ્ઞાન અધિકાર ૯૨ ગાથા પૂરી, પછી ૯૩-૯૪. આહા..હા..!

ભગવાન આત્મા... આ તો દ્રવ્યપર્યાયમય આવ્યુંને એની વાત ચાલે છે કે વસ્તુ જે છે ત્રિકાળી પ્રભુ એને આશ્રયે-અવલંબને નિર્મળ પર્યાય થઈ. એ નિર્મળ પર્યાય અધ્યાત્મનો વ્યવહાર અને આત્મવ્યવહાર છે, રાગ એ આત્મવ્યવહાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞેય અધિકારમાં, તો જ્ઞેય આત્મજ્ઞેયના અધિકારમાં... આહા..હા..! રાગ એ આત્માનો વ્યવહાર પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મવ્યવહાર તો એને કહીએ કે રાગ છે એને જાણવાની જે નિર્મળ પર્યાય છે એ આત્મવ્યવહાર છે અને રાગ છે એ મનુષ્યવ્યવહાર, સંસારીનો વ્યવહાર, રખડવાનો વ્યવહાર છે. આહા..હા..! આવું છે. આહા..હા..!

**'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય...' 'द्रव्यपर्ययमयं अस्ति'** છે. આત્મદ્રવ્ય દ્રવ્ય-ગુણ-પર્યાયમય અસ્તિ છે. એકલી દ્રવ્યમય અસ્તિ છે અને એકલી પર્યાયમય અસ્તિ છે એમ નથી. છતાં દ્રવ્ય, ગુણ અને પર્યાય જીવદ્રવ્યની અસ્તિ છે તો એ ત્રણે સમ્યગ્દર્શનનો વિષય છે એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પાડવો એ પણ વિકલ્પ છે. નિર્વિકલ્પ અભેદ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એ નિયમસારમાં આવે છે આવશ્યક અધિકાર. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ કરીને વિકલ્પ ઉઠાવવો એ આવશ્યક નથી, એ પરાધીન છે. આહા..હા..! અહીંયાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય જે નિર્મળ પ્રગટ થઈ એને પ્રમાણનો વિષય બનાવીને દ્રવ્ય અને પર્યાય બે એવી ચીજ છે એમ અનેકાંત સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું. કેવું છે જીવદ્રવ્ય?'** જુઓ, કેવું છે જીવદ્રવ્ય? **'एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं'** આહા..હા..! જીવદ્રવ્ય કેવું છે? કે **'પૂર્વોક્ત પ્રકારે...' 'क्रम'** છેને? એટલે ક્રમ, કાળક્રમ-પર્યાયનો ભાગ. ક્રમ. પહેલા વિણસે, બીજો ઊપજે. પહેલી પર્યાય જાય, પછીની પર્યાય ઉત્પન્ન થાય. એ ક્રમસર કાળક્રમ ભેદ. પર્યાયમાં કાળક્રમ ભેદ પડે છે. એક સમયની પર્યાય બીજે સમયે નથી.

તો કાળક્રમ ભેદમાં પર્યાય ક્રમમાં આવે છે. આહા..હા..! આવું એક-એકનું (સ્વરૂપ). અને અક્રમ. દ્રવ્યનું વિશેષણ. દ્રવ્ય વિશેષ, એનો વિશેષણ ગુણ. જ્ઞાન-દર્શન-આનંદ એક સાથે અક્રમ (છે). એ દ્રવ્ય વિશેષનું વિશેષણ એ ગુણ. અને દ્રવ્યની ક્રમવર્તી કાળક્રમ ભેદ એ પર્યાય. આહા..હા..! ઝીણી વાતું બાપુ! બહુ ભાઈ! આહા..હા..! સંતોએ કામ કર્યા છેને. માર્ગ સહેલો કરી દીધો છે. ઘણી સાદી ભાષાએ એને પકડી શકાય એ શૈલી લીધી છે. સમજ્યા?

**'एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं' 'પૂર્વોક્ત પ્રકારે...' 'क्रम'** નામ કાળક્રમ ભેદ. પહેલા વિણસે અને પછી ઊપજે અને **'अक्रम' 'વિશેષણરૂપ...'** એટલે ગુણ. **'પરંતુ ન ઊપજે, ન વિનશે,—એ રૂપે છે...'** એ ધ્રુવ. ગુણ છે એ ન ઊપજે, ન વિણસે. પર્યાય છે એ ઊપજે-વિણસે. સમજાણું કાંઈ? નિર્મળ પર્યાયની વાત છે હોં અહીંયાં. નિર્મળ પર્યાય પણ ઊપજે-વિણસે, વિણસે-ઊપજે... વિણસે-ઊપજે... વ્યય-ઉત્પાદ... વ્યય-ઉત્પાદ. ગુણ છે એ ન ઊપજે, ન વિણસે. એ અક્રમ છે. આહા..હા..! એવું છે. **'પરંતુ ન ઊપજે, ન વિનશે,-એ રૂપે છે...' 'विवर्ति' 'અંશરૂપ ભેદપદ્ધતિ...'** પરિણતિની અંશરૂપ ભેદપદ્ધતિ, ક્રમની, પર્યાયની. ભેદ છેને ભેદ? **'અંશરૂપ ભેદપદ્ધતિ તેનાથી પ્રવર્તી રહ્યો છે...'** પરિણતિમાં પ્રવર્તી રહ્યો છે. પર્યાયમાં અંશભેદથી પ્રવર્તી રહ્યો છે. આહા..હા..! અંશી તરીકે તો દ્રવ્ય વસ્તુ અને પર્યાય અંશ તરીકે પરિણમન કરી રહ્યો છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે આમાં ક્યાં...

**શ્રોતા :-** અલ્પકાળમાં કલ્યાણ થાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું છે. વાત તો એ છે. આહા..હા..! આકરી લાગે, ન સાંભળી હોય એટલે એકદમ સમજતા મુશ્કેલી પડે, પણ આ કર્યે છૂટકો છે. એ વિના જન્મ-મરણ નહિ મટે, પ્રભુ! સમજાણું કાંઈ? આહા..હા..! એ **'विवर्त'** આહા..હા..! છે? **'चित्रं'** એટલે વિચિત્ર પ્રકાર. **'પરમ અચંબો...'** અચંબો એટલે કે દ્રવ્ય ધ્રુવ છે એમાં પરિણતિ અચંબો છે. આ ધ્રુવ અને આ પરિણમે એમ. ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન પરિણતિ એ અચંબો છે. અથવા **'चित्रं'** છે વિચિત્રતા. પર્યાય ગુણની વિચિત્ર પરિણતિ છે. ભાવાર્થ લેશે લ્યો. ભાવાર્થ લેશે પછી...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૧, શુક્રવાર, તા. ૨૩-૦૯-૧૯૭૭, શ્લોક-૨૬૪-૨૬૫ પ્રવચન નં. ૪૫૭

કલશટીકા. ૨૬૪ કળશ. ભાવાર્થ. આ બાજુ છે પાંચમી લીટી. હિન્દી-હિન્દી. ૨૩૯ પાનું છે. ભાવાર્થ છે. ભાવાર્થ આવ્યોને? '**ભાવાર્થ આમ છે કે ક્રમવર્તી પર્યાય,...**' અહીંયાં નિર્મળ પર્યાય ક્રમવર્તી લેવી છે. કાળ ક્રમે... ક્રમે... ક્રમે... પર્યાય થાય એને અહીંયાં ક્રમવર્તી કહે છે અને યુગપદ્ રહે છે એને અક્રમ કહે છે. ભાષા સાંભળી હોય પણ એને અંદર બેસવી કઠણ. આહા..હા..! ક્રમવર્તી પર્યાય અને અક્રમ ગુણ એ બેનો સમુદાય આત્મા છે. રાગ નહિ, નિમિત્ત નહિ, કર્મ નહિ. આહા..! આ અનેકાંતની વાત ચાલે છે સ્યાદ્વાદની. સ્યાદ્વાદમાં કથંચિત્ આત્મા અક્રમે નિત્ય છે અને કથંચિત્ ક્રમે કરીને અનિત્ય છે. એકાંત અનિત્ય છે અને એકાંત નિત્ય છે એમ નથી. આહા..હા..!

કહે છે કે '**ક્રમવર્તી પર્યાય, અક્રમવર્તી ગુણ;...**' એક સાથે સમયમાં રહેનારા અનંતગુણ. '**એ રીતે ગુણ-પર્યાયમય છે જીવવસ્તુ.**' આહા..હા..! દૃષ્ટિ દ્રવ્ય ઉપર દેવાથી જે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે એ પર્યાય ક્રમવર્તી છે અને દ્રવ્ય જે છે એ અક્રમવર્તી ગુણ છે. આહા..હા..! એ ગુણ-પર્યાયમય જીવવસ્તુ. આહા..હા..! વેદાંત એકાંત નિત્ય જ માને છે, બૌદ્ધ એકાંત અનિત્ય માને છે. તો આ અનેકાંતમાં નિત્ય-અનિત્ય બેય આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે જે વસ્તુ છે નિત્ય, એ નિત્યનો નિર્ણય કોણે કર્યો? નિત્યનો નિર્ણય નિત્ય નથી કરતું. સમજાણું કાંઈ? જે નિત્ય છે, દ્રવ્ય શુદ્ધ ત્રિકાળ છે એવો નિર્ણય કોઈ ધ્રુવ નથી કરતો, ગુણ નથી કરતા, એ નિર્ણય તો પર્યાય કરે છે. અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે. અનિત્યને આશ્રયે નહિ પણ નિત્યના આશ્રયે અનિત્ય નિર્ણય નિત્યનો કરે છે. આહા..હા..! એ કારણે ક્રમમય અને અક્રમ જીવવસ્તુ, એને અહીંયાં જીવવસ્તુ કહી. એકલો દ્રવ્યસ્વભાવ ત્રિકાળી એને નિશ્ચયથી આત્મા કહ્યો.

નિયમસાર ૩૮ ગાથા. ત્યાં તો પર્યાય વિનાની ત્રિકાળી તે જ નિશ્ચય આત્મા છે એમ કહ્યું. પણ એ નિશ્ચય ત્રિકાળી આત્મા છે એ કોની દશામાં નિર્ણય કર્યો? સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે. સાધારણ વાત નથી. અંતરની પર્યાય અંતરમાં વાળવી, તો એ પર્યાયમાં દ્રવ્યનો અનુભવ થાય છે એ પર્યાયમાં થાય છે. અનુભવ દ્રવ્યનો નથી થતો. સમજાણું કાંઈ? આનંદ અને જ્ઞાન સમ્યગ્દર્શન આદિની પર્યાય એમાં અનુભવ થાય છે. વેદન જે છે એ પર્યાયનું છે. વેદન દ્રવ્યનું નથી. આહા..હા..! શું કહે છે? સમજાણું કાંઈ? દ્રવ્ય જ્ઞાયકભાવ ગુણમય અનંત શક્તિ. અહીં અનેક શક્તિ લેવી છેને? અનેક નિજશક્તિ એ હવે

આવશે. અનેક નિજ અનંત નિજશક્તિનો પિંડ '**सुनिर्भरः**'. આહા..હા..! એવી જીવવસ્તુ. તે કેવી છે? હવે આવશે જુઓ, '**यः भावः इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरः अपि ज्ञानमात्रमयतां न जहाति**' '**यः भावः**' '**ज्ञानमात्र** **જીવવસ્તુ...**' '**इत्यादि**' '**દ્રવ્ય-ગુણ-પર્યાય ઈત્યાદિથી માંડીને...**' '**अनेकनिजशक्ति**' અનેક નિજસ્વભાવ, નિજગુણ. આહા..હા..! '**अस्तित्व,...**' અંતર એક શક્તિ છે એમ કહે છે. વસ્તુ જીવદ્રવ્ય છે એમાં અસ્તિત્વ નામનો ગુણ છે શક્તિ. '**वस्तुत्व,...**' સામાન્ય અને વિશેષરૂપ થવું એ વસ્તુત્વ ગુણ છે. એકલું સામાન્યરૂપ રહેવું એમ નહિ. વસ્તુત્વગુણનું સ્વરૂપ સામાન્ય અને વિશેષરૂપ રહેવું એ વસ્તુત્વગુણ છે. એવો વસ્તુત્વ નામનો ગુણ છે. પણ એ ગુણ સામાન્ય અને વિશેષસ્વરૂપ રહેવું એ વસ્તુત્વ છે. સામાન્ય જે દ્રવ્ય ત્રિકાળી છે એની વર્તમાન પર્યાયમાં વેદન થયું, સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું એ પર્યાયમાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો એ પર્યાય વિશેષ છે, દ્રવ્ય સામાન્ય છે. એ દ્રવ્ય સામાન્ય અને વિશેષરૂપ વસ્તુને કહેવામાં આવે છે. વસ્તુત્વગુણને કારણે, વસ્તુત્વગુણને કારણે સામાન્ય-વિશેષરૂપ રહે છે. એકલું સામાન્યરૂપ નહિ, એકલું વિશેષરૂપ નહિ. આહા..હા..! અહીં પરનો સંબંધ નથી. અહીં તો રાગનો પણ વિશેષમાં સંબંધ નથી. સમજાણું કાંઈ? આવું ઝીણું પડે એટલે લોકોને તત્ત્વદૃષ્ટિ આકરી પડે છે.

શું કહે છે? '**वस्तुत्व,...**' '**अस्तित्व,...**' નામની શક્તિ છે સત્તા. એ ૪૭ શક્તિમાં આવી ગયું છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ શક્તિ આવી ગઈ અને એક અસ્તિત્વ પરિણામમય શક્તિ આવી ગઈ. ૧૮-૧૯. ૪૭ શક્તિમાં ૧૮ અને ૧૯ શક્તિ છે. એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની એક શક્તિ છે. આહા..હા..! ગુણ હોં! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' જે તત્ત્વાર્થસૂત્રમાં છે. એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો આત્મામાં એક ગુણ છે, એ સત્ છે, એ અસ્તિત્વ છે. ત્રણેનું અસ્તિત્વ એમાં આવ્યું. દ્રવ્યનું, ગુણનું અને પર્યાયનું. આહા..હા..! '**वस्तुत्व,...**' સામાન્ય-વિશેષ બેય આવ્યા. વસ્તુમાં સામાન્ય છે અને પર્યાય વિશેષ. એ વસ્તુનો અર્થ સામાન્ય-વિશેષરૂપ. એ વિશેષ અહીંયાં નિર્મળ પર્યાય લેવી. રાગ વ્યવહારરત્નત્રય વિશેષમાં અહીં આવતો નથી. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયમાં જણાયું, પણ વિશેષ રાગ એનો છે એ એનું પ્રમાણ એમ નથી. આહા..હા..! કળશમાં ઘણી સૂક્ષ્મ ગંભીરતા ભરી છે. એમ ને એમ વાંચી લે અને સમજી લે એવી ચીજ નથી. આહા..હા..!

કહે છે કે એ '**वस्तुत्व, प्रमेयत्व,...**' એ પણ આપણે આવી ગયું છે. '**પરિણમ્યપરિણામકત્વશક્તિ**' કેટલામી છે? પરિણમ્યપરિણામકત્વશક્તિ. ૧૫મી. ૧૫મી. ૪૭માં છે. પરિણમ્યપરિણામકત્વશક્તિ છે. પ્રમેયપણું અને પ્રમાણપણું. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનું પ્રમાણપણું એ પણ એક શક્તિ, પણ એક પ્રમાણ અને પ્રમેયશક્તિ એક લીધી છે. અને પરને પ્રમેયરૂપ થવું, પરના જ્ઞાનમાં પ્રમેયરૂપ થવું એનું નામ પ્રમેય અને પોતાના જ્ઞાનમાં

સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય પ્રમાણરૂપ થવું એ પ્રમાણ. તો પ્રમેય-પ્રમાણ નામની એક શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૫મી છે. (અકાર્યકારણત્વશક્તિ) છેને? (અકાર્યકારણત્વશક્તિ) ૧૪મી અને ૧૫મી પરિણમ્યપરિણામકત્વશક્તિ. એ અહીંયાં પ્રમેયત્વગુણ એકલો લેવાનો છે. ત્યાં પ્રમેયત્વ અને પ્રમાણ બે એક થઈને એક શક્તિ લીધી છે. અરે! ઝીણી વાત છે. શાંતિભાઈ! બીજા જ્ઞાનનો વિષય થાય માટે પ્રમેયત્વ છે, પોતાના જ્ઞાનમાં આખો પોતાનો વિષય આવવો એ પ્રમાણ છે. આહા..હા..! આ કાંઈ ગાંધીના ગાંઠીયે ગાંધી ન થવાય. થોડું ધારીએ એટલે થઈ ગયું એમ નથી આ. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! આહા..હા..!

કહે છે કે આત્મામાં એક પ્રમેયત્વ નામની શક્તિ છે કે જેને કારણે આત્મા પોતાના પ્રમાણમાં આવે છે અને બીજાના જ્ઞાનમાં પણ પ્રમેયત્વશક્તિને કારણે જ્ઞાનમાં આવે છે. આહા..હા..! તો એક ચીજ સર્વજ્ઞ પણ સિદ્ધ કર્યા. બીજા જ્ઞાતા-દૃષ્ટાવાળો જીવ પણ સિદ્ધ કર્યો. એમાં પોતાની પ્રમેયત્વશક્તિ કહી અને એના જ્ઞાનમાં જ્ઞેયરૂપ જણાય છે અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય એ પોતાનું જ્ઞેય અને પોતાનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર વાત છે.

કહે છે કે '**પ્રમેયત્વ, અગુરુલઘુત્વ,...**' અગુરુલઘુત્વ નામનો આત્મામાં એક ગુણ છે એ પણ આવી ગયો. પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. એ ખ્યાલમાં આવે એવી ચીજ નથી. એ તો આગમગમ્ય છે. અગુરુલઘુની ષટ્ગુણ વૃદ્ધિહાનિ એ આગમગમ્ય છે. કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે. આહા..હા..! અગુરુલઘુગુણને કારણે દરેક પર્યાયમાં એક સમયમાં ષટ્ગુણ હાનિ અને ષટ્ગુણ વૃદ્ધિ એક સમયમાં થાય છે. આહા..હા..! એવી એક શક્તિ અગુરુલઘુ નામની અનેક શક્તિમાંથી એક શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સૂક્ષ્મત્વ,...**' સૂક્ષ્મત્વ એક ગુણ છે. એ ૪૭માં નથી આવ્યો નથી. અમૂર્તપણું આવ્યું છે. આ સૂક્ષ્મત્વ નામ એક ચિદ્‌વિલાસમાં અને પંચસંગ્રહમાં સૂક્ષ્મત્વગુણ બહુ લીધો છે દીપચંદજીએ. એ સૂક્ષ્મ નામકર્મના અભાવરૂપ એ નહિ. એ તો સૂક્ષ્મત્વ નામનો એક ગુણ છે અનુજીવી. આહા..હા..! એ સૂક્ષ્મગુણને કારણે તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે સૂક્ષ્મ. સૂક્ષ્મત્વગુણને કારણે જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, આનંદ સૂક્ષ્મ, અસ્તિત્વ સૂક્ષ્મ. અહીંયાં તો સૂક્ષ્મત્વગુણની જ્ઞાન ... એ બધી પર્યાય લેવામાં આવી છે. ઝીણી વાત છે. આહા..હા..! ચિદ્‌વિલાસમાં ઘણું લીધું છે. સમજાણું કાંઈ? અને '**કર્તૃત્વ,...**' એ આવી છે કર્તાશક્તિ. એ કર્તાશક્તિ આવી ગઈ. કર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે કે જેને કારણે અવિકારી પરિણામનો કર્તા થાય એવી કર્તૃત્વ નામની શક્તિ છે. આહા..હા..! હવે આટલું બધું યાદ ક્યારે રહે? આહા..હા..!

'**કર્તૃત્વ, ભોક્તૃત્વ,...**' આનંદની દશાને ભોગવવી એ ભોક્તૃત્વ નામનો ગુણ છે. રાગને ભોગવવું એ અહીં નથી. આહા..હા..! પોતાના આત્મામાં ભોક્તા નામનો ગુણ છે કે જે

ગુણને કારણે વર્તમાન નિર્મળ અનંતી પર્યાયનો ભોક્તા થાય છે. શરીરાદિનો ભોક્તા તો આત્મા છે નહિ, અજ્ઞાની છે. શરીર સુંદર લાગે અને એના વિષયમાં રતી લાગે તો એ શરીરનો અનુભવ એને નથી. તેનો અનુભવ છે તો રતીનો રાગ ઉત્પન્ન કરે એવો અનુભવ છે એ અજ્ઞાનીને. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને તો એ રતિનો ભોગ પણ નથી. પરનો તો નહિ, પણ રાગનો ભોક્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક ન્યાયે ભોક્તા નામનો ગુણ છે એ અતીન્દ્રિય નિર્મળને પર્યાયને ભોગવે છે, રાગને નહિ. એ દૃષ્ટિનો વિષય ચાલતા એ અધિકાર છે. બાકી જ્ઞાનનો અધિકાર ચાલે પ્રવચનસાર ૪૭ નય, ત્યાં તો કર્તા અને ભોક્તા પણ પોતાની પર્યાયમાં પોતાથી છે. એક કોર નિષેધ અને એક કોર હકાર. કઈ અપેક્ષાથી વાત છે? ભાઈ! બહુ ઝીણું, ભાઈ! જૈનતત્ત્વ, જીવતત્ત્વ સમજવું એ અપૂર્વ કોઈ જાગૃત દશા હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા રાગનો કર્તા-ભોક્તા નથી, પોતાની નિર્મળ શક્તિનો કર્તા અને ભોક્તા છે. એક બાજુ નયમાં એમ કહે કે આત્મા કર્તા અને ભોક્તા પોતાની રાગની પર્યાયનો છે. ૪૭ નય. આ શક્તિ છે એ દૃષ્ટિનો વિષય, શક્તિવાન એ દૃષ્ટિનો વિષય છે. તો દૃષ્ટિના વિષયમાં રાગનો કર્તા-ભોક્તા ઉડાવી દીધો. પોતાના જ્ઞાન અને આનંદની પર્યાયનો કર્તા-ભોક્તા છે. અને દૃષ્ટિની સાથે જે સમ્યક્‌જ્ઞાન થયું એ જ્ઞાન તો પોતાની પર્યાયમાં જેટલું રાગનું પરિણમન થાય છે એનો કર્તા પણ જાણે અને જેટલો રાગનો ભોક્તા છે એટલો ભોક્તા પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ નથી લેવું, અહીં દૃષ્ટિના વિષયમાં. આહા..હા..! હવે એ જ સમયસાર અને એ જ પ્રવચનસાર. હવે અહીંયાં કહે કે રાગનો કર્તા-ભોક્તા આત્મામાં છે નહિ. નિર્મળ પર્યાયનો કર્તા અને નિર્મળ પર્યાયનો ભોક્તા. એ જ પ્રવચનસારમાં એમ કહે કે પર્યાયમાં રાગ આવે છે એટલો કર્તા અને ભોક્તા આત્મા છે. શેઠ! રાત્રે તમને એક વાત કહેવી છે. એક પત્ર આવ્યો છે. શેઠને બતાવવા. દાનવીર ભગવાનદાસને કહેવું. એમ છે. એક છોકરાનો ... છે. અમને એમ કે.. પાઠશાળા છે સાગરમાં? એમાંથી કોઈને કાઢી નાખ્યો છે. .. હું ગરીબ છું. હું અનશન કરીશ જો મને નહિ રાખે તો. શેઠને પત્ર લખ્યો છે. એને ખબર નથી કે શેઠ અહીંયાં છે. શેઠને દાનવીર શેઠ ભગવાનદાસને પત્ર લખવો. રાત્રે (જોજો). પત્ર છે. એ ભાઈ છે. આહા..હા..! અહીંયાં તો કહે છે કે આત્મા રાગનો કર્તાપણા, ભોક્તાપણા પર્યાયદૃષ્ટિવાળો છે. દ્રવ્યદૃષ્ટિવાળો તો રાગનો કર્તા-ભોક્તા છે નહિ. સમજાણું કાંઈ? તો એ કર્તા-ભોક્તા નામનો ગુણ છે.

'**સપ્રદેશત્વ,...**' ગુણ છે. આત્મામાં સપ્રદેશત્વ—અસંખ્ય પ્રદેશ છેને? એ સપ્રદેશત્વ નામનો ગુણ એ પોતાની ભૂમિકા છે. એ અસંખ્ય પ્રદેશ પોતાનો દેશ. એ દૃષ્ટાંત લીધું છે. આ કહ્યું હતું એક-બે વાર. નરકમાં સ્વર્ગનું સુખ નથી, સ્વર્ગમાં નરકનું દુઃખ નથી, સૂરજના પ્રકાશમાં અંધકાર નથી, સમજાણું કાંઈ? એમ રાગમાં ધર્મ નથી, એમ પરમાણુમાં પીડા નથી, એમ

સ્વદેશમાં દુઃખ નથી. ક્ષેત્ર લેવું છેને ક્ષેત્ર. નરકના ક્ષેત્રમાં સુખ નથી. આ લૌકિક સુખ. સ્વર્ગના ક્ષેત્રમાં નરકનું દુઃખ નથી, પરમાણુને પીડા નથી. પરમાણુને પીડા શું? સ્વભાવિક એક પરમાણુ છે એમાં પીડા નથી. એમ પોતાના ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં દુઃખ નથી. આહા..હા..! એવો અહીંયાં સપ્રદેશત્વ ગુણ કહેવામાં આવ્યો છે. એ પોતાનો પ્રદેશ છે, પોતાનો દેશ છે, પોતાનું ક્ષેત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? હીરાલાલજી! આવી વાતું છે.

'**સપ્રદેશત્વ...**' ચિદ્‌વિલાસમાં ઘણું લીધું છે. ચિદ્‌વિલાસમાં સપ્રદેશત્વ નામની શક્તિનું વર્ણન કર્યું છે. એ જાણે શક્તિને તો એનું કલ્યાણ થઈ જશે. પોતાના સ્વક્ષેત્રમાં નજર કરવાથી, પોતાનો સપ્રદેશત્વગુણ જે સ્વક્ષેત્રમાં છે એમાં નજર કરવાથી ત્યાં દુઃખની ગંધ નથી, ત્યાં તો આનંદનો પાક થાય છે. આહા..હા..! સપ્રદેશમાં તો નિર્મળ પરિણતિનો પાક થાય છે. તો સપ્રદેશગુણને ધરનાર ભગવાનની દૃષ્ટિ કરવાથી તેને સપ્રદેશમાં આનંદ આવે છે. આહા..હા..! પોતાના પ્રદેશમાં આનંદ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે માણસને... પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો કાળ અને પોતાનો ભાવ—ચારમાં આત્મા છે. અહીં કાળ લેવો છે એ નિર્મળ પરિણતિનો કાળ લેવો છે, ભાવ ત્રિકાળી શક્તિનો લેવો છે, શક્તિનો પુંજ એ દ્રવ્ય લેવું છે અને દ્રવ્યનું ક્ષેત્ર એ પ્રદેશ લેવા છે. સમજાણું કાંઈ? તો કહે છે કે સપ્રદેશત્વ.

'**અમૂર્તત્વ...**' ભગવાન આત્મામાં એક અમૂર્તત્વ નામનો ગુણ છે. એ કારણે દ્રવ્ય અમૂર્ત, ગુણ અમૂર્ત અને પર્યાય અમૂર્ત. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મના નિમિત્તે રાગ થાય તેને શાસ્ત્રમાં ક્યાંક મૂર્ત કહે છે. તો અહીં કહે છે કે એ મૂર્તપણું આત્મામાં છે જ નહિ. આત્મા તો અમૂર્ત છે. એ અમૂર્ત શક્તિ ૪૭ શક્તિમાં આવી ગઈ છે. આહા..હા..! પોતાના સ્વક્ષેત્રમાં અનંત ગુણ બિરાજમાન છે અને એ સ્વક્ષેત્રની દૃષ્ટિ થઈ તો એમાં અનંત ગુણની પરિણતિનો સ્વાદ આવે છે એ પર્યાય અને એ દ્રવ્યમય આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આવું ઝીણું બહુ, ભાઈ! લોકોને... એક વળી કાગળ આવ્યો છે શંકરલાલનો કે એનો આવ્યો છે. શ્વેતાંબર લોકો પોતે વ્રત-તપ કરે છે તો એ શ્વેતાંબરી છે. દિગંબર પોતાથી વ્રત-તપ આદિ કરે છે તો દિગંબરી છે અને વ્રત-તપ ન કરે તો દિગંબર ધર્મ ક્યાંથી આવ્યો? એમ કહે છે. એ કોઈનો આવ્યો છે. પહેલાં આવ્યો હતો. અરે ભગવાન! વ્રત અને તપ આ માનેલા બહારના. દયા ને દાન ને વ્રત ને તપ એ તો રાગ છે. આહા..હા..!

તપ તો સવારમાં નહોતું આવ્યું? પોતાના આત્મામાં સમ્યગ્દર્શન થયું અને પછી સ્વરૂપમાં ચારિત્રની રમણતા થઈ એ ચારિત્રમાં ઉત્કૃષ્ટ ઉદ્યમ કરવો એનું નામ તપ છે. આહા..હા..! એ આવ્યું હતું કાલે સવારે. ચારિત્રવંત હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, સમ્યક્ ચારિત્રવંત હોય એમાં ઉત્કૃષ્ટ ઉદ્યમ કરવો, રમણતામાં ઉત્કૃષ્ટ ઉદ્યમ કરવો એનું નામ તપ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા લોકોને (કઠણ લાગે). નહિતર કહે નહિ. બધા વ્રત અને તપ કરે છે. દયા,

દાન, વ્રત, તપ, પૂજા એ દિગંબરી છે. એને તમે દિગંબર ન માનો તો પછી તમે જ દિગંબર નથી, એમ કહે છે. અરે..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તાપ જ છે, તાપ આકુળતા છે. આહા..હા..! તપ નહિ, તાપ છે-આકુળતા છે. ભાઈ! વિકલ્પ છે એ તો આકુળતા છે. જ્યારે વિકલ્પનું દુઃખ ન લાગે તો નિર્વિકલ્પમાં ન આવી શકે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવું છે અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય...**' શું કહે છે? એવું છે અનંત ગણનારૂપ. ગણનારૂપ એટલે અનંત કાળ રહે છે એ નહિ. આ તો અનંત ગણનારૂપ. એક, બે, ત્રણ, ચાર, પાંચ, સંખ્ય, અસંખ્ય, અનંત એવી અનંત ગણનારૂપ શક્તિ છે. અનંત શક્તિ ત્રિકાળ રહેશે એ નહિ. અહીં તો ગણનારૂપ અનંત શક્તિ આત્મામાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**અનંત ગણનારૂપ...**' ગણના સમજ્યા? ગણતરી. એક, બે, ત્રણ, ચાર, સંખ્ય, અસંખ્ય, અનંત. '**ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય છે...**' અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય છે. આહા..હા..! '**તેના વડે...**' '**सुनिर्भरः**' '**સર્વ કાળે ભરિતાવસ્થ છે;...**' આહા..હા..! એવી અનંત શક્તિથી ભગવાન આત્મા ભરિત-અવસ્થ (છે). અવસ્થનો અર્થ અહીંયાં અવસ્થા ન લેવો. ભરિતાવસ્થ શબ્દ પડ્યો છેને? એવી નિજ અનંત શક્તિથી ભરિત-અવસ્થ. ભરિત-અવ-નિશ્ચય-સ્થ. એવી અનંત શક્તિથી ભરેલો નિશ્ચયથી સ્થ એમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો બહેનમાં ઘણે ઠેકાણે આવે છે ભરિતઅવસ્થ. ભરતિ અવસ્થનો અર્થ અવસ્થ. અવ-નિશ્ચય-સ્થ. અવસ્થા એમ નહિ. ભરેલો.

'**સર્વ કાળે ભરિતાવસ્થ...**' આહા..હા..! ભગવાન આત્મા દ્રવ્યમાં એવી જીવત્વશક્તિ આદિ અકર્તૃત્વ .. અહીં લીધું એવી અનંત શક્તિથી ભરિત-ભરેલો ભગવાન છે. પૂરે પૂરો ભરેલો છે. આહા..હા..! એવો છે. એવી અનંત શક્તિથી સર્વ કાળ ભરિત-પૂરો ભરેલો છે. '**એવી છે તોપણ...**' હવે અનેકાંત સિદ્ધ કરવું છેને. '**ज्ञानमात्रमयतां न जहाति**' '**જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી.**' આહા..હા..! એ દ્રવ્ય જ્ઞાન, ગુણ જ્ઞાન અને પર્યાય જ્ઞાન એ અનંતી શક્તિનું પરિણમન થાય તોપણ જ્ઞાનમાત્રને કોઈ દિ' દ્રવ્ય છોડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું કહે છે હવે આમાં કરવાનું કહેને. વ્રત કરવાનું, અપવાસ કરવાનું, દાન કરવાનું. લ્યો! આ શેઠને દાનવીર એવું નામ આપ્યું. દાન તો પોતાના આનંદની પર્યાયમાં દાન દેવું એ દાન છે. એ આવી ગઈ આપણે સંપ્રદાનશક્તિ સંપ્રદાન. પોતામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પોતામાં રાખવી અને પોતામાં લેવી અને પોતામાં દેવી એ દાન છે. લ્યો, શેઠ હા કહે છે. આ દાનવીરની ઉપમા છેને તમને. દાનવીર. છોકરા એમ કહે છે. દાનવીર ભગવાનદાસને પત્ર લખો. મને નહિ રાખે તો હું અનશન કરીશ. કોઈક છે નામ. ... છે? ... છોડી દીધું એમ કહે છે. આહા..હા..! આ વિદ્યાલય, જ્ઞાનાલય આત્મા

ભગવાન. આહા..હા..! એમાં ગડબડ કરે તો દ્રવ્યમાંથી નીકળીને બહાર ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ કહ્યુંને જુઓ, **'અનંત ગણનારૂપ સામર્થ્ય તેના વડે સર્વ કાળ ભરિતાવસ્થ છે; એવી છે તોપણ...'** 'ज्ञानमात्रमयतां न जहाति' જ્ઞાનમય વસ્તુ છે એને છોડતી નથી એ તો. આહા..હા..! એ તો પહેલેથી શરૂ કર્યું છેને. જ્ઞાનની પર્યાય સમ્યગ્જ્ઞાનમાં ઉત્પન્ન થઈ એની સાથે અનંતગુણની પર્યાય ઉછળે છે. પહેલા આવ્યું હતું. આહા..હા..! ભલે હો કહે છે પણ જ્ઞાનમયને છોડતો નથી. એ વિશેષ કહેશે.

**'ભાવાર્થ આમ છે કે જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે,...'** જુઓ ભાષા. શું કહે છે? કે ભલે અનંતગુણ હોય—જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, વસ્તુત્વ એની પર્યાય અનંત હોય, છતાં એ જ્ઞાનમાત્રભાવને ત્યાગતી નથી. એ પર્યાય અને ગુણ કોઈ જ્ઞાનમાત્રને નથી છોડતી. સર્વમાં જ્ઞાન વ્યાપક છે. આવી વાત છે. અનેકાંત સિદ્ધ કરવું છેને. એક જ્ઞાનમાત્ર કહેતા પણ અનંત જ્ઞાન સાથે આવે છે અને એ ભલે અનંત જ્ઞાન બીજા દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ હોય પણ જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી. શું કહે છે સમજાણું કાંઈ? જાણનસ્વભાવને છોડતો નથી. આખા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જાણનસ્વભાવ એક જ રહ્યો છે એને છોડતો નથી. **'જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી.'** ભારે વ્યાખ્યા. આહા..હા..!

**'ભાવાર્થ આમ છે કે જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે,...'** જુઓ, શું કહ્યું? જેટલા ગુણ છે અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર ગણનારૂપે અનંત જે ગુણ છે અને પર્યાય છે તે બધી ચેતનારૂપ છે. તે સર્વ ચેતનારૂપ છે, એમાં કોઈ જડરૂપ નથી. આહા..હા..! કેમકે બીજા ગુણની પર્યાય અને ગુણ છે એ કોઈ ગુણ પોતાને નથી જાણતો. જેમકે શ્રદ્ધા ગુણ છે એમ સમ્યગ્દર્શન પર્યાય છે. પણ એ સમ્યગ્દર્શન શ્રદ્ધાનપર્યાય એ પોતાને નથી જાણતી. જાણવાની પર્યાય તો જ્ઞાન જાણે છે. આહા..! સમજાણું કાંઈ? એમ ચારિત્રગુણની ચારિત્ર પર્યાય છે તો એ ચારિત્રપર્યાય પોતાને નથી જાણતી. અસ્તિત્વ છે. જ્ઞાન જાણે છે કે આ ચારિત્ર છે, આ સુખ છે, આ આનંદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં તો ત્યાં સુધી કહ્યું છે કે કોઈપણ ગુણની વ્યાખ્યા કરતા જ્ઞાનમાં ગુણનો ખ્યાલ આવે છે તો જ્ઞાનની પ્રરૂપણા કથન કરી શકે છે. કોઈ વસ્તુનો ખ્યાલ જ્ઞાનમાં ન આવે તો એ કથન શી રીતે કરે? સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં બહુ લીધું છે.

**'ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે,...'** જુઓ, અનંતગુણ પણ ચેતનારૂપ છે અને એની અનંતી પર્યાય અનંતગુણની ભિન્ન એ બધી ચેતનારૂપ છે. આહા..હા..! એક બાજુ એમ પણ ચાલે છે. સપ્તભંગી ચાલે છેને જ્યાં સ્યાદ્વાદમાં? સપ્તભંગી. ત્યાં જાણવું-દેખવું ઉપયોગ જે છે એ આત્મા, એ જીવ. અને દર્શન છે એ જાણનશક્તિ નથી, એ કારણે એને ઉપયોગથી ભિન્ન કહેવામાં આવે છે. સપ્તભંગી ચાલી છે. આહા..હા..! ઉપયોગ છે એ

જાણન-દેખન ઉપયોગ છે અને બીજા જે ગુણ છે એ જાણન-દેખન નથી. પણ જાણન-દેખન... એ શ્રીમદ્‌માં આવે છે. અનંતગુણ છે એમાં જ્ઞાન-દર્શનને આત્મા કહેવો અને વીર્ય આદિ ગુણ તો જડ છે. જડનો અર્થ વિભાવ એ પરવસ્તુ, એમાં જ્ઞાન નથી. વીર્યગુણ આત્મામાં છે પણ એમાં જ્ઞાન નથી. વીર્યશક્તિ સ્વરૂપની રચના કરે પણ એમાં જ્ઞાન નથી. આવી વાતું!

જ્ઞાનમાત્ર **'તે સર્વ ચેતનારૂપ છે,...'** આહા..હા..! ચેતન દ્રવ્ય, એની અનંત શક્તિઓ ચેતના અને એની અનંતી પર્યાય ચેતનામાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ચેતન દ્રવ્ય છે. આત્મા કહો કે ચેતન કહો. ચેતના ગુણ છે. તો ચેતના ગુણ ત્રણેમાં વ્યાપક છે અને અનંત ગુણને ચેતના કહેવામાં આવ્યા છે અહીં તો. સમજાણું કાંઈ? ચેતના છે. **'તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે,...'** જુઓ, શું કહ્યું ઈ? જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે. એ કારણે ચેતનામાત્ર જીવવસ્તુ કહેવામાં આવી છે. ચેતનામાત્ર વસ્તુ. પછી અનંત ગુણ છે એ સર્વ ચેતનારૂપ છે તેથી ચેતનામાત્ર વસ્તુ કહેવામાં આવી છે. આહા..હા..! જૈનદર્શનનું અનેકાંત. આ અનેકાંત છે. સમજાણું કાંઈ? ચેતના કહેતા માત્ર ચેતના ન લેવી. ચેતનામાં અનંત ગુણ છે તેને બધાને ચેતના કહે છે. આહા..હા..!

**'તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે, પ્રમાણ છે.'** પ્રમાણ છે. અનંતગુણ અને અનંતી પર્યાય. એક જ્ઞાનગુણ સિવાય જેટલા ગુણ છે અને જેટલા ગુણની પર્યાય છે તે સર્વને ચેતનામાત્ર કહેવામાં આવી છે, તે પ્રમાણ છે. આહા..હા..! અરે! આવી વાત! મૂળ તત્ત્વની ખબર ન મળે. દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કરો વ્રત ને તપ ને કરો... મોટો કાગળ આવ્યો છે. કોઈ શંકરદાસ છે. એમ કે તમે આ સાધુને દ્રવ્યલિંગી કહો છો. .. આ કહે એવું નથી. એમ કે બધા જે-જે સંપ્રદાય શ્વેતાંબર એના વ્રત-તપ કરે તે શ્વેતાંબરી. દિગંબરના શ્રાવકો વ્રત-તપ કરે એ દિગંબરી. વ્રત-તપ ન કરે એ દિગંબરી નહિ. આહા..હા..!

અરે! પ્રભુ! દિગંબર એટલે શું? ભાઈ! રાગ વિનાની, વિકલ્પ વિનાની વસ્તુ એ દ્રવ્ય, ગુણ અને પર્યાય. નિર્મળ દ્રવ્ય, નિર્મળ ગુણ અને નિર્મળ પર્યાય એ શુદ્ધ ચેતનામાત્ર તેને અનુભવે અને સ્વીકાર કરે તેને દિગંબર કહે છે. સમજાણું કાંઈ? દિગ-આકાશ વસ્ત્ર, વસ્ત્ર એ વસ્ત્રનો વિકલ્પ પણ જેમાં નથી. સમજાણું કાંઈ? એ આનંદકંદ અનંતગુણ શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ એનો દૃષ્ટિમાં અનુભવ કરે તે દિગંબર છે. દિગંબર કોઈ વસ્તુ અને વાડો નથી, વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' આહા..હા..! 'જિન સોહી હૈ આત્મા' જિન કોઈ સંપ્રદાય નથી. એ જિનસ્વરૂપી ભગવાન આત્મા અને અન્ય સોહી હૈ... રાગાદિ છે એ બધા અન્ય કર્મ, એ આત્મા નથી. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ આત્મા નહિ, એ

તો અણાત્મા છે. આહા..હા..!

કહે છે '**તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે, પ્રમાણ છે. ભાવાર્થ આમ છે કે પૂર્વે હૂંડી લખી હતી...**' આ હૂંડી આવી તમારી. પોપટભાઈ! આ હૂંડી આવી હૂંડી તમારી. '**પૂર્વે હૂંડી લખી હતી કે ઉપાય તથા ઉપેય કહીશું;...**' ઉપાય અને ઉપેય. ઉપાય એટલે સાધન, ઉપેય એટલે સાધ્ય-સિદ્ધ એ કહીશું, હૂંડીમાં કહ્યું હતું. સમજાણું કાંઈ? લ્યો શેઠ! આ હૂંડી આવી તમારી આમાં. આ હૂંડી. આહા..હા..! પહેલા કહ્યું હતું કે હું ઉપાય-ઉપેય કહીશ. ઉપાય નામ ધર્મ મોક્ષનું સાધન એ ઉપાય અને મોક્ષ એ ઉપેય. એ હૂંડીમાં એટલે પહેલા કથનમાં કહ્યું હતું. આહા..હા..! ભારે! '**ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન,...**' છેને? ઉપાય. જિનેશ્વરદાસ! તમારો પ્રશ્ન હતો ઉપાય-ઉપેયનો, નહિ? એ આવી ગયો. '**ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન,...**' ભગવાન પૂર્ણાનંદની પર્યાયનું સાધન. એ જીવવસ્તુનું સાધન જ્ઞાનરૂપે, આનંદરૂપે અપૂર્ણપણે પરિણમવું તે સાધન અને જ્ઞાન અને આનંદ એ પૂર્ણપણે પરિણમે તે સાધ્ય, તે ઉપેય. આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું અપૂર્ણ જ્ઞાન, આનંદપણે થવું એ સાધન અને એના જ્ઞાન અને આનંદની પૂર્ણ દશા થવી તે સાધ્ય નામ ઉપેય. રાગ સાધન અને રાગનું ફળ મોક્ષ એમ લીધું ને અહીંયાં? સમજાણું કાંઈ? શું લીધું?

'**જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન,...**' એ ઉપાય. અને '**ઉપેય એટલે સાધ્યવસ્તુ;...**' આહા..હા..! સિદ્ધ. '**તેમાં પ્રથમ જ સાધ્યરૂપ વસ્તુનું સ્વરૂપ કહ્યું, સાધન કહે છે.**' જીવદ્રવ્યની પર્યાય આવી પૂર્ણ એ કહ્યું. હવે એનો ઉપાય કહ્યો સાધન તેને કહે છે. જોકે ખરેખર તો ઉપાય-ઉપેય ૨૬૬થી શરૂ થશે. ૨૬૫ તો અનેકાંતમાં ચાલે છે. એમાં ત્યાંથી લીધું છે. ઉપાયે-ઉપેય ભાવ તો ૨૬૬થી ચાલશે. અહીંયાં સુધી તો અનેકાંત છે. આ અધિકાર ૨૬૫ સુધી અનેકાંત છે. ૨૬૬થી સાધ્ય-સાધક શરૂ થશે. પણ અહીંયાં એણે સાધ્યને સિદ્ધ કર્યું, હવે સાધક કહીશ એમ લીધું છે. આહા..હા..!

૨૬૫ છે.

(वसन्ततिलका)

**नैकान्तसङ्गतदृशा स्वयमेव वस्तु-**<br>
**तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।**<br>
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो**<br>
**ज्ञानीभवन्ति जिननीतिमलङ्घयन्तः।।२६५।।**

વ્યાખ્યા શું લીધી છે? 'सन्तः' શબ્દ પડ્યો છેને 'सन्तः'. 'सन्तः इति ज्ञानीभवन्ति' '**સંતો અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો...**' સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ થયો, દર્શન થયા તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ સંત કહે છે. આહા..હા..! 'सन्तः' '**સમ્યગ્દૃષ્ટિ જીવો**

આ રીતે...' 'ज्ञानीभवन्ति' '**અનાદિકાળથી કર્મબંધ સંયુક્ત હતા—સામ્પ્રત...**' વર્તમાન. '**સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે.**' સમ્યગ્દૃષ્ટિ જીવ અનાદિકાળથી પર્યાયમાં જે કર્મસંબંધ હતો તે સંત એનો નાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે. આહા..હા..!

'**કેવા છે સંતો?**' કેવા છે સમ્યગ્દૃષ્ટિ? કે જે પોતાના સ્વરૂપનું સાધન કરીને મોક્ષને પ્રાપ્ત થાય છે. આહા..હા..! અહીં તો હજી સમ્યગ્દૃષ્ટિથી શરૂ કર્યું છે સાધનને. સમ્યગ્દૃષ્ટિથી બારમા ગુણસ્થાન સુધી સાધક અને તેરમું, ચૌદમું (ગુણસ્થાન) એ સાધ્ય. સમજાણું કાંઈ? સમયસાર નાટકમાં છે. આ એમાંથી લીધું છે. આ શ્લોક. '**અનાદિકાળથી કર્મબંધ સંયુક્ત હતા—સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે સંતો?**' '**जिननीतिमलंघ्यन्तः**' આહા..હા..! જિન નામ કેવળીની નીતિ. કેવળીનો કહેલો જે માર્ગ. આ નીતિ. આહા..હા..! 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' આવે છે? મંગળિક. મંગળિકમાં નથી આવતું? 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' શાંતિભાઈ ભૂલી ગયા. મંગળિકમાં આવે છે. 'ચત્તારી મગલં, અરિહંતા મગલં, સિદ્ધા મંગલં, સાહુ મગલં, કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં.' ભૂલી ગયા પણ. શીખ્યા હશે કે નહિ નાની ઉંમરમાં છોકરા પાસે મંગળિક? આહા..હા..!

કેવળીની નીતિ. ગજબ વાત છે! જુઓ, સર્વજ્ઞ ભગવાનની નીતિ એટલે મોક્ષમાર્ગ. આ નીતિ. આ નીતિ લૌકિકમાં કહે છેને નીતિનું જીવન ગાળો, નીતિનું જીવન ગાળો. એ નીતિ તો લૌકિકનીતિ છે. આહા..હા..! '**કેવળીએ કહેલો જે માર્ગ...**' '**अलंघ्यन्तः**' '**તે જ માર્ગ પર ચાલે છે, તે માર્ગને ઉલ્લંઘીને અન્ય માર્ગ પર ચાલતા નથી.**' આહા..હા..! શું કહે છે? ભગવાને જે આત્માનો મોક્ષમાર્ગ કહ્યો એ સ્વરૂપની પૂર્ણાનંદની શક્તિની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કહી એ જૈનની નીતિ છે. આહા..હા..! એ નીતિના માર્ગે જે ચાલ્યો એ જૈનદર્શનની આજ્ઞાને ઉલ્લંઘતો નથી, એ રાગને ધર્મ માનતો નથી એમ કહે છે. આહા..હા..! લોકો અત્યારે એ મોટી રાડ પાડે છે. આ વ્રત કરે છે, તપસ્યા કરે છે, અપવાસ કરે છે, બ્રહ્મચર્ય પાળે છે તો... એ તો બધો વિકલ્પ છે, સાંભળ તો ખરો. એ જિનનીતિ નથી. એ જૈનનો કહેલો ધર્મ નથી. સમજાણું કાંઈ?

'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' આહા..હા..! ઉત્તમ આવે છેને? ચાર ઉત્તમ. 'અરિહંત ઉત્તમ, સિદ્ધ ઉત્તમ, સાહુ ઉત્તમ, કેવળી પણ્ણંતો ધમ્મો ઉત્તમ.' શરણ, મંગળિક અને ઉત્તમ એ ત્રણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'કેવળી પણ્ણંતો' ધર્મ ક્યો? કે પોતાના પૂર્ણાનંદના નાથની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એનો અનુભવ કરવો, આનંદના નાથનો અનુભવ કરવો એ જિનનીતિ અને જિનની આજ્ઞા છે. આ આકરું લાગે. લોકો વાંચતા નથી ન્યાયથી. મધ્યસ્થથી વાંચે તો એનો ખુલાસો થઈ જાય, પણ વાંચે નહિ અને પોતાની ચરણાનુયોગની દૃષ્ટિથી

વાંચન કરે. પણ દ્રવ્યાનુયોગની અંતર દૃષ્ટિ થયા વિના ચરણાનુયોગનો અર્થ પણ સમજી શકે નહિ. કઈ નયનું વાક્ય છે એ સમજી શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ જિનનીતિને ઓળંગતા નથી. આહા..હા..! જે પોતાના શુદ્ધ સ્વરૂપના જ્ઞાન, દર્શન અને ચારિત્ર 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અનુભવ માર્ગ મોક્ષનો એ જિનનીતિ છે. કેવળીનો કહેલો એ માર્ગ છે. આહા..હા..! અરેરે! પ્રભુ! તને ભાન નથી. આ તો બહારમાં આ વ્રત ને તપ કરવા એ તો વિકલ્પ છે. એ કેવળીનો ધર્મ છે જ નહિ, કેવળીની એ નીતિ જ નથી. સમજાણું કાંઈ?

જિનનીતિ '**કહેલો જે માર્ગ તે જ માર્ગ પર ચાલે છે, તે માર્ગને ઉલ્લંઘીને અન્ય માર્ગ પર ચાલતા નથી.**' આહા..હા..! '**શું કરીને?**' '**अधिकाम् स्याद्वादशुद्धिम् अधिगम्य**' '**પ્રમાણ છે એવો જે...**' '**स्याद्वादशुद्धिम्**' '**અનેકાંતરૂપ વસ્તુનો ઉપદેશ,...**' નિર્મળ પર્યાય પણ છે, નિર્મળ ગુણ પણ છે અને નિર્મળ દ્રવ્ય પણ છે. એકલું દ્રવ્ય છે અને પર્યાય નથી, એકલી પર્યાય છે અને દ્રવ્ય નથી એમ નથી. સ્યાદ્વાદ શુદ્ધિ કરીને (અર્થાત્) અનેકાંતરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાની નિર્મળ છે, મલિનતા વ્યવહાર એમાં નથી, એવી અનેકાંતની શુદ્ધિ પ્રગટ કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? સ્યાદ્વાદ શબ્દ પડ્યો છેને? એથી એમ કહ્યું. '**અનેકાંતરૂપ વસ્તુનો ઉપદેશ,...**' એમ. વાદ શબ્દ પડ્યો છેને. એટલે સ્યાદ્વાદ '**અનેકાંતરૂપ વસ્તુનો ઉપદેશ, તેનાથી થયું છે...**' સ્યાદ્વાદ શબ્દ છેને? એટલે અનેકાંત સિદ્ધ કરવું છે. ખરેખર છે એ સ્યાદ્વાદ તો અનેકાંતનું વાચક નથી, વાચક નથી, એ તો દ્યોતક છે. એ ફેર છે. મોટી ચર્ચા ચાલી હતી. પત્રોમાં ચાલી હતી.

સ્યાદ્વાદ અને અનેકાંત. અનેકાંત તો એક સાથે અનંત ધર્મ છે. એટલે સ્યાદ્વાદમાં કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ ચાલે છે. તો સ્યાદ્વાદ એ અનેકાંતનો દ્યોતક છે, વાચક નથી. એ શું કહ્યું? જે અનંતધર્મ છે એમાં સ્યાદ્વાદમાં એક સાથે અનંત કહેવાની તાકાત નથી. માટે એ અનેકાંત જે અનંતધર્મ છે એનો સ્યાદ્વાદ દ્યોતક—બતાવનારો છે, પણ સ્યાદ્વાદ એનો વાચક અને વાચ્ય અનેકાંત એમ નથી. જેમ સાકર વાચક છે તો સાકર વસ્તુ છે એ વાચ્ય છે, એમ સ્યાદ્વાદ વાચક છે અને અનેકાંત વાચ્ય છે એમ નથી. અરેરે! પત્રોમાં મોટી ચર્ચા ચાલી હતી. પત્રોમાં ચાલી હતીને? દિગંબર જૈન સંદેશમાં. ...

આત્મા કથંચિત્ દ્રવ્ય-ગુણે નિત્ય છે અને કથંચિત્ પર્યાયથી અનિત્ય છે એ સ્યાદ્વાદ. એ કથંચિત્ કહેવું એક અપેક્ષાએ અને બીજી અપેક્ષા લક્ષમાં રાખવી એ સ્યાદ્વાદ. અને અનેકાંત તો અનંતગુણ એક સાથે છે તો અનંતગુણમય છે એવું વાચ્યનું વાચક કરવું એ વાચક અને વાચ્ય અનેકાંત ધર્મ છે. સ્યાદ્વાદ વાચક નથી, સ્યાદ્વાદ અનેક ધર્મનો ઉદ્યોત-પ્રકાશ કરનારો છે. દ્યોતક છે એમ કહ્યું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. એ ચર્ચા ચાલી હતી. સંદેશમાં આવ્યું હતું. એથી અહીં કહ્યુંને? સ્યાદ્વાદ શુદ્ધિ અનેકાંતરૂપ વસ્તુનો ઉપદેશ. વાદ આવ્યુંને? અનેકાંતરૂપે વસ્તુનો ઉપદેશ '**તેનાથી થયું છે જ્ઞાનનું નિર્મળપણું,...**' આહા..હા..! કથંચિત્ પ્રભુ નિત્ય છે ગુણે અને કથંચિત્ અનિત્ય છે પર્યાયે, એ કથન સ્યાદ્વાદનું છે. વસ્તુ તો નિત્ય અને અનિત્ય એક સાથે છે. તો એકસાથે છે તેનું સ્યાદ્વાદ એ વાચક નથી, પણ ક્રમસર એને બતાવનારું ઉદ્યોતક છે. આહા..હા..! ...ભાઈ! જરી ઝીણી પડે, બાપુ! માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! એક એક શબ્દ વીતરાગના દિગંબર સંતોની વાણી ઘણી ગંભીર. આહા..હા..!

કહે છે કે સ્યાદ્વાદનો જે ઉપદેશ ચાલે છે એના જ્ઞાનનું નિર્મળપણું એની '**સહાયતા પામીને,...**' આહા..હા..! દ્રવ્ય-ગુણે શુદ્ધ છે, પર્યાયે નિર્મળ શુદ્ધ છે. એક સમયની પર્યાય શુદ્ધ છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળી શુદ્ધ છે. એવું સ્યાદ્વાદમાં જે કથન આવે છે એનું જ્ઞાન કરીને નિર્મળપણું કરવું એમ કહે છે. એકાંત પર્યાય જ છે અને એકાંત દ્રવ્ય જ છે એમ નથી. આવું જ છે સ્વરૂપ એનું. બિચારી સાધારણ બાયું તો કાંઈ નવરી આખો દિ' રાંધવું ને ધોવું ને .. સુકવવું ને ઘઉં કરવા ને ઢીંકણા કરવા. મજૂરી આખો દિ' કરે પાપની. હવે એમાં સાંભળવામાં આ શું કહે છે? આ શું કહે છે? આહા..હા..! ભાઈ! તારા મારગડા... સંસારથી ઉદ્ધાર કરવાનો માર્ગ કોઈ અલૌકિક છે. પરિભ્રમણ રહિત થવું એ માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા..!

તો કહે છે કે '**स्याद्वादशुद्धिम् अधिकाम्**' કથંચિત્ શૈલીની મુખ્ય-ગૌણ કરીને કહેવું છે એ સ્યાદ્વાદની શુદ્ધિની અધિકામ—એને અધિપણે બરાબર જાણીને. આહા..હા..! '**સહાયતા પામીને. કેવા છે સંતો?**' '**वस्तुतत्त्वव्यवस्थितिम् स्वयम् एव प्रविलोकयन्तः**' આહા..હા..! કેવો છે સમ્યગ્દષ્ટિ જીવ? આહા..હા..! '**જીવદ્રવ્યનું જેવું છે સ્વરૂપ,...**' '**वस्तुतत्त्व**' એમ છેને? '**वस्तु**' એટલે જીવદ્રવ્ય '**तत्त्व**' એટલે '**જેવું છે સ્વરૂપ, તેનાં...**' તત્ત્વ એનું સ્વરૂપ. તત્ત્વાર્થ આવે છેને? તત્ત્વાર્થ. અર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાય અને તત્ત્વ એનો ભાવ. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં આવે છે. તો અહીં '**જીવદ્રવ્યનું જેવું છે સ્વરૂપ, તેનાં દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ...**' સ્વરૂપ. દ્રવ્યરૂપ પણ છે અને પર્યાયરૂપ પણ છે.

'**स्वयमेव प्रविलोकयन्तः**' આહા..હા..! '**સાક્ષાત્ પ્રત્યક્ષપણે દેખે છે.**' આહા..હા..! પર્યાયને પણ જાણે છે અને દ્રવ્યને પણ જાણે છે અને પ્રત્યક્ષ વેદનમાં પર્યાયનું વેદન છે અને દ્રવ્યનું વેદન નથી. સમજાણું કાંઈ? એવા અનેકાંતને જ સ્યાદ્વાદ સિદ્ધિવાળા સમકિતી જાણે છે. ઓલા ભાષણ બધા કરે એવા કે આમ છે ને સત્ય ધર્મ આવો છે, સત્ય બોલવું ને. સત્ય બોલવું એ ભાષા તો જડ છે, બોલવાનો વિકલ્પ એ રાગ છે. એ સત્યધર્મ ક્યાંથી થયો? પોતાના ત્રિકાળી શુદ્ધસ્વરૂપનો આશ્રય લઈને જે નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય તે

ધર્મ છે, તે સત્યધર્મ છે. સત્યનું સત્યપણું એ ધર્મ છે. તો પર્યાયમાં ધર્મ છે વેદનરૂપ, દ્રવ્ય-ગુણમાં શક્તિરૂપ (છે). એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનમાં સ્યાદ્વાદનો આશ્રય લઈને, સહાયતા લઈને નિર્મળ જ્ઞાન પ્રગટ કરે છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૨, શનિવાર, તા. ૨૪-૦૯-૧૯૭૭, શ્લોક-૨૬૬-૨૬૭ પ્રવચન નં. ૪૫૮

કળશટીકા ૨૬૬. અનેકાંત પૂર્ણ થયું. એમાં બે ગાથા પહેલા કીધી હતી, પણ ખરેખર અનેકાંત અહીંયાં પૂરું થયું. આ શ્લોક સાધ્ય-સાધકનો છે. સાધ્ય અને સાધકનો શ્લોક છે.

(वसन्ततिलका)

ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां
भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।
ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२६६।।

આહા..હા..! 'ते सिद्धाः भवन्ति' '**એવા છે જે જીવો તે સકળ કર્મકલંકથી રહિત મોક્ષપદને પામે છે.**' કોણ? '**કેવા થઈને...**' મોક્ષપદને પામે છે કેવા થઈને? આહા..હા..! '**साधकत्वम् अधिगम्य**' સાધકપણાને ગ્રહણ કરીને. એનો અર્થ? '**શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે...**' '**साधकत्वम्**'ની વ્યાખ્યા. આહા..હા..! શુદ્ધ જીવ નિર્મળ ભગવાન એના અનુભવ ગર્ભિત. નિર્વિકલ્પ અનુભવ એમાં ગર્ભિત છે. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણરત્નત્રય,...**' આહા..હા..! પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તેને અહીંયાં રત્નત્રય કહ્યું છે. એ નિશ્ચયરત્નત્રય છે. વિકલ્પ આદિ વ્યવહાર, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ વ્યવહાર છે, એ તો બંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા** :- એ પર્યાયને ... કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાયને રત્નત્રય કહી છે.

**શ્રોતા** :- દ્રવ્યને નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દ્રવ્ય તો... પર્યાય શુદ્ધ ચૈતન્યદ્રવ્યની અનુભવગર્ભિત, અંતરમાં આનંદના અનુભવમાં ગર્ભિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય. વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ રત્નત્રય, એ મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**साधकत्वम्**' આ '**साधकत्वम्**'ની વ્યાખ્યા કરી. પછી '**अधिगम्य**' તે રૂપ પરિણમ્યો છે. શું કહ્યું? આહા..હા..! ભગવાન આત્મા અનંત રત્નાકર સાગર ભગવાન એવો શુદ્ધ આત્મા પોતાની સન્મુખ થઈને જે અનુભવ થયો, અતીન્દ્રિય આનંદનો અનુભવ (થયો) એમાં ગર્ભિત પેટામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે-રૂપ પરિણમ્યો છે...**' એમ લીધુંને? એ '**अधिगम्य**'નો અર્થ કર્યો. '**अधिगम्य**'. '**साधकत्वम्**' સાધકપણું એ આત્મા શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગર્ભિત છે એ સાધકપણું. આહા..હા..! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને પંચમહાવ્રતના પરિણામ કે શાસ્ત્રનું જ્ઞાન એ સાધક નથી. આહા..હા..!

'**साधकत्वम्**' એમ આવ્યુંને? સાધકપણું. તો સાધકપણું ઈ. આહા..હા..! પોતાના શુદ્ધ સ્વરૂપનો અંતર્મુખ થઈને નિર્વિકલ્પ, રાગના આશ્રય વિના નિર્વિકલ્પ અનુભવ, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પેટામાં છે એ રત્નત્રય એ સાધકપણું. '**તે-રૂપ પરિણમ્યો છે...**' તે રૂપે પર્યાયમાં પરિણમન થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા શુદ્ધ નિર્વિકલ્પ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એ શુદ્ધ આત્મા કહો કે પરમાત્મા કહો, એનો અનુભવ કરવો. આહા..! અનાદિથી જે રાગનો અનુભવ છે એ કર્મચેતના છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ હો, પણ એ બધી રાગ કર્મચેતના છે. એ રાગ, જ્ઞાનચેતના અનુભવગર્ભિત ચેતના નથી. આહા..હા..! અંતરમાં શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈને... ૧૧મી ગાથામાં કહ્યુંને? '**भूदत्थमस्सिदो**' સત્યાર્થ પ્રભુનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ધીરાના કામ છે અહીં. '**તે-રૂપ પરિણમ્યો છે...**' પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાયપણે થયો છે એ સાધકપણું છે. આહા..હા..! એ મોક્ષને સાધે છે. સાધ ઈતિ સાધુ. તો અંતરમાં સ્વરૂપનું સાધન કરે છે તે સાધુ નામ ભલું, એ મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મા, એવા થઈને.**' આત્મા એ રૂપે પરિણમન થઈને.

'**વળી કેવા છે તે?**' '**ज्ञानमात्रनिजभावमयीम् भूमिं श्रयन्ति**' આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં અનુભવ ગર્ભિતમાં જ્ઞાનમાત્ર '**ચેતના છે સર્વસ્વ જેનું...**' આહા..હા..! ચેતના સર્વસ્વ છે જેનું. ભગવાન આત્મા ચેતના સર્વસ્વ એવો જે નિજભાવ '**જીવદ્રવ્યનો અનુભવ...**' ભાવ લીધો છેને? '**ચેતના છે સર્વસ્વ જેનું એવો જીવદ્રવ્યનો અનુભવ...**' આહા..હા..! શું કહે છે? ચેતના જાણવું-દેખવું સર્વસ્વ જે સ્વરૂપનું છે તે રૂપ, જીવદ્રવ્યના અનુભવરૂપ. એ આત્માની ચેતના સર્વસ્વ એવું જે જીવદ્રવ્ય. આહા..હા..! એનો ભાવ-અનુભવ. આહા..હા..! જ્યાં '**મય**' શબ્દ લીધો છેને? '**જીવદ્રવ્યનો અનુભવ તે-મય અર્થાત્ જેમાં કોઈ વિકલ્પ નથી...**' 'મય' ભાષા તો એવી છે કે જ્ઞાનમાત્ર ચેતના નિજભાવમય. આહા..હા..! જે ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એનું જ્ઞાનમય જે ચેતન પરિણમન છે એ નિર્વિકલ્પ ... છે, એ નિર્વિકલ્પભાવ છે,જ જેમાં સમસ્ત વિકલ્પનો અભાવ છે. આહા..હા..! આવી વાત એટલે

આકરી પડે માણસને. અભ્યાસ નહિ (અને) એ વાતની પ્રરૂપણા પણ બીજી થઈ ગઈ. આહા..હા..!

જીવદ્રવ્ય એનો નિજભાવ શુદ્ધ ચેતનારૂપ પરિણમન. આહા..હા..! છે? જીવદ્રવ્યના અનુભવરૂપ એ ભાવ. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ જીવદ્રવ્યના ભાવ નહિ. આહા..હા..! એ તો કર્મચેતના છે, પુદ્ગલના ભાવ છે. એને તો પુદ્ગલ જ કહ્યા છે. પુદ્ગલના ભાવ કહીને પુદ્ગલ કહ્યું છે. આહા..હા..! અને આ જીવનો નિજભાવ શુદ્ધ ચૈતન્યના અનુભવરૂપ પરિણતિ. આહા..હા..! '**જેમાં કોઈ વિકલ્પ નથી એવી...**' '**भूमिं**' એવી '**भूमिं**' એટલે અવસ્થા. અવસ્થા કોની? કે '**મોક્ષના કારણભૂત અવસ્થાને...**' '**भूमिं**'નો અર્થ અવસ્થા છે, પણ એ '**भूमिं**' કઈ? આહા..હા..! '**મોક્ષના કારણભૂત અવસ્થાને...**' '**श्रयन्ति**' નામ '**પ્રાપ્ત થાય છે...**' આહા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્ર થઈને પરિણમન કરે છે. આહા..હા..! છે? '**તે ભૂમિરૂપ પરિણમે છે.**' એટલે કે મોક્ષના કારણભૂત અવસ્થારૂપે પરિણમે છે. '**भूमिं श्रयन्ति**' '**भूमिं**' નામ પોતાના મોક્ષના કારણભૂત નિર્વિકલ્પદશા તે-રૂપે પરિણમે છે. આહા..હા..! આવી વાતું લ્યો! આ માણસને બિચારાને, અજાણ્યા માણસને તો... માર્ગ આ છે. ધર્મનું સાધકપણું આ છે.

ધર્મી એવો ભગવાન આત્મા જેમાં અનંત આનંદ આદિ ધર્મ પડ્યો છે સ્વભાવ. એનું પર્યાયમાં પરિણમન થવું, નિર્મળ, નિર્વિકારી અનુભવરૂપ પરિણમન થવું એ ભૂમિ મોક્ષના કારણરૂપ ભૂમિ-અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે આમાં બહારની વાતું આવે એટલે લોકોને... આ જાત્રા કરવી, ભક્તિ કરવી, મંદિર કરવા. એ બધું કોણ કરે? બાપુ! એ તો પરની ક્રિયા છે. ભાવ આવે એવો એ તો શુભરાગ છે. એ કાંઈ ધર્મ પરિણત મોક્ષના માર્ગનું કારણ નથી. આહા..હા..! આકરી વાત. અનંતકાળમાં એણે બહારને જ અનાદિકાળથી જોયું છે. અંતરમાં જોવાનું બાકી રહી ગયું એ વસ્તુ બાકી રહી ગઈ. આહા..હા..! જ્ઞાનાનંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર નાથ એની નજર ન કરી, એને રાગની ઓજલમાં ઢાંકી દીધો. રાગના પ્રેમમાં, પુણ્યના પ્રેમમાં એ વસ્તુને ઢાંકી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મોક્ષના કારણભૂત અવસ્થાને પ્રાપ્ત થાય છે—એકાગ્રપણે તે ભૂમિરૂપ પરિણમે છે. કેવી છે ભૂમિ?**' ભૂમિ નામ અવસ્થા. વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધ સ્વભાવની પરિણમન દશાને અહીંયાં ભૂમિ કહે છે. સમજાણું કાંઈ? '**अकम्पां**' છે એ ભૂમિ. આહા..હા..! શુદ્ધ દ્રવ્યસ્વભાવની પરિણતિ, અનુભવગર્ભિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિ એ '**निर्द्वन्द्व**' છે. '**निर्द्वन्द्वરૂપ સુખગર્ભિત છે.**' निर्द्वन्द्व નામ દ્વંદ્વ નથી, દ્વૈતપણું જેમાં નથી. રાગનો દ્વંદ્વ જેમાં નથી. આહા..હા..! એ સુખગર્ભિત અવસ્થા છે. મોક્ષના કારણરૂપ અવસ્થા અતીન્દ્રિય આનંદના સુખગર્ભિત એ અવસ્થા છે. આહા..હા..! આવી વાત હવે.

'**निर्द्वन्द्वરૂપ...**' '**अकम्पां**' કંપ નથી. કંપ નથી નામ રાગ અને દ્વેષની આકુળતા જેમાં નથી. આહા..! જેમાં અકંપ સુખગર્ભિત આનંદ છે. અકંપપણું આનંદ છે. આહા..હા..! કંપપણું એ પુણ્ય અને પાપના ભાવ એ દ્વંદ્વ છે. આહા..હા..! બહુ થોડા શબ્દમાં... '**निर्द्वन्द्वરૂપ સુખગર્ભિત છે.**' આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો. દ્વંદ્વ નામ દુઃખ અને રાગના દ્વંદ્વ દ્વૈતપણાથી રહિત. આહા..હા..! એકલા આનંદનો સ્વાદ આવવો એ ભૂમિ મોક્ષના કારણરૂપ દશા છે. સમજાણું કાંઈ? આહા..હા..! સંસારની ઝંઝટ, જન્મ-મરણના કારણના ભાવનો નાશ અને આ નિર્દ્વન્દ્વદશાની ઉત્પત્તિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેવા છે તે જીવો?**' '**कथमपि अपनीतमोहाः**' '**અનંત કાળ ભમતાં...**' આહા..હા..! નરક અને નિગોદ, તિર્યંચ અને સ્વર્ગ અને દેવ અને મનુષ્ય એવા અનંતકાળમાં પરિભ્રમણ કરતાં થકા. આહા..હા..! '**कथमपि**' છેને? '**कथमपि**' છેને? કોઈ પ્રકારે. '**કાળલબ્ધિ પામીને...**' કોઈ પ્રકારેમાં કાળલબ્ધિને પામીને. એટલે સ્વભાવની પ્રાપ્તિનો કાળ છે એ પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? કોઈ પ્રકારે કહ્યુંને? તો એનો અર્થ એ કર્યો કે '**અનંતકાળ ભમતાં...**' '**कथमपि**'નો અર્થ હવે '**કાળલબ્ધિને પામીને...**' એમ. આહા..! '**कथमपि**'નો અર્થ એ. પોતાની શુદ્ધ પરિણતિની પ્રાપ્તિનો કાળ આવ્યો. આહા..હા..! તો દ્રવ્યના આશ્રયે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થઈ. સમજાણું કાંઈ? શેઠ! આ કહ્યુંને? એ કાળલબ્ધિ કઈ? પોતાના આનંદની પ્રાપ્તિ થવી એ જ કાળલબ્ધિ છે. આહા..હા..! પોતાના સ્વકાળની પ્રાપ્તિ થવી તેનું નામ કાળલબ્ધિ છે. આહા..હા..!

કાળમાં તો બે પ્રકાર લીધા છેને ૨૫૨ કળશમાં. વસ્તુ જે ત્રિકાળ છે તે સ્વકાળ છે અને વર્તમાન અવસ્થા તે પરકાળ છે. ૨૫૨ કળશ, ૨૫૨ કળશ. આની પહેલાં આવી ગયો હોં! ૨૫૨. ૨૫૨ કળશ. હિન્દી પાનું ૨૨૫. એમાં છે? એમાં છે જુઓ, ૨૫૨ છેને. વચ્ચે છે જુઓ, તેનું લક્ષણ. વચ્ચે છે. છે? '**તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...**' સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ. ભગવાન આત્મા નિર્વિકલ્પ પદાર્થ તે સ્વદ્રવ્ય. '**સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...**' સ્વક્ષેત્ર આત્માનો આધારમાત્ર અસંખ્ય પ્રદેશ એકરૂપ એક ક્ષેત્ર. '**સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...**' આહા..હા..! હવે '**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના,...**' ભગવાન સ્વદ્રવ્ય જે એકરૂપ અભેદ છે એમાં વિકલ્પ ઉઠાવવો એ પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરક્ષેત્ર એટલે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો...**' નિર્વિકલ્પ અભેદ '**તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી...**' એ અસંખ્ય પ્રદેશમાં સવિકલ્પ ભેદકલ્પના કરવી એ પરક્ષેત્ર છે. આહા..હા..! '**પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...**'

'**પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...**' તે સ્વકાળ. દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ વસ્તુ ત્રિકાળી એ સ્વકાળ. અને '**અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય**

છે,...' આહા..હા..! એક સમયની પર્યાયનું અવસ્થાંતર થવું. નિર્મળ હોં! એ પણ પરકાળ. તો આ પરકાળની વાત અનુભવમાં છે. સ્વકાળનો આશ્રય છે અને પરકાળની અનુભૂતિ છે. આહા..! સમજાણું કાંઈ? આ તો કાળલબ્ધિનું. ત્રિકાળી વસ્તુને સ્વકાળ કહીએ અને વર્તમાન પર્યાયને પરકાળ કહીએ. આહા..હા..! એ પરકાળ છે એનો અનુભવ અને સ્વકાળની લબ્ધિ છે. સમજાણું કાંઈ? એ કાળલબ્ધિ છે. આહા..હા..! તત્ત્વની વાત ઝીણી બહુ! ગુજરાતી છે ઈ? હિન્દી? હિન્દી છેને? તમારે હિન્દી છે. ગુજરાતી છે? તો ગુજરાતીમાં પણ છેને ૨૫૨. આહા..હા..!

**'પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદકલ્પના,...'** ત્રિકાળી ભાવ એકરૂપ તે સ્વભાવ અને ત્રિકાળી ભાવમાં ભાવની કલ્પના કરવી કે આ ગુણ છે અને આ દર્શન છે એ પરભાવ. આહા..હા..! આત્મા સિવાયની પરદ્રવ્યની પર્યાય તે પરભાવ, આત્મામાં રાગ થવો, વિકલ્પ થવો દયા, દાનનો એ પરભાવ. અહીંયાં તો કહે છે કે અનંતગુણરૂપ જે ભાવ એમાં ગુણની ભેદકલ્પના કરવી એ પરભાવ. આહા..હા..! છે? **'તેને પરભાવ કહેવાય છે.'** આહા..હા..!

**'पशुः नश्यति'** અજ્ઞાની આવા દ્રવ્ય અને પર્યાયનું ભાન નહિ કરીને એકાંતમાં લઈ જાય છે તે પશુ પશ્યતિ બધ્યતિ પશુ, એ અજ્ઞાનપણે કર્મનું બંધન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની નિર્મળ પર્યાય જે છે એને પણ અહીંયા પરકાળ ગણવામાં આવી છે. આહા..હા..! કોઈ એકાંત તાણે કે પરકાળ છે જ નહિ. સ્વકાળ ત્રિકાળી છે નહિ. સ્વકાળ ત્રિકાળ છે અને પરકાળ નથી, પરકાળ છે તો સ્વકાળ નથી એવો એકાંત માનનારા પશુ. પશુ કહ્યા. 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરન્તિ.' આહા..હા..! 'મનુષ્યરૂપેણ મૃગા ચરન્તિ' મૃગલા હરણિયા છે. આહા..હા..! આ લોકોને આકરું પડે છે. વ્યવહાર સાધન... વ્યવહાર સાધન. અહીં તો ના પાડે છે. નિર્વિકલ્પ સાધન તે સાધન છે. સવિકલ્પ સાધન તે સાધન છે જ નહિ. એ તો સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે, સાધન બે પ્રકારે નથી. આહા..હા..! એ અહીં કહ્યું.

**'કાળલબ્ધિ પામીને...' 'अपनीत' 'મટ્યો છે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ જેમનો,...'** આહા..હા..! **'मोहाः'** મોહનો અર્થ જ મિથ્યાત્વ. એ મિથ્યાત્વ દર્શનમોહ નહિ (-હવે નથી રહ્યો). **'મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ...'** આહા..હા..! વિપરીત જે માન્યતા હતી કે 'હું રાગરૂપ છું, એક સમયની પર્યાય જેટલો છું' એવી જે મિથ્યાત્વ પરિણતિ હતી તે દ્રવ્યના સ્વભાવના આશ્રયે મોહનો નાશ થયો. આહા..હા..! આ તો વાંચ્યું પણ નથી. શાંતિભાઈ! બધા બહારના થોથા વાંચીને જિંદગી ગઈ. આહા..હા..! ભગવાન આત્મા નિજ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાથી **'अपनीतमोहाः'** મિથ્યાત્વ વિભાવભાવનો એ નાશ કરે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિને ઉત્પન્ન કરે છે, મિથ્યાત્વરૂપી વિભાવનો નાશ

કરે છે અને ધ્રુવરૂપનો આશ્રય કરે છે. આહા..હા..! આવી વાત છે.

**'વિભાવપરિણામ જેમનો, એવા છે.'** આહા..હા..! મિથ્યાત્વરૂપી વિભાવપરિણામને અહીંયાં મોહ કહ્યું. ઠીક! એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે રાગ છે એનાથી મને લાભ થશે એ મિથ્યાત્વપરિણામ છે. એ મિથ્યાત્વપરિણામનો સ્વભાવના આશ્રયે પરિણમન કરીને વિભાવનો નાશ કરે છે. આહા..હા..! અંદરમાં અને અંદરમાં વાત છે અહીં તો. બહારની સાથે કાંઈ સંબંધ નથી. શરીર, વાણી, મન આ તો બધા જડ છે. જગતની ચીજ છે એ કોઈ તારી ચીજ છે નહિ. તારામાં છે નહિ અને તારી છે નહિ અને એમાં તું નથી. આહા..હા..! શરીર, વાણી, મન, કુટુંબ કબીલા, દેશ એ તો પરચીજ છે. એમાં તું નથી અને એ તારામાં નથી. આહા..હા..! તારામાં હોય તો મિથ્યાત્વ પરિણામ જે છે, સ્વરૂપની દૃષ્ટિને ભૂલીને રાગ મારો છે, પુણ્ય મારા છે, પર મારું છે એ તો બહુ સ્થૂળ થઈ ગયું. આહા..હા..! પૈસા મારા છે, દીકરો મારો છે, મારી સ્ત્રી છે. અરે! પ્રભુ! પરવસ્તુ તારામાં નથી. એ તારામાં છે એમ ક્યાંથી આવ્યું? અહીંયાં તો રાગ મારો છે એ પણ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એમાં આનંદકંદનો આશ્રય લઈને હું આ છું. હું તો પરમાત્મસ્વરૂપ જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ તે હું છું. પર્યાય પણ હું નથી, જ્ઞાયકભાવ ત્રિકાળી હું છું. આહા..હા..! એવી નિર્દ્વંદ્વ સુખગર્ભિત પર્યાય ઉત્પન્ન થાય છે એને. આહા..હા..!

**'ભાવાર્થ આમ છે કે આવા જીવો મોક્ષના સાધક થાય છે.'** આવા જીવ મોક્ષના કારણરૂપે સાધક થાય છે. આહા..હા..! બહુ ટૂંકી ભાષામાં... વસ્તુ શુદ્ધ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ ત્રણે કાળે અનાદિ-અનંત એ તો સુખસ્વરૂપ જ ભગવાન છે. સુખમાં પર્યાયમાં જરી દુઃખ હો, પણ એ સુખગુણમાં હાનિ નથી થઈ. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા તો અનંત અનાદિથી સુખસ્વરૂપ જ છે. એમાં જે રાગ થાય છે દુઃખ તો એના સુખગુણનો અંશ ખંડ થયો એમ છે નહિ. આહા..હા..! એ તો સુખરૂપ, આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વરૂપરૂપ છે. એના આશ્રયે જે અનુભવ થાય છે એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થાય છે એ સાધકપણું છે. એ સાધકપણાને કારણે મિથ્યાત્વભાવનો જેણે નાશ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે એનાથી ઊલટું હવે કહે છે. પહેલાં સુલટું કહ્યું હવે ઊલટું. **'મૂઢાઃ'** આહા..હા..! ઓલા જ્ઞાનમાત્ર ભાવ હતુંને. હવે અહીંયા **'મૂઢાઃ'** કહ્યું. **'મૂઢાઃ'** આહા..હા..! પોતાના આનંદકંદ પ્રભુના ભાન વિના.. આહા..હા..! મૂઢ જીવ ચૈતન્યના સ્વભાવ રત્નાકરનો આદર ન કરતાં વિકલ્પ જે ઉઠે છે રાગ દયા-દાનનો એમાં મૂઢ થયો. આહા..હા..! **'મૂઢાઃ'** **'જીવવસ્તુનો અનુભવ જેમને નથી...'** રાગનો અનુભવ છે. જેને ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદનો અનુભવ નથી તેને અહીંયાં મૂઢ કહેવામાં આવ્યો છે. ચાહે તો એ શાસ્ત્ર ભણ્યો હોય અગિયાર અંગ... આહા..હા..! પણ એ અનુભવ સુખગર્ભિત દશા... આહા..હા..! તેનું **'अनुपलभ्य'**

'मूढाः' 'मूढाः अमूम् अनुपलभ्य परिभ्रमन्ति' 'मूढाः' 'तु मूढाः अमूम् अनुपलभ्य परिभ्रमन्ति' આહા..હા..!

**'કહેલા અર્થને દઢ કરે છે...' 'मूढाः' 'જીવવસ્તુનો અનુભવ જેમને નથી એવા જે કોઈ મિથ્યાદષ્ટિ જીવો છે તે...' 'अमूम्' 'શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને પામ્યા વિના...'** આહા..હા..! શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપી દશા પામ્યા વિના. **'परिभ्रमन्ति'** એ સાધકપણું, સાધકપણાની પર્યાયથી મોક્ષરૂપી સાધ્ય પ્રગટ કરશે. આ **'मूढाः'** આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપના ભાન વિના, અનુભવ વિના **'ચતુર્ગતિસંસારમાં ભટકે છે.'** ચતુર્ગતિમાં તો નિગોદ પણ આવ્યું, નરક આવ્યું. આહા..હા..! સ્વર્ગ પણ આવ્યું. પણ એ તો મૂઢ જીવ પરિભ્રમણ કરે છે એમ કહે છે અહીંયાં, ભલે સ્વર્ગમાં જાય. કોઈ પુણ્ય પરિણામને કારણે સ્વર્ગમાં જાવ, પણ આત્માના આનંદના અનુભવ વિનાનો મૂઢ પ્રાણી ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! આવું છે.

**'શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને...' 'अनुपलभ्य' 'પામ્યા વિના...' 'परिभ्रमन्ति'** આહા..હા..! આ સાધકપણાની વ્યાખ્યા કરી. સાધકપણાથી બાધકની વ્યાખ્યામાં સાધન લીધું. આહા..હા..! સમજાણું કાંઈ? રાજકોટમાં એક ફેરી ગયા હતા. રાજકોટને? જેલ-જેલ. જેલના ગુનેગારો હતાને જેલમાં એ લોકો ઘણા હતા. ઘણા ૨૦૦-૩૦૦ માણસ. એને ખબર પડી કે મહારાજ ગામમાં આવ્યા છે. આમ નામ તો પ્રસિદ્ધ હોયને બહાર એટલે એ લોકોએ એના અગ્રેસરોને .. કહ્યું કે અમારે જેલમાં મહારાજના દર્શન કરવા છે. જેલ-જેલ સમજ્યા? કેદખાનું. આહા..હા..! તો એણે હુકમ કર્યો કે જાવ હુકમ છે. અમે અંદર ગયા. તો એને કહ્યું, ભાઈ! એમાં લખ્યું હતું પત્થર ઉપર (કે) અજ્ઞાનથી દોષ થાય છે, અજ્ઞાન જેવું કોઈ પાપ નથી. આહા..હા..! વસ્તુના સ્વરૂપની ખબર નથી, બાપુ!

ત્યાં તો અમે બેઠા, ઉપદેશ કર્યો. પછી બહાર નીકળતા હતા ત્યાં એક જુવાન છોકરો હતો. ૨૫-૨૮ વર્ષનો યુવાન છોકરો. એને ફાંસીની સજા નક્કી થઈ ગઈ હતી. ફાંસી. તો અમે નીકળ્યા તો બિચારો પગે લાગ્યો. પણ એની ફાંસી નક્કી થઈ ગઈ હતી. એણે ગુનો કર્યો હતો. એક કન્યાને છરો માર્યો હતો. મારી નાખી. આહા..હા..! પછી એ લોકો કહેતા હતા જ્યાં ફાંસી દેતા હતાને ત્યાં અમને લઈ ગયા જોવા કે અહીંયાં અમે ગુનેગારને પહેલા લાવીએ પછી બહાર ઊભા રાખીએ. ઊભા રાખીને પગ બાંધીએ અને ટોપી. ટોપી ઓઢાડે. આ જે કડા છે એની સાથે દોરડું બાંધીએ. પછી નીચે લાકડું હોય એ લાકડું ખેંચી લે. એક ગુનેગાર એવો હતો. રાત્રે જાગ્યો, ઉઠ્યો. ભક્તિ કરી એના માનેલા ભગવાનની. કારણ કે સવારમાં ફાંસી છે. તો ત્યાં લઈ ગયા ત્યાં સુધી તો બરાબર સ્થિર રહે, પણ જ્યાં પગ બાંધ્યા અને ટોપી નાખી ધ્રુજે... ધ્રુજે... ધ્રુજે... ધ્રુજે... ધ્રુજે... ધ્રુજે... આમ હિંમત લઈને આવ્યો ખરો ત્યાં સુધી ફાંસી સુધી. પછી ધ્રુજે. આખું શરીર ધ્રુજે. આહા..હા..! એ

ફાંસી દેતા દોરડું ખેંચી લીધું જ્યાં. એ દોરડું સમજ્યા? રસ્સી. એ દોરડું પણ બે-ત્રણ દિવસથી શું કહેવાય એ? માખણ. માખણમાં એ દોરડું બે-ત્રણ દિવસ રાખે પછી લગાવે. એ દોરી લગાવે જ્યાં ખેંચે... પછી કહેતા હતા, મહારાજ! અહીં જ્યારે મરી જાય દેહ અડધો કલાક રાખીએ. પછી ઠરી જાય, મરીને પછી આ બારણેથી કાઢીએ. આ બારણેથી નાખીએ અને આ બારણેથી કાઢીએ. બધું જોયું જેલ-જેલમાં. આહા..હા..! અરેરે! આ દુઃખ એણે અનંતવાર વેઠ્યા છે, ભાઈ! આ ચાર ગતિમાં મિથ્યાત્વને કારણે. સમજાણું કાંઈ?

અને બીજી વાર એક જેલ હતી. બેગમગચ્છ. બેગમગચ્છને? તમે હતાને? બેગમગચ્છ એક ગામ છે. તો ત્યાં અમે ગયા તો માણસોનો તો પ્રેમ લોકોને બધાને, વ્યાખ્યાન સાંભળવા ઘણા આવતા હતા. તો ત્યાં જેલ હતી નજીકમાં. જ્યાં વ્યાખ્યાન આપતા હતા ત્યાં સામે જેલ હતી. તો એમાં ડાકુઓને પકડેલા. મોટા-મોટા ડાકુ. ડાકુ-ગુનેગાર, ખૂન કરેલા, લાખો રૂપિયા.. તો જેલમાં ઘણા ડાકુઓ હતા. તો ડાકુઓને વિચાર આવ્યો કે અમારે મહારાજના દર્શન કરવા છે. નામ મોટું છેને એટલે. મહારાજ આવ્યા છે. એટલે અંદર ગયા અમે. પણ બારણા બંધ કરી દીધા. આ બાજુથી બંધ કર્યા અને આ બાજુથી ખુલ્લા. અંદર ગયા. શેઠ હતા ત્યાં. કહ્યું, ભાઈ! અજ્ઞાનપણે આત્મા શું નથી કરતો, બાપુ! આહા..હા..! આ ગુનો. ભગવાનસ્વરૂપ છેને આત્મા. એ તો સાંભળતા હતા દસ મિનિટ. .. મોટા ડાકુ ચાર હતા. મોટા ડાકુ. હજારોના ખૂન કર્યા અને પૈસાના ઢગલા ભેગા કર્યા હતા. પણ સરકાર તરફથી એણે પછી માફી માગી હતી. છોડી દીધા હતા. જઈ આવે પોતાના ઘરે, પછી અહીં આવે. હવે તો છૂટ આપી દીધી. બધાને છોડી દીધા. હમણા તો બેગમગચ્છ આવ્યા હતાને. બેગમગચ્છના આપણે આવ્યા હતા એક. છોડી દીધા. પણ એ લોકો બિચારા સાંભળીને બહુ ખુશી (થયા). બાપુ! આહા..! આત્મા આનંદસ્વરૂપ ભગવાન!

**શ્રોતા :-** તમારા ચરણમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ચરણમાં ચડાવ્યા. માળા આવે છેને એ રૂની, રેશમ જેવી નહિ? રેશમ જેવી આવે છે રેશમની. ડાકુએ ચડાવી પગ ઉપર મૂકી. મોટો ડાકુ હતો. બાપુ! અમારે તો આત્મા ભગવાન છે. આત્મા તો ભગવાનસ્વરૂપ છે, તમારો હોય કે અમારો બધા ભગવાનસ્વરૂપ છે. એ અજ્ઞાનપણે આ દોષ કરે છે. આહા..હા..! બે વાર જેલ જોઈ છે. એક રાજકોટ અને એક ઈ બેગમગચ્છ, બેગમગચ્છ છે. એ હિન્દી છેને? હિન્દી આપણે આવ્યા હતા.

અહીં કહે છે કે અરેરે! અજ્ઞાની પ્રાણી ક્યા ક્યા દોષ નથી કરતાં? ગુણને ભૂલીને શું દોષ કરે છે? આહા..હા..! પોતાનો આનંદ અને જ્ઞાનગુણસ્વરૂપ પ્રભુ એને ભૂલીને ક્યા ગુના નથી કરતો? આહા..હા..! મૂઢ પ્રાણી નિગોદમાં જવાનો ગુનો કરે છે. આહા..હા..!

ત્યાં તો આચાર્યે ત્યાં સુધી કહ્યું ભગવાન મુનિએ કે કપડાનો એક ટૂકડો રાખીને મુનિપણું

માને, મનાવે, માનતાને રૂડું જાણે તો નિગોદં ગચ્છયી. આહા..હા..! તો આ તો મિથ્યાદૃષ્ટિ વિપરીત માન્યતા. આહા..હા..! રાગને ધર્મ માને, રાગથી કલ્યાણ થશે, મૂઢ પ્રાણી છે. સ્વરૂપની અણપ્રાપ્તિ છે, તેથી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. આહા..હા..! અને પોતાના સગાવ્હાલા હોય છે, દીકરા, પિતા એ મરી જાય તો એ ક્યા કારણે રોવે છે? એ ક્યાં મરીને ગયા એની દરકાર છે? નરકમાં ગયા તોપણ અમારે શું છે? પણ અમારી સગવડતા ગઈ માટે રોવે છે. અમારી વર્તમાનની સગવડતા ગઈ. એ મરીને ઢોરમાં, નિગોદમાં ગયો અમારે ક્યાં સ્નાન કરવું છે? એય..! સમજાણું કાંઈ? એને નથી રોતો. પોતાની સગવડતામાં મજૂરી કરતાં હતા એ ગયા. આહા..હા..! જુઓ, સ્વાર્થી જગત! કહે છે કે મૂઢ પ્રાણી પોતાના ભાવને છોડીને એવી મૂઢતામાં, પરમાં, રાગમાં પરમાં કરી દઉં, પરનું કરી દઉં. આહા..હા..! એવા મૂઢ પ્રાણી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. આહા..હા..! આવું છે.

'**ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષનો માર્ગ છે,...**' ટૂંકામાં આખું લઈ લીધું પાછું. '**શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ...**' ભગવાન પવિત્ર પરમાત્મા એનો અનુભવ, આનંદના વેદનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અનુભવ એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! '**બીજો માર્ગ નથી.**' બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. મોક્ષમાર્ગ બે છે એમ કહ્યું છે. તો કહે છે કે એ તો કથનની શૈલી છે, માર્ગ બે નથી. સમજાણું કાંઈ? માર્ગ તો એક જ છે. આહા..હા..! આ છેને આપણે? મોક્ષમાર્ગપ્રકાશક. મોક્ષમાર્ગપ્રકાશકમાં મોક્ષમાર્ગની કથની બે પ્રકારે છે. નિરૂપણ-કથન. મોક્ષમાર્ગ બે નથી. એ તો નિશ્ચયમોક્ષમાર્ગ જે આ રત્નત્રય છે એની સાથે રાગને નિમિત્ત, વ્યવહાર દેખીને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. છે નહિ એને કહે છે. હવે એને પકડે છે. તો શું વ્યવહારમોક્ષમાર્ગથી વ્યવહારમોક્ષ થાય છે? નિશ્ચયમોક્ષમાર્ગથી નિશ્ચયમોક્ષ થાય છે? એવા મોક્ષ બે પ્રકારના છે? સમજાણું કાંઈ? કે મોક્ષમાર્ગ બે છે તો બે મોક્ષ છે? આહા..હા..! વ્યવહાર જેટલો વિકલ્પ ઉઠે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, રાગ, પુણ્ય, દયા, દાન, વ્રતાદિ એ બધા બંધના કારણ છે. એ મોક્ષનું કારણ છે જ નહિ. આહા..હા..!

'**બીજો માર્ગ નથી.**' એમ કહ્યું. એક જ માર્ગ આ છે. વ્યવહાર એ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! ૨૬૬ થઈ. ત્રીજો શ્લોક થયો એ સાધ્ય-સાધકમાંથી. નહિતર છે તો પહેલો શ્લોક સાધ્ય-સાધકનો.

૨૬૭. ગુજરાતી છે તમારે ત્યાં? હિન્દી નથી મળતી? હિન્દી લ્યોને. ગુજરાતીવાળાને ગુજરાતી સમજાય. નહિતર અહીંયાં છે હિન્દી. ૨૬૭.

(वसन्ततिलका)

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।

ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।२६७।।

આહા..હા..! **'આવી અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે...'** હવે શું કહે છે? આવા જે અનુભવી સાધકજીવ કેવા છે? આહા..હા..! એ અનુભવને કેવો જીવ યોગ્ય છે? **'તે કહે છે—' 'सः एकः इमां भूमिम् श्रयति' 'આવો આ જ એક જાતિનો જીવ...'** આહા..હા..! ચિદાનંદ ભગવાન શુદ્ધ દ્રવ્ય જીવ **'इमां भूमिम्' 'પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને યોગ્ય છે...'** આહા..હા..! એ તો પ્રત્યક્ષ શુદ્ધસ્વરૂપનો અનુભવ એવી અવસ્થાના અવલંબનને યોગ્ય છે. આહા..હા..! આકરું કામ ભારે! આ તકરાર આ બધી મોટી આ તકરાર, ઝઘડા.

કાલે તો એ કહ્યું હતુંને ભાઈ! કલકત્તા પહેલાં ગયા હતાને. તો રતનચંદજીના મકાનમાં ઉતર્યા હતા. તો મંદિરમાં ગયા હતા ત્યાં રતનલાલજી સાથે હતા. તો ત્યાં એક વિરૂદ્ધના પત્રનો ઢગલો આમ પડ્યો હતો. અહીંયાના વિરૂદ્ધના. તો રતનલાલજી બહાર નીકળ્યા તો લઈ લીધા. ત્યાં કલકત્તામાં વિરોધ છે. એકવાર વિરોધ થયો. સમજાણું કાંઈ? અને બીજી વાર હમણા જ્ઞાનચંદજી ગયા હતા તો બહુ વિરોધ કર્યો પહેલાં ત્રણ દિવસ. પછી ઠરી ગયા. તો કદાચિત્ એ જાતનું હોય કે નહિ.. એ કાલે પત્ર આવ્યોને? એ અપેક્ષાએ વિચાર કર્યો કે આવું તોફાન છે અને આવું તોફાન થાય તો આપણે બંધ રાખો ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કલકત્તાના કાંઈ સમચાર આવ્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી આવ્યા હજી સમચાર. હજી દસ દિવસ પછી આવેને. દસ દિવસ પૂરા થાય પછી સમાચાર આવે. થોડું આજે આવું છે ઓલું કોટાનું. બીજી બાજુ તોફાન થવાનું હતુંને. એનું આવ્યું છે. નેમિચંદભાઈનો પત્ર આવ્યો છે. આહા..હા..! અરેરે! કહો આ તકરાર... તકરાર... તકરાર... તો એ કારણે એવો વિકલ્પ આવ્યો કે ભાઈ આવું જો તોફાન હોય તો આપણે આ હિન્દીની ભેટ આપવી બંધ રાખો. હિન્દીના ચાર હજાર છપાણાને? છપાવવા ખરા. છ હજાર ગુજરાતી, ચાર હજાર હિન્દી. દસ હજાર તો છપાવવા. ૩૧૦૦ છપાઈ ગયા છે. પણ એમાં ભેટમાં આપવાનું આવી તકરાર છે તો છોડી દ્યો. એણે લખ્યું હતું એ અપેક્ષાએ હોં! એ શેઠિયાને ખુશી કરવા કે એવું કાંઈ કારણ નથી.

**શ્રોતા :-** હજી તો હિન્દી બને પછી વિચાર કરશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિન્દી બને ક્યાંથી? હિન્દી તો ચાર હજાર બનશે.

**શ્રોતા :-** ગુજરાતી અને હિન્દી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજા બનાવે. પછી લોકોને વિચાર હોય તો ભલે કરે, પણ તોફાન થતું હોય તો આપણે કરવું નહિ, ભાઈ! કલેશ થાય તો એ અમારું કામ નથી. પ્રભાવના માટે એક વિકલ્પ આવ્યો. એ તો બહેનનું હતું માટે આવ્યો. નહિતર અમે તો કોઈ પુસ્તકમાં

પડતા નથી ક્યાંય. ક્યાંય કોઈ આટલા પુસ્તક છપાણા પણ અમે કોઈમાં પડતા નથી. આ તો બહેનનું પુસ્તક આવ્યું તો કીધું કે આવા પુસ્તકો જેમ બને તેમ વધારે છાપવા. ત્યાં વળી આ સાંભળ્યું, કલકત્તામાં વિરોધ કરે છે. આહા..હા..! પુસ્તક બહાર પાડવાથી વિરોધ થાય હિન્દીમાં. હિન્દી લોકો બહુ વિરોધ કરે છે. ઘણા હિન્દી છે. એટલે એ વિરોધ હોય તો નહિ. એટલું કારણ છે, બીજું કોઈ કારણ નથી. અને એમાં જે લખ્યું છે એ તો એ લોકોએ કહ્યું કે પહેલાં નિવેદન પ્રકાશ છે એ કાઢો. મેં કહ્યું નથી. સમજાણું કાંઈ? એ છેને. વચનામૃતમાં પહેલાં નિવેદન. મેં કહ્યું નથી નિવેદન કાઢવાનું. એ તો એ લોકો કહે છે કે નિવેદન કાઢી નાખવું અને પાછળનું ગાયન કાઢી નાખવું. ગાયન છેને? પછી તો એણે એમ કહ્યું કે એ હિન્દીને પુસ્તક જ ભેટ ન દેવા. એ તો કારણમાં-ખ્યાલમાં તો બે તકરાર આવી હતી મગજમાં. એ શેઠિયાનું કારણ નથી. પણ એ તકરાર છેને. ત્રીજી વાર કોઈ તકરાર થઈ જાય તો આપણું કામ નહિ. સમજાણું કાંઈ? આ તો પ્રભાવના માટે વિકલ્પ આવ્યો, એમાં કોઈ નુકસાન થાય તો છોડી દ્યો કીધું. એમાં પણ જે નિવેદન છે એને બિલકુલ કાઢવું નહિ. એ તો બરાબર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ કઠણ પડે છે. પક્ષકારોને કઠણ પડે છે.

કોઈ તો વળી એમ કહે છે કે અહીંની કોઈ તકરાર છે એ ત્યાં ગઈ છે એમ કહે છે કોઈ. હવે શું તકરાર છે અમને તો ખબર પણ નથી. બાયુ-બાયુમાં તકરાર છે. પક્ષ થઈ ગયો છે. આહા..હા..! અરર! એમાં પક્ષ છે કે આ બહાર પડી જાય તો બીજાનું અપમાન થઈ જાય છે. એક જ બેનનું થાય છે... અરે ભાઈ! બહેન તો બહેન છે. એવી કોઈ બીજી વ્યક્તિ છે નહિ! સમજાણું કાંઈ? અહીંયા ક્યાં અમારે છાનું રાખવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કે અજોડ છે ને એવું લખ્યું છેને? તો અંદર અંદર તકરાર કરે કે અજોડ હોય તો એકલા-એકલા છે? હા, એકલા જ છે. અમારે તો અહીં ખાનગી-બાનગી, ગુપ્ત કાંઈ નહિ અમારે તો. શેઠ! આહા..હા..! આ તો પછી રાતે વિચાર એવો આવ્યો કે રામજીભાઈને રાતે કહેવું કે એની મરજી હોય તો ભેટ આપવા. એ થોડી વાત તકરારની આવી હતી. ચંદુભાઈ લાવ્યા હતા ગામમાંથી. અરે ભગવાન! આવી તકરાર અને આ શું કરે છે આ લોકો? ક્યાં જાવું છે? સોનગઢમાં રહીને એવી સ્થિતિ! આહા..હા..!

અહીં એ કહે છે કે કેવો જીવ અનુભવને યોગ્ય છે? આહા..હા..! અને આબરૂ અને જગતની શું ચીજ છે એ બધું છોડી દેવું જોઈએ. મારી આબરૂ બહારમાં રહે અને મારું નામ રહે. શું ધૂળ છે નામ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે તે કહે છે—આવો આ જ એક જાતિનો જીવ...**' કોણ એક જાતિનો જીવ? '**પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને યોગ્ય છે...**' આહા..હા..! ભગવાન આત્માનું પ્રત્યક્ષ અવલંબન કરે છે. જ્ઞાનમાં મતિ શ્રુતમાં પ્રત્યક્ષ અવલંબન

કરે છે તે અનુભવને યોગ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

**'આ જ એક જાતિનો...'** એક જાતિ ભાષા જોઈ! એક જાતિનો જીવ. **'इमां भूमिम्'** **'પ્રત્યક્ષ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને યોગ્ય છે...'** આહા..હા..! **'એવી અવસ્થારૂપ પરિણમવાનો પાત્ર છે.'** આહા..હા..! આ પાત્ર. પોતાનો એક જાતિનો શુદ્ધ જીવ ચૈતન્યમૂર્તિ એનું અવલંબન લઈને અનુભવ કરે છે તે એક લાયક પાત્ર છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! શું કરે? અરે..! આ ઝઘડા... ઝઘડા... ચિંતા.. અરેરે! રહીને પણ તોફાન અને આ બે ભાગ અને એક પક્ષ અને આ પક્ષ અને આ શું છે આ બધું? સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે આહા..હા..! **'કેવો છે તે જીવ?'** **'यः स्वम् अहरहः भावयति'** **'જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ જીવના શુદ્ધ સ્વરૂપને...'** **'अहरहः'** **'નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે.'** આહા..હા..! રાગ આવે છે પણ એ સમયે પણ પોતાનું ધ્યેય અંદરમાંથી છૂટતું નથી. અનુભવની ધારા છૂટતી નથી. આહા..! એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને પછી રાગથી ભિન્ન કરવું પડતું નથી. ભિન્ન થયો ઈ થયો. એ રાગ પણ જાણવાલાયક (રહી જાય છે). આહા..હા..! વિશેષ કહેશે લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ-૧૩, રવિવાર, તા. ૨૫-૦૯-૧૯૭૭, શ્લોક-૨૬૭ પ્રવચન નં. ૪૫૯

શ્લોક પહેલેથી લઈએ. **'આવી અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે...'** શું કહે છે? કે પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદ શુદ્ધસ્વરૂપ એને રાગ જે વિકલ્પ દયા, દાન, વ્રતાદિના વિકલ્પ છે એનાથી ભિન્ન, પોતાના આત્માને એનાથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવો અનુભવ થાય તો તેને સમ્યગ્દષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? ધર્મના મહેલની પહેલી સીઢી. આહા..હા..! પ્રથમ ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે એવા પૂર્ણ દ્રવ્યને અંદર સ્વજ્ઞેયને જ્ઞાનમાં (જ્ઞેય) બનાવીને.. આવી વાત છે, તેની પ્રતીતિ અનુભવમાં કરવી એનું નામ સમ્યગ્દષ્ટિ છે. એ **'અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે...'** હવે એ આત્માનો અનુભવ કરનારો કેવો જીવ યોગ્ય છે? કે **'सः एकः इमां भूमिम् श्रयति'** **'આવો આ જ એક જાતિનો જીવ પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને**

**યોગ્ય છે...'** આહા..હા..! ઝીણી વાત છે, અપૂર્વ છે. અનાદિકાળનો અભ્યાસ નથી. એ આત્મા અખંડ આનંદસ્વરૂપ એનો આશ્રય લઈને... છે? '**પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને યોગ્ય છે...'** આહા..હા..! રાગથી રહિત જ્ઞાયકને જ્ઞાયકભાવથી સહિત. આહા..હા..! આવી વાત છે.

ધર્મ એ બહુ અલૌકિક વાત છે અને એનું ફળ અનંત આનંદ મુક્તિ એ અલૌકિક ફળ છે. તો એ અહીંયાં કહે છે કે જેને અનુભવને યોગ્ય જીવ કોણ છે? કે જે કોઈ પ્રાણી પ્રથમ રાગથી, વિકલ્પથી ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ હોય, પણ એ ક્રિયાકાંડનો. એનાથી ભગવાન ચૈતન્યદ્રવ્ય એમાં આરૂઢ થવામાં એ વિકલ્પની કોઈ અપેક્ષા નથી. એ વ્યવહાર વ્રતાદિનો વિકલ્પ છે એની એમાં અપેક્ષા નથી અને અંદરનું અવલંબન લેવાયોગ્ય છે એ અનુભવવા યોગ્ય છે. આહા..હા..! ઝીણી વાતું, બાપુ! એ તો કાલે આવી ગયું.

'**અર્થાત્ એવી અવસ્થારૂપ પરિણમવાનો પાત્ર છે.**' આહા..હા..! કોઈપણ પ્રકારનો વિકલ્પ નામ રાગ હોય એનાથી ભિન્ન પોતાનો અનુભવ, સ્વભાવનું અવલંબન લઈને અનુભવ કરે છે તે જીવ ધર્મનો પાત્ર જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને '**કેવો છે તે જીવ?**' '**यः स्वम् अहरहः भावयति**' આહા..હા..! '**स्वम्**' પોતાના શુદ્ધ સ્વરૂપને, નિત્યાનંદ પ્રભુ ધ્રુવને, સ્વ નામ પોતાના નિત્ય શુદ્ધ સ્વભાવને. '**अहरहः**' નિરંતર. આહા..હા..! કેમકે જેને રાગથી, વિકલ્પથી ભિન્ન પોતાનો અનુભવ થયો તો નિરંતર એ અનુભવમાં જ રહે છે. આહા..હા..! એની દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી કદી છૂટતી નથી. આહા..હા..! ચાહે તો શુભવિકલ્પ હોય, પણ '**अहरहः**' કાયમ નિત્ય એ તો દ્રવ્યદૃષ્ટિના અનુભવમાં જ છે. આહા..હા..! આવો માર્ગ! ત્યાં સુધી તો કાલે આવી ગયું છે.

'**अहरहः**' છેને? નિરંતર. '**अहरहः**'નો અર્થ નિરંતર '**भावयति**' '**અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે.**' આહા..હા..! જેમ અનાદિથી અખંડ ચૈતન્યને ચુકીને રાગનો એકધારાવાહી અનુભવ છે અજ્ઞાનીને. ચાહે તો દયા, દાન કે કામ, ક્રોધ. એક પછી એક પુણી રાગ અને રાગની તાણ્યા કરે છે, રાગ... રાગ... રાગ... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... એનો એને નિરંતર રાગનો અનુભવ છે, એ મિથ્યાદૃષ્ટિ સંસારી પ્રાણી છે. આહા..હા..! અને જેને રાગથી ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ પવિત્રસ્વરૂપ અખંડ અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી નિરંતર ભેદજ્ઞાનનો જ એને અનુભવ છે. આહા..હા..! જેમ મિથ્યાત્વમાં રાગનો અનુભવ નિરંતર હતો, એમ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનમાં... આહા..હા..! પોતાનો આનંદ અને જ્ઞાનસ્વરૂપનો ધારાવાહી અનુભવ થાય છે. આહા..હા..! આવી વાત સમજવી કઠણ પડે. આવો માર્ગ! આ તો છેલ્લા પાછળના કળશ છેને. સાર-સાર છે. આહા..હા..!

એ પહેલા જ્ઞાનમાં નિર્ણય તો કરે. વિકલ્પ દ્વારા ભલે પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે હું

તો શુદ્ધ અખંડ અભેદ હું છું અને પર્યાયમાં જે રાગાદિ છે એ મારા નથી, મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો રાગના અવલંબથી મનથી પહેલા નિર્ણય કરે, આંગણામાં આવવા માટે. પણ પછી આંગણું છોડીને અંદર જાવું છે. આહા..હા..! ત્યારે તો ત્યાં વિકલ્પનો આધાર નથી. સમજાણું કાંઈ? આવો ધર્મ માણસને મુશ્કેલ પડે એટલે... મૂળ અભ્યાસ નહિ અને જેવો જેને પરનો મોહ અને પ્રેમ છે એવો અંતરમાં પોતાનો પ્રેમ આવ્યો નથી. મહત્ ચીજમાં ભગવાનસ્વરૂપી પરમાત્મા એની મહિમા, મહત્તા, બીજાથી ભિન્ન અધિકતા ભાસી નથી અને પોતાના સ્વભાવ સિવાય એક સમયની પર્યાય અને રાગની મહિમા અને અધિકતા ભાસે છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે '**નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે.**' આહા..હા..! જે વસ્તુ દૃષ્ટિમાં, અનુભવમાં આવી અને રાગથી ભિન્ન થઈ ગયો અને પોતાના... એકત્વ-વિભક્ત છેને (પાંચમી) ગાથા સમયસારની. '**तं एयत्तविहत्तं**' સ્વભાવથી એકત્વ અને રાગથી વિભક્ત. આહા..હા..! ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હોય એ રાગથી વિભક્ત ભગવાન આત્મા છે અને પોતાના પૂર્ણ આનંદ આદિ સ્વભાવથી એકત્વ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? '**तं एयत्तविहत्तं**'. ત્રીજી ગાથામાં એ આવ્યું. '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**' આહા..હા..! ત્રણે કાળે ભગવાન રાગના અભાવસ્વરૂપ પ્રભુ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પથી પણ ભગવાન તો ભિન્ન છે અથવા રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા ચૈતન્ય જ્ઞાનાનંદથી પરિપૂર્ણ પ્રભુ એમાં એકત્વ થતાં અને વિકલ્પ ચાહે તો ગુણગુણી ભેદનો વિકલ્પ હોય, એ શુભવિકલ્પથી પણ વિભક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને આચાર્યે પાંચમી (ગાથામાં એમ કહ્યું), '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' આહા..હા..! મારું સ્વસંવેદન આનંદનો પ્રચુર વેદન મારો વૈભવ છે. આહા..હા..! મુનિરાજ કુંદકુંદાચાર્ય સંત કહે છે કે મારો નિજવૈભવ, મારો નિજવૈભવ તો અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ મારો નિજવૈભવ છે. વસ્તુ તો એક બાજુ રહી, પણ પર્યાયમાં નિજસ્વભાવનો અનુભવ થયો એ પ્રચુર સ્વસંવેદન એ મારો નિજવૈભવ છે. આહા..હા..! ભગવાન આત્મા તો પૂર્ણ વિભૂતિ અને પૂર્ણ સ્વભાવથી ભરેલો છે. આહા..હા..! જેની શક્તિ અને સ્વભાવની પરિમિતતા નથી, મર્યાદા નથી એવો ભગવાન આત્મા અનંત બેહદ જ્ઞાન-દર્શન-આનંદથી સ્વભાવમાં એકત્વ છે, એ ત્રિકાળી રાગથી ભિન્ન છે. આહા..હા..! કદી જ્ઞાયકભાવ રાગરૂપ થયો નથી, છે નહિ, કદી થશે નહિ. આવું ચૈતન્ય સ્વરૂપ તેને રાગથી ભિન્ન કરીને અનુભવે છે તે નિરંતર અનુભવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો એ વિકલ્પમાં આવે તોપણ એની દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી. ખસતી નથીને શું કહે છે? હટતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અન્યમતમાં એક વાત છે. સુરદાસ-સુરદાસ. આંખ ફોડી નાખી હતી. પછી શ્રીકૃષ્ણ આવ્યા. તો શ્રીકૃષ્ણે હાથ ઝાલ્યો પોતે. હાથ ઝાલીને પછી છોડી દીધો, કૃષ્ણ ચાલ્યા ગયા. સુરદાસ કહે છે, પ્રભુ! તમે મારાથી દૂર થઈ ગયા પણ મારા હૃદયથી દૂર નથી થયા. શ્રીકૃષ્ણ અને સુરદાસની કથા આવે છે. આહા..હા..! મારો હાથ છોડીને, મને આંખ તો છે નહિ, તો તમે હાથ છોડીને દૂર ચાલ્યા ગયા પણ મારા હૃદયથી તો દૂર નથી થયા. એમ હે નાથ! પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ ભગવાન.. આહા..હા..! પર્યાયથી ભિન્ન અખંડ ભેદ દૂર રહ્યો છે. પર્યાયથી દૂર રહ્યો છે ભગવાન, પણ છતાં મારી દૃષ્ટિમાં તો સમીપમાં જ તમે બિરાજો છો. આહા..હા..!

દૃષ્ટિ સમ્યગ્દર્શનમાં, પર્યાયદૃષ્ટિમાં તો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ દૂર રહ્યો, પણ દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યની જ્યાં દૃષ્ટિ વસ્તુની થઈ તો ભગવાન તો મારી સમીપમાં જ છે. આ ભગવાન હોં! એ સુરદાસ હતો, આ જિનદાસ છે આત્મા. જિનદાસ છે અંદર. જિનસ્વરૂપી ભગવાન એની પર્યાયમાં એનો દાસ છે. અનુભવની પર્યાયમાં પરમાત્માનો એ પર્યાય પુત્ર છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પિતા છે અને અનુભવની પર્યાય એ પિતાની પ્રજા છે. પ્રજા કહો, પર્યાય કહો. આહા..હા..! પર્યાય કહે છેને પ્રજાને. આહા..હા..!

તો પ્રભુ કહે છે કે જ્યાં આત્માનો પ્રેમ અંદરમાં જોડાણો... આ પર્યુષણ એને કહે છેને. પરિ-સમસ્ત પ્રકારે જોડાણ કરવું. આનંદસ્વરૂપમાં જોડાણ કરવું એનું નામ પર્યુષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકલા અપવાસ કર્યા, આ કર્યા ને પડિક્કમણા કર્યા એ કાંઈ ચીજ નથી. પોતાનો પરમાત્મા ચૈતન્યરત્નાકર પ્રભુ એમાં દૃષ્ટિ લગાવીને ધ્યેય બનાવીને જે ધ્યાનમાં આત્મા આવ્યો તો પર્યાયમાં અનુભવ થયો. આહા..હા..! એ અનુભવ નિરંતર રહે છે કહે છે. દ્રવ્ય જેમ નિરંતર છે તો દ્રવ્યના આશ્રયવાળી દૃષ્ટિ અને અનુભવ પણ નિરંતર રહે છે. આહા..હા..! આવો માર્ગ લ્યો! લોકોએ વીંખી નાખ્યો પ્રભુનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ, સત્‌સાહેબ. ઓલા કબીરમાં કહે છે સાહેબ. આ સત્‌સાહેબ તો આત્મા છે.

**શ્રોતા :-** ગ્રંથસાહેબ શીખમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો કબીર તો સત્‌સાહેબ કહે. આત્માને નામ બોલે સત્‌સાહેબ સત્‌સાહેબ. કબીર છે ત્યાં આકડીયામાં કબીર છે. આકડીયા અમે ગયા હતાને. મોટા આકડીયા. ત્યાં કબીરના લોકો સાંભળવા આવે બધા. કણબી લોકો ત્યાં બહુ છે. કબીરના છે, સ્વામીનારાયણના છે, બધા ઘણા વિષ્ણુ છે. ઘણા મોટા છે. વ્યાખ્યાનમાં આવે બધા આત્માનું સાંભળવા. એ પછી કબીરસાહેબ કબીરસાહેબ. બાપુ! કબીરસાહેબ એટલે આ આત્મા છે. પૂર્ણાનંદનો નાથ જ્યાં રાગથી ભિન્ન ભગવાનનો ભેટો થયો, તો કહે છે કે એ ભેટો કદી નિરંતર છૂટતો નથી. આહા..હા..!

**'अहरहः' 'નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ...'** ચાહે તો પાપના પરિણામ પણ થઈ

જાય... આહા..હા..! પણ વીતરાગ સ્વભાવી ભગવાનની દૃષ્ટિ તો ત્યાંથી ખસતી નથી. સમજાણું કાંઈ? એટલું તો કાલે આવ્યું હતું. અહીં સુધી તો કાલે આવ્યું હતું. '**શાનાથી અનુભવે છે?**' હવે આવા આત્માનો અનુભવ '**શાનાથી અનુભવે છે?**' આહા..હા..! માલ-માલ છે અહીં. '**स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां**' '**स्याद्वादकौशल**' એક વાત. '**सुनिश्चलसंयमाभ्यां**' બે વાત. '**स्याद्वाद**' '**દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું...**' દ્રવ્ય છે ત્રિકાળી અને વર્તમાન પર્યાય પણ છે. એ બેયનો અનુભવ કરે છે અર્થાત્ બેયને માને છે. ત્રિકાળી ભગવાન દ્રવ્ય છે અને વર્તમાન જે અવસ્થા છે તેને જાણનારી, તેને માનનારી એ પર્યાય છે. સ્યાદ્વાદ નામ બેય '**દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું કૌશલ્ય અર્થાત્ વિપરીતપણાથી રહિત—વસ્તુ...**' છે? '**स्याद्वादकौशल**' એમ છેને? એ '**कौशल**'નો અર્થ '**વિપરીતપણાથી રહિત...**' આહા..હા..! દ્રવ્યસ્વરૂપ ભગવાન અને પર્યાયસ્વરૂપ અવસ્થા બેયમાં કૌશલ છે. ધર્મી બેયમાં હુશિયાર કૌશલ છે. આહા..હા..!

'**વિપરીતપણાથી રહિત—વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે—અંગીકાર,...**' કરી. દ્રવ્યને દ્રવ્ય તરીકે અંગીકાર કરી અને પર્યાયને પર્યાય તરીકે અંગીકાર કરી. આહા..હા..! આચાર્યોએ ગજબ કામ કર્યું છે! એક-એક શ્લોકમાં પૂરા બાર અંગનો સાર ભરી દીધો છે. આહા..હા..! જેમ દ્રવ્ય શુદ્ધ પૂર્ણ છે તેને એ પ્રમાણે સ્વીકાર કર્યો અને સ્વીકાર કરનારી પર્યાય જે નિર્મળ છે એનો પણ સ્વીકાર કર્યો કે પર્યાય છે. કેમકે પર્યાયથી દ્રવ્ય જણાય છે, દ્રવ્યથી દ્રવ્ય જણાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ દ્રવ્ય કોણ? પૈસા?

એક પ્રશ્ન થયો હતો ઘણા વર્ષ પહેલાં. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. ત્યાં છેને? કોઈએ પ્રશ્ન કર્યો કે મહારાજ! દ્રવ્યદૃષ્ટિ એટલે આ પૈસાવાળા એ સમકિતદૃષ્ટિ? એ થાનવાળા માણેકચંદભાઈ હતા. નાનાલાલભાઈ રાજકોટવાળા એના સગા. અરે પ્રભુ! અહીં દ્રવ્યદૃષ્ટિમાં તમારા દ્રવ્યની અહીં વાત ક્યાં છે?

દ્રવ્યદૃષ્ટિ એટલે દ્રવ્ય એટલે આત્મા પરિપૂર્ણ પરમાત્મા આનંદનો રસ છે. વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ ત્રિકાળ ચૈતન્ય પ્રતિમા એની દૃષ્ટિ કરવી તે દ્રવ્યદૃષ્ટિ છે. આ પૈસા-પૈસા કહેતા હતા. દ્રવ્યદૃષ્ટિ એટલે સમકિત દૃષ્ટિ. કારણ કે એના વેવાઈ બધા અહીં આવે કરોડપતિ. નાનાલાલ કાળીદાસ અને બેચરલાલ કાળીદાસ. એટલે એમ કે આ બધા શ્વેતાંબર થઈને અહીં આવી ગયા. તો કરોડપતિ આવ્યા તો એ દ્રવ્યને લઈને સમ્યગ્દૃષ્ટિ હશે? અરે ભગવાન! માણેકચંદભાઈ! તમે જૈનમાં જન્મ્યા તોપણ હજી તમને દ્રવ્યદૃષ્ટિ કોને કહે એ શબ્દની ખબર ન મળે?

**શ્રોતા :-** એ શબ્દ સાંભળ્યો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શબ્દ સાંભળ્યો નથી. આહા..હા..! ભાઈ!

અહીં તો દ્રવ્ય દ્રવે છે. જેમ જળમાં તરંગ ઉઠે છે એમ દ્રવ્ય પોતે દ્રવે છે, શુદ્ધ પર્યાયપણે

પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જળની પર્યાયમાં તરંગ ઉઠે છે એ તરંગ પાછી પાણીમાં ડૂબે છે, બૂડે છે. આહા..હા..! એમ ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવનો પણ સ્વીકાર છે અને સ્વીકાર કરનારી પર્યાયનો પણ સ્વીકાર છે. છે?

'**વિપરીતપણાથી રહિત...**' અંગીકાર કરી. '**कौशल**'નો અર્થ કર્યો. '**कौशल**' છે, કુશળ છે એમાં. પોતાનું દ્રવ્ય અને પોતાની પર્યાય જાણવામાં કુશળ છે. આહા..હા..! હવે આવી વાતું. આ બહારથી મનાવવું. એકાંત છે એમ કહી દે. પ્રભુ! એકાંત છે એમ ન કહે નાથ! તારો ભગવાન અંદર એકાંતપણે પવિત્ર પડ્યો છે ત્યાં લઈ જનાર સમ્યક્ એકાંત છે. આહા..હા..! '**स्याद्वादकौशल**' અને '**सुनिश्चलसंयमाभ्यां**' બે વાત લીધી. પોતાનું શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન બરાબર છે, બરાબર (છે). આહા..હા..! અને '**संयमाभ्यां**' સંયમની વ્યાખ્યા. આહા..હા..! '**સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,...**' આહા..હા..! આ સંયમ. દ્રવ્ય અને પર્યાયનું કૌશલ્યપણું અને અશુદ્ધ રાગાદિનો ત્યાગ. આહા..હા..! એ સંયમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત ભાઈ બહુ! અલૌકિક વાતું છે, પ્રભુ! આહા..હા..!

વ્યવહારનયના વિકલ્પોને તો લૌકિક રીત કહી છે દ્રવ્યસંગ્રહમાં. એ લૌકિક વાત. આ તો લોકોત્તર ચીજ. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે કહ્યો એ હોં! કેવળીએ જાણ્યું એ. કેવળી સિવાય જે આત્મા-આત્મા કરે છે એ વાત છે નહિ. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે જે આત્મા જોયો, બીજાનો અને પોતાનો, એ આત્મા અનંતગુણ પિંડ પ્રભુ અને એનો સ્વીકાર કરનારી પર્યાય, અવસ્થા બેયમાં જે કુશળ છે. વિપરીત બુદ્ધિથી રહિત કુશળ છે. એકાંત નથી માનતા કે દ્રવ્ય જ છે અને પર્યાય નથી, પર્યાય જ છે અને દ્રવ્ય નથી, એમ કહે છે. વેદાંત એકલા દ્રવ્યને માને છે, પર્યાય નથી. બૌદ્ધ એકલી પર્યાયને માને છે અને દ્રવ્યે નથી માનતા. એને અનેકાંત કહે છે. શબ્દ સાદો છે પણ અંદર મર્મ છે. આહા..હા..! કાયમ ટકતી ચીજ. કેમકે વર્તમાન જે જ્ઞાનની અવસ્થા છે તો એ અવસ્થા જેની છે એ તો ત્રિકાળી વસ્તુ છે. તો ત્રિકાળી વસ્તુ પણ છે અને એને જાણનારી વર્તમાન પર્યાય પણ છે. સમજાણું કાંઈ? બેમાં કુશળ છે. એકાંત દ્રવ્ય અને એકાંત પર્યાયની બુદ્ધિથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**संयमाभ्यां**' એ સમ્યગ્જ્ઞાન, દ્રવ્ય-પર્યાયનું સમ્યગ્જ્ઞાન છે. હવે સંયમ છે. સંયમ કોને કહીએ? કે '**સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,...**' આહા..હા..! સમયસારમાં આ શ્લોકનો અર્થ જયચંદ્ર પંડિતે જરી વ્યવહારની ક્રિયાનો લીધો છે. એનો ભેદ કીધો છે. ત્રિકાળી આત્માનું ભાન સમ્યગ્દર્શન આદિ અને સાથે રાગની મંદતા એ ભૂમિકા પ્રમાણે હોય તો એની અહીંયાં ક્રિયા વ્યવહાર ગણી છે અને બેની મૈત્રી ગણી છે એમાં, પણ અહીંયાં બીજી વાત લીધી છે. સમજાણું કાંઈ? અહીંયાં તો રાગથી રહિત પરિણતિ તે સંયમ છે. એની મૈત્રી છે. સ્વભાવનું જ્ઞાન અને અશુદ્ધતાનો અભાવ બેની મૈત્રી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ સાચી મૈત્રી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ મૈત્રી છે. બેનો પ્રેમ છે. બેય એક સાથે રહે છે એમ કહે છે. સમ્યગ્જ્ઞાન પણ રહે છે અને એમાં અશુદ્ધ રાગનો ત્યાગ સંયમ પણ સાથે છે. એ બેની મૈત્રી છે. આહા..હા..!

એ કહ્યું હતું એકવાર. (સંવત) ૧૯૮૨ની સાલ હતી ૮૨. ઘણા વર્ષ થયા. પછી અમે ચોટીલા ગયા. ચોટીલા છેને? ચોટીલા છે. ચુડા પાસે નહિ, રાજકોટ વઢવાણની વચ્ચે ચોટીલા. વઢવાણ ચોમાસું જવાનું હતું. ૮૨ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૧. ૫૧ વર્ષ થયા. એમાં એક ગુલાબચંદજી સાધુ હતા. લીંબડી સંપ્રદાયના બહુ વૃદ્ધ. રતનચંદજીના ગુરુ. ૫૫ વર્ષની દીક્ષા. ૫૫ વર્ષ. પછી તો બહુ જીવ્યા હતા. પોણોસો વર્ષ જીવ્યા હતા. પણ એ વખતે મળ્યા તો અમે સંપ્રદાયમાં હતા. પણ અમે તો કોઈને સાધુ માનતા નહોતા. સાધુની સાથે ઉતરતા પણ નહિ સંપ્રદાયમાં પણ. કોઈ સાધુ-બાધુ છે નહિ. સાધુપણાની ખબર નથી, સાધુપણું શું છે. તો અમે અપાસરામાં સાથે ઉતર્યા. બહુ ખુશ થયા. ઓહો..! કાનજીસ્વામી આજે તો અમારી સાથે ઉતર્યા. પછી ચર્ચા થઈ કે આ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ કહે છેને? એવો પ્રશ્ન થયો. રતનચંદજીના ગુરુ. રતનચંદજી શતાવધાની એના ગુરુ. ૫૫ વર્ષની દીક્ષા અને ઉંમર એ વખતે લગભગ પોણો સો હશે. એ પછી તો બહુ જીવન જીવ્યા. ૧૦-૧૫ વર્ષ પછી ગુજરી ગયા. પણ એની સાથે ચર્ચા થઈ ખાનગી. હું તો એમાં હતો. એણે કહ્યું કે જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ કહ્યું છેને? મેં કીધું ભાઈ! જ્ઞાનક્રિયાનો અર્થ શું? આત્માનું જ્ઞાન અને રાગનો અભાવ એ ક્રિયા. સમજાણું? આ તો ૫૧ વર્ષ પહેલાંની વાત છે. ચોટીલામાં. લીંબડી સંપ્રદાય છેને. મોટા સાધુ એના શિષ્ય શતાવધાની હતા. રતનચંદજી સો અવધાન કરતા હતા. પંડિત બંડિત. દૃષ્ટિ ખોટી બધી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર છેને બધી ખબર છે. એ પોતે મળ્યા છેને. રતનચંદજી મળ્યા હતા, ભેગા થયા હતા. દૃષ્ટિની કાંઈ ખબર ન મળે, વસ્તુની ખબર ન મળે. વાડા બાંધીને બેઠા મુહપતિમાં. એને એ કહ્યું કીધું જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષનો અર્થ આ છે કે પોતાના સ્વરૂપનો '**स्याद्वाद संयमाभ्यां**' સ્વરૂપ ચૈતન્યમૂર્તિ અંદર પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને અશુદ્ધ રાગાદિનો અભાવ એ ક્રિયા. આ પંચમહાવ્રતાદિના પરિણામ એ ક્રિયા નથી. તો કબુલ કર્યું હોં કબુલ કર્યું ખાનગી. કોઈ નહોતુંને ખાનગી વાત કરી. સાચી વાત લાગે છે. વાત તમારી સાચી લાગે છે, પણ અત્યારે તો ચાલતી નથી. ન ચાલે તો શું કરે? કીધું. સમજાણું કાંઈ? કબુલ કર્યું હોં! ખાનગીમાં. એમના શિષ્ય પણ સાથે હતા. બીજા શિષ્ય હતા. અત્યારે નથી. કબુલ કર્યું, વાત તો સાચી લાગે છે. પણ આ તો ચાલતી નથીને સંપ્રદાયમાં. ન ચાલે તો શું કરે? કીધું. વસ્તુસ્વરૂપ તો આ છે. એમ કબુલ તો અંદરમાં કરતા હતા, પણ બહારમાં

સંપ્રદાય છોડે નહિ. આહા..હા..!

અહીંયાં પણ આણે કબુલ ન કર્યું? બાબુલાલ જમાદાર. પ્રિયંકર અહીંયાં આવ્યા હતાને. ત્યારે તમે હતા? અહીંયા એક પ્રિયંકર આવ્યા હતા. ભાષણ કર્યું હતું. પછી આવ્યા. બાબુલાલ જમાદાર નહિ. એની સાથે મળેલા પ્રિયંકર એક હતા. અહીંયાં આવ્યા હતા. હિન્દી હતા મહારાષ્ટ્રના. અહીંયાં આવ્યા હતા. તો એ કહે છે કે મને મળ્યા બાબુલાલ. તો અહીંની સોનગઢની વાતચીત થઈ. તો એણે ખાનગીમાં કહ્યું કે સોનગઢની વાત તો સાચી લાગે છે. ક્રમબદ્ધ વાત તો સાચી લાગે છે, પણ અમે જો સત્યનો નિર્ણયનો બહાર પાડીએ તો બધા સોગનઢ ચાલ્યા જશે, અમને તો કોઈ માનશે નહિ. આ દિગંબર બાબુલાલ. ઓલા સ્થાનકવાસી ગુલાબચંદજી. આહા..હા..! લોકોને પક્ષમાંથી નીકળવું (બહુ કઠણ). તો એણે કહ્યું, કબુલ કર્યું બાબુલાલે. વાત તો સાચી છે, પણ અમે ઠેકેદાર રહ્યા.

**શ્રોતા :-** સારંગપુરમાં ભણ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સારંગપુરમાં ભણ્યા છે? ઠીક. વડોદના છે, વડોદના છે. કબુલ કર્યું અને ત્યાં સુધી કહ્યું કે અમે તો નરક અને નિગોદમાં જશું. અરર..! વાત તો સોગનઢની ક્રમબદ્ધ(ની સાચી છે). એક ક્રમબદ્ધનો સ્વીકાર થાય તો વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાન એ બધું છૂટી જાય છે. મોટો ઝઘડો એનો છે. તો ગુલાબચંદજીએ કબુલ કર્યું, આણે કબુલ કર્યું અને બીજા લાલબહાદુર સાથે હતા. એણે કબુલ કર્યું. એણે તો અહીં ૨૦૦૩ની સાલમાં કબુલ કર્યું હતું. ૩૦ વર્ષ થયા. અહીંયાં પ્રવચનમાં મંડપમાં ૨૦૦૩ની સાલમાં વિદ્વત પરિષદ ભરી હતી. ૩૨-૩૩ પંડિતો આવ્યા હતા બહારથી. કારણ કે અમે બહાર નીકળતા નથી એટલે કીધું પંડિતો બધા એકઠા થાય તો એનું હૃદય શું છે (ખ્યાલ આવે). ૩૨-૩૩ પંડિત આવ્યા હતા. ત્રીજી સાલ. ૩૦ વર્ષ થયા. તો એ વખતે લાલબહાદુરે કબુલ કર્યું હતું કે ક્રમબદ્ધ બરાબર છે. જગનમોહનલાલજી ના પાડતા હતા. કારણ કે એ તો બહારની ક્રિયામાં (માનતા હતા) તો ના... ના... ના... નહિ. આ કહે, બરાબર છે ક્રમબદ્ધ. ત્યાં હમણા કબુલ કર્યું. બે અને એક સિદ્ધસેન કોઈ સાધુ છે નગ્ન. અહીંયાં વિરોધ કરવા આવવાના હતા. એ અંદર કહેતા હતા કે શાસ્ત્ર જોતાં ક્રમબદ્ધ છે એ તો નિશ્ચય થાય છે, નિર્ણય થાય છે, પણ આપણે હવે જો નિર્ણય કરવા જઈએ તો શું કરશું? ત્યારે પંડિત લોકો કહે કે આપણે એને બહાર ન પાડવું. બહાર ન પાડવું. તો સાધુ કહે બહાર નહિ પાડીએ અમે. અરર..! અરે! બાપુ! આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. સમયે સમયે વ્યવસ્થિત પર્યાય જે સમયે જે ઉત્પન્ન થવાની હશે તે થશે. એની જન્મક્ષણ છે. એ પર્યાય ઉત્પન્ન થવાની ક્ષણ છે. ક્ષણ નામ કાળ છે. આહા..હા..! સ્વકાળ છે. એવો નિર્ણય કરવા જાય તો રાગથી આત્મામાં લાભ થશે એ વાત નહિ રહે.

**શ્રોતા :-** આપની સામે બધા હા પાડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં હા કહે. ત્યાં ના પાડે. એ તો આજે ભાઈ એમાં પણ છેને? વર્ણીજીનું ઓલું છેને. શું કહેવાય એ? ટેપ રેકોર્ડિંગ. ટેપ રેકોર્ડિંગમાં પણ એ આવ્યું છે. છે ટેપ રેકોર્ડિંગ અહીંયાં? ૧૩ની સાલમાં છપાણું છે રેકોર્ડિંગ. એમાં છે. જુઓ, 'સમ્યગ્દૃષ્ટિનો શુભોપયોગ સર્વથા બંધનું કારણ થાય એ વાત નથી.' અહીંયાં સવારમાં આવ્યું કે સમ્યગ્દૃષ્ટિનો શુભોપયોગ પણ બંધનું કારણ છે. પણ એ વાત ચાલતી નહોતી. એ વાત ચાલતી થઈ હિન્દુસ્તાનમાં. શું કહે છે?

**શ્રોતા** :- બધા પંડિતોને હા પડાવી દીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, એમ નહિ; એને બેઠી એટલે હા પાડી છે. એને બેઠી છે. ત્યાં કોઈ પંડિત-બંડિતે આમ કરો એમ કહ્યું નથી. આપ બોલો એનું રેકોર્ડિંગ ઉતરે એમ કહ્યું. સ્વામીજી ગયા અને એનાથી વિરુદ્ધ તમે બોલો અહીંયાં. તો એ આવ્યું અહીંયાં. એમાં પહેલાં પણ આવ્યું છે કે કાનજીસ્વામી કહે કે જ્ઞાનાવરણીય કર્મ કાંઈ નથી કરતું. એ જ્ઞાનાવરણીય આત્માની કમી-બેસી જ્ઞાનમાં થાય છે એ જ્ઞાનાવરણીયથી નહિ. નહિ, જ્ઞાનાવરણીયથી થાય છે. એ બધાની શ્રદ્ધા હતી. એની નહિ, બધાની. દેવકીનંદન કહેતા હતાને, અમે બધા નિમિત્તાધીનનું જ ભણ્યા છીએ. અને આ શેઠિયા-બેઠિયા ભાન વિનાના સાંભળે. જય નારાયણ... જય નારાયણ. કરે. એય..! શેઠ! શેઠ તો કહેતા હતાને. સાંભળીએ એવું માનીએ. અમે શું કરીએ? વાત સાચી. એ વાત સાચી, વાત સાચી. એ ભણ્યા હોય અને તમે ભણ્યા ન હોય. એ ભણ્યા હોય એ કહે તો હા પાડવી પડે. આહા..હા..!

અહીંયાં લીધું છે જુઓ, સવારે એમ આવ્યું હતું કે સમ્યગ્દૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો, વ્રતાદિ શુભોપયોગ એ એકલા બંધનું કારણ છે. આહા..હા..! હવે આ વાત બહાર પાડીને હમણા નાખી ભાઈએ જમાદારે, એમાંથી. સમજાણું કાંઈ? ઈ છેને? એ નાખ્યું છે બીજું એક છે. એમાં બીજે ઓલામાં. કાંઈક હશે. એ ખુલાસો છે. હમણા જમાદારે છપાવ્યું છે. જુઓ, વર્ણીજી આમ કહે છે. અરે! પ્રભુ! અહીંયાં તો કહે છે, સવારે તો આવ્યું કે મિથ્યાદૃષ્ટિ હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય જેટલી ક્રિયાકાંડનો શુભભાવ હોય એ તો બંધનું જ કારણ છે. સવારે આવ્યું હતું. એમાં મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં ભેદ ન પાડો. આહા..હા..! આવ્યું હતું ભાઈ સવારે? આહા..હા..!

જેટલું પર ઉપર લક્ષ જાય છે... મોક્ષપાહુડમાં પણ સોળમી ગાથામાં કહ્યું છે કુંદકુંદાચાર્યે. કુંદકુંદાચાર્યે મોક્ષપાહુડમાં સોળમી ગાથામાં કહ્યું, '**परदव्वादो दुग्गइ**' જેટલા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સ્ત્રી, કુટુંબ અને પરિવાર તરફ તારું લક્ષ જશે તો એ ચૈતન્યની ગતિ નથી, એ તો દુર્ગતિ છે. આહા..હા..! એ તો વીતરાગી સંતો કહે.

**શ્રોતા** :- આ ના પાડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ના પાડે. વાત સાચી.

અહીંયાં તો '**परदव्वादो दुग्गइ**' પોતાના દ્રવ્યને આશ્રયે સુગતિ છે, વીતરાગતા છે. અને પરદ્રવ્ય ઉપર જેટલું લક્ષ જશે ચાહે તો સ્ત્રી-કુટુંબ હો અને ચાહે તો દેવ, અરિહંત ગુરુ (એ બધું દુર્ગતિનું કારણ છે). અરિહંત એ એમ કહે છે કે અમારા તરફ તારું લક્ષ જશે તો એ તારી ચૈતન્યની ગતિ નથી. એ તો રાગ છે, એ દુર્ગતિ છે તારી. આહા..હા..! રાડ નાખે. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારા હિતની વાત છેને, નાથ! આહા..હા..! રાગમાં તારું હિત નથી. સમજાણું કાંઈ?

એ અહીંયા કહે છે જુઓ, એ અશુદ્ધ રાગાદિનો અભાવ. પંચમહાવ્રત આદિના પરિણામ છે એ અશુદ્ધ રાગ છે. એનો અભાવ તે સંયમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે આવ્યાને? '**स्याद्वादकौशल**' અને '**संयमाभ्यां**' આહા..હા..! '**स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां**' '**सुनिश्चलसंयमाभ्यां**' આહા..હા..! ગજબ વાત છે! એક તો પોતાનું દ્રવ્ય અને પર્યાયનું યથાર્થ જ્ઞાન, એકાંતને છોડીને અનેકાંત. દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે એવા અનેકાંતના સમ્યગ્જ્ઞાનમાં કુશળ અને એની સાથે સંયમ. એ રાગાદિ મહાવ્રતનો વિકલ્પ છે શુભ એના અભાવરૂપ સંયમ છે. આહા..હા..! અરે! આવો વખત ભાઈ! તને ક્યારે મળશે? બાપુ! આહા..હા..! નિગોદથી નીકળીને અરેરે! ક્યાં નિગોદ બટાટા, શક્કરકંદ, આલુ અને શું કહેવાય એ? પ્યાજ, લસણ. આહા..હા..! એક અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ, એક જીવના શરીરના આયુષ્ય આદિ સરખા. આહા..હા..! પરિણામ ભિન્ન. આહા..હા..! એમાં અનંતકાળ રહ્યો. માંડ ઉપર આવ્યો મનુષ્યપણું (પામ્યો). કરતાં... કરતાં... કરતાં... આહા..હા..! એમાં જો આ આત્મા યથાર્થ દ્રવ્ય-પર્યાયનું કૌશલપણું અને અશુદ્ધ રાગાદિનો અભાવ સંયમ, એ વિના તને ધર્મ અને મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ?

ત્યાં ઓલા એમ કહે છે. પાઠમાં એમ છે કે સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં કુશળ અને શુભરાગ દયા, દાનની પર્યાય તે વ્યવહાર. તેને જયચંદ્ર પંડિતે એની મૈત્રી લીધી છે. એ સ્થાને એવું નિમિત્ત હોય છે એમ. એવું નિમિત્ત હોય છે, એમ લીધું છે. એમ નિશ્ચય અને રાગની મંદતાની વ્યવહારની મૈત્રી કરી છે. અહીં તો એને... આહા..હા..! સમયસારનો મૂળ શ્લોક છે. આ શ્લોકમાં એ અર્થ છે. મૂળ શ્લોકમાં એવો અર્થ કર્યો છે જયચંદ્ર પંડિતે. અહીંયાં શ્લોક તો રાજમલ તો (કહે છે), જેટલા અશુદ્ધ પરિણામ એ પંચમહાવ્રત આદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ અશુદ્ધ રાગ છે, એનાથી રહિત તે સંયમ છે. આહા..હા..! હજી દૃષ્ટિમાં પણ બેસે નહિ, શ્રદ્ધામાં બેસે નહિ આગળ ક્યાં જાય? અરે.. પ્રભુ! તું ક્યાં જઈશ? ભાઈ! આહા..હા..! સમજાણું? ત્યાં કોઈ શરણ નથી. શરણ તો આ આત્મા છે અંદર આનંદ. આહા..હા..! એનું શરણ લીધું નથી અને અશુદ્ધ રાગાદિનું શરણ લીધું. આહા..હા..! પાંચ પરાવર્તનમાં પરિભ્રમણ કરીશ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ. તો ભાવનો અર્થ કે જે શુભરાગને પોતાનો માન્યો અને લાભ માન્યો તો એવા શુભભાવમાં અનંતવાર શુભભાવ થશે તને. એમાં

પરિભ્રમણ કરીશ. આહા..હા..! ભાવપરિવર્તન આવે છેને. તો અશુભ-શુભભાવ અનંતવાર થયા અને અનંતવાર થશે. તારું શરણ નથી પ્રભુ એમાં. આહા..હા..! આ એવું છે. એ શલ્ય છે. 'શુભરાગથી મને લાભ થશે' એ મિથ્યાત્વ શલ્ય છે. સમજાણું કાંઈ? વિશલ્યીકરણ એમ કહ્યું હતુંને? ઈ. મિથ્યાત્વના શલ્યથી રહિત મારી ચીજ છે, હું એનો કાયોત્સર્ગ નામ રાગના અભાવરૂપ હું કાયોત્સર્ગ કરું છું. રાગ છોડીને મારી કાયા એટલે રાગ, એનો ઉત્સર્ગ છોડીને હું ધ્યાનમાં આવું છું. આહા..હા..! કાયોત્સર્ગનો અર્થ એ કે કાયા એટલે વિકલ્પ આદિ ઉઠે છે એ બધી કાર્મણ કાયા છે. સમજાણું કાંઈ? એનો ઉત્સર્ગ છોડી દેવો અને સ્વરૂપના આનંદના ધ્યાનમાં મગ્ન થવું તેનું નામ કાયોત્સર્ગ છે. તસ્સઉત્તરી તો આવડે છેને? આવડે છે. આહા..હા..! અર્થની ખબર ન મળે. વિશલ્યીકરણ... આહા..હા..!

અહીં કહે છે એ '**સમસ્ત રાગાદિ અશુદ્ધ...**' એમ પાછું હોં! સમસ્ત રાગાદિ. કોઈપણ ગુણગુણીના ભેદનો વિકલ્પ પણ રાગ. આહા..હા..! '**સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,—એ બંનેની સહાયતાથી.**' બંનેની સહાયતા. સમ્યગ્દર્શન-જ્ઞાન અને સંયમની બંનેની સહાયતા. આહા..હા..! સમજાણું કાંઈ? '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તો સમ્યગ્દર્શનની સાથે અશુદ્ધ રાગાદિનો ત્યાગ સંયમ, એ બંનેની સહાયતાથી મુક્તિ થશે. આહા..હા..! આકરું કામ, ભાઈ! આહા..હા..!

'**વળી કેવો છે?**' '**इह उपयुक्तः**' '**પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સર્વ કાળ એકાગ્રપણે તલ્લીન છે.**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ કે મુનિ એ અશુદ્ધ રાગાદિથી રહિત પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લીન છે. આહા..હા..! સ્વસંવેદનમાં લીન છે. પરના વેદનનો તો અભાવ કરી દીધો છે. આહા..હા..! શું કહે છે આમાં? આમાં બાયુંને બિચારીને અજાણ્યું લાગે. કોઈ દિ' સાંભળ્યું ન હોય, કર્યું ન હોય. આખો દિ' રાંધણની મજૂરી. હવે એમાં આવી વાતું! ઓલા બિચારા જઈને કહે કે વ્રત કરો. એ તો સહેલીસટ હતું. આ રત્નત્રય કરે. આ શું ચાલે છેને આપણે તેરશ, ચૌદશ અને પાખી. રત્નત્રય ત્રણ અપવાસ કરેને આ? રત્નત્રયમાં તેરશ-ચૌદશ અને પાખી. એ રત્નત્રય કરે, વચમાં કાંઈક આવતા હશે મહિનામાં ઘણા. શ્રાવણ મહિનામાં આવે છે ઘણા. શ્રાવણ... આવે છે.

**શ્રોતા** :- ધર્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય ધર્મ નથી અહીં તો કહે છે. ધૂળમાં નથી એટલે? કે જેના પુણ્ય પણ પુણ્યાનુબંધી પુણ્ય નથી. પાપાનુબંધી પુણ્ય છે. આહા..હા..!

**શ્રોતા** :- ક્યાંય ઉભા નહિ રહેવા દ્યો આપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉભા રહેવાનું છેને. જ્યાં ઘર છે ત્યાં ઉભો રહેને. આહા..હા..! ઘરમાં ઉભો-ઉભો ધમાલને જો. રાગાદિ ધમાલ, બહારની ચીજની ધમાલ. આહા..હા..! સમજાણું કાંઈ? ઘરમાં ઉભો રહીને જો. પરના ઘરમાં ઉભો રહીને જોતા તો તને દુઃખ થશે. આહા..હા..!

આવી વાત આકરી. બહુ ફેરફાર.

**શ્રોતા :-** આજ જગતમાં કોઈ શક્તિ નથી કે આપની સામે બોલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ વિરોધ પણ કરે છે. વિરોધ કરે છે કે એકાંત છે. આહા..હા..!

**'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં...'** 'उपयुक्तः' 'उपयुक्तः' આહા..હા..! ધર્મી તો પોતાના શુદ્ધ સ્વરૂપના 'उपयुक्तः'માં લીન છે. આહા..હા..! નિરંતર જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તો નિરંતર જેને વીતરાગતા પ્રગટ થઈ એ નિરંતર કાયમ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવું કામ છે. આહા..હા..! એમાં વળી માન અને સન્માનમાં. આહા..હા..! મારી નાખ્યા જગતને. આહા..હા..! 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ત્રણ લોકનો નાથ એમ કહે કે આ પાત્ર જીવ છે, હવે માન કોનું લેવું છે તારે? અને સર્વજ્ઞ એમ કહે કે આ અપાત્ર છે, કોનું તારે અપમાન લેવું છે હવે? સમજાણું કાંઈ? એ આનંદઘનજી કહે છે. આનંદઘનજીમાં આવે છે. 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' આહા..હા..! અહીં કહે છે કે અશુદ્ધ રાગને પોતાનો માનનારને ભગવાન કહે છે કે એ તો નાલાયક જીવ છે. આહા..હા..! અને કહે કે રાગથી રહિત થઈને પોતાના સ્વરૂપમાં લીન છે એ પ્રાણી મોક્ષના પાત્ર છે. આહા..હા..! ભગવાને એણે મોક્ષનો પાત્ર કહ્યો. તારે માન કોનું લેવું છે હવે? આહા..હા..!

'વળી કેવો છે?' **'ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्रीपात्रीकृतः'** આવ્યું? **'ज्ञानक्रियानयपरस्पर-तीव्रमैत्रीपात्रीकृतः'** **'શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ...'** તે જ્ઞાનમય. **'શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે,...'** તે જ્ઞાનમય અને **'શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે,...'** આહા..હા..! આવી વાત છે. શેઠ! છે કે નહિ એમાં? દયા, દાન અને વ્રત, દાનના પરિણામ એ બધા મોક્ષમાર્ગથી શૂન્ય છે એમ કહે છે. બહુ સ્પષ્ટ છે. આહા..હા..! **'क्रियानय'**. પહેલાં કહ્યું **'ज्ञाननय'** **'ज्ञाननय'**ની વ્યાખ્યા **'શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે,...'** હવે **'क्रियानय'**. **'क्रियानय'**ની વ્યાખ્યા કરશે અહીં. **'રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે,...'** શું કહ્યું? અશુદ્ધ રાગાદિના અભાવ વિના અનુભવ કરે છે એ બધો જૂઠો છે. આહા..હા..! **'રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે, અનુભવ નથી,...'** આહા..હા..! અશુદ્ધ રાગનો ત્યાગ નથી અને અનુભવ કરે છે એ તો રાગનો અનુભવ છે. આહા..! આવી વાત છે. **'કોઈ એવો જ અનુભવનો ભ્રમ છે,...'** આહા..હા..! જેમાં અશુદ્ધ રાગાદિનો અભાવ થઈને શુદ્ધ અનુભવ નથી અને અશુદ્ધ રાગનો અનુભવ છે તેને અનુભવ માને છે તે ભ્રમ છે. આહા..હા..! રાગની મંદતાનો કોઈ

ભાસ થાય અને એમ લાગે કે મને અનુભવ થયો. આહા..હા..! એ ભ્રમ છે. સમજાણું કાંઈ? અન્યમતિમાં બહુ કહે છે વેદાંતમાં. અનુભવ થયો... અનુભવ થયો... અનુભવ થયો. એ અનુભવ તો રાગની મંદતાનો. બહુ રાગ મંદ-મંદ સૂક્ષ્મ લાગે એટલે એને એમ લાગે કે આ અનુભવ છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે એ '**અશુદ્ધ રાગાદિ પરિણામને મટાડીને થાય છે;...**' આહા..હા..! '**કારણ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ અશુદ્ધ રાગાદિ પરિણામને મટાડીને થાય છે;...**' વિકલ્પમાત્રનો અભાવ કરીને અનુભવ થાય છે. વિકલ્પને સાથે લઈને વિકલ્પનો અનુભવ તે અનુભવ નથી. આહા..હા..! એ તો રાગનો અનુભવ, અધર્મનો અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ-૧૪, સોમવાર, તા. ૨૬-૦૯-૧૯૭૭, શ્લોક-૨૬૭-૨૬૮, પ્રવચન નં. ૪૬૦

ટીકા. ૨૬૭ કળશ નીચે છે. છ લીટી છે છ. નીચે છે છ. '**આવા છે જે જ્ઞાનનય અને ક્રિયાનય, તેમનું છે જે પરસ્પર અત્યંત મિત્રપણું—**' શું કહે છે? આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એનો જે અનુભવ, નિર્વિકલ્પ અનુભવ એ જ્ઞાનનય. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ભગવાન પૂર્ણ સ્વરૂપ, એની દૃષ્ટિ થઈને જે સમ્યગ્જ્ઞાન આનંદના સ્વાદ સહિત થયું તેનું નામ જ્ઞાનનય કહેવામાં આવે છે. આહા..હા..! અને એની સાથે.. છે? ક્રિયાનય. રાગાદિનો વિકલ્પ જે છે એની અશુદ્ધતાનો અભાવ. આહા..હા..! ઝીણી વાત બહુ. જ્ઞાનનય સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર જે પ્રગટ થયા તેને જ્ઞાનનય કહેવામાં આવે છે અને ક્રિયાનય વિકલ્પ જે રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ છે તે અશુદ્ધતાનો અભાવ એ ક્રિયાનય. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ આ. સમ્યગ્દર્શન-જ્ઞાન અને રાગની ક્રિયા એ તો વ્યવહારકથન છે. નિમિત્ત રાગ મંદ છે એ સાથે થાય છે. પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય લઈને, અંતરમાં આનંદનું અવલંબન લઈને જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ થયો તેની સાથે અશુદ્ધ રાગાદિનો અભાવ (થયો) એ ક્રિયા. આહા..હા..! શુભરાગની ક્રિયા એ તો બંધનું કારણ છે. આહા..હા..! આકરું પડે શું થાય? ભાઈ! આ લોકો સંયમ-સંયમ કરે છેને. છાપામાં બહુ આવે છે. સંયમ... સંયમ... સંયમ.. અને એ સંયમને લોકો માનતા નથી અત્યારે. એમ આવે છે. ભાઈ! સંયમ તો કોને કહીએ? સમ-યમ શબ્દ છે.

સમ-યમ. તો સમ્યગ્દર્શનપૂર્વક જેને યમ છે તેને સંયમ કહે છે.

**શ્રોતા :-** એવી જ વ્યાખ્યા ધવલમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ છેને. પણ સમ-સમ શબ્દ છેને. સમ-યમ. સમ્યગ્દર્શનપૂર્વક આત્માના આનંદના નિર્વિકલ્પ અનુભવપૂર્વક, યમ નામ સ્વરૂપની સ્થિરતા થવી તે સંયમ છે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! આજનો દિવસ તો મોટો ચૌદશ છે. આહા..હા..! પર્યુષણનો દિવસ મોટો ચૌદશ. દસમો દિવસ. સવારે કહ્યું હતુંને, બ્રહ્મચર્ય બ્રહ્મચર્ય. આહા..હા..! લોકો બાહ્યત્યાગ દેખીને એની વિશેષતા લોકોને ભાસે છે. બાહ્યનું જ્ઞાન, સમજાવાનું જ્ઞાન, કોઈ ક્રાયાકાંડનો રાગ એની વિશેષતા લોકોને ભાસે છે. એ મિથ્યા ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અંતરમાં આત્માના આનંદનો અનુભવ અને વેદન એમાં રાગાદિનો અભાવ એનું નામ સંયમ કહેવામાં આવે છે અને એનું નામ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. આહા..હા..! બ્રહ્મ નામ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર નાથ આત્મા એમાં ચર્ય નામ રમવું. અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું. શાંતિભાઈ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ઉગ્રપણે વેદન કરવું એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..હા..! એ બ્રહ્મચર્યનો દિવસ છે આજે દસમો. આહા..હા..! શરીરથી તો જાવજીવનું બ્રહ્મચર્ય અનંતવાર પાળ્યું. બાળબ્રહ્મચારી તરીકે ગણાય છે, એ તો શરીરથી છે, એ કોઈ યથાર્થ બ્રહ્મચર્ય નથી. આહા..હા..!

**શ્રોતા :-** શુભભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ નહિ, ભાઈ! આહા..હા..! અનાદિ-અનંત આનંદનો કંદ પ્રભુ એ બ્રહ્મ નામ આત્મા એમાં ચરવું-રમવું. આહા..હા..! 'જ્ઞાન સુધારસ પીજે.' આ ન ગાયું જાંજરીએ? 'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે. આશા ઔરનકી ક્યા કીજે. ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી' કૂતરો-કૂતરો. દસ વાગે ભોજન સમયે જ્યાં-ત્યાં શું કહેવાય એ?

**શ્રોતા :-** જ્યાંથી ખાવાનું મળે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખાવાનું મળે ત્યાં જાય. ઓલું બંધ હોયને. ગંધાય ખાવાનું. 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી.' આહા..હા..! 'આનંદઘન અનુભવ કે રસિયા ઉતરે ન કબહુ ખુમારી.' કૂતરાની પેઠે આ મને માન આપે, આ મને આબરૂ આપે, આ મને ગણે. આહા..હા..! શેઠ! આહા..હા..! શેઠિયા દેખીને માખણ ચોપડે. એને સારું કેમ લાગે અને પોતાનો પક્ષ કેમ દૃઢ થાય! આહા..હા..! એ ભિખારા. આશાના ભિખારી છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'આશા દાસી કરે જે નાયક.' આશાને દાસી બનાવે. આહા..હા..! એવી પુણ્યની પ્રકૃતિ હોય તો બહારની ચીજ મળે. એની સાથે તારે સંબંધ શું? સમજાણું કાંઈ? આહા..હા..! 'દુનિયા મને ગણતરીમાં ગણે તો હું સારો અને બીજાથી અધિક છું.' એ તો

બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે જ્ઞાનનય. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એમાંથી આનંદનું ઝરણું આવવું. આહા..હા..! જેની પાસે તો આનંદ ભરેલો છે. અંતર એકાગ્ર થઈને આનંદનો અંકુર ફૂટે, આનંદનો અંકુર ફૂટે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ જ્ઞાનનય કહેવામાં આવે છે. '**તથા ક્રિયાનય...**' એ કહે છે જુઓ, '**પરસ્પર અત્યંત મિત્રપણું—**' પરસ્પર અત્યંત મિત્રપણું. કોનું? ક્યા પ્રકારે? '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે...**' આહા..હા..! પોતાના આનંદનો અનુભવ જે શુદ્ધ સ્વરૂપનો છે તે.. આહા..હા..! '**રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે,...**' છે? એ દયા, દાન, વ્રત વિકલ્પનો, અશુભભાવનો તો ત્યાગ જ છે, પણ શુભભાવનો પણ ત્યાગ કરીને જે અશુદ્ધ પરિણતિને મટાડે છે. શું કહ્યું? કે પોતાનો જે આત્મા એનો અનુભવ સમ્યગ્દર્શન જ્ઞાનમાં થયો એ જ્ઞાનનય અને એ અનુભવ અશુદ્ધ રાગાદિના અભાવથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે,...**' આહા..હા..! અશુદ્ધ પરિણામ એવું ને એવું રહે અને આત્માનો અનુભવ થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માનો અનુભવ થાય અને અશુદ્ધતા રાગ એવો ને એવો અનાદિનો છે ઈ એવો ને એવો રહે એ અનુભવ નથી. આહા..હા..! વીતરાગમાર્ગ, ભાઈ! આહા..હા..! અને '**રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ...**' હવે આમથી લે છે કે શુદ્ધ અનુભવ છે આત્માના આનંદનો સ્વાદ એ અશુદ્ધ રાગાદિને મટાડીને થાય છે. આહા..હા..! અને અશુદ્ધ રાગાદિનો નાશ '**રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવસહિત છે, એવું અત્યંત મિત્રપણું...**' છે. પોતાના આત્માના સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ એ અશુદ્ધ રાગાદિરહિત છે અને અશુદ્ધ રાગાદિરહિત છે ત્યાં શુદ્ધ આનંદનો સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનું નામ ધર્મ. અંતરમાં સ્વભાવ... હીરાલાલજી નથી આવ્યા અત્યારે? ત્યાં રહ્યા હશે. ઠીક. શક્તિ વખતે આવતા બપોરે. શક્તિ ચાલતી હતીને. આહા..હા..! અશુદ્ધ રાગનો વિકલ્પ, ગુણગુણીનો ભેદ એવા વિકલ્પનો પણ અભાવ ત્યાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે અને નિર્વિકલ્પ અનુભવ હોય ત્યાં અશુદ્ધ રાગાદિનો અભાવ હોય જ છે. અશુદ્ધ રાગનો નાશ ન થાય અને શુદ્ધનો અનુભવ થાય... આહા..હા..! એમ બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવું અત્યંત મિત્રપણું—**' છે? '**એવું અત્યંત મિત્રપણું—**' આહા..હા..! '**તેનો પાત્ર થયો છે...**' શું કહે છે ઈ? એ સ્થાનક થયો એ સ્થાન રહ્યો. અનુભવ અને રાગાદિનો અભાવ એ એનું સ્થાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના આનંદસ્વરૂપના ઘરમાં વિહાર કર્યો. અનાદિથી જે રાગમાં વિહાર કરતો હતો. આહા..હા..! એ ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એમાં વિહાર કરીને. આવે છેને એ ૪૧૩ ગાથામાં. ૪૧૩માં આવે. વિહાર કર, ધ્યાન કર, સ્થિર થા એમાં. આહા..હા..! બાકી મોક્ષમાર્ગ બીજો છે નહિ. એ રાગ ઉત્પન્ન

થાય એ બંધનું કારણ છે. આહા..હા..! દુનિયા માને. બહારના ત્યાગ અને બહારનું જ્ઞાન જાણપણું અને એ વાંચન કરે તો લોકોને ઠીક લાગે. એથી કરીને એ કાંઈ સત્ય વસ્તુ નથી. બહુ માણસોમાં ભાષણ કરતાં આવડે ત્યારે કહે બહુ જ્ઞાની છે, એમ છે નહિ. સમજાણું કાંઈ?

તિર્યંચમાં ક્ષાયિકસમકિતી જુગલિયામાં હોય છે. ઉપદેશનું કથન પણ ન આવડે. શું કહ્યું ઈ? અહીંયાં ક્ષાયિકસમકિત થયા પહેલાં તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને પછી ક્ષાયિક સમકિત થયું હોય તો એ જુગલિયામાં જાય છે. જુગલિયા સમજ્યા? ભોગભૂમિ. આહા..હા..! રાગની એકતાબુદ્ધિનો નાશ થઈને ક્ષાયિકસમકિત થયું હોય પણ પહેલા તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને પછી ક્ષાયિકસમક્તિ થાય આહા..હા..! એ મરીને ભોગભૂમિમાં જુગલિયા (થાય). આહા..હા..! ત્યાં તો વિશેષ ભણતર છે નહિ. બીજાને સમજાવવાની શક્તિ પણ નથી, પણ ક્ષાયિકસમકિત ધારા વહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનધારા, આનંદધારા. આહા..હા..! ત્યાંથી નીકળીને સ્વર્ગમાં જાશે અને ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષમાં જશે. તિર્યંચ પશુ પણ ક્ષાયિકસમકિતી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એને આત્મા શું ચીજ છે અને અનંત સાગર આનંદનો શુદ્ધ સાગર પડ્યો છે ઈ. આહા..હા..! એની જેને દષ્ટિ છે તેને રાગની પિપાસા અને પરની આશા તો છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પોતાના સ્વરૂપમાં લીન થવું એ જ્ઞાનનય અને ક્રિયાનયનું સ્થાન છે. એ સ્થાનકવાસી છે. આ સ્થાનકવાસી. આવ્યુંને? '**એક સ્થાનક છે.**' એક સ્થાનક છે એટલે? જ્યાં શુદ્ધ સ્વરૂપની દષ્ટિ અને અનુભવ થયો ત્યાં આગળ રાગાદિનો અભાવ એ એક જ સ્થાનક છે. બે પ્રકાર નથી, ત્યાં એક જ સ્થાનક છે. આહા..હા..!

**શ્રોતા :-** શુદ્ધતા થાય ત્યાં અશુદ્ધતાનો અભાવ હોય જ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધતાનો અભાવ એ સ્થાનક એક જ છે, બે નથી. આહા..હા..!

**શ્રોતા :-** ગંગા-જમનાનો સંગમ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! સમાગમ સત્ય થયો પ્રવાહ. જ્ઞાનધારા, સમ્યક્ ધારા છૂટી. ફુવારામાં જેમ પાણી છૂટે. આહા..હા..! એ જનડાની નહોતી વાત કરી? જનડા જનડા હોં! બોટાદ પાસે જનડા ગામ છે. જનડા ગામ છે. તો એમાં એક પાતાળ કૂવો એવો હતો કે બહુ ખોદ્યું. પત્થર ખોદતા-ખોદતા એક પત્થર રહી ગયો. તો એક જાન નીકળી જાન. જાન સમજ્યા? બારાત. એણે ત્યાં પડાવ નાખ્યો આ કૂવો છે એમ ધારીને. પાણી ન મળે. શું કરવું? એક મોટો પત્થર હતો દસ-વીસ મણનો. નાખ્યો તો પડ તુટી ગયું અંદરનું. પડ હતુંને પત્થરનું, એ તૂટી ગયો તો પાણીની ધારા વહી પાતાળમાંથી. અત્યારે છે. અઢાર કોષ વહે છે અત્યારે. એક કૂવામાં અઢાર કોષ સમજ્યા? પાણી કાઢવાનું શું કહે છે? કોષને શું કહે છે? કોષ નહિ? હિન્દીમાં શું કહે છે? આ ચામડાનું મોટું કોષ હોય છેને પાણી કાઢવાનું?

ચામડાનું હોય છે, પતરાનું હોય છે.

**શ્રોતા :-** ચરસ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચરસ. પતરાનું પણ હોય છે, લોઢાના પતરાનું હોય છે. લોઢાના પતરામાંથી પાણી કાઢે છે. એમાંથી કાઢે છે. તો અઢાર કોષ વહે છે કૂવામાંથી. અઢાર કોષ ચારે કોર. પાણી ખૂટતું નથી. એટલું પાણી છે. અહીં બોટાદ પાસે છે.

એમ આત્મા અંદરમાં આનંદનો નાથ જ્યાં પ્રભુ. આહા..હા..! 'જાગીને જોઉ તો જગત દિસે નહિ.' આહા..હા..! અંદર ભગવાન આત્મા જ્યાં શુદ્ધ ચૈતન્ય મૂર્તિ પવિત્રની ધારા વહે છે... આહા..હા..! ત્યાં અપવિત્રતાનો તો નાશ થાય છે. સમજાણું કાંઈ? અને ધારાવાહી જે અંદર જ્ઞાન થયું, એ ધારાવાહીમાંથી ક્રમે-ક્રમે પાંચમું ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાને ચારિત્ર થઈને કેવળજ્ઞાન લઈને મોક્ષ જશે, એ ધારાવાહી જ્ઞાન અને આનંદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીંયા કહે છે.

એ '**જ્ઞાનનયક્રિયાનયનનું એક સ્થાનક છે.**' સ્થાન એક છે, બે નથી. સ્વરૂપના આનંદમાં લીનતા અને અશુદ્ધતાનો અભાવ એ વસ્તુ એક જ છે. આહા..હા..! આનું નામ સંયમ અને એનું નામ મોક્ષનો માર્ગ. આહા..હા..! '**ભાવાર્થ આમ છે કે બંને નયોના અર્થ સહિત બિરાજમાન છે.**' બંને નયોના પદાર્થ ભાવસહિત બિરાજમાન છે. પોતાના જ્ઞાનસ્વરૂપે અને રાગના અભાવરૂપે, બે નયના અર્થ સહિત આત્મા બિરાજમાન છે. આહા..હા..! એ મુક્તિને પાત્ર છે. સમજાણું કાંઈ? ૨૬૮.

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।२६८।।

આ સુપ્રભાત કહે છે. પ્રભાત ઉગી. આ વર્ષને દિવસે નથી કહેતા? સવારે વર્ષ બેસેને? સુપ્રભાત. એ સૂર્ય ઉગ્યો ત્યારે વર્ષ બેસતું. શું કહે છે તમારે? વર્ષ બેસેને વર્ષ? દિવાળી પછી. વર્ષ બેસતું નથી કહેતા? નુતન વર્ષ-બેસતું વર્ષ. એમ અહીંયાં સુપ્રભાતની વાત ચાલે છે હવે. એ સુપ્રભાતમાં જેમ નવું વર્ષ બેસે, એમ આત્મામાં સુપ્રભાત નવીન જાગે છે અંદર. આહા..હા..!

ઈ કહે છે જુઓ, 'तस्य एव आत्मा उदयति' '**પૂર્વોક્ત જીવને અવશ્ય જીવપદાર્થ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે,...**' જ્ઞાનનય અને રાગના અભાવરૂપી ક્રિયાનય એ કારણે તેને કેવળજ્ઞાન અને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. આહા..હા..! '**સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે, અનંતચતુષ્ટયરૂપ થાય છે.**' શું કહે છે? અંતરમાં આનંદની ધારા અને એમાં અશુદ્ધતાનો અભાવ એ કારણે તેને અનંતચતુષ્ટય પ્રગટ થાય છે. અનંત કેવળજ્ઞાન,

અનંત કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય. જે શક્તિરૂપે અનંત ચતુષ્ટય છે... આહા..હા..! એ પર્યાયમાં અનંત ચતુષ્ટય પ્રગટે છે. કોને? જેને જ્ઞાનનય આત્માના આનંદનો અનુભવ અને એમાં અશુદ્ધતાનો અભાવ થયો છે, એ બેયને કારણે તેને ક્રમે-ક્રમે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! વ્યવહારને કારણે અંદર કેવળજ્ઞાન પ્રગટ થાય એમ નથી. વ્યવહાર તો બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી. '**अचलार्चिः**' એમાં એવો અર્થ કર્યો છે મૂળ સમયસારમાં, કેવળ અર્ચી એટલે એકલું વીર્ય. અનંત વીર્ય પ્રગટ થાય છે. અર્ચી ભાઈ એમાં લીધું છેને. આ સુપ્રભાત ઘણીવાર વંચાતુ હોય વર્ષ બેસતાને દિ'. કેવળ અર્ચી એકલો સૂર્ય ચૈતન્ય વીર્યથી પ્રગટ થયો. પોતાના જાગૃતિના પુરુષાર્થથી પ્રગટ થયેલું અનંતવીર્ય. તેને '**अचलार्चिः**' કહે છે. જે વીર્ય અનંત પ્રગટ થયું તે ચળે નહિ. આહા..હા..! એ અંતર જ્ઞાનનય અને ક્રિયાનયને કારણે '**अचलार्चिः**' પ્રગટ થયું. પૂર્ણ વીર્ય પ્રગટ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત. '**अचलार्चिः**'ની વ્યાખ્યા અહીંયાં ટૂંકી કરી છે. '**સર્વકાળ એકરૂપ છે કેવળજ્ઞાન-કેવળદર્શન તેજપુંજ જેનો એવો છે.**' જ્ઞાન-દર્શન-આનંદ અને વીર્યની રચના વીર્યે કરી. તો વીર્યે ચાર પ્રકારના ચતુષ્ટયની રચના કરી તો તે વીર્યનું કાર્ય થયું એમ બતાવ્યું. શું કહ્યું?

આત્મામાં એક વીર્ય નામનો ગુણ છે બળ. એનું કાર્ય શું? કે સ્વરૂપની રચના કરવી તે એનું કાર્ય છે. રાગની રચના કરવી એ સ્વરૂપના બળનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુરવીર છે. પોતાના આત્મામાં બળ નામનો ગુણ છે વીર્ય, તો એનો જ્યાં આશ્રય લીધો તો એને '**अचलार्चिः**' એ વીર્ય અનંત એવું પ્રગટ થયું કે ચળે નહિ અને અનંત ચતુષ્ટયની રચના કરે એ વીર્ય છે. આહા..હા..! આવી વાતું હવે. લોકોને બહારથી માની લેવું કાંઈક આ કર્યું ને આ કર્યું. શું થાય? ભાઈ! અનંતકાળથી રખડ્યો છે. પોતાના પૂર્ણાનંદના નાથની અંતર પ્રતીતિ અને અનુભવ વિના બાકી તો ઘણું કર્યું. શાસ્ત્રજ્ઞાન અગિયાર અંગનું ઘણું કર્યું. નવ પૂર્વની લબ્ધિ પણ થઈ અને શરીરના ચામડા ઉતારી કોઈ ખાર છાંટે તો ક્રોધ પણ ન કરે એવી ક્રિયા તો અનંતવાર કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ આત્મજ્ઞાન જે પૂર્ણાનંદના નાથ એનું જ્ઞાન અને પ્રતીત અનુભવમાં ન લાવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

'કેવળી આગળ રહી ગયો કોરો.' એક શબ્દ આવે છે અમારે સજ્ઝાયમાળામાં. સજ્ઝાયમાળા શ્વેતાંબરમાં ચાર આવે છે. એક-એક સજ્ઝાયમાળામાં બસ્સો-અઢીસો સજ્ઝાય અને એક-એક સજ્ઝાયમાં દસ-પંદર-વીસ શ્લોક. એવી ચાર સજ્ઝાયમાળા છે. અમે તો દુકાન ઉપર એ જ વાંચતા હતાને. ૨૦ વર્ષની ઉંમરે. ૬૮ વર્ષ પહેલાં. તો એમાં એક આવ્યું હતું કે 'કેવળી આગળ રહી ગયો કોરો.' આહા..હા..! એ શું કહ્યું? કે કેવળજ્ઞાની પાસે ગયો અનંતવાર પ્રાણી. શ્રવણ કર્યું, સમવસરણમાં શ્રવણ કર્યું. પણ રહી ગયો કોરો ધાકડ. અડવા ન દીધું

કે શું ચીજ છે? પોતાના આત્માના અનુભવ વિના એકલો સાંભળવામાં એનો કાળ ગયો. સમજાણું કાંઈ? કોરાને શું કહે છે? ખાલી. કેવળી આગળ રહી ગયો ખાલી. આહા..હા..!

સમવસરણમાં ભગવાન તીર્થંકર બિરાજે એની દિવ્યધ્વનિ સાંભળી. પણ એ તો નિમિત્ત છે, બાહ્ય છે. આહા..હા..! અને ભગવાનની પૂજા પણ અનંતવાર કરી સાધારણ. એ તો શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! ભગવાને આજ્ઞા કહી કે પ્રભુ! તારો રાગરહિત સ્વભાવ અંદર છેને. એનો અનુભવ કર. તો એ આજ્ઞા માની નહિ. આહા..હા..! અને રાગનો અનુભવ છોડ્યો નહિ. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! હજારો રાણી છોડી, ત્યાગ કર્યો, જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય, દત્ત. સત્ય બોલ્યો વ્યવહારે, દત્ત ચોરી કર્યા વિના અદત્ત (ન) લીધું, મૈથુન ત્યાગીને બ્રહ્મચર્ય પાળ્યું, પરિગ્રહનો ત્યાગ કરીને નગ્ન થયો, આહા..હા..! પણ અંતરમાં આનંદકંદ નાથ પ્રભુ... આહા..હા..! એની અંતર લગની ન લાગી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકલ્પમાત્રનો ત્યાગ કરીને સ્વરૂપની દૃષ્ટિ અનુભવ કરવો એને એનાથી અચલ અર્ચી પ્રગટ થાય છે—પૂર્ણ વીર્ય પ્રગટ થાય છે એમ કહે છે.

પછી. **'વળી કેવો છે?' 'चित्पिण्ड'** એ **'चित्पिण्ड'**નો અર્થ કેવળદર્શન અહીં ખરેખર. શું કહ્યું? જ્ઞાનનો પિંડ એ દર્શનમાં લીધું. એ **'चित्पिण्ड'**માં વીર્ય લીધું. **'चित्पिण्ड'**માં દર્શન લીધું, કેવળદર્શન. પોતાના આત્માના અનુભવમાં અશુદ્ધ રાગાદિના અભાવથી જે અનુભવ થયો તેને કેવળદર્શન પ્રગટ થશે. પહેલા વીર્ય કહ્યું, પછી કેવળદર્શન. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'चित्पिण्ड'** એટલે **'જ્ઞાનપુંજના પ્રતાપની એકરૂપ પરિણતિ એવું જે પ્રકાશસ્વરૂપ તેનું...' 'हासः' 'નિધાન છે.'** આહા..હા..! એ અનંતદર્શનનું નિધાન એમાંથી અનંતદર્શન પર્યાયમાં પ્રગટ થયું એ સુપ્રભાત. પ્રભાત ઉગી. સમ્યગ્દર્શન થયું તો સુપ્રભાત થયું, પણ કેવળદર્શન થયું ત્યારે મોટી સુપ્રભાત થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી પડે માણસને. અરેરે! અનંતકાળથી પરિભ્રમણ કરતાં સત્ય વાત સાંભળવા મળી તોપણ સત્યનું શરણ ન લીધું. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિ તો બધું અસત્ છે, અસત્ય છે. એક સમયની પર્યાય પણ ત્રિકાળની અપેક્ષાએ અસત્ય છે. ત્રિકાળી આનંદના નાથનું શરણ ન લીધું. આહા..હા..! તેથી તેને વીર્ય પૂર્ણ ન પ્રગટ થયું, અનંતદર્શન ન પ્રગટ થયું. આહા..હા..! એ **'चित्पिण्ड'**ની વ્યાખ્યા છે.

**'વળી કેવો છે?' 'शुद्धप्रकाश'** એ જ્ઞાનની વ્યાખ્યા છે. કેવળજ્ઞાન. **'अचलार्चिः'**માં અનંતવીર્ય લીધું. **'चित्पिण्ड'**માં કેવળદર્શન લીધું. **'शुद्धप्रकाश'**માં કેવળજ્ઞાન લીધું. આહા..હા..! **'शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः'** છે? **'सुप्रभातः'** આ તમારું નવું વર્ષ બેસે એ તો પ્રભાત અનંતવાર થઈ. આ તો **'सुप्रभातः'** આહા..હા..! ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ જ્ઞાનમાં પૂર્ણ કેવળજ્ઞાનમાં પ્રગટ થઈ આહા..હા..! એ પ્રભાત છે, એ એનું નવું વર્ષ બેઠું, આહા..હા..!

જે સાદિઅનંત રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'शुद्धप्रकाश' 'રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધસ્વરૂપ પરિણામ તેની...' 'भर' 'भर'** આહા..હા..! **'વારંવાર જે શુદ્ધસ્વરૂપ પરિણતિ,...'** એનાથી. લૌકિકમાં ગાડું ભરેને ગાડું ઘાસનું. ૨૫ મણ ૫૦ મણનું. તેને ભર કહે છે ભર. છેને અહીંયાં? એ ભર. ગાડું હોયને ગાડું? એમાં ૨૫ મણ ઘાસ ભરે એને ભર કહે છે. આ આત્મા અંદર પૂર્ણ જ્ઞાનથી ભર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? **'भर' 'વારંવાર જે શુદ્ધસ્વરૂપ પરિણતિ, તેનાથી...' 'निर्भर' 'થયો છે...'** અનંત જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો પ્રગટ થયો. આહા..હા..! આ મોક્ષના માર્ગથી આ થયું એમ કહે છે. આહા..! **'सुप्रभातः' 'સાક્ષાત્ ઉદ્યોત જેમાં,...' 'सुप्रभातः'** આહા..હા..!

**'ભાવાર્થ આમ છે કે જેમ રાત્રિસંબંધી અંધકાર મટતાં દિવસ ઉદ્યોતસ્વરૂપ પ્રગટ થાય છે,...'** રાત્રિસંબંધી અંધકાર મટતાં દિવસ ઉદ્યોતસ્વરૂપ પ્રગટ થાય છે, **'તેમ મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ મટાડીને...'** આહા..હા..! ભ્રાંતિ અને રાગ-દ્વેષની અસ્થિરતાનો નાશ કરીને. આહા..હા..! **'શુદ્ધપરિણામે બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે.'** આહા..હા..! શુદ્ધત્વપરિણામ-શુદ્ધપણે પરિણમવું, પરમાત્મસ્વરૂપે પૂર્ણ એવા કેવળજ્ઞાનથી બિરાજમાન થાય છે. આહા..હા..! પોતાના સિંહાસનમાં આવી ગયો. કેવળજ્ઞાન પોતાનું સિંહાસન છે. આહા..હા..! તે પ્રમાણે.. આવ્યુંને? **'જીવદ્રવ્ય પ્રગટ થાય છે.'** આહા..હા..! ભગવાન શક્તિરૂપે જે હતો તે વ્યક્તરૂપે પ્રગટ થઈ ગયો. આવી વાતું હવે ઝીણી. બહારની વાત હોય તો કહે અપવાસ કરો, આ દાન કરો, દયા કરો, પૂજા કરો, ભક્તિ કરો ઈ સમજાય. ભાઈ! એ પૂજ્ય તો પરમાત્મા પોતે, પોતાનું પૂજ્યપણું પ્રગટ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ પણ પૂજ્ય નથી. આહા..હા..! નિમિત્ત પણ વ્યવહારે પૂજ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર તો. આહા..હા..! ભગવાન પરમાત્મા તો નિશ્ચયથી પૂજ્ય છે. આહા..હા..! એવી પૂજ્ય શક્તિથી ભરેલો પ્રભુ પૂજ્યવાન છે. તેનું પૂજ્યપણું અંતર જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અને અશુદ્ધતાના નાશથી એવું અનંત જ્ઞાન પ્રગટ થાય છે. ઝીણી વાત તો આવી છે ભાઈ, શું થાય? સુપ્રભાત. વર્ષ બેસતા આ ઘણીવાર લઈએ છીએ, આ શ્લોક લઈએ છીએ. નવીન વર્ષ બેસેને. મંગળિક સાંભળવા આવેને લોકો તો આ છે બાપુ સુપ્રભાત તો. અમે સુપ્રભાતે આવ્યા છીએ મહારાજ મંગળિક સંભળાવો. પૈસા-બૈસા મળે, ધંધો સરખો ચાલે. લગન કરવા જાય તો મંગળિક સંભળાવો. શું છે હવે? કે પરણીને આવીએ તો અમે સુખી રહીએ. ધૂળેય નથી સાંભળ. લગન-લગન કરે છેને? મંગળિક સંભળાવો. શું છે? કે અમે લગન કરવા જઈએ છીએ તો સુખી રહીએ બેય પતિ-પત્ની.

**શ્રોતા :-** અમેરિકા જાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ આવે છે. ઘણા માણસો આવેને અમારી પાસે. અમારું ઘણું મોટું નામ (એટલે આવે અને કહે) મહારાજ મંગળિક સંભળાવો. શું છે? અમેરિકા જાવું

છે. ત્યાં પછી અમને પૈસા-બૈસા ઠીક મળે. અરે! ધૂળમાં પણ નથી. અને અમેરિકા અહીંયાંનો માણસ સાધારણ જાય અને કોઈ દસ હજારનો પગાર મળે તો રાજી રાજી થઈ જાય. દસ હજારનો પગાર તો ત્યાં ભંગિયાને પણ મળે છે. પાયખાનાનો ભંગી હોયને ભંગી અમેરિકામાં? એને દસ હજારનો પગાર મળે છે. કારણ કે ત્યાં મોંઘી ચીજ છે. મોટી કિંમત, ખર્ચ પણ મોટો. દસ હજારનો પગાર. અમારો દીકરો અમેરિકા ગયો છે. ભણીને આવ્યો. દસ હજારનો પગાર હતો. હવે દસ હજારના પગારથી શું થયું? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા કહે છે કે જેણે અંદર જઈને અંદર આનંદ અને અનંત જ્ઞાન, આનંદ પછી આવશે, અનંત જ્ઞાન પ્રગટ થશે. આહા..હા..! એ સ્વદેશમાં ગયો. આહા..હા..! ત્રણ બોલ થયા. અનંતવીર્ય, અનંતદર્શન, અનંતજ્ઞાન. ચતુષ્ટયમાં ત્રણ આવ્યા. હવે એક ચતુષ્ટયમાં બાકી રહ્યો આનંદ. સમજાણું કાંઈ? આહા..હા..! '**વળી કેવો છે?**' '**आनन्द**' હવે આવ્યું જુઓ, આનંદ છે. પહેલા આવ્યું હતું અનંતવીર્ય, પછી આવ્યું અનંતદર્શન, પછી આવ્યું અનંતજ્ઞાન. હવે આવ્યો અનંત આનંદ. આહા..હા..! એ શક્તિ તો હતી, પણ શક્તિનો અનુભવ કરવાથી પર્યાયમાં અનંત આનંદ પ્રગટ થયો. આહા..હા..! અરે! દુનિયામાં ઈન્દ્રો અને ઈન્દ્રાણીના ભોગમાં દુઃખ છે. આહા..! આત્માના આનંદમાં સુખ છે. આહા..હા..! આકરું કામ બહુ, બાપુ! દુનિયાથી સંકેલવું. દુનિયાની મહત્તામાં, દુનિયા મોટપ આપે ત્યાં મરી ગયો બિચારો એમાં. આહા..હા..! તારી મોટપ તો અંદરમાં આ છે. મોટપને શું કહે છે? બડાઈ, બડ્પન્ન-બડપન્ન એ અનંતજ્ઞાન અને અનંત આનંદ અને અનંતવીર્ય પ્રગટવા એ તારી મોટાઈ છે. આહા..હા..!

એ કહે છે જુઓ. ત્રણ બોલ થયા. ચોથો બોલ. '**आनन्दसुस्थितसदाअस्खलितएकरूपः**' '**દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે...**' આહા..હા..! ભગવાન દ્રવ્યસ્વરૂપ જે આનંદસ્વરૂપ એ આનંદના પરિણામરૂપ અતીન્દ્રિય સુખ. આહા..હા..! સૂર્યમાંથી કિરણ તો પ્રકાશનું નીકળે. ત્યાં કોઈ અંધકાર ન નીકળે. એમ ભગવાનમાંથી કિરણ પ્રગટ થયું તો અતીન્દ્રિય આનંદ થયો. આહા..હા..! છે? '**દ્રવ્યના પરિણામરૂપ...**' શું? વસ્તુના પરિણામ. શુભ-અશુભ પરિણામ એ વસ્તુનું પરિણામ નથી. સમજાણું કાંઈ? અહીં તો મોક્ષના માર્ગથી મોક્ષ થાય છે એ વાત ચાલી છે. મોક્ષમાર્ગ ક્યો? જ્ઞાનનય અને ક્રિયાનય એ મોક્ષમાર્ગ. એનાથી મોક્ષ થાય છે એની વાત ચાલે છે. પુણ્ય-પાપનો ભાવ બંધનું કારણ એનો બંધભાવ. પછી લોકો એમ કહે છે કે વ્યવહારમોક્ષમાર્ગ અને નિશ્ચયમોક્ષમાર્ગ. તો નિશ્ચયમોક્ષમાર્ગનું ફળ નિશ્ચયમોક્ષ અને વ્યવહારમોક્ષમાર્ગનું ફળ વ્યવહારમોક્ષ? બે પ્રકાર થયા. શું કહે છે? આહા..હા..!

અહીં તો એકલો જે આત્મા આનંદસ્વરૂપનો અનુભવ, પ્રતીત અને જ્ઞાન થયા અને અશુદ્ધરાગથી અભાવરૂપ શુદ્ધતાની રમણતા થઈ એ મોક્ષનો માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! એ મોક્ષના માર્ગથી એને મોક્ષ મળે છે. તો શું થયું મોક્ષમાં?

મોક્ષ શું છે? કે અનંતવીર્ય થયું. અનંતા ગુણની પર્યાયમાં રચના કરીને અનંતવીર્ય થયું, અનંતદર્શન થયું. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને મહાસત્તા તરીકે છે એવું દર્શન થયું અને આનંદ જ્ઞાન થયું. શુદ્ધ પ્રકાશ કહ્યુંને? શુદ્ધ પ્રકાશ. એ જ્ઞાન છે. હવે આનંદ આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગનું ફળ શું? એનાથી શું થયું? અનંતવીર્ય, અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતઆનંદ. ઈ છે જુઓ,

**'દ્રવ્યના પરિણામરૂપ...'** આહા..હા..! **'અતીન્દ્રિય સુખના કારણે...'** વસ્તુ વસ્તુ જે ભગવાન આત્મા એનું પરિણમન એ આનંદનું પરિણમન એ દ્રવ્યનું પરિણમન છે. પુણ્ય-પાપનું પરિણમન તો દુઃખરૂપ પરિણમન છે, એ દ્રવ્યનું પરિણમન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વાત સાંભળી નથી લોકોએ અંતરની વાતું. આહા..હા..! લોકનો સંગ છોડીને લોકાગ્રે જાવું હોય તો આ કર કહે છે. બહેને એક શબ્દ લખ્યો છે. આહા..હા..! લોકનો સંગ છોડીને ભગવાન આનંદનો સંગ કરીને લોકાગ્રે જાવું, એકલા રહેવાનું છે ત્યાં. તો લોકાગ્રે એકલા જાવું છે ત્યાં કોઈ છે નહિ. તો એવો વર્તમાનમાં લોકનો સંગ, આ અનુકૂળ, આ પ્રતિકૂળ અને ફલાણું. આહા..હા..! લોકો શેઠિયાઓ રાજી થાય એવી લવથવ કરવી. આહા..હા..! લવથવ સમજો છો? લવ એટલે બોલવું, સ્તવના એટલે સ્તવન કરવું. તમે મોટા છે અને તમે સારા છો. એ અમારી ગુજરાતી ભાષા છે. ખુશામત કરવી. લવથવ... લવથવ... લવ એટલે બોલવું. લવથવ નથી કહેતા? લવ એટલે કોઈ માણસ માટે બોલે તો લવ અને થવ-સ્તવન કરવું. તમે સારા છો, તમે આવા છો. પ્રશંસા કરવી. આહા..હા..!

**શ્રોતા :–** માખણ ચોપડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માખણ ચોપડે બસ એ. આહા..હા..! રાજી થાય લોકો. અરે પ્રભુ! લોકો રાજી થાય એમાં તને શું આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે **'આકુળતાથી રહિતપણું,..'** આહા..હા..! સુખના કારણે **'દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે જે આકુળતાથી રહિતપણું,...'** **'સુસ્થિત'** છેને? **'સુસ્થિત'** રાગમાં સ્થિત હતો એ તો કુસ્થિત હતો. આહા..હા..! શુભ-અશુભ રાગમાં સ્થિત હતો તો દુઃખમાં સ્થિત હતો. આ તો **'સુસ્થિત'**. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો નાથ જ્યાં જાગીને ઉઠે ત્યાં અતીન્દ્રિય આનંદ થાય છે કહે છે. આહા..હા..! એ **'સુસ્થિત'** છે. જેમાં રહેવું હતું તેમાં રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? અને આ શુભ અને અશુભ રાગ... એ તો ચાલ્યું હતું સવારમાં નહિ? જ્ઞાનધારા સાથે રાગધારા હોય છે. આજે સવારે ચાલ્યું હતુંને? જ્ઞાનધારા અને કર્મધારા બે ચાલે છે, પણ એ કર્મધારા દુઃખરૂપ છે. આહા..હા..! એનાથી રહિત થઈને આનંદધારામાં આવી જવું. આહા..હા..! અને એ આનંદને કારણે એની પર્યાયમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે. આહા..હા..! બહુ માર્ગ બાપુ..

એ સદા કાળ. **'આકુળતાથી રહિતપણું, તેનાથી...'** **'સદા અસ્ખલિત'** આહા..હા..!

અનંતજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય પ્રગટ થયું એ અમીટ-મટે નહિ હવે. 'અમિટ...' 'अस्खलित' આહા..હા..! 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' રાજમલે બનાવ્યું છે. એ ભોપાલમાં છેને? કેવા? પવૈયા. એણે અપૂર્વ અવસરનું હિન્દી બનાવ્યું છે. હિન્દી બનાવ્યું છે. નહિતર ગુજરાતીમાં છે 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' હિન્દી સારું બનાવ્યું છે. અપૂર્વ અવસર. અહીંયાં છે અમારી પાસે. આહા..હા..! એવો ભગવાન આત્મા એવી ભાવના કરે છે, 'મને અનંત આનંદ, અનંત દર્શન, જ્ઞાન અને વીર્ય ક્યારે પ્રગટે?' આહા..હા..! ધર્મીની ભાવના તો ચતુષ્ટય પ્રગટ કરવાની છે. આહા..હા..! કોઈ સંસારમાંથી લાભ મળે, લોકો માને અને ગણે એ ભાવના તો મિથ્યાદષ્ટિની છે. આહા..હા..! સમજાણું કાંઈ? દષ્ટિમાં મિથ્યાત્વ છે, ભ્રમ છે. આહા..હા..! ભ્રમનો નાશ કરીને ભગવાનનો ભેટો અંદર થયો.. આહા..હા..! તો કહે છે કે એને કારણે જે અનંત આનંદ પ્રગટે છે તે સદા કાળ એવોને એવો રહે છે. એ અનંત આનંદ પ્રગટ થયો તે સદા કાળ રહે છે. 'સર્વ કાળ અમિટ...' છે? અમિટ. 'अस्खलित' છેને? 'अस्खलित'? એ અનંતઆનંદ સ્ખલિત--સ્ખલના નથી થતું, પાછો નથી પડતો, અવતાર નથી લેતો. લોકો કહે છેને કે ભગવાન અવતાર લે છે. મોક્ષ થયા પછી ભક્તોની ભીડ જોઈને પરમાત્મા અવતાર લે છે, એમ છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભગવાનના ભક્તને ભીડ હોય જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભક્તોને ભીડ કેવી? ભીડને પ્રસંગને કારણે તો વધારે વીર્ય ઉલ્લાસમાન થાય છે. સાધારણ સહજપણે જ્ઞાનધારા ચાલતી હોય એમાં પ્રતિકૂળતાને કારણે તો વધારે જ્ઞાનધારામાં પુરુષાર્થ ચાલે છે. આહા..હા..! પરની સાથે સંબંધ શું છે? દુનિયા માને, ન માને, અપમાન કરે, પ્રહાર કરે તો એમાં થયું? પ્રહાર કોને કરે? શરીર ઉપર કરે કે તારા આત્મા ઉપર કરે? આહા..હા..!

અહીંયાં અમિટ. જેવા અનંતજ્ઞાન-દર્શન-આનંદ પ્રગટ થયા એ મટે નહિ ફરી હવે. 'अस्खलित' જ્યારથી ઉત્પન્ન થયું ત્યારથી અનંતકાળ રહેશે સિદ્ધદશામાં. આહા..હા..! 'एकरूपः' 'તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે.' આહા..હા..! શું કહે છે? 'તદ્રૂપ સર્વસ્વ...' રાગને સર્વસ્વ જે માન્યું હતું તેને છોડીને પોતાના આનંદમાં સર્વસ્વ માન્યું, જાણ્યું, અનુભવ્યું તો તેને પર્યાયમાં સર્વસ્વ પ્રગટ થયું. સર્વસ્વ. આહા..હા..! 'તદ્રૂપ સર્વસ્વ...' પૂરો પોતાની પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયું. આહા..હા..! આ મોક્ષ. આહા..હા..! સમજાણું કાંઈ? એ મોક્ષનું કારણ બતાવીને મોક્ષનું ફળ બતાવ્યું. કારણ જે આત્માનો અનુભવ અને એ વસ્તુમાં સ્થિરતા એ મોક્ષનો માર્ગ એનું પરિણામ—ફળ શું? મોક્ષ સુપ્રભાત. ચૈતન્ય સૂર્ય જાગતી જ્યોત કેવળજ્ઞાન-દર્શન-વીર્ય-આનંદ પ્રગટ થયું. સુપ્રભાત થયું. સૂર્ય તો સવારમાં ઉગે છે અને બપોરે

મધ્યમાં જાય છે અને સાંજે ઢળી જાય છે. આ તો સૂર્ય ઉગ્યો તે ઉગ્યો અંદરથી. આહા..હા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ. આહા..હા..! એ શક્તિમાં, ધ્રુવમાં પડ્યો હતો તે શક્તિમાંથી વ્યક્તતા મોક્ષના માર્ગના કારણે પ્રગટ વ્યક્ત થઈ ગયું. આહા..હા..!

દ્રવ્યસ્વભાવ બતાવ્યો, દ્રવ્યસ્વભાવના મોક્ષનું કારણ પરિણમન એનું બતાવ્યું અને એ પરિણમનથી પૂર્ણ પરિણમન થશે તે મોક્ષ બતાવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આ સુપ્રભાત. દસમો બ્રહ્મચર્યનો દિવસ છે. સુપ્રભાત થઈ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? બે-પાંચ લાખ પેદા થઈ જાય તો ખુશ થઈ જાય. લાપસી કરો લાપસી આજે. લાપસી કહે છેને? લાપસી-લાપસી. હલવો નહિ. હલવો એટલે શીરો. લાપસી. હલવો તો શીરાને હલવો કહે છે. લાપસી ઘઉંની થાય છે ઘઉં. દળિયા તો શું કહેવાય? લાપસી નથી કહેતા તમારે? શીરો નહિ. શીરો બીજો અને લાપસી બીજી. ઘઉંની. લપસી કહે છે. લપસી. લાપસી કહે છે અમારે કાઠિયાવાડમાં. પાંચ લાખ પેદા થયા તો કરો લાપસી. ધૂળમાંય નથી. આહા..હા..!

અહીં કહે છે '**તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે.**' આહા..હા..! સ્વરૂપમાં જેવું અનંત જ્ઞાન, અનંતદર્શન, આનંદ, વીર્ય જેવું સ્વરૂપમાં પરિપૂર્ણ પડ્યું છે એના અનુભવથી પરિપૂર્ણ શક્તિમાં સર્વસ્વ, સ્વ નામ પોતાનું પરિપૂર્ણ પ્રગટ થયું. પોતાનું સર્વસ્વ પ્રગટ થયું. આહા..હા..! કેવળજ્ઞાનમાં, સિદ્ધદશામાં કાંઈ બાકી રહ્યું નહિ. આહા..હા..! પોતાની રિદ્ધિ-સિદ્ધિ. એ આવે છેને? 'રિદ્ધિ સિદ્ધિ ઘટમેં' અંદર વસે નથી આવતું? શું કહે છે? 'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે, સાચે... રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' ધર્મીને તો રિદ્ધિ અને સિદ્ધિ પ્રગટ અંદરમાં દેખાય છે. સમજાણું કાંઈ? 'રિદ્ધિ સિદ્ધિ પ્રગટ દિસે ઘટમેં પ્રગટ સદા, અંતરકી લક્ષ્મી સો અજાતિ લક્ષપતિ હૈ અંતરકી લક્ષી સે અજાતિ લક્ષપતિ હૈ.' લખપતિ પોતાના લક્ષનો પતિ છે. પૂર્ણાનંદનો નાથ એના લક્ષનો આ પતિ છે. 'દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સો, સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.' આહા..હા..! એ સમયસાર નાટકમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સુખિયા સદૈવ. 'સુખિયા જગતમેં સંત દુરિજન દુખિયા રે. એ સુખિયા જગતમેં સંત રે, દુરિજન દુખિયા રે.' પોતાના આનંદસ્વરૂપમાં રહેનારો એ સુખી જગતમાં એક સંત છે. સમ્યગ્દષ્ટિ પણ એક સંત છે. આહા..હા..! 'દુરિજન દુખિયા રે.' વિકલ્પ ઉઠાવનારો દુરિજન દુઃખી છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જ્યાં પોતાના દ્રવ્યસ્વભાવનું પરિણમન થયું, પુણ્ય-પાપના ભાવ તે દ્રવ્યસ્વભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનો આનંદસ્વરૂપ ભગવાન અનંત ચતુષ્ટયથી બિરાજમાન અનાદિ-અનંત એવો શુદ્ધ સ્વરૂપ ભગવાન અનંતગુણમાં અખંડપણે બિરાજમાન. આહા..હા..! એના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયું તે અશુદ્ધતા રાગના અભાવથી પ્રગટ થયું. એ મોક્ષના માર્ગથી આવા અનંતચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થાય છે. અનંત ગુણ તો છે પણ ચતુષ્ટયની વિશેષતા કરી. સમજાણું કાંઈ? અનંતવીર્ય આહા..હા..! અનંત

દર્શન, અનંતજ્ઞાન અને અનંત આનંદ.

**'અમિટ (-અટળ) છે તદ્રૂપ સર્વસ્વ...'** એકરૂપ કહ્યુંને એકરૂપ? એ આત્માનું એકરૂપ છે અનંત જ્ઞાનાદિ. તદ્રૂપ છે એ આત્મા. રાગાદિ તદ્રૂપ નથી. આહા..! **'તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે.'** આહા..હા..! લ્યો, એ સુપ્રાભતનો શ્લોક થયો. સુપ્રભાત ઉગ્યો ઈ ઉગ્યો, હવે કોઈ દિ' આથમે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ભાદરવા સુદ-૧૫, મંગળવાર, તા. ૨૭-૦૯-૧૯૭૭,**
**શ્લોક-૨૬૯-૨૭૦, પ્રવચન નં. ૪૬૧**

કળશટીકા. ૨૬૯ કળશ છેને.

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
शुद्धस्वभावमहिमन्युदिते मयीति।
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।२६९।।

છેલ્લા શ્લોક છેને તે સાર-સાર છે. **'अयं स्वभावः परम् स्फुरतु'** **'अयं'** **'વિદ્યમાન છે...'** ભગવાન આત્મા. આહા..હા..! છે? **'अयं'**. **'अयं'**નો અર્થ વિદ્યમાન. ત્રિકાળ ધ્રુવ **'જે જીવપદાર્થ...'** **'परम् स्फुरतु'** **'તે જ એક અનુભવરૂપ પ્રગટ હો.'** બસ! આ સાર છે. **'अयं स्वभावः'** ભાષા પાઠ તો ઈ છે. **'अयं स्वभावः'** વિદ્યમાન છે જીવસ્વભાવ. સ્વભાવનો અર્થ જીવપદાર્થ કર્યો. આહા..હા..! ત્રિકાળી ભગવાન જાગતી જ્યોત જ્ઞાયકભાવથી વિદ્યમાન છે. આહા..હા..! એ **'अयं स्वभावः परम् स्फुरतु'** પરમ નામ એક એ જ અનુભવરૂપ પ્રગટ હો. આહા..હા..! દૃષ્ટિનો વિષય જે **'अयं स्वभावः'** પૂર્ણ વિદ્યમાન ભગવાન એમાં એ સ્વભાવ મને પ્રગટ હો. આહા..હા..! ધર્મીની આ ભાવના હોય છે.

**'એક અનુભવરૂપ...'** **'परम्'** શબ્દ વાપર્યોને? એનો અર્થ કર્યો એ. **'એક અનુભવરૂપ પ્રગટ હો.'** બસ. **'परम्'** એટલે ઉત્કૃષ્ટ એ મારો સ્વભાવ. આહા..હા..! જ્ઞાયકભાવ, નિત્યભાવ, સચ્ચિદાનંદ સ્વભાવભાવ જીવપદાર્થ એ પર્યાયમાં પ્રગટ હો. શક્તિરૂપ છે. એ દૃષ્ટિ અને સ્થિરતાને કારણે પર્યાયમાં પ્રગટ હો એમ કહે છે. આહા..હા..! **'કેવો છે?'** **'नित्योदयः'** છે. આહા..હા..! **'સર્વ કાળ એકરૂપ પ્રગટ છે.'** નિત્ય ઉદય. વસ્તુ જ્ઞાયકભાવથી પરિપૂર્ણ તો નિત્ય ઉદય, નિત્ય પ્રગટ જ છે. પર્યાયપણે પ્રગટ નથી, પણ વસ્તુપણે પ્રગટ છે. આહા..હા..! એ નિત્ય

ઉદય છે. નિત્ય નામ સર્વ કાળ એકરૂપ ઉદય છે એમ કહે છે. ત્રિકાળી વસ્તુ એકરૂપ પ્રગટ છે. એમાં કોઈ પર્યાયનો ભેદ કે ગુણગુણીનો ભેદ એમ પણ નથી. આહા..હા..! એ દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવ્યો પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ, તો કહે છે કે એ જ મને પ્રગટ હો, મને બીજી કોઈ કામના નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?' 'इति मयि उदिते अन्यभावैः किम्'** આહા..હા..! **'પૂર્વોક્ત વિધિથી...' 'मयि उदिते' 'હું શુદ્ધ જીવસ્વરૂપ છું...' 'उदिते' 'એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં...' 'उदिते'** પ્રગટ થયો. **'એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં...'** આહા..હા..! જ્ઞાનમાં ચિદાનંદ સ્વરૂપ સ્વભાવ જીવપદાર્થ જ્યાં જ્ઞાન સ્વભાવ સન્મુખ થયું, એટલે પ્રત્યક્ષ આત્મા થયો. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પ્રતીતિ થઈ, સમ્યગ્જ્ઞાનમાં પ્રત્યક્ષ થયો. સમજાણું કાંઈ? અને સમ્યક્ચારિત્રમાં સ્વરૂપમાં સ્થિરતા થઈ. આહા..! છેલ્લા શ્લોકો છેને. એકલો કસ છે. **'मयि उदिते' ''હું શુદ્ધ જીવસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં અન્ય ભાવોથી અર્થાત્ અનેક છે જે વિકલ્પો...' 'अन्यभावैः किम्' 'શું પ્રયોજન છે?'** આહા..હા..! અન્યથી શું પ્રયોજન છે? આહા..! વ્યવહારના વિકલ્પથી શું પ્રયોજન છે? એમ કહે છે. બંધ અને મોક્ષનો વિકલ્પ, 'હું બંધ છું અને હું મોક્ષ છું, મોક્ષ થશે' એવા વિકલ્પથી, વ્યવહારથી પ્રયોજન શું છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આજે આવ્યું છે એ. પહેલા આવ્યું હતું હિન્દીમાં. શાંતિસાગર. મરાઠીમાં આવ્યું છે કે આ કાનજીસ્વામી તો એકાંત વ્યવહારને કહે છે અને પુણ્યને પણ ઉડાવી દે છે, હેય કહે છે. તો આપ આદેશ કરો. શાંતિસાગરને કહ્યું. એકાંત છે તો. તો એણે કહ્યું, હું પણ સમયસાર વાંચુ તો સમયસારની વિશેષતા એ છે કે પુણ્ય-પાપને હેય માને છે. હું પણ એમ જ કહીશ. આમ નરમ માણસ છે જરી. હું પણ એમ કહીશ. સમયસારની વિશેષતા એ છે કે જે વિકલ્પ દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ હેય છે. એ સમયસારની વિશેષતા છે. સમજાણું કાંઈ? પહેલાં આવ્યું હતું હિન્દીમાં. આ મરાઠીમાં આવ્યું છે. જિનેશ્વરદાસ! બતાવ્યું ને? અને બીજું, કાનજીસ્વામીએ વ્યવહાર તો લેવો પડશેને? તો કહે છે કે એમાં લખ્યું છે કે વ્યવહાર તો કુંદકુંદાચાર્ય હેય કહે છે તો કાનજીસ્વામી કહે એમાં શું છે? અરેરે! પ્રભુ! શું કરે છે તું, ભાઈ?

અહીં કહે છે કે વ્યવહારનું પ્રયોજન શું છે? આહા..! એ તો શુભરાગ છે, વિકલ્પ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ વિકલ્પ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ અને નવ તત્ત્વની ભેદની શ્રદ્ધાનો વિકલ્પ. આહા..હા..! એનાથી પ્રયોજન શું છે? અંદરમાં આત્મા દ્રવ્યસ્વરૂપ ભગવાન જ્ઞાયક જ્યોતિ વિદ્યમાન (છે). આહા..હા..! સમજાણું કાંઈ? બહેનની ભાષા તો સરળ આવી છે બેયની. 'જાગતો જીવ ઊભો છેને.' આહા..હા..! એક ભાષા તો જુઓ! જ્ઞાયકભાવ ધ્રુવ છેને. એનો અર્થ એ છે. જાગૃત જ્યોત ઊભી છેને અંદર. આહા..હા..!

આ સાદી ગુજરાતી ભાષા. શાસ્ત્રભાષા તો જ્ઞાયકભાવ છે. આહા..હા..! જ્ઞાયકભાવ જાગતી જ્યોત, જાગૃતસ્વરૂપ બિરાજમાન છેને. આહા..હા..! એ સિવાય તારે કામ શું છે હવે? આહા..હા..! જ્યાં તારે દૃષ્ટિ દેવાની છે તે તો પરમાત્મા જાગૃત જ્યોત પડી છે. આહા..હા..! એનું હોવું આનંદ અને જ્ઞાનથી હોવું એવા અસ્તિત્વથી ભરેલો છે પ્રભુ તો. આહા..હા..! તને શાંતિ જોઈએ, તને આનંદ જોઈએ તો એ શાંતિ અને આનંદ તો ભરેલા છે અંદર. આહા..હા..! એ અહીં કહે છે. આહા..હા..!

આત્મા આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાયકસ્વભાવ... રામજીભાઈ કહેતા હતાને રાતે કે બીજા પ્રશ્ન કરતા આત્માનું કેમ .. એ પૂછો. જિનેશ્વરદાસને. રાતે નહિ? ગઈ રાતે. વાત તો એ છે. આહા..હા..! ભગવાન અંદર વસ્તુ છે કે નહિ? અને અસ્તિ છેને. અસ્તિ છે તો એ જાગૃત ચૈતન્યસ્વરૂપ છેને. ચૈતન્યસ્વરૂપ છે તો ધ્રુવ છેને. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ કહે છે જુઓને, બે પ્રકાર લીધા છે. પહેલા '**अयं स्वभावः**' લીધો. પછી '**नित्योदयः**' લીધું. ભગવાન સ્વભાવ જેનો. અહીં તો '**अयं**' વિદ્યમાન સ્વભાવ એમ લીધું. પછી અર્થ ભલે કર્યો જીવપદાર્થ. સ્વ-પોતાનો ભાવ જ્ઞાયક ત્રિકાળ આનંદ આદિ એ સ્વભાવ સ્વયં '**अयं**' છેને? આહા..હા..! '**अयं स्वभावः**' '**नित्योदयः**' સર્વ કાળ પ્રગટ છેને. આહા..હા..! વિદ્યમાન અસ્તિ છેને, સત્તા છે, હોવાપણાથી ભરેલો પ્રભુ છે. આહા..હા..! ત્યાં દૃષ્ટિ દેવાથી તારે બીજું કામ શું છે? એમ કહે છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવી વાત છે. આહા..હા..!

બે શબ્દ વાપર્યા. '**अयं स्वभावः**', '**नित्योदयः**' '**परम् स्फुरतु**' એ અમને અનુભવમાં હો. બસ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અસ્તિ વિધિથી કહ્યું. ''**હું શુદ્ધસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપી જ્ઞાયકભાવ અસ્તિ, હોવાપણે બિરાજમાન જ્ઞાનમાં પ્રત્યક્ષ હોવા છતાં બીજાથી શું કામ છે તારે? વ્યવહારનું તારે શું કામ છે? એમ કહે છે. આહા..હા..! લોકો એમ કહે છેને કે વ્યવહારથી નિશ્ચય થાય... વ્યવહારથી (થશે). અરે પ્રભુ! ભાઈ! તને આકરું પડે છે, બાપુ! આહા..હા..! ભગવાન ભરેલો છેને અંદર. એના ભેટા કરને. તને બીજા વિકલ્પનું કામ શું છે? આહા..હા..! મીઠાલાલજી! આહા..હા..! બહુ થોડા શબ્દોમાં. અને શબ્દ શું લીધા?

'**उदिते**' '**उदिते**' પ્રગટ. પ્રત્યક્ષ થયો એમ કહે છે. જે વસ્તુ અંતર વિદ્યમાન આત્મા ભગવાન પૂર્ણાનંદ, નિત્યાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ દેવાથી ભગવાન આત્મા પ્રત્યક્ષ જ્ઞાનમાં પ્રત્યક્ષ થયો. આહા..હા..! પરોક્ષ રહેવું એનો સ્વભાવ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રકાશ નામનો એમાં એક ગુણ છે. ૪૭ શક્તિ છેને? એમાં ૧૨મી એક શક્તિ છે પ્રકાશ નામની. એ સ્વસંવેદન પ્રત્યક્ષ થાય એવી જ એની શક્તિ અને સામર્થ્ય છે. આહા..હા..! શક્તિ છે. સ્વસંવેદન. સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન થવું એવો તો એનો ગુણ છે. એ ગુણ એનો એવો છે. આહા..હા..! પણ સ્વીકાર કરે એનેને? આહા..હા..! છે. હું, પ્રત્યક્ષ થવાલાયક છું એવા

ગુણનો અને ગુણીનો ભેદ પણ કાઢીને જેણે સ્વીકાર કર્યો તો પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે, એમ કહે છે. આહા..હા..!

અને '**अन्यभावैः**' સ્વભાવના અનુભવની વાત કરી હવે '**अन्यभावैः**'. હવે નાસ્તિથી વાત કરે છે. અનેક પ્રકારના જે વિકલ્પો છે.. આહા..હા..! બંધ અને મોક્ષ સંબંધીનો વિકલ્પ, એ વિકલ્પથી તારે શું પ્રયોજન છે? આહા..હા..! આ તો બંધ-મોક્ષ સંબંધીના વિકલ્પો હોં! છે? જુઓ, '**अन्यभावैः**' '**અન્ય ભાવોથી અર્થાત્ અનેક છે જે વિકલ્પો તેમનાથી શું પ્રયોજન છે? કેવા છે અન્યભાવ?**' હવે અન્યભાવની વ્યાખ્યા કહે છે કે '**बन्धमोक्षपथपातिभिः**' આહા..હા..! 'મારામાં બંધ છે' એવો વિકલ્પ અને 'હું મોક્ષસ્વરૂપ છું' એવો વિકલ્પ. આહા..હા..! બંધ-મોક્ષના પક્ષમાં આવનારા વિકલ્પની જાળથી તારે શું પ્રયોજન છે? આહા..હા..! આવી વાત છે.

એ પહેલું હિન્દીમાં આવી ગયું હતું હોં એ શાંતિસાગરનું. પહેલાં આવ્યું હતું. આ મરાઠીમાં આવ્યું છે આજે. અને તે દિ' ત્યાં કહ્યું હતુંને. શેઠ હાજર હતા. શેઠ હતાને. જિનેશ્વરદાસજી. ૨૦૨૦ની સાલ બંસીધરજી ઊભા થઈને બોલ્યા હતા ગદગદ થઈને. ગદગદ થઈને બોલતા હતા. ઓહો..! જે અનંત તીર્થંકરો કહે છે તે આ સ્વામીજી કહે છે. એનો વિરોધ કરવો તે કુંદકુંદાચાર્યનો વિરોધ છે, એમ કહેતા હતા. અરે! પણ શું કરે? માણસને પક્ષ બંધાય જાય છેને. આહા..હા..! પક્ષ બંધાય છે આકરો પડે. જેમાં જેનો પક્ષ થઈ જાય, એના પછી હવે એનાથી છૂટવું... આહા..હા..! આકરું કામ બહુ, બાપુ! અનંતકાળથી પરિભ્રમણમાં એ બંધ અને મોક્ષના વિકલ્પના પક્ષમાં જ પડ્યો છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તો બંધ-મોક્ષના વિકલ્પથી પાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે અહીંયાં બંધ-મોક્ષના વિકલ્પથી પાર છે એને વ્યવહારથી નિશ્ચય થાય છે એમ ક્યાંથી આવ્યું? અરે! શું કરે? સમજાણું કાંઈ? એ શુભભાવમાં પણ કાંઈક બંધનું કારણ અલ્પ છે. આહા..હા..!

**શ્રોતા :-** પરલક્ષી છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરલક્ષી ભાવ છે તો બંધનું જ કારણ છે. આહા..હા..! ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય, પણ એ બંધનું કારણ છે. આહા..હા..!

અહીં કહે છે કે '**अन्य-भावैः किम्**' પ્રયોજન. આહા..હા..! પોતાની હયાતી પૂર્ણ આનંદની જ્યાં અનુભવમાં આવી, એ બાજુ ઢળવાથી જ્ઞાનનો અનુભવ થયો, બીજા વિકલ્પથી શું પ્રયોજન છે? આહા..હા..! તો પહેલાં પ્રયોજન હતું? પહેલાં આવતું હતું. પણ પ્રયોજન સ્વરૂપના અનુભવ માટે એનું પ્રયોજન નથી. આહા..હા..! આવો ભગવાન અંદર ચૈતન્ય જ્યોત જ્ઞાયકભાવથી પરિપૂર્ણ પરમપારિણામિક સ્વભાવ (ભરેલો છે). આહા..હા..! એ સ્વભાવનું ભાન થયું એમ કહે છે. એવા સ્વભાવનું સ્વસન્મુખ થઈને, પરથી વિમુખ થઈને અનુભવ થયો. હવે પછી તારે વિકલ્પથી બીજું શું પ્રયોજન છે? આહા..હા..! દયા, દાન, વ્રત ને

ભક્તિ ને પૂજાને એ તો ક્યાંય (રહી ગયા), આ તો બંધ-મોક્ષના પડનારા વિકલ્પ લીધા છે. બંધ અને મોક્ષ, બંધ અને મોક્ષ બે. પર્યાયમાં છેને. બંધ અને મોક્ષ એવા પર્યાયમાં વિકલ્પ ઉઠે છે એનાથી તારે શું પ્રયોજન છે? આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. માણસ પોતાનું કામ કરી શક્યા નહિ અને પછી બીજું પ્રયોજન લઈ લીધું. શુભભાવમાં પણ કાંઈક છે, શુભભાવમાં પણ કાંઈક છે. આહા..હા..!

**'बन्धमोक्षपथपातिभिः'** **'મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે,...'** મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે. 'મિથ્યાત્વ, શુભ-અશુભભાવ બંધનું કારણ છે' એવા વિકલ્પથી પણ તને શું કામ છે કહે છે. આહા..હા..! અને **'मोक्षपथ'** **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,—એવા જે પક્ષ...'** જુઓ ભાષા! પક્ષ. પક્ષથી શું કામ છે? આહા..! સમજાણું કાંઈ? ભારે કામ આકરું. આહા..હા..! મોક્ષમાં પણ **'मोक्षपथ'**માં પડનારો વિકલ્પ. એમ કહ્યુંને? જુઓ, **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,—એવો જે પક્ષ...'** 'આ સમ્યગ્દર્શન છે અને આ સમ્યગ્જ્ઞાન છે અને આ સમ્યક્ચારિત્ર છે' એવા વિકલ્પનો પક્ષ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભારે વાત. એ શાંતિસાગરે એટલું કહ્યું કે સમયસારની એ વિશેષતા છે કે પુણ્ય-પાપને હેય બતાવે છે અને વ્યવહારને હેય બતાવે છે. એટલા સરળ માણસ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે, પ્રભુ! તું કોઈ વસ્તુ છે કે નહિ? અને છે તો કોઈ સ્વભાવ તારો ત્રિકાળ છે કે નહિ? તું ત્રિકાળ છે તો કોઈ ચીજ ત્રિકાળી તારો સ્વભાવ છે કે નહિ? અને સ્વભાવ છે તો એ પરિપૂર્ણ છે કે નહિ? છે આત્મા એક વાત. એનો સ્વભાવ ત્રિકાળ છે એ બીજી વાત અને પરિપૂર્ણ છે કે નહિ એ એ ત્રીજી વાત. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વભાવમાં અપૂર્ણતા નથી, વિપરીતતા નથી, અલ્પતા નથી. આહા..હા..! એવા સ્વભાવની વ્યાખ્યામાં જ એ જીવપદાર્થ કહ્યો. ભગવાન જીવસ્વભાવવાન, જ્ઞાનસ્વભાવવાન પ્રભુ એવા સ્વભાવનો અનુભવ થતાં બંધ-મોક્ષમાં પડનારા વિકલ્પથી તને શું પ્રયોજન છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,—એવો જે પક્ષ...'** પક્ષ. આ સમ્યગ્દર્શન છે, આ સમ્યગ્જ્ઞાન છે, આ સમ્યક્ ચારિત્ર છે એ પક્ષથી પણ તને શું પ્રયોજન છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હિતની વાત છે, ભાઈ! લોકોને એવું લાગે કે આ તો વ્યવહાર અને સાધુને માનતા નથી, પણ પ્રભુ! સાંભળ તો ખરો. એ માને, ન માનેનું કામ શું છે તારે? એ આવ્યું છે એમાં હોં! કે સાધુને માને, ન માને તો સાધુને માનતા નથી એનું તમારે કામ શું છે કહે છે. એ આવ્યું છે. તમારું લક્ષ ત્યાં કેમ જાય છે કે અમને માનતા નથી. એ સાધુનું કામ છે? આહા..હા..! અરે ભાઈ! હજી સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનો વિષય શું છે? અને સમ્યગ્દર્શનના કાળે આત્મા પ્રત્યક્ષ જ્ઞાનમાં કઈ રીતે થાય છે અને

એમાં આનંદનો સ્વાદ અને શાંતિ કેવી પ્રાપ્ત થાય છે, (એની) ખબર નથી. આહા..હા..!

તો અહીં કહે છે કે '**મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે,...**' એવો પણ પક્ષ. એ પક્ષનું તારે શું કામ છે? આહા..હા..! ઓહો..હો..! અને '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,- એવો જે પક્ષ...**' આહા..હા..! '**તેમાં પડનારા છે...**' છેને? બંધ-મોક્ષના પક્ષમાં પડનાર વિકલ્પ. આહા..હા..! '**પોતપોતાના પક્ષને કહે છે,...**' આહા..હા..! ભારે કામ આકરું! બહારમાં પણ જેનો પક્ષ લીધો હોય એનો પક્ષ છોડવો હોય એ આકરું પડે. એ તો હજી સ્થૂળ વાત છે. આહા..હા..! પણ જેનો પક્ષ લીધો હોય એને પછી પુષ્ટિ પૂર્ણ કરે તો જ એને સખ આવે.

**શ્રોતા :-** એને વિચાર જ એવા આવે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિચાર જ એવા કરે. આહા..હા..! ઊંધી દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! પ્રયોજનભૂત વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્થાનકવાસી પક્ષ હો, શ્વેતાંબર પક્ષ હો, એમાં પણ કોઈ ગુરુનો પક્ષ હોય, એમાં ભેદ બહુ ચાલ્યો છે હમણા. બહુ પક્ષ થઈ ગયા. શિથિલાચાર. તિથીની તકરારો, ગુરુની તકરારો. અરર..! સમજાણું કાંઈ? એવું જેણે માન્યું છે એને છોડવું કે અમારા ગુરુ એમ કહે છે એ અમારે માન્ય છે માટે અમારે તિથી તો આ કરવી. મોટું આવ્યું છે એક. શુક્રવારે પર્યુષણ થઈ ગયા. ત્યારે ઓલો કહે અમારા પર્યુષણ તો કાલે છે. શનિવારે બે થયા છેને. આ વખતે બે થયા છે. એ પક્ષને લઈને છે. પક્ષના વાંધા. આહા..હા..! અને જેનો પક્ષ લીધો હોય એને ન છોડી શકે. એ તો એ દૃઢ કર્યે જ છૂટકો એને. મરી જાયને ભલે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ત્યાં તો... વાત, આ તો બહારની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બહારની વાત છે. આ તો અંદરની વાત છે. સમ્યગ્દર્શનનો પક્ષ કે આ સમ્યગ્દર્શન છે. પર્યાય ઉપરની દૃષ્ટિ છે એ પણ છોડાવે છે. પર્યાય ઉપરની દૃષ્ટિથી વિકલ્પ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બંધની પર્યાય ઉપર લક્ષ કરવાથી વિકલ્પ થાય છે અને મોક્ષમાર્ગની પર્યાય ઉપર લક્ષ કરવાથી પણ વિકલ્પ થાય છે. આહા..હા..!

'**તેમાં પડનારા છે અર્થાત્ પોતપોતાના પક્ષને કહે છે,...**' આહા..હા..! '**એવા છે અનેક વિકલ્પરૂપ.**' શું વાત ચાલી? કેવા છે અન્ય ભાવો? આ એની વાત ચાલી. કેવા છે અન્ય ભાવ? એની વ્યાખ્યા છે. આહા..હા..! '**ભાવાર્થ આમ છે કે એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે...**' આહા..હા..! '**તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી;...**' આહા..હા..! '**એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે, તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી;...**' આહા..હા..! મોક્ષમાર્ગના પક્ષનો પણ વિકલ્પ જ્યાં સુધી રહે (ત્યાં સુધી અનુભવ નથી થતો). આહા..હા..! પક્ષાતિક્રાંત વસ્તુ

છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ! બહુ સાર ગાથા. સમજાણું કાંઈ? **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી;...'** જેટલા કાળ સુધી વિકલ્પ હોય છે એટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી થતો. બીજા વિકલ્પની તો વાત ક્યાં પણ પોતાના મોક્ષમાર્ગનો પણ જ્યાં સુધી વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી અનુભવ નથી થતો. આહા..હા..! અરે! અનાદિકાળનો રખડતો કોઈપણ રીતે રખડવાના પ્રકારના અનંત એમાંથી એકપણ પક્કડ અંદરથી છોડે નહિ. આહા..હા..! અને છૂટવાનો એક પ્રકાર. સ્વનો આશ્રય લેવો એ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા,...'** આહા..હા..! વિદ્યમાન ભગવાન સ્વભાવનો જ્યાં અનુભવ થયો તો વિકલ્પ વિદ્યમાન રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! પોતાનું કામ કરવું છે એમાં પરમાં આ અને તે આ ક્યાં તોફાન મોટા? સમજાણું કાંઈ? **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી; શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા,...'** એ વિકલ્પને છોડીને નિર્વિકલ્પ ચૈતન્ય સ્વભાવનો અનુભવ થતાં વિકલ્પ રહેતા નથી. આહા..હા..! અને એ વિકલ્પ સ્વભાવમાં છે જ નહિ તો અનુભવમાં ક્યાંથી આવે? એ વિકલ્પ જે છે રાગ.. નયપક્ષ આપણે આવ્યુંને? સમજાણું કાંઈ? શરૂઆત થઈ ગઈ રાજકોટની. શેઠિયા આવ્યા અને ડોક્ટર આવ્યા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે?

૨૬૯ કળશ. આહા..હા..! શું કહે છે? કે ભગવાન **'अयं'** વિદ્યમાન દ્રવ્યસ્વભાવ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એમાં વસેલો સ્વભાવ એ નિત્ય ધ્રુવ છે. એનો પ્રત્યક્ષ અનુભવ કરવાથી વિકલ્પની હયાતી રહેતી નથી. આહા..હા..! તો વ્યવહારથી નિશ્ચય થાય એ વાત રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહાર પરસન્મુખ, નિશ્ચય સ્વસન્મુખ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેની દશા ફેર, પણ હવે તકરાર મોટી થઈ ગઈ આખી. એમ એકાંત કરી નાખ્યું બસ. સોનગઢનું એકાંત છે. આહા..હા..! તોપણ વળી શાંતિસાગરે એટલી જરી સરળતા વાપરી. પહેલાં હિન્દીમાં આવ્યું હતું અને આ મરાઠીમાં આવ્યું છે. પત્ર છે એમાં આવ્યું છે કે ભાઈ કાનજીસ્વામી એમ કહે છે કે પુણ્ય હેય છે, વ્યવહાર હેય છે, તો એકાંત છે. તો કહે, હું પણ સમયસાર વાંચુ તો હું પણ એમ જ કહું. એમ આવ્યું છે. શાંતિસાગર છેને. આપણે અહીંયાં આવ્યા હતા ૯૭માં. હું પણ એમ જ કહું. સમયસાર વાંચુ તો સમયસારની વિશેષતા એ છે. સમયસારની ખાસ વિશેષતા તો એ છે કે પુણ્ય અને વ્યવહારને હેય જાણીને આત્માનો આદર કરવો. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એ માને નહિ. પક્ષ થઈ ગયો પક્ષ માણસને. જેનો પક્ષ થાય એને... આહા..હા..! આનંદઘનજી કહે છે. 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે.' જેનો પક્ષ લઈને બોલું (એ સુખ માણે). જેનો પક્ષ છોડી દઉં તો કહે... આનંદઘનજી કહે છે. આહા..હા..! આનો પક્ષ લઈને

બોલું તો કહે હા, એ બરાબર છે. પક્ષ છોડીને વાત કરું તો કહે એ નહિ. આહા..હા..! આવી વાતું છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા, વિચાર કોનો કરવામાં આવે?'** આહા..હા..! જ્યાં મોક્ષના પંથમાં આવેલો વિકલ્પ પણ રહેતો નથી. ૨૬૯ કળશ. ગુજરાતી છે? આ હિન્દી ચાલે છે. આહા..હા..! જ્યાં સુધી બહારની મહત્તા અને વિશેષતા વિકલ્પની ભાસે ત્યાં સુધી અંતરની મહિમામાં જઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન વિશેષ હોય, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ હોય, પણ જ્યારે તેની વિશેષતા ભાસે ત્યાં સુધી અંદરમાં નહિ જઈ શકે, અંદરની મહિમા નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**जो इंदिये जिणित्ता**'માં એમ કહ્યુંને? ૩૧ ગાથા. ત્યારે ઓલા એમ કહે કે એ તો ઈન્દ્રિય જીતવાની વાત છે એમાં તો. લાંબું લાંબું એમાંથી શું કાઢ્યું? પણ એમાં છે ટીકામાં. ઈન્દ્રિયને જીતવું એને કહીએ કે દ્રવ્યઈન્દ્રિય, ભાવેન્દ્રિય અને એનો વિષય દેવ, ગુરુ અને શાસ્ત્ર અને વાણી એ બધું ઈન્દ્રિય છે. ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. ઓલા કપીલ.. કહેતા નહિ? '**इंदिये जिणित्ता**'... પણ એ '**इंदिये जिणित्ता**'માં શું છે? ઈન્દ્રિય જીતવી. ઓલા સુરદાસ હતાને સુરદાસ? સ્ત્રીને જોઈ તો આંખ ફોડી નાખી. સુરદાસ અન્યમતિમાં છે. એ ઈન્દ્રિયને જીતી કહેવાય? અને આંખે ન દેખે પરને એટલે કાંઈ ઈન્દ્રિય જીતી કહેવાય? ઈન્દ્રિય તરફના વલણવાળી જે દશા છે તેને છોડવી અને અણીન્દ્રિય સ્વભાવ તરફ આવવું એને ઈન્દ્રિય જીતી કહેવામાં આવે છે. ભગવાનની સાક્ષાત્ વાણી ત્રણ લોકના નાથ, ઈન્દ્ર જેની વાણી સાંભળે એવી વાણી. આહા..હા..! એ વાણી અને ભગવાન પોતે ઈન્દ્રિય છે એમ કહ્યું છે. ઈન્દ્રિયનો વિષય એ ઈન્દ્રિય છે. તેને જીતી ત્યારે કહેવાય કે એ તરફનું લક્ષ છોડીને અણીન્દ્રિય પરમાત્મા ભગવાન આત્મામાં જાય તો ઈન્દ્રિય જીતી કહેવામાં આવે છે. આમ બ્રહ્મચર્ય પાળે અને શરીરથી સ્ત્રી સેવે નહિ માટે ઈન્દ્રિય જીતી એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જેમાં ગુરુ ને દેવ ને શાસ્ત્ર એ પણ ઈન્દ્રિયના વિષયમાં જાય છે તો ઈન્દ્રિય કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે. કેમકે જ્યારે પર ઉપર લક્ષ જાશે તો એ ઈન્દ્રિયનો વિષય છે. એનાથી તો તને રાગ જ થશે. આહા..હા..!

અહીં તો મોક્ષના પંથમાં-માર્ગમાં સમ્યગ્દર્શન આ છે અને સમ્યગ્જ્ઞાન આ છે. આહા..હા..! અરે! પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેના ભેદનો વિકલ્પ એ પણ રાગ છે. નિયમસારમાં આવ્યું છે. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે. એકમાં એવા ત્રણ ભેદ કરવો એ રાગ છે. આહા..હા..! એ આવ્યુંને? પહેલાં આવ્યું હતું. '**अयं स्वभावः**' પદાર્થ છેને. '**તે જ એક અનુભવરૂપ પ્રગટ હો.**' પોતાના સ્વભાવનો એકરૂપ અનુભવ થતા. આહા..હા..! એ પક્ષમાં આવતો વિકલ્પ તેમાં વિદ્યમાન નથી રહેતો. આહા..હા..! આવો માર્ગ ઝીણો બહુ.

સમજાણું કાંઈ?

'**વિચાર કોનો કરવામાં આવે? કેવો છું હું?**' '**स्याद्वाददीपितलसन्महसि**' આહા..હા..! સ્યાદ્વાદનો અર્થ? દ્રવ્ય અને પર્યાય બે. એકાંત દ્રવ્ય નહિ અને એકાંત પર્યાય પણ નહિ. એ અનેકાંત. દ્રવ્ય પણ છે ત્રિકાળ અને અનુભવ કરતાં એ પણ પર્યાય છે. પર્યાય છે, દ્રવ્ય છે, પર્યાય છે એ સ્યાદ્વયાદ. સમજાણું કાંઈ? દ્રવ્ય જ છે અને પર્યાય નથી, એકાંત છે. કેમકે અનુભવ તો પર્યાયમાં થાય છે. દ્રવ્ય શુદ્ધ ધ્રુવ છે. અનિત્યથી નિત્યનું ભાન થાય છે. અનિત્યમાં નિત્યનું ભાન થાય છે. નિત્યનું નિત્યમાં ભાન થાય છે એમ છે નહિ. આહા..હા..! જો અનિત્ય ન માને કે પર્યાય નથી જ તો એકાંત છે, મિથ્યાત્વ છે, નિશ્ચયાભાસી વેદાંત છે; અને પર્યાય જ માને અને દ્રવ્ય ન માને. પર્યાય તો ક્ષણિક વર્તમાન છે, પણ એ છે કોની? ત્રિકાળી ચીજની. એને ન માને તો સ્યાદ્વાદી નથી, એકાંતી છે. સ્યાદ્વાદની વ્યાખ્યા કરી. સ્યાદ્વાદ શબ્દ પડ્યો છેને? '**स्याद्वाददीपित**' દ્રવ્ય અને પર્યાયરૂપથી પ્રગટ થયું છે. આહા..હા..! પર્યાયમાં દ્રવ્યનું પણ જ્ઞાન થયું અને પર્યાયનું પણ જ્ઞાન થયું. આહા..હા..! અહીં તો દ્રવ્ય-પર્યાય બે સાથે લેવું છેને. પર્યાયમાં દ્રવ્યનું પણ જ્ઞાન થયું અને પર્યાયનું પણ જ્ઞાન થયું. એવું પ્રગટ થયું છે. દ્રવ્ય પર્યાયરૂપે પ્રગટ થયું છે. આહા..હા..! પ્રગટ તો પર્યાયમાં થાય છે, પણ પર્યાયમાં પ્રગટ થયું શું? કે દ્રવ્ય અને પર્યાય બે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**दीपित**' '**પ્રગટ થયું છે...**' '**लसत्**' '**लसत्**' '**પ્રત્યક્ષ...**' આહા..હા..! લહલહાટ. લહલહાટ આવે છેને? હિન્દીમાં શું આવે છે? લહલહાટ. હિન્દીમાં નથી. '**लसत्**' લહલહાટ એમ કહે છે. '**लसत्**' લહલહારી. '**लसत्**' લહલહાટ આત્મા પ્રગટ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શીરાને નથી કહેતા લહલહાટ શીરો. શીરો. તરબોળ, લહલહાટ. એમ અહીંયાં '**लसत्**'. આહા..હા..! પર્યાયમાં '**लसत्**' પ્રગટ થાય છે, કહે છે. પર્યાયમાં પર્યાય અને દ્રવ્ય બે પ્રગટ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે દિ' પ્રશ્ન થયો હતોને ૨૦૧૦ની સાલમાં? શિવલાલભાઈ! તમારા પિતાશ્રીએ પ્રશ્ન કર્યો હતો. ૨૦૧૦ની સાલ. દેવ-ગુરુ-શાસ્ત્ર પર? કારણ કે ત્યાં અગાસમાં એ જ મંડાય આખો દિ'. આ ભક્તિ કરો અને આ કરો. દેવ-ગુરુ-શાસ્ત્ર પર? એ તો શુદ્ધ છે. શુદ્ધ પર કહેવાય? અનંતવાર પર કહેવાય કીધું ઈ. ત્રણલોકનો નાથ પણ પર છે, એની વાણી પણ પર છે. આહા..હા..! અને પર ઉપર લક્ષ જતાં રાગ જ થશે. આહા..હા..! એ તો સ્વલક્ષે સાંભળે છે તો સ્વનું જ્ઞાન થશે, પરલક્ષે સાંભળે તો જ્ઞાન સમ્યક્ થાય જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. રાતે કહેતા હતાને. આ પુસ્તકમાં પણ એ જ આવ્યું છે, ભાઈ! બહેનના પુસ્તકમાં બહુ સરસ વાત. પછી જિનેશ્વરદાસ કહે કે હિન્દીમાં છપાવાનું કહ્યું રામજીભાઈને. બહુ સારું કીધું એમાં શું? એ રામજીભાઈનું કામ. આપણું કામ નહિ. છતાં

મેં તો પહેલા કહ્યું હતું. દસ હજાર હિન્દી, છ હજાર ગુજરાતી. સોળ હજાર છપાવવા. પણ ઓલો તાર આવ્યોને એમાં કાંઈક શંકા પડી ગઈ. તાર આવ્યોને. અને એમાંથી કોક વળી એમ પણ કહેતું હતું કાંઈક કોણ જાણે શું હશે ગુપ્ત વાત. રતનલાલજીએ કાંઈક સાંભળ્યું એમ કે વાત. એથી ત્યાં થયું. પક્ષ આવ્યો કે આમ નહિ, ફલાણું નહિ. ઓલા નિવેદન મોઢા આગળ છે. એવું કોણ જાણે? ભગવાન જાણે. આવી ગડબડ. અરરર! આવી વાત.

અરે! અહીં તો બાપા સરળ સીધો માર્ગ છે. આહા..હા..! એમ કે ઓલા મોઢા આગળ આવ્યાને નિવેદન પ્રકાશ. એનો નકાર આવ્યો છે. અહીં તો કીધું અક્ષરે અક્ષર લખવું. રામજીભાઈએ કહ્યું કે અક્ષરે અક્ષર લખવું. રામજીભાઈએ એમ કહ્યું, કાઢી નાખવું કાંઈ નહિ. દુનિયા દુનિયાની જાણે. છોટાભાઈ! અરે! લોકો સાંભળે તો ખરા, ખબર તો પડે કે શું ચીજ છે. આહા..હા..! અને તે આત્મા એકાંત હિતની જ વાત એમાં છે, બીજી કોઈ વાર્તા-કથા કાંઈ ન મળે. વાંચ્યું કે નહિ થોડું? લઈ ગયા હતાને? ઠીક. આહા..હા..!

અહીંયાં તો એમ કહે છે કે '**लसत्**' '**प्रत्यक्ष...**' આહા..હા..! પ્રત્યક્ષ. જેમ સમુદ્રના કિનારે ભરતી આવે છે એમ '**लसत्**' આત્માના આનંદની ભરતી આવી અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? હવે કરવાયોગ્ય આ છે એને કરને. મફતની માથાકૂટે મરી ગયો. બહારમાં પક્ષ કરે, આ મારો પક્ષ છે અને આ મારો પક્ષ છે. એ બધો સંસારનો ભાવ છે અનાદિનો. એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**प्रत्यक्ष...**' '**महसि**' '**જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું.**' જોયું! '**प्रत्यक्ष...**' '**महसि**' '**જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું.**' પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર સ્વરૂપ. સ્વસંવેદનમાં જ્ઞાનમાત્ર પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. આહા..હા..! આવો માર્ગ છે. '**જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું.**' પ્રત્યક્ષ શું થાય છે? ભગવાન જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાન એટલે બધા અનંતગુણ ભેગા છે પણ આ વસ્તુ એકરૂપ ચૈતન્ય પ્રકાશનો પુંજ છે. પર્યાયમાં જ્યારે પ્રત્યક્ષ થયો તો પ્રત્યક્ષ એ થયું કે આ ચૈતન્યમાત્ર પ્રકાશનો પુંજ છે. એ ચૈતન્યસૂર્ય. ચૈતન્યસૂર્યના નૂરનું તેજનું પૂર પ્રભુ એ '**महसि**' એનું તેજ ખ્યાલમાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું.**' આહા..હા..! '**વળી કેવો છું?**' '**प्रकाशे**' '**સર્વકાળ ઉદ્યોતસ્વરૂપ છું.**' આહા..હા..! જોયું પ્રકાશ લીધું. ઓલું જ્ઞાયક લીધું છેને? અહીં પ્રકાશ શબ્દ છે. આહા..હા..! એ ત્રિકાળ જાગૃતસ્વરૂપ, પ્રકાશસ્વરૂપ છે પ્રભુ તો. આહા..હા..! જેમાં વિકલ્પનો અંધકાર છે જ નહિ. સમજાણું કાંઈ? '**સર્વકાળ ઉદ્યોતસ્વરૂપ છું.**' આહા..હા..! ત્રણે કાળે જ્ઞાનપ્રકાશ સ્વરૂપે સૂર્યપ્રકાશ છે. આહા..હા..! એવી ચીજનો સ્વીકાર કરતાં, એની સન્મુખ થતાં, એનો આશ્રય લેતાં, પર્યાયમાં દ્રવ્ય અને પર્યાયનું પૃથક્ જ્ઞાન થાય છે. આહા..હા..! આવી વાત છે. હવે આ ક્રિયાકાંડમાં મારી નાખ્યા લોકોને. ક્રિયા કરો... કરો... કરો... તપ કરો ને અપવાસ કરો ને આ કરો ને તે કરો. બાપુ! એ તો અત્યારે તો નથી, પણ એવું અનંતવાર કર્યું નવમી ગ્રૈવેયકે (ગયો ત્યારે), એ તો આકુળતા છે. ચાહે તો પંચમહાવ્રત હો,

એ બધી આકુળતા છે. ભગવાન તો આનંદસ્વરૂપ છે. આહા..હા..!

'વળી કેવો છું?' '**शुद्धस्वभावमहिमनि**' '**શુદ્ધપણાના કારણે પ્રગટપણું છે જેનું.**' આહા..હા..! શુદ્ધ સ્વભાવને કારણે પર્યાયમાં પ્રગટ શુદ્ધપણું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ શુદ્ધપણું પ્રગટ થાય એ શુદ્ધોપયોગ છે. એ શુદ્ધોપયોગ એ ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધપણાના કારણે...**' '**महिमनि**' જેની મહિમા છે. શુદ્ધપણાના કારણે જેની મહિમા છે. પ્રગટપણું જેનું એમ કે શુદ્ધપણું પ્રગટ થાય છે. અનુભવમાં શુદ્ધ સ્વરૂપની શક્તિ હતી એ અનુભવમાં વ્યક્તતા, અનુભવમાં પ્રગટ આવ્યું તેને અહીંયાં શુદ્ધ સ્વરૂપનું પ્રગટપણું કહેવામાં આવ્યું છે. આહા..હા..! એક શ્લોકે તો ગજબ કામ કર્યા છે. આહા..હા..! ધીરો થઈને પ્રભુ! તારા હિતની વાત છેને, ભાઈ! આહા..હા..! તને એમ થઈ જાય કે અમે આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરીએ છીએ એને ઉડાવી દે છે. બાપુ! એમાં તારું અહિત છે. આહા..હા..! એમાંથી પાછો હઠી જા અને જ્યાં એ નથી ત્યાં જા. વિકલ્પ જ્યાં નથી ત્યાં જા. આહા..હા..! સમજાણું કાંઈ? આવું કામ. ૨૬૯ થયો. આહા..હા..! હવે ૨૭૦.

चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा
सद्यः प्रणश्यति नयेक्षणखण्डयमानः।
तस्मादखण्डमनिराकृतखण्डमेक-
मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।२७०।।

આહા..હા..! '**तस्मात् अहं चित् महः अस्मि**' '**તે કારણથી હું જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું;...**' '**चित् महः अस्मि**' '**चित्**' નામ જ્ઞાન '**महः**' તેજ પ્રકાશનો '**अस्मि**' હું તો ચૈતન્યમાત્ર પ્રકાશપુંજ છું. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયકજ્યોતિ કહો, ચૈતન્યપ્રકાશ (કહો), ભિન્ન-ભિન્ન ભાષાથી કથન છે. આહા..હા..! '**જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું;...**' આહા..હા..! ત્રિકાળ જ્ઞાનમાત્ર પ્રકાશસૂર્ય છું. સૂર્યમાં વળી આતાપ છે, ચંદ્ર છું. આ જિનચંદ્ર કહે છેને. '**વળી કેવો છું?**' '**अखण्डम्**' '**અખંડિતપ્રદેશ છું;...**' આહા..હા..! ભાષા જુઓ! '**અખંડિતપ્રદેશ છું;...**' મારો પ્રદેશ ખંડ નથી. અખંડ પ્રદેશ છું. આહા..! ભાવથી તો અખંડ છું, પણ પ્રદેશથી પણ અખંડ છું. આહા..હા..! એ પછી આવશે. તરત આવશેને? એ જ આવશે. '**न द्रव्येण खण्डयामी**'. સમજાણું કાંઈ? એ અધિકાર આવી ગયોને? આપણે ૨૫૨ શ્લોકમાં આવી ગયો. ૨૫૨માં આવી ગયું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. એ. આહા..હા..! હું અસંખ્ય પ્રદેશી એક ક્ષેત્ર છું. એક જ પ્રદેશી છું. અસંખ્ય પ્રદેશી તરીકે એક પ્રદેશી છું. આહા..હા..! એના ભેદ પાડવા કે આ પ્રદેશ ને આ પ્રદેશ, એ પરક્ષેત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અખંડ દ્રવ્ય જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે તે સ્વદ્રવ્ય છે અને એમાં જ્ઞાયકભાવ અને આ ગુણ છે એવો વિકલ્પ ઉઠવો તે પરદ્રવ્ય છે. અને ત્રિકાળી દ્રવ્યને સ્વકાળ કહેવામાં આવે છે. ત્રિકાળી વસ્તુને, ધ્રુવને સ્વકાળ કહેવામાં આવે છે. એક સમયની અવસ્થાને પરકાળ કહેવામાં

આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રિકાળી એકરૂપ સ્વભાવભાવને સ્વભાવ કહે છે. સ્વ-પોતાનો ભાવ કહે છે અને અનંત ભાવમાંથી એક ભાવ ભિન્ન પાડીને વિચારવું તે પરભાવ છે. આવી વાત આકરી પડે. શું થાય બાપુ? આહા..હા..! વાત તો એ છે.

**શ્રોતા :-** ફરીથી એકવાર કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય છે દ્રવ્ય વસ્તુ એ દ્રવ્ય જે એકરૂપ છે એ સ્વદ્રવ્ય છે અને એ દ્રવ્યમાં વિકલ્પ કરવો કે આ દ્રવ્ય છે અને આ ગુણ છે એવો વિકલ્પ કરવો તે પરદ્રવ્ય છે. અને અસંખ્યપ્રદેશ અખંડ પ્રદેશ છે. અસંખ્ય હોવા છતા પણ અખંડ છે, એક છે, એકરૂપ સ્વરૂપ છે તે સ્વક્ષેત્ર છે અને એક ક્ષેત્રમાં વિચાર કરવો કે આ પ્રદેશ અને આ પ્રદેશ એમ ભિન્ન વિચાર કરવો તે પરક્ષેત્ર છે અને ત્રિકાળી ચીજને એકરૂપ જાણવી તે સ્વકાળ છે. આહા..હા..! અને એક સમયની પર્યાયને ભિન્ન કરીને જાણવી તે પરકાળ છે અને ત્રિકાળી સ્વભાવભાવ એકરૂપને જાણવો તે સ્વભાવ છે સ્વભાવ છે, પોતાનો ભાવ છે અને એ ભાવમાં આ જ્ઞાન છે અને આ દર્શન છે એવો વિકલ્પ કરવો તે પરભાવ છે. આહા..હા..! પરદ્રવ્યની પર્યાયને પરભાવ કહે છે. રાગને પરભાવ કહે છે અને અહીં તો ગુણભેદનો વિકલ્પ ઉઠાવવો તેને પરભાવ કહે છે. આહા..હા..! એ મારામાં છે નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભેદ એ મારામાં નથી.

**શ્રોતા :-** આ સૂક્ષ્મ ભેદજ્ઞાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સૂક્ષ્મ છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧, બુધવાર, તા. ૨૮-૦૯-૧૯૭૭, શ્લોક-૨૭૦, પ્રવચન નં. ૪૬૨

કલશટીકા ૨૭૦. થોડું ચાલ્યું છે. ફરીને લઈએ. 'तस्मात् अहं चित् महः अस्मि' ધર્મી જીવ પોતાના આત્માને એવો માને છે. 'अहं' '**હું જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું;...**' આહા..હા..! હું તો જ્ઞાનમાત્ર પુંજ છું. સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની ધર્મી પોતાને એવો માને છે, રાગ ને દ્વેષ ને પુણ્યાદિ ક્રિયા એ મારામાં નથી. અહીંયાં તો બીજી વિશેષ વાત કરશે. જે અનંતગુણ છે તો એક એક નયથી ગુણનું લક્ષ કરતાં ખંડ-ખંડ થાય છે. આહા..હા..! એ વસ્તુ તો અખંડ છે. અનંત શક્તિસ્વરૂપ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! એ ચીજમાં નયથી

એક નયે એમ કહે છે કે હું અખંડ છું, બીજી નયે કહે કે પર્યાયમાં ખંડ છું, એ બધા એક-એક નયે જો વિચાર કરવામાં આવે તો વસ્તુ અખંડમાં ખંડ-ખંડ થઈ જાય છે. આહા..હા..! તો દયા, દાન, અને વ્રત, ભક્તિ, પૂજાથી થાય એ વાત ક્યાંય રહી.

કેટલાકને એમ લાગે છે કે અમારા આ દયા, દાન, વ્રત, ભક્તિનો આદર નહિ, અનાદર કરે છે. તો એનો અર્થ છે કે તું એ નથી. આ જ્ઞાનપુંજ આવ્યુંને? આહા..હા..! તું નથી તો તારો અનાદર નથી કરતાં. તું નથી એનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે કે તમે અમારો અનાદર કરો છો, પણ તું છે કોણ? આ વ્રત ને નિયમ ને કરે છે, બાહ્ય સંયમ અને ઈન્દ્રિયદમન એ કોઈ ધર્મ નથી, એ કોઈ આદરણીય નથી. કેમકે વસ્તુમાં નથી. તો એમ માને છે કે અમારો અનાદર કરે છે, પણ તું છે કોણ કે તારો અનાદર કરે? તું તો જ્ઞાનપુંજ છો. આહા..હા..! સમજાણું કાંઈ? જે વ્રત ને તપ ને વિકલ્પ જે ઉઠે છે તે આત્મા નથી, તો આત્માનો અનાદર નથી કર્યો એમાં. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહા..હા..! એને એમ લાગે કે અરે! અમારા વ્રત ને તપ ને સમ્યગ્દર્શન વિના... પણ અમારે વ્યવહાર શ્રદ્ધા તો છેને. તો એનાથી પંચમહાવ્રત કે બાર વ્રતની ક્રિયા, દયા, દાન, પૂજા, ભક્તિ, મંદિર બનાવવા એમાં જે ભાવ છે એનો તો નિષેધ કરે છે કે એ તો ધર્મ નથી. પણ એમાં તારો નિષેધ ક્યાં થયો? સમજાણું કાંઈ? તું તો જ્ઞાનપુંજ છો. શેઠ! આહા..હા..! જે તું નથી એનો અનાદર કરે છે, આદર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! પ્રભુ! તારા હિતની વાત છે આમાં. આહા..હા..! એ શુભભાવની ક્રિયાકાંડમાં જે રાગ છે એનો આદર નહિ કરવો એમાં તો તારું હિત છે. સમજાણું કાંઈ? તારો અનાદર એમાં નથી. આહા..હા..! એ તો વિકલ્પ જે.. અહીંયાં તો નયના ખંડનો નિષેધ કરશે. આહા..હા..! તો નયના નિષેધનો ખંડ છે એ તારો અનાદર નથી. તું તો અખંડ જ્ઞાનપુંજ છોને, પ્રભુ! આહા..હા..!

એ કહે છેને? '**જ્ઞાનમાત્ર...**' જ્ઞાનપુંજ '**વળી કેવો છું? અખંડિતપ્રદેશ છું;...**' આહા..હા..! પહેલાં ભાવનો પુંજ કહ્યો, પછી પ્રદેશ અસંખ્ય છે તે અખંડ પ્રદેશ છે. પ્રદેશમાં ભિન્નતા નથી. આહા..હા..! અસંખ્યપ્રદેશી એક પ્રદેશી છે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં લીધું છે કે એક પ્રદેશી એકરૂપ, એકરૂપ પ્રદેશી. છે અસંખ્ય. એ તો સંખ્યાથી નિશ્ચય કરવો હોય તો અસંખ્ય બરાબર છે, પણ વસ્તુનો નિશ્ચય કરવો હોય તો એક પ્રદેશી એક જ ક્ષેત્ર એક જ રૂપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ, ભાઈ! આહા..હા..! અહીંયાં કહે છે કે અખંડિત પ્રદેશ છે. ભગવાન આત્મા જેને આત્મા કહીએ અને આત્મા જેને કહ્યો, સર્વજ્ઞ ત્રિલોકનાથે પણ જેને આત્મા કહ્યો, એ આત્મા તો જ્ઞાનપુંજ છે. આહા..હા..! અને અખંડપ્રદેશી છે. ભાવમાં કહ્યું, પછી પ્રદેશમાં અખંડ છે. અસંખ્ય પ્રદેશમાં કોઈ ખંડ ખંડ છે એમ નથી. સમજાણું કાંઈ? ઘણા વખત પહેલાં એ પ્રશ્ન ઉઠ્યો હતો કે પ્રદેશ અસંખ્ય છે એ તો ખંડ-ખંડ થઈ ગયો. અસંખ્ય તો સંખ્યાથી નિશ્ચય કરવો છે માટે અસંખ્ય કહ્યો,

પણ વસ્તુની દૃષ્ટિએ તો એ અસંખ્યપ્રદેશી એકરૂપ છે. આહા..હા..! આવી વાત! આહા..હા..!

**શ્રોતા :-** નિયતપ્રદેશત્વશક્તિ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહ્યું હતું. એમાં કહ્યું હતું. એ જ કહ્યું કે નિયતપ્રદેશત્વ એ પ્રદેશ નિશ્ચય છે એ અપેક્ષાએ નિયતપ્રદેશ કહ્યો છે. નિયતપ્રદેશ શક્તિમાં એ કહ્યું. નામ નહોતું લીધું મેં. મારે કહેવું હતું ઈ. નિયતપ્રદેશ અસંખ્ય પ્રદેશ નિશ્ચયથી તારા છે. એ તારી એક શક્તિ છે. આહા..હા..! અહીંયાં બીજી રીતે કહે છે. એ તો સંખ્યાએ અસંખ્ય છે એ નિશ્ચય છે, સંખ્યાએ અનંત છે એમ નહિ, એ માટે તેને નિયતપ્રદેશત્વ કહ્યું. આહા..હા..! ઝીણી વાત છે. અહીંયાં તો અખંડ પ્રદેશી. આહા..હા..!

એ તો કહ્યું નહિ? કાલે કહ્યું હતુંને ૨૫૨ શ્લોક. ૨૫૨ કળશ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું અખંડ છું. દ્રવ્યથી હું ત્રિકાળી વસ્તુ છું અને એમાં ભેદ કરવો એ પરદ્રવ્ય છે. આહા..હા..! અને ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી એક ક્ષેત્રથી એકરૂપ છું, એમાં પ્રદેશનું ભિન્ન લક્ષ કરવું તે પરક્ષેત્ર છે. આહા..હા..! જિનેશ્વરદાસજી! કાલે આવ્યું હતુંને? ૨૫૨. આહા..હા..! અને કાળથી ત્રિકાળી ચીજ એ સ્વકાળ છે. એક સમયની પર્યાય નિર્મળ છે એ પણ પરકાળ છે. આહા..હા..! અરે ભગવાન! અહીંયાં તો દ્રવ્ય અને પર્યાય બેયને સ્યાદ્વાદમાં લેશે. અહીંયાં. સમજાણું? દ્રવ્ય પણ છે, પર્યાય નિર્મળ હોં! વિકૃતની અહીંયા વાત નથી. કેમકે જ્ઞાનપુંજ છે એ રાગનો જાણનાર રહે છે. પોતાના ભાવમાં, પોતાના ક્ષેત્રમાં જાણનાર રહે છે, પણ રાગના ક્ષેત્રમાં અને રાગના ભાવમાં એ જ્ઞાન જાતું નથી. આહા..હા..! આવી વાતું હવે. કોઈ દિ' સાંભળ્યું ન હોય ને આ ધર્મ. ઈચ્છામી પડિક્કમણા, ઈરિયાવિરિયા.. મિચ્છામી દુક્કડમ જાવ થઈ ગયું. તસ્સઉતરી કરણેં. આહા..હા..! એકલાએ કર્યું હતું તમે? બેય જણાએ કર્યું હતું. આહા..હા..! અમે પણ એ કર્યું હતું પહેલાં. દુકાન ઉપર આઠ દિ'ના પર્યુષણે હંમેશા પ્રતિક્રમણ કરીએ, આઠ દિ'માં ચાર અપવાસ ચોવિહારા. ચોવિહાર એટલે પાણી નહિ. અપવાસ પાણી વિના. એવું કરીએ. સાંજે પછી સજ્ઝાય કરીએ. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે... અહીં તો એ સિદ્ધ કરવું છે કે ભાવે અખંડ છું અને ક્ષેત્રે પણ અખંડ છું. કેવો છે? '**अनिराकृतखंडम्**' '**કોઈના કારણે અખંડ નથી થયો,...**' કોઈ કારણે અખંડ નથી. અખંડ સહજ સ્વરૂપ છે. શું કહ્યું? આહા..હા..! ભગવાન આત્મા અખંડ પ્રદેશી અને અખંડ ગુણથી ભરેલો એ કોઈએ કર્યો નથી, એ સહજ સ્વરૂપ જ એવું છે. આહા..હા..! છે? '**अनिराकृतखंडम्**' '**કોઈને કારણે અખંડ નથી થયો,...**' આહા..હા..! '**સહજ જ અખંડરૂપ છું;...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**વળી કેવો છું?**' '**एकम्**' '**સમસ્ત વિકલ્પોથી રહિત છું;...**' આહા..હા..! વ્યવહારના દયા, દાન, વ્રતના વિકલ્પ તો ભિન્ન ચીજ છે, એ તારી ચીજ નથી, તારામાં નથી. સમજાણું કાંઈ? તો લોકોને એવું લાગે છેને

કે એ વ્યવહાર વ્રતાદિનો તો તમે નિષેધ કરો છો. પણ પ્રભુ તારો નિષેધ નથી, તારાથી વિપરીતભાવનો નિષેધ છે. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! બાપુ! તારો અનાદર નથી.

ભાઈ! તું કોણ છો? આહા..હા..! તું ભગવંતસ્વરૂપ, અખંડ પરમાત્મસ્વરૂપ પ્રભુ તું છો! આહા..હા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, મંદિર આદિનો ભાવ એનો નિષેધ કરે છે કે એ નથી, એ ધર્મ નથી, એ તારી ચીજ નથી, તારામાં નથી. તો તારામાં નથી એનો અનાદર કરે છે, તારો અનાદર નથી કરતા. આહા..હા..! શાંતિભાઈ! આ લોકો રાડું પાડે છેને. અમારા દિગંબર મુનિઓને માનતા નથી, પગે લાગતા નથી. ભાઈ! બાપુ! તું કહે ભાઈ! આહા..હા..! એ પ્રભુ તો અખંડ છેને. આહા..હા..! એનો અનાદર કોણ કરે? અનાદર તો વ્રતાદિનો વિકલ્પ જે છે એ ધર્મ નથી એમ અનાદર કરીએ છીએ. ચંદુભાઈ! ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! પ્રભુ! તારા હિતમાં અહિત કરનારા તેનો અહીં અનાદર કરીએ છીએ. આહા..હા..! તારું હિત જે છે એ તો અખંડ ભગવાન આત્માના અવલંબને હિત પ્રગટ થાય છે. એ વ્યવહાર વ્રત, તપના વિકલ્પ એનાથી અખંડ પ્રભુ દૃષ્ટિમાં નથી આવતો. આહા..હા..! આવી વાતું હવે.

**'સહજ જ અખંડરૂપ છું; વળી કેવો છું? સમસ્ત વિકલ્પોથી રહિત છું;...'** **'एकम्'** શબ્દ છેને? એકરૂપ છે, શુદ્ધ છે, એકરૂપ છે. કોઈ વખતે **'एकम्'**નો શુદ્ધ અર્થ કરે છે. કોઈ વખતે શુદ્ધનો એક અર્થ કરે છે. કળશટીકામાં બે આવે છે. આહા..હા..! તો અહીંયાં તો વિકલ્પ જે ઉઠે છે કે દયા, દાન, વ્રત કે નયનો વિકલ્પ એ અનેક છે, એ એકમાં તે નથી. તું તો એકસ્વરૂપી ભગવાન આત્મા. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય એકરૂપ અખંડ પૂર્ણ સ્વભાવનો કંદ એકલો. આહા..હા..! એ સમ્યક્ સત્ય દર્શનનો વિષય એ છે. આહા..હા..! આવું છે કામ.

**'સમસ્ત વિકલ્પોથી રહિત છું; વળી કેવો છું?'** **'एकान्तशान्तम्'** હવે અસ્તિ લીધી. પહેલા નાસ્તિથી કહ્યું. હવે **'एकान्तशान्तम्' 'एकम् एकान्तशान्तम्'** આહા..હા..! અકષાય સ્વભાવથી ભરેલો શાંતરસ. વિકલ્પ છે એ તો અશાંતિ છે, દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વરૂપ છે એ તો એકાંત શાંત... શાંત... શાંત... ઠરી ગયેલો ઉપશમ રસકંદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'एकान्तशान्तम्'** એકાંતનો અર્થ એ કર્યો. આ એકાંત-એકાંત કરે છેને ભાઈ! તો અહીં એકાંતનો અર્થ સર્વથા કર્યો. સર્વથા પ્રકારે શાંત છે એ જ એકાંત છે. એકાંત-એકાંત કરે છે, પણ એકાંત એને જ કહે છે કે સર્વથા પ્રકારે શાંત છે તેને જ એકાંત કહે છે. એકાંતની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એકાંત છે. એ એકાંત, વસ્તુ જ એકાંત છે. આહા..હા..! પ્રવિણભાઈ! આ તો એકાંત શબ્દ આવ્યોને તો સર્વથા કહ્યું. એનો અર્થ કે એકાંત સર્વથા વિકલ્પથી રહિત છે. આહા..હા..!

એકાંત શાંત છે, એકાંત શાંત છે. આહા..હા..! એ સ્તુતિમાં નથી આવતું? 'ઉપશમ રસ

વરસે રે પ્રભુ તારા નયનમાં, ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' ઉપશમ રસનો કંદ નાથ અંદર આહા..! બરફની જેમ શું કહેવાય આ મુંબઈમાં? બરફની પાટ. ૨૫-૨૫, ૩૦-૩૦ મણની. અમે રસ્તે નીકળીએ તો દેખાય ઓલા ખટારામાં પાટ. ૫૦-૫૦, ૬૦-૬૦ મણની બરફની ખુલ્લી પડી હોય ખુલ્લી. આહા..હા..! એમ આ ભગવાન આ શાંતરસની.. શું કીધું એ? પાટ. શાંતરસની પાટ છે. હીમ-હીમ. બરફ હોય છેને? ત્યાં મુંબઈમાં બરફની શીલા. ૨૫-૨૫ મણની. ૩૦-૩૦ મણ. એક-એક ખટારામાં બે-ત્રણ-ચાર નાખે. દોઢસો મણ થઈ જાય. આહા..હા..! આમ નીકળે ખટારા. અરે.. આ નહિ, ભાઈ! એ બરફની પાટ એ નહિ. આ તો શાંતની પાટ આ છે. આહા..હા..! શીતળ... શીતળ... શાંત અકષાયસ્વભાવ, તારી ચીજ અકષાયસ્વભાવની પાટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બરફની પાટ છે એ તો પરમાણુ જડ માટી ધૂળ છે અને એ તો અનંત દ્રવ્ય મળીને થઈ છે. આ તો એક દ્રવ્ય. સમજાણું કાંઈ? એ બરફની પાટ હોય ૨૫ મણની, પણ એ અનંત રજકણો મળીને ઠંડી દેખાય છે. આ તો ભગવાન એક જ દ્રવ્ય પોતે જ અનંત શાંત છે એક જ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અકષાય શાંત અથવા વીતરાગ સ્વભાવથી ભરેલો છે. શાંતનો અર્થ વીતરાગ... વીતરાગ... વીતરાગ... આહા..હા..! જેમાં રાગની અશાંતિનો તો નાશ છે. આહા..હા..! અને શાંતિની અસ્તિ છે. પ્રભુ શાંતિનું અસ્તિત્વ તત્ત્વ છે. આહા..હા..! અવિકારી શાંતરસની પાટ તારો આત્મા છે. આહા..હા..! એની સામે તારે જોવું નથી અને આ દયા, દાન, વ્રત અને વિકલ્પ કર્યા એની સામે જોવું, એ તારા અસ્તિત્વમાં નથી એને જોવું એ તો મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! આકરું કામ, ભાઈ! આહા..હા..!

હમણા એક જીવાત નીકળી છે બહુ, કીડી સિવાય ઝીણી... ઝીણી... ઝીણી... તો એટલી લાગે અરેરે..! કીધું આ! આહા..હા..! આ કીડી. કીડી નહિ હોં પણ એવી ઝીણી જીવાત છે. ઝીણી બહુ જીવાત છે. બહુ ઝીણી. તો એ બિચારી ક્યારે માણસ થશે? અરેરે! ક્યારે એને જૈનસંપ્રદાય મળે? સંપ્રદાય મળ્યા છતાં સત્યનું ક્યારે શ્રવણ મળે? અને સત્યનું શ્રવણ મળે છતાં ક્યારે એ ભગવાન શાંતરસને પામે? આહા..હા..! કીડી બહુ ઝીણી. કીડી નહિ હોં. ઝીણી જીવાત એવી ઝીણી-ઝીણી. આહા..હા..! કેમકે એ પણ ભગવાનસ્વરૂપ છે અંદર. એ ઝીણી જીવાત થાય છે. જીવાત કહે છેને? જીવાત-જીવાત. ઝીણી. આ કીડી હોય છેને? એનાથી પણ ઝીણી, એનાથી પણ નાની હોય છે. એને જીવાત કહે છે. આહા..હા..! એક એક જીવાતના શરીરમાં શાંતરસનો પિંડ પ્રભુ પડ્યો છે અંદર. આહા..હા..!

અહીંયાં એ કહે છે કે એકાંત શાંત. આહા..હા..! ગજબ અર્થ કર્યો છેને! એકાંત શાંત. કથંચિત્ શાંત અને કથંચિત્ અશાંત એ અનેકાંત છે? સમજાણું કાંઈ? આહા..હા..! એ નહિ. એકાંત શાંત. **'સમસ્ત પરદ્રવ્યોથી રહિત છું; વળી કેવો છું?'** **'अचलं'** **'પોતાના સ્વરૂપથી**

**સર્વ કાળે અન્યથા નથી;...**' આહા..હા..! પોતાના સ્વરૂપે ત્રિકાળી શાંતરસ અને અખંડાનંદ છે. આહા..હા..! ત્રણે કાળે નિગોદની પર્યાય હો, છતાં વસ્તુ તો પૂર્ણ શુદ્ધ અખંડ આનંદનો કંદ છે ત્યાં પણ. આહા..હા..! એ ચીજની મહિમા આવી નહિ તો વ્યવહારની મહિમા છૂટે નહિ. વ્યવહારની મહિમા જેને છૂટે.. કારણ કે એ ચીજ એમાં નથી. એની મહિમા છૂટે એને આત્માના આનંદની મહિમા લાગે. આહા..હા..! પડખું ફરવું. બહુ થાક લાગે તો આમ પડખું ફેરવે છેને. એમ પર્યાયમાં રાગ અને પુણ્યની ક્રિયાને પોતાની માને છે એ મિથ્યાદૃષ્ટિનું પડખું ફેરવ પ્રભુ એકવાર. આહા..હા..! તું ભગવાન છોને પ્રભુ! શરીર ન દેખ, રાગ ન દેખ એ વસ્તુમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ સ્ત્રીનું શરીર છે, આ પુરુષનું શરીર છે, એ તો માટી-ધૂળ છે. એ ક્યાં તારામાં છે? અરે! તારામાં દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ તારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવું ત્રિકાળ સ્વરૂપ તારું છે. ત્રિકાળ છે. પ્રગટ થશે ત્યારે પૂર્ણ શુદ્ધ છે એમ નથી. ત્રિકાળ એવું છે. આહા..હા..!

'**આવો ચૈતન્યસ્વરૂપ હું છું;...**' આહા..હા..! આ સમ્યગ્દૃષ્ટિ આમ માને છે. હું તો આ છું. આહા..હા..! હું તો પર્યાય જેટલો નથી, રાગ જેટલો તો નહિ, નહિ ને નહિ. આહા..હા..! પણ પોતાની પર્યાય જે છે એટલો પણ હું નથી. આહા..હા..! જે ચૈતન્યને, પૂર્ણાનંદને કબુલ કરે છે પર્યાય, કબુલાત તો પર્યાયમાં થાય છેને, તો એ પર્યાય જેટલો પણ હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો. તારો માર્ગ કહો કે વીતરાગનો કહો. આહા..હા..! આ તેરાપંથ અને વીસપંથ ને તકરાર કરે છેને. આ તેરાપંથી છે. તારો પંથ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અખંડ શાંતરસ મારું અને ચૈતન્ય સ્વરૂપ હું છું. હું તો ચૈતન્યના પ્રકાશનું પૂર નૂર, ચૈતન્યના તેજનો પુંજ હું છું. આહા..હા..! એ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? વીર્યની, પુરુષાર્થની ગતિ અનંત હોવી જોઈએ. આહા..હા..! ગુલાંટ ખાઈ જાય પર્યાય. આમ જે રાગને અને પર્યાયને માને છે તે ધ્રુવને માને એ પર્યાય તો ગુલાંટ ખાઈ ગઈ. ગુલાંટ સમજ્યા? પલટા. આહા..હા..! સ્ત્રી ને કુટુંબ ને દેશ એ તો હું નથી, પુણ્ય અને પાપનો ભાવ એ પણ હું નથી, પણ અલ્પજ્ઞપણું એટલો પણ હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મની શરૂઆત અખંડ પ્રદેશી અને અખંડ ભાવી ભગવાન શાંતરસનો પિંડ છે. અસ્તિ એની એ છે. એ અસ્તિ છે, સત્તા છે, હોવાપણું છે, પોતાની ચીજ જ એવી છે. આહા..હા..!

'**આવો ચૈતન્યસ્વરૂપ હું છું; કારણ કે...**' '**अयम् आत्मा नयेक्षणखण्डय़मानः सद्यः प्रणश्यति**' આહા..હા..! '**આ જીવવસ્તુ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક...**' નયની વ્યાખ્યા બધે ઠેકાણે છે. અનેકાંત છેને? તો દ્રવ્યાર્થિક દ્રવ્ય ત્રિકાળી અને એનો નિર્ણય કરનારી પર્યાય, એ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક તે અનેકાંત છે. એકાંત દ્રવ્ય જ છે અને એકાંત પર્યાય જ છે એ નહિ. આહા..હા..! જ્યારે તે સ્વભાવ અખંડ છે, એવો દ્રવ્યાર્થિકનો વિષય લક્ષમાં

લીધો તો પર્યાયમાં પણ નિર્મળતા આવી. તો એવા દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિકરૂપ **'એવા અનેક વિકલ્પરૂપ...'** હું દ્રવ્યે અખંડ છું અને પર્યાયમાં જેવડો છું એવા વિકલ્પથી રહિત. આહા..હા..! દ્રવ્ય-પર્યાયના વિકલ્પથી રહિત એમ કહે છે. 'હું અખંડ અભેદ દ્રવ્ય છું' એ પણ એક વિકલ્પ છે, નયપક્ષ છે. ૧૪૩ (ગાથા, સમયસાર). આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારનયનો તો નિષેધ કરતાં જ આવ્યા છે. ત્યાં ૧૪૩. પણ હવે તો પ્રભુ ભગવત્ સ્વરૂપ, શાંતરસ અને વીતરાગ મૂર્તિ પ્રભુ અખંડ એવો જે વિકલ્પ કરે છે એ પણ નયપક્ષ છે. આહા..હા..! ત્યાં વસ્તુ નથી. એ વિકલ્પથી રહિત મારી ચીજ છે. આહા..! છે?

**'જીવવસ્તુ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ અનેક લોચન...'** શું? 'એ જ્ઞાનનય કે આ દ્રવ્યાર્થિક છે અને આ દ્રવ્ય છે અને આ પર્યાય છે' એવા નયનું લોચન. આહા..હા..! **'તેમના દ્વારા અનેકરૂપ જોવામાં આવતી થકી...'** તેમના દ્વારા અનેકરૂપ આત્માને દેખે છે. આહા..હા..! **'सद्यः प्रणश्यति' 'ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી...'** આહા..હા..! વ્યવહાર વ્રતની વાત તો ક્યાંય ગઈ, પણ હું અનંતગુણવાળો, હું અનંતનય એ એક-એક નયનું લક્ષ કરવા જાય છે તો અખંડમાં ખંડ પડી જાય છે. સમજાણું કાંઈ? આત્મા ત્યાં નાશ પામે છે. આહા..હા..! નાશનો અર્થ? પર્યાયમાં આત્માનું અસ્તિત્વ વિકલ્પમાં રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો.! આવો માર્ગ વીતરાગનો. ભગવાન સીમંધર પરમાત્મા તો સભા વચ્ચે, ઈન્દ્રોની વચ્ચે પણ આ કહેતા હતા. એ સંદેશ લઈને કુંદકુંદાચાર્ય આવ્યા. અમૃતચંદ્રાચાર્ય ગયા નહિ ત્યાં, પણ અંતરમાં જઈને વાત કરી તો એણે આ લીધું. આહા..હા..! સમજાણું કાંઈ?

આજ કોઈનો કાગળ આવ્યોને? કોનો? કલકત્તાનો? કાગળ નથી આવ્યો કો'કનો ત્યાં બીજાનો? એમ કે સાધુ આવે એણે કબુલ્યું. વ્યાખ્યાનમાં નથી આવતા. મેરઠ લ્યો ભાઈ! તમે પ્રશ્ન કરતા હતાને કે મેરઠના સમાચાર આવી ગયા. ઘણા માણસો આવતા હતા. વિરોધ નહિ અને શાંતિ. કોઈ મુમુક્ષુ નહિ. બધા શાંતિથી સાંભળતા હતા. એક સાધુ હતા તો વ્યાખ્યાનમાં ન આવ્યા. પણ એણે બોલાવ્યા હુકમચંદજીને. ગયા. તો એને કહ્યું કે યથાર્થ માર્ગ તો આ જ છે. એક સાધુ છે. મેરઠમાં ગયા હતા. મેરઠમાં મુમુક્ષુ એક પણ નથી. પણ ત્યાંનો એક મુખ્ય માણસ છે જે શેઠની સાથે આવ્યો હતો. શાંતિપ્રસાદની સાથે. સુકુમાર સુકુમાર. તો એણે વિનંતી કરી એને-હુકમચંદજીને. હુકમચંદજીની છાપ બહુ થઈ ગઈ. ભાષણ વ્યાખ્યાનમાં ૧૦-૧૦ હજાર માણસ હોય તોપણ.. એમ જ લખ્યું છેને. આ તો દસ હજાર માણસ હોય તોપણ એની છાપ બહુ છે. આવે છે. ઘણું લખ્યું છે. ઘણા આવે છે અને વિરોધ બિલકુલ નથી. સાધુ વ્યાખ્યાનમાં નથી આવતા પણ સાધુએ મને બોલાવ્યો. તો ત્યાં અમે ગયા. વાતચીત થઈ. સોનગઢની વાત સત્ય છે. આહા..હા..! વાત તો પણ આ ક્યાં ઘરની વાત છે? આ તો વસ્તુની સ્થિતિ છે.

**શ્રોતા :-** સોનગઢકા સાહિત્ય મૈંને વાંચ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંચ્યા. હા એ. સોનગઢનું સાહિત્ય મેં જોયું છે. એ સાધુ છે કોક. બધું જોયું છે. યથાર્થ છે. એટલા કોઈ સરળ માણસ હોય. શાંતિસાગરે પણ એમ કહ્યું છેને. કાલે નહોતું કહ્યું? શાંતિસાગરને કોઈએ પૂછયું. અહીંયાં આવ્યા હતાને. ૨૪ કલાક રહ્યા હતા, ૧૯૯૭. કોઈએ પૂછ્યું કે આ સોનગઢમાં શું છે? એ પુણ્યને તો હેય માને છે. વ્યવહારને હેય માને છે. આપ એમાં આદેશ કરો. ભાઈ! હું સમયાસર વાંચું તો હું પણ પુણ્ય-પાપને હેય કહીશ. આહા..હા..! અને સમયસારની વિશેષતા એ છે. એમ લખ્યું છે હોં! સમયસાર.. અહીંયાં આવ્યા હતા, ચોવીસ કલાક રહ્યા હતા. અને એમ બોલ્યા હતા બહાર નીકળતા, અહીંયાં કોઈ તીર્થંકર એકલા મોક્ષે જાય એવી ચીજ નથી દેખાતી, સાથે લઈને જાય એવી કોઈ ચીજ દેખાય છે. એવું બોલ્યા હતા. કષાય મંદ હતો. બહુ ઘમંડ ને એવું નહોતું. દૃષ્ટિની ખબર નહોતી એ બીજી વાત છે. આહા..હા..! તો એણે એમ કહ્યું, હું પણ સમયસાર વાંચુ તો સમયસારની એ વિશેષતા છે કે શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપ બેય હેય છે. આહા..હા..! તો એમાં વ્યવહાર આવ્યો. એ પ્રશ્ન કર્યો એણે. પણ કાનજીસ્વામીએ વ્યવહારને સ્વીકારવો પડશેને. અરે! વ્યવહારને પણ કુંદકુંદાચાર્ય તો હેય કહે છે. એ બતાવ્યું હતુંને કાલે ભાઈ! પુસ્તકમાં. કુંદકુંદાચાર્ય તો વ્યવહારને (હેય કહે છે). પણ પુણ્યને હેય કહ્યું તો વ્યવહાર હેય એ આવી ગયું એમાં. આહા..હા..! લોકોને એમ થઈ તો જાય છે કે વાત તો સાચી છે, પણ શું કરવું? ચંદુભાઈ!

એ હમણા આવશે એક. સાંભળી હતીને વાત? પ્રિયંકરજી એક આવ્યા હતા. પ્રિયંકર કરીને એક શાસ્ત્રી પરિષદ છે. શાસ્ત્રના અભ્યાસી. તો એણે ખાનગીમાં કહ્યું. જમાદાર, બાબુલાલ જમાદાર છેને અહીંના વિરોધી પાક્કા. તો એની સાથે ચર્ચા થઈ. કે વાત શું છે? ક્રમબદ્ધની વાત તો સાચી લાગે છે અને એના સાધુ છે એ વિરોધ કરવા આવવાના હતા. પણ અહીં તો ના પાડી કે ભાઈ અમે કોઈની સાથે વાદવિવાદ કરતાં નથી. એણે પણ કહ્યું. શાસ્ત્ર જોતાં તો ક્રમબદ્ધ દેખાય છે. એ લાલબહાદુરે પણ કહ્યું. એ તો અહીં કહ્યું હતુંને ૩૦ વર્ષ પહેલાં. આગમ મંદિર ત્યાં પ્રવચનમંડપ. ક્રમબદ્ધ છે. જો ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય તો વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી ઉપાદાનમાં થાય એ વાત રહેતી નથી, પણ અમે શું કરીએ? અમે ઠેકેદાર રહ્યા. આહા..હા..! અમે મોટા માણસ છીએ અને અમે જો એ વાત કબુલ કરીએ તો લોકો સોનગઢ ચાલ્યા જાય, અમને તો માને નહિ. એમ કહ્યું, અમે નરક-નિગોદમાં જશું એવું લાગે છે. આહા..હા..! અરે! ચંદુભાઈ! અરે! પ્રભુ! એમ કહે હું મોટો છું. ભાઈ! બાપુ! આ માર્ગ તો પરમાત્માનો છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ... આહા..હા..! એનો આ માર્ગ છે. એમાં જરા પણ ખોડખાપણ કાઢવી એ વીતરાગમાર્ગમાં ખોડખાપણ કાઢવા જેવી વાત છે. અને એ ભાઈએ કહ્યુંને ઇંદોરવાળા બંસીધરજી શેઠ બેઠા હતા, આ

ભાઈ બેઠા હતા, આ શેઠ પણ બેઠા હતા. આ શેઠ પણ બેઠા હતા. 'સ્વામીજી કહે છે એનો જો વિરોધ કરો તો તે કુંદકુંદાચાર્યનો વિરોધ છે.' એમ કહીને રોવા લાગ્યા. આંખમાંથી આંસુ. આહા..હા..! એ કહે છે. એમાં જો ફેરફાર કરો તો કુંદકુંદાચાર્યનો વિરોધ છે. શેઠ! તમે બેઠા હતા. નાના શેઠ હતા ત્યાં? તમે હતા. અરે ભગવાન! માર્ગ પ્રભુ આ છેને. એ નહોતો અને નીકળ્યો એટલે તમને નવો લાગે છે. નવો નથી, અનાદિનો આ જ માર્ગ છે. આહા..હા..!

અહીં શું કહે છે જુઓ, જીવવસ્તુ '**અનેક વિકલ્પરૂપ અનેક લોચન તેમના દ્વારા અનેકરૂપ જોવામાં આવતી થકી ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી...**' વસ્તુ શોધી નહિ મળે. નયના વિકલ્પમાં જો રહેશે તો વસ્તુની શુદ્ધતા અખંડ છે એ શોધી નહિ મળે તને. આહા..હા..! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના વિકલ્પ તો બંધના કારણ છે, એ ધર્મ નથી. આવો, હોય, પણ એ જ્ઞાનાનંદસ્વભાવથી ભિન્ન છે. આહા..હા..! એ જ્ઞાનધારામાં કર્મધારા ભિન્ન છે. આવી ગયું સવારે? આહા..હા..! ભાઈ! એ હો, પણ છે દુઃખરૂપ. આહા..હા..! અહીં તો કહે છે કે એક-એક નયનો, એક-એક શક્તિનો વિચાર કરતાં શોધનો નાશ થાય છે. આહા..હા..! અંદર જે પૂર્ણાનંદના નાથની શોધ કરવી છે, તો એક એક નયનો વિચાર કરવાથી શોધપણાનો નાશ થશે. આહા..હા..! વ્યવહાર વ્રત ને તપ ને ભક્તિ તો ક્યાંય રહી ગયા, એ તો શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી—નાશ પામે છે.**' આહા..હા..! અખંડ વસ્તુમાં નયના વિકલ્પથી નિર્ણય કરવા જાય તો વસ્તુનો નાશ થાય છે. આહા..હા..! વસ્તુ અખંડ છે, અભેદ છે, સામાન્ય છે, ધ્રુવ છે, એકરૂપ છે. આહા..હા..! આ તો ધીરાના કામ છે. સમજાણું કાંઈ? એક સ્તવનમાં આવે છે 'ધીરજ ધરને અરે અધીરા' અરે! અધીરા ધીરજ ધરને. એ સ્તવન સજ્ઝાયમાળા આવે છેને ચાર. શ્વેતાંબરમાં આવે છે. એ દુકાન ઉપર વાંચેલા બધા. અહીં છે ચારેય પુસ્તક છે. 'ધીરજ ધરને અરે અધીરા.' અરે! ધીરજ ધરને, અંદર વીતરાગસ્વરૂપે ભગવાન બિરાજે છેને. આહા..હા..! આપણે એ શબ્દ લીધો છેને ભાઈ! ધીરજથી ધકતી પેઢી ધ્યાનના ધ્યેયથી ધકતી પેઢી... આહા..હા..! એ તો હવે હિન્દીમાં પણ આવી ગયું છે. પહેલા ગુજરાતીમાં આવ્યું હતું. હવે હિન્દીમાં આવ્યું. ધીરા... ધીરા... ધીરા... ધીરજ ધરીને અંતર સ્વરૂપમાં સૂક્ષ્મ ઉપયોગ કરીને જા. વસ્તુ સૂક્ષ્મ છે, અતીન્દ્રિય છે તો ઉપયોગને પણ ઘણો સૂક્ષ્મ કરીને અંદર પકડવો. આહા..હા..! એ ક્રિયાકાંડના રાગથી પકડાતો નથી. આહા..હા..! અહીં તો નયના વિકલ્પથી પણ પકડાતો નથી. ખોજ નહિ રહે, ત્યાં શોધ નહિ રહે. આહા..હા..! આવો માર્ગ છે.

'**આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે?**' શું કહ્યું? આટલા નયો અનંત, વસ્તુ એક એમાં અનંત નયો કઈ રીતે ઘટે? અનંત શક્તિ છેને. ૪૭ શક્તિ પછી આ વર્ણન છે.

૪૭ શક્તિનું વર્ણ બહુ સારું ચાલ્યું અહીંયાં. બહુ સારું ચાલ્યું. હતા તમે ક્યાંય? .. આહા..હા..! એવી તો અનંત શક્તિઓ છે, પણ એક-એક શક્તિનો નયથી વિચાર કરતાં તો સત્યની શોધનો નાશ થાય છે. આહા..હા..! '**આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે? ઉત્તર આમ છે : કેમ કે આવું છે જીવદ્રવ્ય...**' '**चित्रात्मशक्तिसमुदायमयः**' '**અનેક પ્રકારે—અસ્તિપણું, નાસ્તિપણું,...**' આ શક્તિ વર્ણવે છે. '**એકપણું, અનેકપણું, ધ્રુવપણું, અધ્રુવપણું ઈત્યાદિ અનેક છે...**' એવી શક્તિ અનેક છે. '**એવા—જે જીવદ્રવ્યના ગુણો તેમનું જે દ્રવ્યથી અભિન્નપણું...**' જીવદ્રવ્ય ગુણોના સમુદાયરૂપ તેમનું દ્રવ્યથી અભિન્નપણું-એકરૂપ. '**તે-મય અર્થાત્ એવું છે જીવદ્રવ્ય; તેથી એક શક્તિને કહે છે એક નય,...**' એક શક્તિને કહે છે એક નય. '**પરંતુ અનંત શક્તિઓ છે તેથી એક એક નય કરતાં અનંત નય થાય છે.**' આહા..હા..! '**એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે,...**' આહા..હા..! અનુભવમાં એ કોઈ કામ નથી કરતા. આહા..હા..! સવારમાં કહ્યું હતું નહિ?

દ્રવ્ય એવું છે કે જેના કાર્ય માટે અનેરા સાધનની રાહ જોવી પડે નહિ. આહા..હા..! પ્રભુ! માર્ગ તારો. નહિતર જન્મ-મરણ નહિ મટે. આ જન્મ-મરણ ચોર્યાસીનો અવતાર. દુનિયા ભલે માને, પણ અંદરની ચીજનો પત્તો ન લીધો તો તારું પરિભ્રમણ કદી ત્રણકાળમાં મટશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાવાતા પણ આવડ્યું, લોકોને સમજાવે માટે એ વસ્તુ અંદર મળી ગઈ એમ છે નહિ. આહા..હા..!

'**એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે, જીવનો અનુભવ ખોવાઈ જાય છે.**' ખોવાઈ જાય છે. આપણી ગુજરાતી ભાષામાં એમ છે. ગુજરાતી છે? ખોવાઈ છે. આહા..હા..! ખોવાય છે એનું ખો જાતા હૈ હિન્દી છે. આહા..હા..! એક એક નયથી એક એક શક્તિનો વિચાર કરવાથી ભગવાન આત્મા ખોવાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભાઈ આ. હજી ઓલાને તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને એનાથી ધર્મ માનવો છે. અને એને તમે મુનિ નથી માનતા, એમ કહે છે. તો મુનિ થઈને બતાવો. અરે બાપુ! મુનિપણું કોને કહવું? આહા..હા..! ભાવલિંગી સંત આનંદમાં ઝુલનારા. આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં ક્ષણમાં અને ક્ષણમાં વિકલ્પ ઉઠે છે. એમ અંતરમુહૂર્તમાં હજારો વાર સાતમું અને છઠ્ઠું આવે એ દશા કેવી? બાપુ! આહા..હા..! એ મુનિપણું ભાઈ! એ તો પરમેશ્વરપદ છે અને એ મુનિપણાની ધારામાં ચાલે તો શુદ્ધતા પ્રગટ થઈને કેવળજ્ઞાન થઈ જાય. આહા..હા..! એવી મુનિપણાની જ્ઞાનધારા, આનંદધારા, શાંતિની ધારા, વીતરાગી ધારા એ વધતા-વધતા કેવળજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારથી થાય છે એમ છે નહિ. અહીં તો નયના વિકલ્પનો પણ નિષેધ કર્યોને.

'**જીવનો અનુભવ ખોવાઈ જાય છે.**' આહા..હા..! જીવનો જે અનુભવ વેદન, 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અનુભવ,

વિકલ્પના પક્ષથી... આહા..હા..! ખોવાઈ જાય છે. ખોવાઈ જાય છે ભગવાન એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! અટકવાના અનેક પ્રકાર, છૂટવાનો એક પ્રકાર. સમજાણું કાંઈ? આહા..! **'તેથી નિર્વિકલ્પ જ્ઞાનવસ્તુમાત્ર અનુભવ કરવાયોગ્ય છે.'** આહા..હા..! એ માટે અભેદ નિર્વિકલ્પ-વિકલ્પ વિનાની ચીજ, એનું **'જ્ઞાનવસ્તુમાત્ર અનુભવ કરવાયોગ્ય છે.'** આહા..હા..! એવા ભેદનો વિકલ્પ પણ છોડીને વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એનો અનુભવ કરવાયોગ્ય છે. ત્યારે તેના જન્મ-મરણનો અંત આવશે. નહિતર જન્મ-મરણમાં ગોથા ખાઈને મરી જશે. એ વ્યવહાર કરે દયા, દાન ને વ્રત ને ભક્તિ, પૂજા ને મંદિર ને લાખો-કરોડો રૂપિયા ખર્ચે. સમજાણું કાંઈ? એમાં કોઈ ધર્મ નથી. આહા..હા..! માટે કહે છે કે નિર્વિકલ્પ અનુભવ કરો તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે એ ચાર બોલ લે છે.

**'न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रो भावोऽस्मि।'**

આહા..હા..! **'ज्ञानमात्रः भावः अस्मिः' 'હું તો વસ્તુસ્વરૂપ છું.'** આહા..હા..! જ્ઞાનમાત્રનો અર્થ એ લીધો. જ્ઞાનપ્રધાનતાથી આત્માને જ્ઞાનમાત્ર કહ્યું. બાકી અનંતગુણ છે એમાં. તો અહીંયાં જ્ઞાન **'अस्मिः' 'भावः अस्मिः' 'ज्ञानमात्रः भावः अस्मिः' 'હું તો વસ્તુસ્વરૂપ છું. વળી કેવો છું? ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું.'** આહા..હા..! જેમાં જાણન-દેખન સર્વસ્વ જેનો સ્વભાવ છે. આહા..હા..! એ જ્ઞાનસૂર્ય છે પ્રભુ. આહા..હા..! આ સૂર્યના પ્રકાશનો પણ પ્રકાશક તો જ્ઞાન છે. સમજાણું કાંઈ? એવો જ્ઞાનપુંજ પ્રભુ સર્વસ્વ જેનું. **'ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું.'** આહા..હા..! એ રાગાદિ એના નથી કાંઈ. સર્વસ્વ. પૂર્ણ સ્વ જ્ઞાનમાત્ર આત્મા છે. ચેતનામાત્ર સર્વસ્વ. પોતાનું સ્વ ચેતનામાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વસ્વ જેનું એવો છું.' 'एकः'** પહેલાં **'एकः'** આવી ગયું હતું. **'સમસ્ત ભેદવિકલ્પોથી રહિત છું.'** આહા..હા..! એવા નયના જે અનંત ભેદો છે એ ભેદથી પણ રહિત, વિકલ્પથી રહિત. **'વળી કેવો છું?' 'सुविशुद्धः' 'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું.'** આહા..હા..! હું તો જડ કર્મથી પણ રહિત છું, શરીર, વાણીથી રહિત છું અને ભાવકર્મ જે દયા, દાન વિકલ્પ ઉઠે છે એનાથી પણ હું તો રહિત છું. આહા..હા..! અરે ક્યાં રસ્તો? માણસ ક્યાં ચાલ્યો જાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? હું તો **'सुविशुद्धः'** ભેદરહિત **'सुविशुद्धः'**. આ **'सुविशुद्धः'** અધિકારની વાત છેને આ? આહા..હા..! દ્રવ્યકર્મ જડ આઠ કર્મથી રહિત હું ત્રિકાળ. પુણ્ય-પાપના ભાવથી ત્રિકાળ રહિત અને નોકર્મ વાણી અને શરીરથી પણ ત્રિકાળ રહિત (છું). એ તો ઉપાધિ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ તો ઉપાધિ છે, એમ કહે છે. આહા..હા..! ભાવકર્મને ઉપાધિ કહ્યુંને? જડકર્મ અને

શરીર, વાણી તો નિમિત્ત આ જડ પર છે, પણ એમાં જે શુભ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ એ ઉપાધિ છે, એ જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ઉપાધિ. ભાવકર્મ ઉપાધિથી રહિત.

હવે જ્યારે એને એમ કહે કે ભગવાન તારો વિકલ્પ જે છે ઈન્દ્રિયદમનનો, વ્રત આદિનો એ બધો સંસાર છે. તો એ કહે છે કે અમારો અનાદર થઈ જાય છે. પણ તારો અનાદર એમાં ક્યાં છે? તું તો આત્મા છો. આહા..હા..! આત્માનો અનાદર ક્યાં થયો? એ તો વિકલ્પ છે એનો અનાદર થયો. એ તો આદર કરવાલાયક નથી એનો અનાદર થયો. સમજાણું કાંઈ? એ કહે છે. સોનગઢવાળા દ્રવ્યલિંગી માને છે અને કોઈ સાધુને પગે નથી લાગતા. પ્રભુ! એનું તારે શું કામ છે? આહા..હા..! સાધુ તો પોતાના સ્વરૂપના અખંડનું વેદન પ્રચુર સ્વસંવેદન (કરે તે) ભાવલિંગ છે. સાધુનું ભાવલિંગ શું? એ રાગ એ ભાવ નહિ, મહાવ્રત આદિ એ ભાવ નહિ, એ તો ઉપાધિ છે. આહા..હા..! એનું ભાવલિંગ પ્રચુર સ્વસંવેદન આનંદનું, જ્ઞાનનું, વીતરાગભાવનું વિશેષ ચોથે ગુણસ્થાને જે વેદન છે એનાથી પ્રચુર સ્વસંવેદન ભાવલિંગી મુનિનું સ્વરૂપ છે. આહા..હા..! આવી વાતું આકરી પડે માણસને એટલે કહે નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એ જ સત્ય છે. આહા..હા..! વ્યવહાર તો બધા ઉપચારથી, આરોપથી કથન છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે '**द्रव्येण न खण्डयामि**' '**જીવ સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...**' આહા..હા..! સ્વદ્રવ્ય અખંડ છે એમ અનુભવતાં અખંડ છું. આહા..હા..! ખંડિત નથી, અખંડ છું. '**क्षेत्रेण न खण्डयामि**' '**જીવ સ્વક્ષેત્રરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...**' દૃષ્ટાંત દેશે. જેમ આંબો છે આંબો. દાખલો છે અંદર. છે? જુઓ, '**તોપણ ચાર સત્તા નથી,...**' નીચે છે. છેને? '**જેમ એક આમ્રફળ ચાર પ્રકારે છે...**' કોઈ અંશ રસ છે, કોઈ અંશ છાલ છે, કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠો છે, એમ નથી, એવું આમ્રફળ નથી. આહા..હા..!

'**તેમ એક જીવવસ્તુ (વિષે) કોઈ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવક્ષેત્ર છે, કોઈ અંશ જીવકાળ છે, કોઈ અંશ જીવભાવ છે,—એ પ્રમાણે તો નથી,...**' આહા..હા..! છે? '**એવું માનતાં સર્વ વિપરીત થાય છે. તેથી આ પ્રમાણે છે કે જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન...**' આહા..હા..! કેરી-આમ. સ્પર્શથી એ છે, રંગથી પણ એ છે, રસથી પણ એ છે, આહા..હા..! ગંધથી પણ એ છે. વર્ણ ભિન્ન છે અને ગંધ ભિન્ન છે એમ અંદર નથી. એમ દ્રવ્ય ભિન્ન છે અને ક્ષેત્ર ભિન્ન છે અને કાળ ભિન્ન છે એમ નથી. એ દ્રવ્ય પણ એ, ક્ષેત્ર પણ એ અને કાળ પણ એ અને ભાવ પણ એ. આહા..હા..! સ્વદ્રવ્ય કહો તો ક્ષેત્ર, કાળ અને ભાવ ત્રણે આવી જાય છે; સ્વક્ષેત્ર કહો તો દ્રવ્ય, કાળ અને ભાવ એમાં આવી જાય છે, સ્વકાળ કહો તો એમાં દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ આવી

જાય છે, સ્વભાવ કહો તો એમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ આવી જાય છે. આહા..હા..! આવી વાતું. સમજાણું કાંઈ?

જેમ કેરીમાં એક ગોટલી છે અને એક છાલ છે એમ જીવમાં ચાર નથી. દ્રવ્ય આ છે અને ક્ષેત્ર આ છે અને કાળ આ છે એમ નથી. એ તો કેરીમાં જેમ વર્ણ છે એ જ ગંધરૂપ છે, એ જ રસરૂપ છે, એ જ સ્પર્શરૂપ છે. આહા..હા..! એમ ભગવાન આત્મા જે દ્રવ્યરૂપ છે તે જ સ્વક્ષેત્રરૂપ છે, એ જ સ્વકાળરૂપ છે અને તે જ સ્વભાવરૂપ છે. આહા..હા..! ચાર ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને, વાત ક્યાં સુધી લઈ ગયા! નયના વિકલ્પનો નિષેધ કરીને ચાર ભેદનો પણ નિષેધ કરે છે. આહા..હા..! દ્રવ્ય બીજું છે, ક્ષેત્ર બીજું અને કાળ બીજો છે, ભાવ બીજો છે એમ નથી. દ્રવ્ય પણ એ ત્રિકાળી, ક્ષેત્ર પણ એ, કાળ પણ એ અને ભાવ પણ એ. આહા..હા..! દ્રવ્ય ભિન્ન છે, એનું ક્ષેત્ર ભિન્ન છે અને કાળ ભિન્ન છે, ભાવ ભિન્ન છે એમ છે નહિ. આહા..હા..! આવું તો સાંભળ્યું પણ નહિ હોય, પોપટભાઈ! આહા..હા..! અરે વસ્તુ બાપુ! આહા..! એ બે પાંખે ઉડે ચાર ગતિમાં પુણ્ય અને પાપથી. આહા..હા..! અરે ભાઈ! એ પાંખુ તોડવાની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે નયના વિકલ્પથી તો ખંડખંડ થાય છે, પણ દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન એવા ચાર પ્રકાર ભિન્ન કરવાથી પણ ખંડ-ખંડ થાય છે. અને એવી વસ્તુ છે નહિ. દ્રવ્ય છે તે અનંતગુણનો પિંડ એ દ્રવ્ય, ક્ષેત્ર છે અસંખ્ય પ્રદેશી એ જ ક્ષેત્ર અને એ જ દ્રવ્ય અને ત્રિકાળી જે કાળ છે એ જ ક્ષેત્ર અને એ દ્રવ્ય અને ત્રિકાળી એકરૂપ ભાવ એ જ ક્ષેત્ર, દ્રવ્ય અને કાળ છે. આહા..હા..! આવી વાત છે.

**'બિરાજમાન પુદ્ગલનો પિંડ છે,...'** પરમાણુ. **'તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે, રસમાત્રથી વિચારતાં રસમાત્ર છે, ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે, વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે; તેમ એક જીવવસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવે બિરાજમાન છે,...'** સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવે બિરાજમાન છે. આહા..હા..! આ શું કહે છે આ? અહીંયાં તો પરનો રસ છૂટવાથી સ્વનો રસ આવે છે. આહા..હા..! ભેદનો પણ રસ છૂટે તો અભેદનો રસ આવે છે. આહા..હા..! આવી વાત! આવો માર્ગ છે. આ દ્રવ્ય ને આ બધી નિર્મળની વાત છે હોં! ભાવ પણ નિર્મળ. પર્યાય કાળ પણ ત્રિકાળ. ક્ષેત્ર પણ ત્રિકાળ એકરૂપ ક્ષેત્ર, દ્રવ્ય પણ ત્રિકાળ એકરૂપ. દ્રવ્ય પણ એ, ક્ષેત્ર પણ એ, કાળ પણ એ અને ભાવ પણ એ. એ ચારેય એકરૂપ જ છે. ચાર ભેદ માટે ચાર ભેદ પડ્યા એમ નથી. આહા..હા..! તો કહે છે કે એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકરૂપ છે એવા વિકલ્પને છોડીને દૃષ્ટિ કરવી. આહા..હા..! એનું નામ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સ્વીકાર કહેવામાં આવે છે. આહા..હા..! અને ભેદનો સ્વીકાર કરતાં દ્રવ્યના સ્વભાવનો સ્વીકાર થતો નથી. આહા..હા..! વિશેષ કહેશે... **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)**

## ભાદરવા વદ-૨, ગુરુવાર, તા. ૨૯-૦૯-૧૯૭૭, શ્લોક-૨૭૧, પ્રવચન નં. ૪૬૩

કળશટીકા. ૨૭૧ કળશ. પહેલું મૂકી દીધું હતું, પણ ઓલું આવી ગયું છે બધું. વાત આવી ગઈ છે.

(शालिनी)

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।२७१।।

આહા..હા..! **'ભાવાર્થ આમ છે...'** પહેલેથી ભાવાર્થ લીધો. કીધા પહેલાં શું કહેવું છે એને જરી સ્પષ્ટ કરવા. **'જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે,...'** આ વાત ઉપાડી. એમ કે 'પર દ્રવ્ય જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે' એવી ભ્રાંતિ ચાલે છે. પર જ્ઞેય છે એ તો વ્યવહાર જ્ઞેય છે. નિશ્ચયમાં તો પોતાના જ્ઞાનની પર્યાયમાં જે સ્વદ્રવ્યનું જ્ઞાન થાય છે એ પોતાનું જ્ઞેય અને પોતાનું જ્ઞાન અને પોતાનો જ્ઞાતા છે. આહા..હા..! પહેલાં કહ્યુંકે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ જ છે. દ્રવ્ય છે એ જ છે, ક્ષેત્ર પણ એ જ છે, કાળ પણ એ જ છે અને ભાવ પણ એ જ છે. દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન એમ નથી. આહા..હા..!

વસ્તુ દ્રવ્ય જે અનંતગુણનો ભંડાર દ્રવ્ય, એ દ્રવ્ય એ જ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર, એ જ ત્રિકાળ અને એ જ ભાવ. જેમ કેરીની અંદર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. વર્ણ કહો તો એ, ગંધ કહો તો એ, રસ કહો તો એ અને સ્પર્શ કહો તો એ. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જુદાં છે કેરીમાં, એમ નથી. આહા..હા..! એમ આત્મા દ્રવ્ય એટલે અનંતગુણનો પિંડ પ્રભુ દ્રવ્ય એ જ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર. એ દ્રવ્ય એ જ ક્ષેત્ર છે અને એ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે એ જ દ્રવ્ય છે. અને જે અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે એ જ ત્રિકાળ કાળ છે અને એ જ ત્રિકાળ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાર પ્રકારના ભેદ પણ કાઢી નાખ્યા. આહા..હા..!

દૃષ્ટિનો વિષય તો દ્રવ્યસ્વભાવ, ક્ષેત્રસ્વભાવ, કાળ, ભાવ એકરૂપ સ્વભાવ છે. દૃષ્ટિના વિષયમાં ચાર ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય છે એ જ પંચમ પારિણામિકભાવ છે, ક્ષેત્ર છે એ જ પંચમ પારિણામિકભાવ છે. ત્રિકાળ વસ્તુ છે એ પરમપારિણામિકભાવ છે અને અનંતભાવ એ જ (પરમ) પારિણામિકભાવ છે. આહા..હા..! એ ચાર એક જ ચીજ

છે. ચાર ભિન્ન-ભિન્ન છે એમ નથી. સમ્યગ્દર્શનનો વિષય આહા..હા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક સ્વરૂપે અભેદ અખંડ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! આકરી વાતું ભારે! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનના વિષયમાં નિમિત્ત તો નથી, રાગ તો નથી, પણ એક સમયની પર્યાય સિદ્ધ આદિ કેવળજ્ઞાન એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..!

હવે અહીંયાં તો જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા. જ્ઞાન-જાણનાર, જ્ઞેય-જણાય છે, જ્ઞાતા-એ સર્વ ગુણોનો પિંડ. આહા..હા..! એ કહે છે જુઓ, '**જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક,...**' છે. આહા..હા..! અને '**પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્ય જ્ઞેય છે;...**' આહા..હા..! છ દ્રવ્ય એમાં અનંત કેવળીઓ આવ્યા, અનંત સિદ્ધ આવ્યા, અનંત નિગોદના જીવ આવ્યા. આહા..હા..! તો આત્મા જ્ઞાયક છે અને પંચપરમેષ્ઠી છ દ્રવ્યમાં આવ્યા તો એ જ્ઞેય છે, એમ નથી. આહા..હા..! જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહારસંબંધ પણ છોડાવે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! આહા..હા..! જાણકસ્વભાવ એવો ભગવાન આત્મા એ જ્ઞાયક. જ્ઞાયક-જાણનાર અને છ દ્રવ્યમાં અનંત કેવળી, સિદ્ધો આવ્યા. એ જ્ઞેય છે જ્ઞાનમાં એમ નથી. આહા..હા..!

એ કહે છે જુઓ, '**જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને...**' એક પરમાણુથી માંડીને અચેત મહાસ્કંધ કર્મ આદિ. આહા..હા..! અહીંયાં તો આત્મા જ્ઞાયક છે અને રાગ વ્યવહાર રત્નત્રયનો ઉત્પન્ન થવો રાગ એ જ્ઞેય છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એ જ્ઞાયક આત્મા અને એ જ્ઞેય છે એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બારમી ગાથામાં કહ્યું કે જાણેલો પ્રયોજનવાન છે. જાણવું થયું એ તો જાણે છે પોતાની પર્યાય. રાગને, વ્યવહારને જાણે છે એ પોતાની પર્યાય તો પર્યાય પોતાનું જ્ઞેય છે. રાગ જ્ઞેય તો વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ઝીણું. છ દ્રવ્યમાં જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદવાળો ભાવ, પંચમહાવ્રતના પરિણામ એ રાગ, એ પોતાનો સ્વભાવ તો નથી, પણ પોતાનું એ જ્ઞેય પણ નથી, એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે. પરજ્ઞેય છે. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..!

'**પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી,...**' એમ છે નહિ. ચંદુભાઈ! આહા..હા..! શરીરમાં રોગ આવ્યો તો આત્મા જ્ઞાયક છે અને રોગ જ્ઞેય છે એમ પણ નથી. એ વાત છે. ત્યાં ક્યાં સાંભળ્યું છે? તમાકુ અને બીડીમાં આ છે નહિ. શેઠ! અહીં તો કહે છે કે તમાકુ અને બીડી, સ્ત્રી, કુટુંબ અને પરિવાર એ જ્ઞાયકનું જ્ઞેય છે એમ પણ નથી. આહા..હા..! ગજબ વાત કરીને. પોતાનું તો નહિ, જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા એમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી અને વ્યવહારરત્નત્રયનો રાગ એ છ દ્રવ્યમાં આવે છે. તો છ દ્રવ્ય છે એ જ્ઞેય છે, જાણવાલાયક છે, એ પ્રમેય છે અને આત્મા પ્રમાણ કરનારો છે એમ નથી. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા** :- મીઠી-મધુર વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ આવી છે, બાપુ! અહીં તો પરથી સંકેલવાની વાત છે. આહા..હા..! આકરું કામ એને ભાઈ! અનંતકાળમાં એક અભેદને જાણ્યો નથી. આહા..હા..!

અહીંયાં કહે છે કે '**પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ...**' અનંત કેવળીઓ, પંચપરમેષ્ઠી જ્ઞાનમાં જ્ઞેય છે એમ નથી. મીઠાલાલજી! આહા..હા..! અરે! કેમકે આત્મા જે છ દ્રવ્યનું અને પંચ પરમેષ્ઠિનું જ્ઞાન કરે છે એ તો જ્ઞાનની પર્યાય એને કારણે નથી થઈ, એ એને કારણે નથી થઈ, પોતાથી થઈ છે તો પોતાના જ્ઞાનની પર્યાય પોતાનું જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે...**' '**अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि**' આહા..હા..! '**હું...**' '**अयं**' '**જે કોઈ...**' '**ज्ञानमात्रः भावः अस्मि**' '**ચેતનાસર્વસ્વ...**' જાણવું-દેખવું ચેતના સર્વસ્વ '**એવી વસ્તુસ્વરૂપ છું...**' '**ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...**' આહા..હા..! '**सः ज्ञेय**' '**તે હું જ્ઞેયરૂપ છું,...**' આહા..હા..! ચેતનાસર્વસ્વ હું છું. એ છ દ્રવ્યનું જ્ઞેયપણું એ પણ મને નથી. હું તો ચેતનાસર્વસ્વ જે પોતાની પર્યાય એ પોતામાં જ્ઞેય છે. આહા..હા..! આકરી વાતું ભારે! છેલ્લા શ્લોકોમાં તો એકદમ (સાર સાર લીધો છે). એ જ્ઞાનની પર્યાય જ્ઞાયક આત્મા છે, પણ એ જ્ઞેય છે કે નહિ? છ દ્રવ્ય કેવળજ્ઞાનમાં જ્ઞેય છે કે નહિ? વ્યવહારથી એનો અર્થ શું? છે નહિ. આહા..હા..! ભગવાન લોકાલોકને જાણે છે એમ નથી એમ કહે છે. ત્યારે શું લોકાલોકને નથી જાણતા? આહા..હા..! એ પોતાની જ્ઞાનપર્યાયમાં પોતામાં લોકાલોકનું જ્ઞાન પોતાને કારણે થયું એ પર્યાય પોતાનું જ્ઞેય છે, લોકાલોક જ્ઞેય નથી. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ! આહા..હા..! આ તો ધીરાના કામ છે, ભાઈ! આ કાંઈ એકદમ... આહા..હા..!

'**सः ज्ञेय न एव**' '**તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી,** કેવા **જ્ઞેયરૂપ નથી?**' '**ज्ञेयज्ञानमात्रः**' '**પોતાના જીવથી ભિન્ન...**' આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપથી ભિન્ન '**છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.**' હું નથી. આહા..હા..! છ દ્રવ્યના જાણપણામાત્ર હું નથી. હું તો મારા જ્ઞાનની પર્યાયને જ્ઞેય બનાવીને જાણનાર છું. આવી ઝીણી વાતું. માણસને વ્યવહારથી થાય. દયા, દાન ને વ્રત, ભક્તિથી નિશ્ચય થાય એ તો ક્યાંય રહી ગઈ પણ વ્યવહાર જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એ પણ દૂર થઈ ગયું. આહા..હા..!

**શ્રોતા** :- બહુ સૂક્ષ્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઝીણી વાત છે. છાલકી ખાલ કહે છેને, ભાઈ! છાલની ખાલ કાઢે એવી વાત છે. માર્ગ એવો છે.

**શ્રોતા** :- આપ જ સમજાવી શકો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! પણ ઓલા બીડીના પ્રેમમાં એના નામાને કેમ કાઢી શકો છો? શેઠ! એ નામુ કાઢી શકો છોને? .. કરે આમ. આની પાસે આટલા છે, આની

પાસે આટલા. ટેવાઈ ગયાને. આહા..હા..!

અહીંયાં તો એ લઈ-દઈ શકતો તો નથી, પણ એને જાણે છે એમ પણ નથી, એમ કહે છે. આહા..હા..! શેઠ! તમાકુ-બમાકુ કાનપુર જઈને પૈસા દે છે એ તો નહિ એમ કહે છે અહીંયાં. દાખલો ઘરના શેઠિયાનો આપીએને. પણ એ પૈસા આવ્યા પચાસ હજાર, લાખ એ જ્ઞેય અને હું જ્ઞાયક એમ પણ નથી. આહા..હા..! કેમકે જ્ઞેયને જાણવાની પર્યાય મારી. હું જ જ્ઞેય અને હું જ જ્ઞાન છું. આહા..હા..! હું ચૈતન્યસર્વસ્વ છું. એમાં પરનું જ્ઞેયપણું આવતું જ નથી એમ કહે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! તત્ત્વદૃષ્ટિ સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..! એણે અનંતકાળમાં અભ્યાસ પરનો, પર્યાયનો, રાગનો અભ્યાસ કર્યો. આહા..હા..! જન્મ-મરણથી રહિત થવાની રીત કોઈ અલૌકિક છે. આહા..હા..! અને તે પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. પણ પુરુષાર્થ ક્યો? આહા..હા..! આ શાસ્ત્ર છે, એ મારું જ્ઞાન છે અને આ જ્ઞેય છે એમ પણ નથી. અને મારા જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રનું જે જ્ઞાન છે એવું જ્ઞાન થયું તે એ કારણે નથી થયું. એ (પર) જ્ઞેયને કારણે નથી થયું. પોતાની પર્યાયમાં પોતાના જ્ઞેયને કારણે જ્ઞાન થયું છે. આહા..હા..! આવો માર્ગ છે. પરની સાથે શું સંબંધ છે? એમ કહે છે. જ્ઞેય-જ્ઞાયકસંબંધ પણ નહિ. આહા..હા..! જ્ઞેય-જ્ઞાયકસંબંધ કહેવામાં આવે છેને? સંબંધ તો વ્યવહાર છે. આહા..હા..! નિશ્ચયમાં તો એ છ દ્રવ્યનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થયું છે એ છ દ્રવ્યની હયાતીને કારણે આ પર્યાયમાં જ્ઞાન છ દ્રવ્યનું થયું એમ નથી. મારી પર્યાયમાં એટલી હયાતીની તાકાત છે કે પરની હયાતી છે તો હું છ દ્રવ્યની પર્યાયનું જ્ઞાન કરું છું એમ નથી. આહા..હા..! આવી વાત હવે.

કહે છે '**सः ज्ञेय न एव**' એ જ્ઞેય-જ્ઞાનમાત્ર, પરના જ્ઞાનમાત્ર જ્ઞેય એ નહિ હું. પરના જ્ઞાનમાત્ર એ હું નહિ. આહા..હા..! આ કળશટીકા તો પડ્યું હશે ઘરમાં. પુસ્તક તો છે કે નહિ ત્યાં ઘરે? પડ્યા હશે. નાના શેઠ વાંચે છે. આવી વાત છે, ભગવાન! આહા..હા..! આ તો ભગવાનની વાત છેને, ભગવાનદાસ! આહા..હા..! ગજબ વાત! દિગંબર સંતો સિવાય આ પદ્ધતિ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આ વસ્તુની સ્થિતિ.

ભગવાન! એ છ દ્રવ્ય છે એનું જ્ઞાન થયું એ જ્ઞેય .. તો એ જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે થઈ છે? એ તો પોતાની પર્યાય છે તો એ પોતાની પર્યાય એ જ પોતાનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું હતું બારમી ગાથામાં. એનો અર્થ એ કે એ પ્રકારના જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એ રાગ છે વ્યવહારનો એનું અહીંયાં જ્ઞાન પોતાની પર્યાયમાં એવું જ પોતાથી સ્વપરપ્રકાશની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. એ પોતાની પર્યાય જ પોતાનું જ્ઞેય છે. વ્યવહાર પણ જ્ઞેય નથી. આહા..હા..! આવી વાતું છે. આ તો ધીરાના કામ છે, બાપુ! આ કોઈ ઉતાવળીયા થઈને...

**શ્રોતા :-** ઉતાવળે આંબા ન પાકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઉતાવળે આંબા ન પાકે. આંબો વાવ્યા પછી થોડી ધીરજ જોઈએ. આહા..હા..! આંબા સમજો છોને? કેરી-કેરી. કેરીનું બીજ વાવે અને તરત ફળ આવે? તો ધીરજ જોઈએ થોડી. એમ ભગવાન આત્મા. આહા..હા..! તારી જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે તો એ જ્ઞેય છે તો અહીંયાં જ્ઞાન થયું એમ નથી. પોતાની પર્યાય જ એવી પ્રગટ થઈ છે કે એ પોતાનું જ્ઞાન અને પોતાનું જ્ઞેય એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** નથી. એમ કહે છે. શું કહ્યું એ? **'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** નથી. એના જાણપણામાત્ર હું નથી. આહા..હા..! પોતાની પર્યાયના જાણપણામાત્ર હું છું. સર્વસ્વ તો મારામાં છે. આહા..હા..! અરે!

**'ભાવાર્થ આમ છે કે—હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય...'** હું જાણનાર અને સર્વજ્ઞ પરમેશ્વર એ મારું જ્ઞાનમાં જ્ઞેય (એમ નથી). પરમેશ્વર મારા છે એ તો નહિ. આહા..હા..! પંચપરમેષ્ઠી મારા છે એમ તો નથી, પણ પંચપરમેષ્ઠી મારામાં જ્ઞેય છે એમ પણ નથી. આહા..હા..! એ પંચ પરમેષ્ઠીનું અહીં જે જ્ઞાન થયું એ એનું નથી થયું, પોતાની પર્યાયના સામર્થ્યથી થયું છે. એ પોતાની પર્યાય પોતામાં જ્ઞેય છે. આહા..હા..! આવું કામ છે. દૃષ્ટિને સંકેલી લીધી. આહા..હા..! પોતામાં જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા એ ત્રણ ભેદ પણ પછી કાઢી નાખશે. અહીંયાં તો હજી... સમજાણું કાંઈ? પર જ્ઞેય અને હું જ્ઞાયક એ તો કાઢ્યું, પછી પર્યાય જ્ઞેય છે અને હું જ્ઞાન છું, હું જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ એમાં નથી. જ્ઞાતા તે જ્ઞાતા છે અને જ્ઞાતા તે જ્ઞાન છે અને જ્ઞાન તે જ્ઞેય છે. આહા..હા..! આવી ચીજ! આહા..હા..! સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. સહેલો કરી દીધો છે સહેલો તદ્દન. આહા..હા..! અલ્પભાષામાં માર્ગ બહુ સરળ કરી દીધો છે. આહા..હા..! એ અનુભવપ્રકાશમાં આવે છે. આહા..!

**'ભાવાર્થ આમ છે કે—હું જ્ઞાયક અને સમસ્ત...'** સમસ્ત નામ મારા સિવાય બધા પર. **'છ દ્રવ્યો મારાં જ્ઞેય...'** છે. આહા..હા..! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય, કાળ, પરમાણુથી માંડીને સ્કંધ, કર્મ. કર્મ મારું જ્ઞેય છે અને હું જ્ઞાયક છું (એમ પણ નથી). આહા..હા..! કર્મ મારામાં તો નથી, મારા તો નથી, પણ કર્મ જ્ઞેય છે અને હું જ્ઞાયક છું એમ પણ નથી. આહા..હા..! અહીં પોકાર કરે છે. કર્મથી આમ થાય, કર્મથી આમ થાય. અરે..! સાંભળ તો ખરો નાથ! તારા જ્ઞાનની સામર્થ્યતા એટલી છે કે પરની અપેક્ષા એમાં છે નહિ. આહા..હા..! **'એમ તો નથી. તો કેમ છે? આમ છે'** **'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'** આહા..હા..! વસ્તુમાત્ર જ્ઞેય. **'જાણપણારૂપ શક્તિ,...'** મારી જાણપણારૂપ શક્તિ

**'અર્થાત્ જાણવાયોગ્ય શક્તિ,...'** એ જ્ઞેય. જાણપણારૂપ શક્તિ મારી અને જાણવાયોગ્ય શક્તિ પણ મારી. આહા..હા..! આવો માર્ગ એની મેળાએ તો આ સમજાય એવું નથી, પોપટભાઈ! આકરી વાત. આવી ગયા પોપટભાઈ કહે છે. ઓલા પૈસામાં રોકાઈ ગયા હતાને. આહા..હા..!

અહીં તો પ્રભુ કહે છે કે એ લક્ષ્મી જ્ઞેય છે તારી. લક્ષ્મી તો તારી નથી, એ તો જગતની જડ ચીજ છે, પણ એ જ્ઞેય છે અને તું જ્ઞાયક છો એમ પણ નથી. ત્યારે કે તારી જ્ઞાનની પર્યાય તારું જ્ઞેય, તું તારું જ્ઞાન અને તું તારો જ્ઞાતા. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! **'જાણપણારૂપ શક્તિ,...'** મારી **'જાણવાયોગ્ય શક્તિ,...'** પણ મારી. હું પર્યાયનું જ્ઞાન અને જ્ઞેય બનાવું છું. મારી પર્યાય જ્ઞેય, હું જ્ઞાન અને એક એક શક્તિ થઈ બે. હવે જ્ઞાતા.

**'જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન...'** જાણનશક્તિ એક, જ્ઞેયશક્તિ, પ્રમેય શક્તિ એક અંદર. આહા..હા..! કેમકે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રમેયશક્તિનું વ્યાપકપણું છે. તો એ જ્ઞેય પર્યાય છે એ પણ હું અને જ્ઞાન પણ હું અને અનંત શક્તિસંપન્ન જ્ઞાતા પણ હું. આ એક-એક શક્તિ. શું કહ્યું? આહા..હા..! બહુ જ સરસ વાત છે. આહા..હા..!

ભાઈ! તારે પર સામું જોવાનું નથી. આહા..હા..! અને પરને.. આહા..હા..! એ વીતરાગની વાણી ભગવાન ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજે અને એ તારું જ્ઞેય અને તું જ્ઞાયક. આહા..હા..! એનાથી તો તારી જ્ઞાનપર્યાય થતી નથી, પણ એને જાણે છે એમ પણ અહીંયા નથી. સમજાણું કાંઈ? એ સંબંધી પોતાની જે જ્ઞાન પર્યાયમાં જ્ઞાન થયું એ જ્ઞેયને આત્મા જાણે છે. એ જ્ઞેય પણ પોતાનું, જ્ઞાન પણ પોતાનું અને અનંત શક્તિસંપન્ન જ્ઞાતા પણ પોતે. આહા..હા..! અરે! એને ક્યાં જાવું? બહારમાં ભટક્યાભટક. 'ભટકત દ્વાર દ્વાર લોકનકે...' આવે છેને. ઝાંઝરી બોલ્યો હતો નહિ તે દિ'. 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશા ધારી.' એ કૂતરો જ્યારે દસ વાગ્યાનું ટાણું હોય, પછી જાળી હોયને જાળી, કૂતરા જાળી બંધ હોય. ત્યાં રોટલા ખાતા હોય તો ગંધ આવે કૂતરાને. કૂતરાને. જાળી હોયને કૂતરા જાળી બંધ. ત્યાં ઉભો રહે. રોટલી ગંધાયને, હમણા આપશે મને. દાળ-ભાત-શાક ગંધાયને એને. આહા..હા..! એમ જ્યાં હોય ત્યાં ભિખારી માગ્યા કરે છે કહે છે તું. મારી જ્ઞાનની પર્યાય અહીંથી થાય... અહીંથી થાય... અહીંથી થાય... આહા..હા..! 'આશા ઔરનકી ક્યા કીજે? જ્ઞાન સુધારસ પીજે.' આત્માના આનંદનો સુધારસ પીને, પ્રભુ! આહા..હા..! એ જ્ઞેય પણ તું અને જ્ઞાન પણ તું અને જ્ઞાતા પણ તું. જ્ઞાન જાણવાની એક શક્તિ, જ્ઞેય જણાવાની એક શક્તિ અને જ્ઞાતા અનંત શક્તિપણે બિરાજમાન. આહા..હા..! હવે અહીં તો કહે છે કે મારા ગુરુ અને મારા ભગવાન, મારા દેવ, મારું મંદિર.

**શ્રોતા :-** ચેતનાસર્વસ્વ બીજું કાંઈ મારું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચેતનાસર્વસ્વ છું હું તો. આહા..હા..! ચેતનાસર્વસ્વ હું છું. સર્વસ્વ

હું છું. એ જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. આહા..હા..! હવે આવો માર્ગ સમજાય નહિને એટલે પછી લોકોને વ્યવહાર ક્રિયાકાંડમાં દોરી દીધા અને એનાથી કલ્યાણ થશે એવી પ્રરૂપણા શરૂ થઈ ગઈ. અરરર! મિથ્યાત્વની પ્રરૂપણા છે એ તો. મિથ્યાત્વના પોષણની પ્રરૂપણા છે.

કેટલાક કહે છેને કે એ કેમ ખબર પડે કે આ ભાવલિંગી છે અને દ્રવ્યલિંગી છે? પણ પ્રરૂપણા ચોખ્ખી (અસત્ય) છે એનાથી ખબર નથી પડતી કે આ મિથ્યાદૃષ્ટિ છે? આહા..! એ તો સ્થૂળ વાત છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં છે એને અહીંયાં ધર્મનું કારણ બનાવે છે. એનાથી ધર્મ થશે. એવું તો પ્રરૂપણાનું કથન છે. તો એમાં સૂક્ષ્મ શું છે? સમજાણું કાંઈ? આકરું લાગે, ભાઈ! આહા..હા..!

એ કહ્યું નહોતું? કાલે કહ્યું હતું સવારમાં. ભાઈ! વ્યવહારનો નિષેધ કરીએ છીએ એ તારો નિષેધ નથી. તું ઈ છે જ નહિ પછી નિષેધ ક્યાં રહ્યો? તું આત્મા છેને ભગવાન! જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન તરીકે તું આત્મા છે. એમાં તારો અનાદર ક્યાં થયો? એમાં સ્વનો આદર થયો. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારનો નિષેધ, એ પોતાની પર્યાયમાં વ્યવહારનું જ્ઞાન થાય છે, એ વ્યવહાર જ્ઞેય અને આ જ્ઞાન એમ પણ નથી. તારું સ્વરૂપ એવું નથી. આહા..હા..! તું એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ આવે, હોય બીજી વાત છે. હોય તો છ દ્રવ્ય પણ છે. અનંત અનાદિ છે. એમાં શું? અને તે સત્‌રૂપે છે, અસત્‌રૂપે નથી. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નથી. એ તો પોતાની અપેક્ષાએ મિથ્યા, એની અપેક્ષાએ તો છ દ્રવ્ય અનાદિ પડ્યા છે. આહા..હા..! એક-એક દ્રવ્યમાં અનંતગુણ, એક-એક પરમાણુમાં અનંતગુણ. આહા..હા..! એ જ્ઞાનમાં જ્ઞેય કહેવું એ કહે છે અમને ખટકે છે, એ નહિ. આહા..હા..! તો એ જ્ઞાનમાં વ્યવહારને મારો માનવો એ તો ક્યાંય રહી ગયું. ભગવાન! માર્ગ એ તારા હિતની વાત છે, પ્રભુ! આહા..હા..! પોતામાં સૂઝ પડે એવી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કોઈને પૂછવું ન પડે. આહા..હા..!

**‘જાણપણારૂપ શક્તિ...’ ‘જાણવાયોગ્ય શક્તિ,...’** બે. **‘અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર—એવા ત્રણ ભેદ...’ ‘મદ્વસ્તુમાત્રઃ’ ‘મારું સ્વરૂપમાત્ર છે...’** એ ત્રણે મારું સ્વરૂપ છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું, જ્ઞાતા એ ત્રણ સ્વરૂપ હું છું. પરજ્ઞેય હું છું એમ તો છે જ નહિ. આહા..હા..! અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ પણ શુભભાવ છે. અને શુભભાવ જ્ઞેય અને આત્મા જ્ઞાયક એમ પણ અહીંયા નથી. આહા..હા..! પ્રભુ! તારી વાત તો જો, બલિહારી છેને. વીતરાગ... વીતરાગ... વીતરાગ... અહીં તો કહ્યું કે બાહ્ય નિમિત્ત જ્ઞેય પણ એ નથી. તને લાભ કરે એ તો નહિ, એ તારી ચીજ તો નથી. સર્વજ્ઞો અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સિદ્ધો, અનંત આચાર્યો, ઉપાધ્યાય, સાધુ. એમાં આવે છેને. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહા..હા..! નમો લોએ સવ્વ

ત્રિકાળવર્તી સિદ્ધાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. આહા..હા..! ભવિષ્યમાં અરિહંત અને સિદ્ધ થશે એ પણ અત્યારે વંદનમાં આવી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યક્તિગત નહિ, પણ આમ સમૂહમાં આવી ગયા. નમો લોએ સવ્વ આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. તો એ ત્રિકાળવર્તી પંચપરમેષ્ઠી પણ જ્ઞેય છે અને તું જ્ઞાયક છે. તારા કોઈ પંચપરમેષ્ઠી નથી પણ એ જ્ઞેય અને તું જ્ઞાયક એમ પણ નથી. આહા..હા..! આકરું કામ છે. એ સંબંધીનું તને જ્ઞાન થયું એ તારી પર્યાય તને જ્ઞેય થઈ. આહા..હા..! કેમકે પ્રમેય નામનો ગુણ તારામાં છે અને તારું જ્ઞાન એનું પ્રમાણ કરીને પ્રમેયને જાણે છે. પરપ્રમેયને જાણે છે એમ અહીંયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પરિણમ્યપારિણામકત્વ શક્તિ આવી ગઈ. પરિણમ્યપરિણમાકત્વ. પરનું જ્ઞેય થવું અને પોતામાં પ્રમાણ થવું એવી એક શક્તિ છે, પણ જ્ઞેય થાય અને એ વ્યવહારથી કહ્યું. આહા..હા..! શક્તિમાં ભાઈ એમ આવ્યું. આહા..હા..! પરિણમ્યપરિણમાકત્વ શક્તિ. પ્રમાણ પોતાના જ્ઞાનસ્વરૂપનું પ્રમાણ થવું અને પરના જ્ઞાનમાં પ્રમેય થવું એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! શક્તિ છે પણ એ વ્યવહાર. આહા..હા..! તારું પ્રમેય પરના જ્ઞાનમાં આવે એમ પણ નથી અને પરનું પ્રમેય તારા જ્ઞાનમાં આવે એમ પણ નથી. આહા..હા..! હવે આટલી ધીરજથી અંદર જાવું.

**'એવા જ્ઞેયરૂપ છું.'** કેવા જ્ઞેયરૂપ છું? કે જ્ઞાનશક્તિ હું, જ્ઞેયશક્તિ હું, જ્ઞાતાશક્તિ અનંત ગુણની શક્તિ હું એવા જ્ઞેયરૂપ છું. પરજ્ઞેયરૂપ છું એમ નથી. આહા..હા..! ગજબ વાત કરે છેને! વીતરાગ સિવાય કેવળી પરમાત્મા સંતો સિવાય આ વાત કોણ કરે? આહા..હા..! જગતને ઠીક પડે, ન પડે, સમાજ સમતોલ રહે, ન રહે, વસ્તુસ્થિતિ આ છે. આહા..હા..! ભાઈ! તારી જ્ઞાનપર્યાય તારું જ્ઞેય છે, પરજ્ઞેય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે...'** ત્રણ ભેદ તો વસ્તુસ્વરૂપ જ એવું છે એમ કહે છે. ત્રણપણે એક જ વસ્તુ હું છું. ત્રણપણે વસ્તુ તો હું એક જ છું. આહા..હા..! જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા ત્રણ પણ વસ્તુમાત્ર હું એક છું. આહા..હા..! બહુ સૂક્ષ્મ. અરે! ક્યાં એને નવરાશ ક્યાં છે? ફુરસદ નથી. એક તો ધંધા આડે ફુરસદ નથી, પછી વ્યવહારની ક્રિયાકાંડ આડે ફરસદ નથી. આહા..હા..! પરમાં પોતાની માન પ્રતિષ્ઠા વધે એમાં દરકાર આખી. આહા..હા..! એને આ જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન વસ્તુમાત્ર સર્વસ્વ હું છું. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાયક હું. ... મારે પર સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ એને નિર્ણય કરવો પડશે, ભગવાન! આહા..હા..! ભલે પહેલાં વિકલ્પથી નિર્ણય કરે પણ નિર્ણય એવો કરે કે હું જ્ઞેય જાણવાલાયક પણ હું અને જાણનારો પણ હું અને અનંત શક્તિનો પિંડ જ્ઞાતા પણ હું. ત્રણ વસ્તુમાત્ર છું. એમ તો વસ્તુમાત્ર એક છે. એ

ત્રણ મળીને વસ્તુ એક છે. આહા..હા..! છેલ્લા શ્લોક છેને, એકદમ અભેદ વસ્તુ (બતાવે છે). આહા..હા..! શાસ્ત્રનો સાર આખો સમયસારનો નિચોડ છે નિચોડ. આહા..હા..! નિચોડ છે. જાણવાની શક્તિ તારી છે કે જ્ઞેયની છે? જે અનંત જ્ઞેયો છે એ જ્ઞેયને જાણવાની શક્તિ તારી છે કે એની છે? જાણવાની શક્તિ મારી છે તો એમાં પરજ્ઞેય ક્યાં આવ્યું? એ તો પોતાના જ્ઞાનની શક્તિમાં પરજ્ઞેયનું જ્ઞાન પોતાને કારણે પોતામાં જ્ઞેયરૂપ થયું. હવે એ પોતાના જ્ઞાનને પોતાનું જાણે છે. આહા..હા..! અને જ્ઞાતા પણ હું, અનંત શક્તિનો પિંડ પણ હું. ત્રણે થઈને વસ્તુ તો એક છે એમ કહે છે, ભાષા એ છે. આહા..હા..!

**'એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે...'** મારું સ્વરૂપમાત્ર એ છે. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને કાંઈ બનાવ્યું નથી આ. ભગવાને તો જાણ્યું એવું કહ્યું આવ્યું વાણી દ્વારા. આહા..હા..! ભગવાન પણ કહે છે કે મારી સામું તારે ન જોવું અને અમે તારા જ્ઞેય છીએ એ પણ પર થયું. આહા..હા..! હું તારા જ્ઞાનમાં જાણવાલાયક છું એમ પણ નથી. આહા..હા..! તારા જ્ઞાનમાં હું તારો છું એમ તો નથી પણ તારા જ્ઞાનમાં હું જ્ઞેય છું એમ પણ નથી. તારા જ્ઞાનમાં એ નથી. આહા..હા..! તારા જ્ઞાનમાં તો જ્ઞાનની પર્યાય જ્ઞેયપણે પરિણમે છે એ જ્ઞેય છે, એ જ સમયનું જ્ઞાન તે જ્ઞેયને જાણે છે અને એવી અનંત શક્તિનો પિંડ જ્ઞાતા. એ જ જ્ઞેય, એ જ જ્ઞાન, એ જ જ્ઞાતા. આહા..હા..! હદ કરી નાખી છે.

અહીં તો હજી બહારથી આ મારા-આ મારા કરી નાખ્યું. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે તો દિગંબર ધર્મ નહિ. એમ પંડિતો પોકારે છે કેટલાક. ઈંદોરમાં પોકારતા હતા અહીંનો વિરોધ કરવા માટે. ભગવાન! અહીંનો વિરોધ ન હોય. આ તો આત્મા છે, પ્રભુ! શેનો વિરોધ ભાઈ? તને ખબર નથી, બાપુ! તને નુકસાન થાય છે, ભાઈ! એવા પરિણામનું ફળ આકરું છે, નાથ! તને સહેવું પડશે, ભાઈ! એ કોઈપણ દુઃખી થાય એ કાંઈ ઠીક છે? આહા..હા..! એ છ દ્રવ્યનો, પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર નથી. અહીં તો કહે છે કે પરને જાણનારો માને એ દિગંબર નથી. એય..! આહા..હા..! આવો તો પ્રભુ માર્ગ તારો છે, બાપા! ભગવાનસ્વરૂપ છો પ્રભુ તું. તારી શક્તિમાં બીજાની જરૂર નથી. તને જાણવામાં, પરને જાણવા માટે પરની જરૂર નથી. તને જાણવામાં તારી શક્તિની જરૂર છે. આહા..હા..!

હવે આમાં વિષય અને કષાયનો રસ ક્યાં રહ્યો? વિષય અને કષાયનો ભાવ એ પરજ્ઞેય તરીકે છે. એ જ્ઞેય અને આત્મા જ્ઞાન એમ પણ નથી. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા છેને. તો એ વિષય-કષાયના પરિણામ થયા એનું જ્ઞેય થયું અને જ્ઞાન આત્મા. જ્ઞાનમાં એ વિષય-કષાયના પરિણામ જ્ઞાનમાં તો છે જ નહિ, જ્ઞાનના તો છે નહિ... આહા..હા..! પણ એ પરિણામ જ્ઞેય અને આત્મા જ્ઞાન એમ પણ નથી. આહા..હા..! શું ગંભીરતા એક-એક શ્લોકમાં એક-એક પદની!! આહા..હા..!

**'ભાવાર્થ આમ છે કે—હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...'** જુઓ. હું મારા સ્વરૂપને જાણું છું. વેદ્યવેદક-જાણવાલાયક અને જાણનારો એમ હું જાણું છું. આહા..હા..! જાણવાલાયક અને જાણનારો હું જ છું. આહા..હા..! **'વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન,...'** આહા..હા..! મારું નામ એ કારણે જ્ઞાન. જ્ઞેયને જાણું છું તેથી મારું નામ જ્ઞાન. આહા..હા..! **'હું પોતા વડે જણાવાયોગ્ય છું...'** જુઓ, જ્ઞેય બનાવ્યું. હું પોતા વડે જણાવાયોગ્ય છું. મારા દ્વારા હું જણાવાયોગ્ય છું. પર દ્વારા જણાવાયોગ્ય છું એમ છે નહિ. આહા..હા..! શાસ્ત્રથી તો જ્ઞાન થતું નથી, પણ શાસ્ત્ર જ્ઞેય અને આત્મા જ્ઞાયક એમ પણ નથી. આહા..હા..! આ જબરી વાત છે! છતાં શાસ્ત્રને વાંચવા, અભ્યાસ કરવો એ આવે. સ્વલક્ષે આવે. આહા..હા..! છતાં એ શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્ર જ્ઞેય અને આત્માનું જ્ઞાન એમ પણ નથી. આહા..હા..!

જે જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞાન નહોતું એવી વાણી સાંભળીને એ જ્ઞાન થયું. લ્યો! તો કહે છે એમ છે નહિ. એ જ્ઞાનની પર્યાય તારું જ્ઞેય છે એમાંથી જ્ઞાન આવ્યું છે, જ્ઞેયમાંથી જ્ઞાન થયું નથી. આહા..હા..! આવું ઝીણું એટલે માણસને આકરું પડે, પણ પ્રભુ માર્ગ તો આ છે. અરે! જન્મ-મરણના અવતારનો પંથ તો આ છે. એમાં કોની સામું જોવાનું છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મારો દીકરો, મારી બાયડી, મારા પૈસા, મારા મકાન. આહા..હા..! પ્રભુ! એ તો વસ્તુમાં છે જ નહિ, પણ એ જ્ઞેય છે એમ પણ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આવી ચીજ છે. પછી લોકો કાઢી નાખે એમ કરીને કે એ તો નિશ્ચયની વાત... નિશ્ચય છે. નિશ્ચય એટલે સત્ય. પરમસત્યનું સ્વરૂપ તે આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મારું નામ જ્ઞાન, હું પોતા વડે જાણવાયોગ્ય છું...'** પર દ્વારા જણાવ એવો નથી. આહા..હા..! મારા દ્રવ્ય, ગુણ, પર્યાય મારા દ્વારા જાણવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેથી મારું નામ જ્ઞેય,...'** લ્યો! મારું નામ જ્ઞેય. આહા..હા..! પરજ્ઞેય નહિ. આવું નવા માણસને એવું આકરું લાગે કે આ શું કહે છે? વીતરાગનો માર્ગ! બાપુ! માર્ગ તો એ છે, ભાઈ! એમાં પરનો કાંઈ અવકાશ નથી.

**શ્રોતા :-** છતાં વિકલ્પો જ કર્યા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પો જ કર્યા કરે છે. એ સ્થાપન કર્યા કરે છે પાછું. આહા..હા..! ભાઈ! સત્ય તો આ છે. એ સત્યનું સ્થાપન આ છે. સમજાણું કાંઈ? હું જણાવાલાયક છું તો હું જ્ઞેય, હું જાણવાવાળો તો હું જ્ઞાન. આહા..હા..! છે?

**'એવી બે શક્તિઓથી માંડીને...'** એવી બે શક્તિઓથી માંડીને **'અનંત શક્તિરૂપ છું...'** એવી બે શક્તિ તો છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું એ બે શક્તિ તો છે. બે શક્તિથી માંડીને **'અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;...'** છે. આહા..હા..! **'બે શક્તિઓથી**

**માંડીને...**’ જ્ઞાનશક્તિ અને જ્ઞેયશક્તિ હું અને બે શક્તિથી માંડીને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું. આહા..હા..! જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. ત્રણે પોતાની વસ્તુથી એક છે. આહા..હા..! ‘**એવા નામભેદ છે,...**’ હવે શું કહે છે? કે સ્વને જણાવાલાયક જ્ઞેય છું, જાણનારો જ્ઞાન છું, અનંત શક્તિરૂપ જ્ઞાતા છું—એમ ત્રણના નામભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**એવા નામભેદ છે, વસ્તુભેદ નથી.**’ જ્ઞેય કોઈ જુદી ચીજ છે, પોતાનું જ્ઞેય પોતાનું, જ્ઞાન જુદી ચીજ છે, જ્ઞાતા (કોઈ જુદો છે) એમ પણ નથી. એનું એ જ્ઞેય અને એનું એ જ્ઞાન અને એનો એ જ્ઞાતા. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુની સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકાષ્ઠા આ છે. આહા..હા..!

નિંદા કરે કોઈ. પણ નિંદા તો શબ્દો છે. અને બહુ પ્રશંસા કરે તારી કે તું આવો ને આવો, તું આવો મોટો. એ તો જડની પર્યાય છે. એ તારી પ્રશંસા નથી, પણ તારું એ જ્ઞેય પણ નથી. આહા..હા..! એ પ્રશંસા જ્ઞેય અને હું જ્ઞાયક એમ પણ નથી. તો મારી પ્રશંસા કરે છે આ અને મારી નિંદા કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ‘**એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું?**’

‘**ज्ञेयज्ञानकल्लोलवल्गन्**’ ‘**જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે,...**’ પોતે જ્ઞેયરૂપ, પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા. આહા..હા..! ‘**એવો જે વચનભેદ તેનાથી...**’ વચનભેદથી ભેદ દેખે છે. આહા..હા..! પોતાનું જ્ઞેય, પોતાનું જ્ઞાન અને પોતાનો જ્ઞાતા એ વચનભેદથી ત્રણ ભેદ છે. આહા..હા..! વસ્તુ તો છે ઈ છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું. ત્રણે એક જ વસ્તુ છે, ત્રણ વસ્તુ એમાં નથી. આહા..હા..! પરવસ્તુ તો નહિ પણ એ વસ્તુમાં ત્રણ ભેદ પણ નહિ. આહા..હા..! આવો માર્ગ. શાંતિભાઈ! કોઈ દિ’ સાંભળ્યો નહિ આટલા વર્ષમાં. આ માર્ગ એવો છે. આહા..હા..! ગજબ વાત છે. આહા..હા..!

સમયસારમાં આ વાત અલૌકિક વાત! અલૌકિક લોકોત્તર!! આહા..હા..! પહેલાં કહ્યું કે પરજ્ઞેય અને હું જ્ઞાયક એમ તો નથી, પર મારું અને હું એનો એમ તો છે જ નહિ, પણ પર જ્ઞેય અને હું જ્ઞાયક એમ પણ નથી, અને હું જ્ઞેય અને જ્ઞાયક, જ્ઞાતા એ પણ અત્યંત ભેદ નથી. આહા..હા..! હું જ્ઞેય છું અને આ જ્ઞાન છે અને આ જ્ઞાતા છે એવો ભેદ કરે તો એ વિકલ્પ છે. આહા..હા..! ગજબ વાત છે! બહારની વાતુંમાં જય નારાયણ... જય નારાયણ... સત્ય .. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય હોય તો પ્રમાણ છે. એય..! પોપટભાઈ! એ શેઠિયા પણ એમ કરતાં હતા. અંદર ભાન ન મળે તો શું કરે ત્યાં? આ તો ખબર નહિ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે હું જ્ઞેય, હું જ્ઞાન અને હું જ્ઞાતા એ વચનભેદ છે. આહા..હા..! પરજ્ઞેય અને હું જ્ઞાયક એ તો વસ્તુમાં છે જ નહિ, એ વસ્તુમાં જ નથી. પણ વસ્તુમાં આ ત્રણ ભેદ છે એ નામભેદ છે. આહા..હા..! દૃષ્ટિના વિષયમાં ત્રણ ભેદ જ નથી. હું

જ્ઞેય, હું જ્ઞાન, હું જ્ઞાતા એમ ત્રણ નથી. આહા..હા..! જબ્બર વસ્તુ છે! લોકોને લાગે હોં ખ્યાલ ન હોયને એથી એને લાગે હોં. આહા..હા..! એ પોતાને ખ્યાલમાં નથી આવતું એનો વિરોધ કરે છે. આ વસ્તુની સ્થિતિ છે એમ જણાતી નથી તો બીજી રીતે બીજો કહે એની ધારણાથી તો વિરોધ કરે, વિરોધ કરે. પ્રભુ! એ વિરોધ તારો છે હોં, નાથ! આહા..હા..! બીજાનો કોણ વિરોધ કરે? બીજી ચીજમાં ક્યાં તારો વિરોધ જાય છે તો વિરોધ કરે! આહા..હા..!

પ્રભુ! આ તારી ચીજ છેને કે તું જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. આહા..હા..! એ જીવ જ્ઞેયરૂપ છે, જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞાન છે. એ કલ્લોલ વચનભેદ છે. એ તો કલ્લોલ છે. આહા..હા..! એ તો વચનના કલ્લોલ ભેદ છે, વસ્તુમાં નથી. આહા..હા..! **'એવા જે વચનભેદ તેનાથી ભેદને પામુ છું. ભાવાર્થ આમ છે કે—વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.'** આહા..હા..! ગજબ વાત છે! એ જ્ઞેય હું, જ્ઞાન હું અને જ્ઞાતા હું એ વચનભેદ છે. વ્યવહારના કથનમાત્ર છે. આહા..હા..! વસ્તુ તો વસ્તુ છે. લ્યો એ શ્લોક પૂરો થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૩, શુક્રવાર, તા. ૩૦-૦૯-૧૯૭૭, શ્લોક-૨૭૨, પ્રવચન નં. ૪૬૪

કળશટીકા, ૨૭૨ (કળશ).

(પૃથ્વી)

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।२७२।।**

આહા..હા..! છેલ્લા શ્લોક બધા સૂક્ષ્મ છે. **'ભાવાર્થ આમ છે કે...'** કીધા પહેલાં ભાવાર્થ એટલે શું કહેવું છે એમ. શું કહેવું છે. **'આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે, તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે...'** એક ભાવ અનેકરૂપે રાજા, રાણી, દાસ (પણે દેખાડવામાં આવે). આહા..હા..! **'તેમ એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે.'** અનેક ભાવ દ્વારા. ગુણ, પર્યાય આદિ અનેક ભાવ. એકલા અહીંયાં ગુણની, દ્રવ્યની નથી વાત. પર્યાય અને પ્રમાણના વિષયની સાથની વાત છે. એની સાથે પ્રમાણ છે પ્રમાણ વિષય. આહા..હા..! **'એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં**

**આવે છે...' 'मम तत्त्वं' 'મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ...' 'मम तत्त्वं' 'મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે. કેવો છે?' 'क्वचित् मेचकं लसति'** આહા..હા..! **'કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.'** આહા..હા..! જણાય છે હોં, પોતાનો છે એમ નહિ. સાધક જીવ છે તો કહે છે કે મારી પર્યાયમાં અશુદ્ધતા, રાગ જણાય છે. સાધકની વાત કરવી છેને? તો અશુદ્ધતા **'એવો આસ્વાદ આવે છે.'** આહા..હા..!

ધર્મીને આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે છતાં એની પર્યાયમાં પૂર્ણ આનંદ નથી તો અશુદ્ધતા પર્યાયમાં થાય છે. આહા..હા..! એ અશુદ્ધતાનો સ્વાદ. છે? એવો આસ્વાદ આવે છે અશુદ્ધતાનો. આહા..હા..! ધર્મી એમ જાણે છે કે આ અશુદ્ધતાનો આસ્વાદ મારા કારણે આવે છે. ત્યાં દૃષ્ટિના વિષયમાં જ્યાં લીધું હતું ત્યાં તો અશુદ્ધતા પણ નહિ અને અશુદ્ધતાનો સ્વાદ પણ નહિ. આહા..હા..! એક ભગવાન પૂર્ણ આનંદકંદ પ્રભુ એનો આશ્રય લેવાથી નિર્મળ પર્યાય થાય છે. ત્યાં એ પ્રમાણના વિષયમાં દ્રવ્ય અને નિર્મળ પર્યાય એમ લેવામાં આવે છે. અહીંયાં તો પર્યાયમાં અશુદ્ધતાનો સ્વાદ આવે છે. આહા..હા..! જ્ઞાનપ્રધાન કથન છેને આ અને પ્રમાણનું કથન છે, એકલા દ્રવ્યનું નથી. દ્રવ્ય અને પર્યાય બેનું જ્ઞાન કરાવે છે. આહા..હા..! આ કહે છેને કેટલાક ભાઈ! જ્ઞાનીને અશુદ્ધતાનો સ્વાદ છે જ નહિ. અશુદ્ધતાનું વેદન કરે તો એ તીવ્ર કષાયી જીવ છે એમ કહેતા હતા. આવા અનેક પ્રકાર છે જગતમાં. ભાઈ શું થાય?

અહીંયાં તો કહે છે કે આત્માના શુદ્ધ સ્વભાવની પ્રતીતિ, વેદન થયું છતાં પર્યાયમાં પૂર્ણ શુદ્ધતાનું વેદન નથી, તો અશુદ્ધતાનું પણ વેદન-આસ્વાદ આવે છે. આહા..હા..! શાંતિભાઈ! આવી વાત છે. દુઃખ, દુઃખનું વેદન આવે છે કહે છે. જ્યાં સુધી આત્માની પૂર્ણ દશા પરમાત્મદશા પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાની એમ કહે છે કે **'मम तत्त्वं'** મારા તત્ત્વમાં આવી સ્થિતિ છે. આહા..હા..! પરવસ્તુ દુઃખનું કારણ છે કે એ વાત અહીંયા નથી. સમજાણું કાંઈ? આ તો મારી પર્યાયમાં જ અશુદ્ધતા ઉત્પન્ન થાય છે, એનો આસ્વાદ મને છે. જ્યાં સુધી હું પૂર્ણાનંદનો સ્વાદી ન થાઉં ત્યાં સુધી આનંદનો પણ સ્વાદ છે અને અશુદ્ધતાનો પણ સ્વાદ છે. આહા..હા..! શાક ને એના સ્વાદની વાત અહીંયા નથી. શાકનો સ્વાદ આવે છે? શાક-શાક સમજ્યા? તેને તો આત્મા અડતો નથી. આ તો અડે છે એમ કહે છે. શાક, મેસુબ, સ્ત્રીનું શરીર એનો સ્વાદ અજ્ઞાનીને પણ ક્યારેય નથી આવતો. આહા..હા..! અજ્ઞાનીને તો એકલા રાગ અને દ્વેષનો સ્વાદ છે. એવો મિથ્યાદૃષ્ટિ છે, તત્ત્વની દૃષ્ટિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં તો સાધક જીવની વાત ચાલે છે. ધર્મનો સાધક જીવ થયો, ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ એ અનંત ગુણમણીનો કંદ પ્રભુ છે. આહા..હા..!

એમાં તો દુઃખ અને અશુદ્ધતા છે જ નહિ. એવી દૃષ્ટિ થઈ તોપણ પર્યાયમાં તો અશુદ્ધતા હજી બાકી છે એમ કહે છે. આહા..હા..! મને સાધકને પૂર્ણ સાધન કરવામાં હજી વિઘ્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! હું આત્મા સાધનાર છું છતાં મારી પર્યાયમાં પૂર્ણ સાધકપણું પ્રગટ્યું નથી તેથી મને અશુદ્ધતાનો પણ આસ્વાદ છે. આહા..હા..! કહો, આ શ્લોક દેખે નહિ અને ઓલા સમ્યગ્દર્શનની જ્યાં વાત આવે તો સમ્યગ્દૃષ્ટિને શુદ્ધતા ઉત્પન્ન થાય છે તો શુદ્ધતા જ ઉત્પન્ન થાય છે એવો પાઠ આવે છે. આ છેલ્લા શ્લોકમાં પ્રમાણજ્ઞાનમાં બેય વાત લઈ લીધી. સમજાણું કાંઈ?

આ દીપચંદજી શેઠિયાનું એવું થઈ ગયું હતુંને. એને લઈને જ્ઞાનચંદજીને તમારા ઓલા જયકુમાર એને બધા ગોટા વળી ગયાને. હવે આવવું મુશ્કેલ પડે. ભાઈ! એ તો શેઠિયાની લાઈનમાં આવી ગયા. શેઠિયા એમ કહે કે અશુદ્ધતાનું દુઃખનું વેદન એ તો તીવ્ર કષાયી જીવને હોય, સમકિતીને એ વેદન અશુદ્ધતા દુઃખનું છે જ નહિ, એમ કહે છે. હવે પાછળના માણસો બધા સમ્મેદશિખર આવ્યા હતા કહે છે. એના દીકરાઓને બધા. અને ભાઈ ગયા હતાને જ્ઞાનચંદજી. એના ગામ ગયા હતા. શું ગામ કહેવાય? સરદારશહેર ત્યાં ગયા હતા. આવ્યા હતા માણસો સાંભળતા હતા કેટલાક સો-દોઢસો કાંઈ ખબર નહિ પણ એનું કુટુંબ બધું સાંભળતું હતું. એમ સાંભળ્યું પણ છે કે આવવા માગે છે હવે. ભાઈ! અહીં તો એક કણ પણ વિરુદ્ધ હોય તો અહીં ચાલે નહિ. તો એની વાત એવી થઈ ગઈ હતી કે જ્ઞાનીને દુઃખનું વેદન છે જ નહિ. દુઃખનું વેદન કરે એ તો તીવ્ર કષાયી જીવ અજ્ઞાની છે એમ કહે છે. આહા..હા..! એ લાકડું ગરી ગયું હતુ બધાને જ્ઞાનચંદજીને અને જયકુમારને.

**શ્રોતા** :- હજી લાકડુ રહી ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો હવે કાંઈક મોળું પડ્યું છે એમ સાંભળ્યું. આહા..હા..! શું કરે પણ માણસને માન જાય છે પછી. આહા..હા..! પોતાની સ્થિતિનું બીજી રીતે થઈ જાય તો માન જાય છે. ભાઈ! માન જાય તો પણ વસ્તુસ્થિતિ તો આવી છે, બાપુ! આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ ક્ષાયિકસમકિતી હોય તોપણ પોતામાં પર્યાયમાં જ્યાં સુધી પૂર્ણ આનંદનો આસ્વાદ નથી ત્યાં સાધકનો સ્વાદ આનંદનો છે ત્યાં બાધકનો પણ આસ્વાદ છે. આહા..હા..! ભાઈ! આવી વાતું હવે મુશ્કેલ પડે માણસને. જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા. જ્ઞાન પણ તું, જ્ઞેય પણ તું અને જ્ઞાતા પણ તું. આહા..હા..! પરજ્ઞેય તે તારું જ્ઞેય નહિ. પરજ્ઞેયનું જે પોતાની પર્યાયમાં જ્ઞાનાકાર પર્યાય થાય છે.. આહા..હા..! એ મારું જ્ઞેય છે. પરચીજના આકારે મારી પર્યાય મારા કારણે જ્ઞાનાકાર થાય છે એ મારું જ્ઞેય છે, પરજ્ઞેય નહિ. આહા..હા..! અહીંયાં તો હવે લીધું કે પરજ્ઞેય નહોતું કહ્યું, અશુદ્ધતા પણ હજી પોતામાં છે તો એ સ્વજ્ઞેયમાં પરજ્ઞેયનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે ઝીણો, ભાઈ!

**'मेचक'** મેચક છેને? પહેલાં આવ્યું હતું આપણે ૧૬મી ગાથામાં. ૧૬મી ગાથાના કળશમાં.

મેચક-અમેચક શબ્દ ત્યાં આવ્યો હતો. ત્યાં કહ્યું હતું. મેચક-અમેચક. અર્થાત્ ત્યાં એમ કહ્યું હતું કે વ્યવહારથી જે રાગાદિ ઉત્પન્ન થાય છે તે મલિનતા છે. વ્યવહારનય એ મલિનતા છે. આહા..હા..! કેમકે પર્યાયમાં વ્યવહારનયનો ભેદ પાડવો, દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ પાડવો તે મેચકપણું છે, મેલ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું ઝીણું, ભાઈ! માર્ગ સૂક્ષ્મ. આહા..હા..! અને અમેચક એ દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ તે ભેદ કરવો તે મેચકપણું અને પોતાનું સ્વરૂપ અભેદ જાણવું તે અમેચક નિર્મળપણું. સમજાણું કાંઈ? તો અહીં કહ્યું કે મેચકપણું જે વ્યવહારથી ત્યાં કહ્યું હતું એ પોતાની પર્યાયમાં અશુદ્ધતા આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પહેલાં આવી ગયું છે ૧૬મી ગાથાના કળશમાં. આહા..હા..! ત્યાં તો એ વ્યવહારને જ મેચક-મલિન કહ્યો.

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન અને અભેદસ્વરૂપ તેને અહીંયાં અમેચક નામ નિર્મળ કહ્યો અને વ્યવહારનયમાં ભેદ પાડવો એનું નામ મેચક મેલ કહેવું. આહા..હા..! તો અહીંયાં કહે છે કે મેલ અશુદ્ધતા છે મારી પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા પાછી કેવી છે જુઓ! '**અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.**' આસ્વાદ આવે છે. એને દુઃખનો સ્વાદ આવે છે, દુઃખનું વેદન છે. સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કથન હોય ત્યારે તો આનંદના વેદનની મુખ્યતા છે અને દુઃખનું વેદન ગૌણ છે. પણ અહીંયાં તો જ્ઞાનપ્રધાન કથનમાં દ્રવ્ય અને પર્યાય બેને વિષય બનાવવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો અંતરમાં મેચક પણ હું છું. આહા..હા..! મેચકની અશુદ્ધતા જેટલો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે... આહા..હા..! એનો આસ્વાદ આવે છે દુઃખનો. ઓહો..હો..! આવી વાતું હવે. હવે આમાં સામાયિક, પોષા, પડિક્કમણા કરીને સ્થાનકવાસી એને ધર્મ માની લે. દેરાવાસી આ જાત્રા, બાત્રા બધી. ગિરનારની, સમ્મેદશિખરની, કાં પૂજા સિદ્ધચક્ર. અરે પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! જ્ઞાનીને એવો ભાવ આવે છે, પણ એ મલિન અને દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ દુઃખરૂપ તો પૈસા-ફૈસાનું ક્યાં રહ્યું? પૈસા દુઃખ નથી હોં! દુઃખનું નિમિત્ત છે. પૈસા દુઃખ નથી. દુઃખની મમતા એનું એ નિમિત્ત છે બસ. એમ છોકરાઓ એ દુઃખ નથી. છોકરા એ પોતાના દુઃખની દશામાં નિમિત્ત છે. આહા..હા..!

**શ્રોતા :–** છોકરા કાંઈ કરતાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાંઈ કરતાં નથી. કોણ ધૂળ કરે મફતનો? પરદ્રવ્ય કોણ કરે અને પરદ્રવ્ય તારામાં ક્યાંથી આવે? તું પરદ્રવ્યનો કર્તા નથી અને પરદ્રવ્ય તારામાં આવતું નથી. તો આવ્યા વિના કરે ક્યાંથી? આહા..હા..! પોતાની પર્યાય દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, પણ પોતાની પર્યાય જે નિર્મળ અને મલિન થાય, અશુદ્ધતા થાય, સમજાણું કાંઈ? પણ એ કાંઈ પર્યાય પરમાં જાતી નથી કે પરનું કરે. આહા..હા..! અને પરની પર્યાય પોતામાં આવતી નથી કે પોતાની અશુદ્ધતા તે કરે. કર્મ અશુદ્ધતા કરે એ ના પાડે છે અહીંયા. આહા..હા..!

**શ્રોતા :-** વિપરીત માન્યતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિપરીત માન્યતા એ દુઃખરૂપ છે. અહીં તો વિપરીત માન્યતા કાઢીને અશુદ્ધતા થોડી છે એ પણ દુઃખરૂપ છે એમ કહેવું છે. વિપરીત માન્યતા તો એકલી દુઃખરૂપ છે. આહા..હા..! હું પરનું કરી શકું છું, પરથી મારામાં કોઈ લાભ થાય છે એવી વિપરીત માન્યતા તો એકલી દુઃખરૂપ જ છે. એની વાત અહીંયાં નથી. અહીં તો ચારિત્રનો દોષ સમ્યગ્દર્શન થયા પછી પોતાના સ્વરૂપનો સ્વાદ આવ્યા છતાં પૂર્ણ સ્વાદના અભાવમાં અશુદ્ધતાનો સ્વાદ આવે છે એ સિદ્ધ કરવું છે. કહો સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ એમ થાય છે એમ કહેવું છે અહીં. છે? '**मम**' મારું છેને? '**तत्त्वं मम**' બીજી લીટીમાં છેલ્લો શબ્દ છે. '**तत्त्वं मम**' મારા તત્ત્વમાં આવું થાય છે મને. પરને કારણે નહિ. આહા..હા..! પરથી નહિ, પરને કારણે નહિ, પરનો કર્તા નહિ, પર મારામાં કર્તા નહિ. આહા..હા..!

'**જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે.**' ત્યાં '**मम तत्त्वं**' આહા..હા..! '**મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે. કેવો છે?**' '**क्वचित् मेचकं लसति**' '**કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.**' '**मेचकं लसति**' અશુદ્ધતા વેદનમાં આવે છે. આહા..હા..! '**पुनः**' '**એકાન્તથી આવો જ છે એમ નથી;...**' પાછો સાધક છેને. એકલા અશુદ્ધતાનો આસ્વાદ છે એવું એકાંત નથી. આહા..હા..! '**આવો પણ છે...**' આવો પણ છે '**क्वचित् अमेचकं**' '**એક વસ્તુમાત્રરૂપ જોતાં શુદ્ધ છે.**' આહા..હા..! પણ વસ્તુમાત્રના અનુભવથી જોતાં તો પવિત્ર શુદ્ધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય અશુદ્ધતા જોતાં મને અશુદ્ધતાનો આસ્વાદ છે, પણ નિશ્ચયથી મારા સ્વભાવના અનુભવમાં એકાંત સુખરૂપ છે. એ સુખરૂપ છે એમાં દુઃખ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, હવે આ પૈસા વડે સુખી, છોકરા ઝાઝા અને કમાવું માટે સુખી એ તો કાંઈ વાત રહી નહિ.

**શ્રોતા :-** એના કારણે સુખ પણ નથી અને દુઃખ પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુખી-દુઃખી એને કારણે નથી. આહા..હા..! ધર્મીને પણ દુઃખ થાય છે એ પોતાની પર્યાયની નબળાઈથી અશુદ્ધતાનું દુઃખ થાય છે, પરને કારણે નહિ. આહા..હા..! અને ધર્મીને એકાંતે દુઃખનું જ વેદન છે એમ નથી. આહા..હા..!

'**क्वचित् अमेचकं**' '**એક વસ્તુમાત્ર જોતાં શુદ્ધ છે. એકાંતથી આવો પણ નથી.**' શું કહે છે? ક્વચિત્ અનુભવના કાળે તો એકલો આનંદનો જ સ્વાદ છે. આહા..હા..! અનુભવને કાળે ઉપયોગ જ્યારે અંતરમાં લાગ્યો, જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો ભેદ પણ જ્યાં છૂટી જાય છે, ત્યાં એકલો જ્ઞાતા સુખરૂપ જ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેમકે ભગવાન આત્મા તો સુખનો પર્વત છે, સુખનો ડુંગર છે, સુખનો દરિયો છે. આહા..હા..! એ સુખનો જે અનુભવ કરે છે એ કાળે તો એકલું સુખ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી

વાત હવે ક્યાં. અહીં તો કહે છે કે મારા ભાવમાં દયા, દાન, ભક્તિનો ભાવ આવે છે મને, એ અશુદ્ધતા છે અને અશુદ્ધતાનો સ્વાદ મને આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં અશુદ્ધતા આવે છે તો કહે છે કે મને અશુદ્ધતાનું વેદન છે. એ મારા કારણે છે, પરને કારણે નહિ. આહા..હા..! આવી વાત. ક્યાં પહોંચવું માણસને! આહા..હા..!

'**क्वचित् अमेचकं**' એટલે નિર્મળ, એટલે સુખરૂપ. '**એક વસ્તુમાત્ર જોતાં શુદ્ધ છે...**' શુદ્ધ છે, સુખ છે. '**એકાંતથી આવો પણ નથી.**' વળી પાછા... આહા..હા..! પહેલાં ક્વચિત્ અશુદ્ધતાનું વેદન છે. સાધક છે પણ અંતર અનુભવમાં નથી, જ્યારે બહાર આવ્યો ત્યારે અશુદ્ધતાનું વેદન છે અને અશુદ્ધતાનું વેદન થવા છતાં અનુભવને કાળે એકલા શુદ્ધતાનું જ વેદન છે. આહા..હા..! એ એકાંત શુદ્ધનું વેદન પણ નથી. આહા..હા..! '**એકાંતથી આવો પણ નથી. તો કેવો છે?**' '**क्वचित् मेचकामेचकं**' જ્યારે અંદરમાં વિકલ્પ ઉઠે છે તો નિર્મળતાની પર્યાય છે તે અમેચક, આત્માના આનંદનો સ્વાદ છે એ અમેચક નિર્મળ અને જેટલો રાગ છે એટલો મલિન-અશુદ્ધ. બેય સાથે છે. આહા..હા..! આવો માર્ગ હવે. અરે! વીતરાગમાર્ગ તો એ છે, ભાઈ! એકાંતથી અશુદ્ધ છે એમ પણ નથી અને એકાંતે અનુભવમાં સુખ જ આવ્યું એમ પણ નથી અને જ્યારે બહાર નીકળે ત્યારે તો અશુદ્ધ અને શુદ્ધ બેય છે. શુદ્ધનો પણ સ્વાદ છે અને વિકલ્પ ઉઠ્યો એ તો અશુદ્ધનો પણ સ્વાદ છે, મેચક-અમેચક બેય સાથે છે. સમજાય છે શેઠ?

**શ્રોતા :-** બારમા ગુણસ્થાન સુધી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બારમા સુધી અશુદ્ધતા આ નહિ. એ તો જ્ઞાન અને જ્ઞેયનું. આ તો અશુદ્ધતા ચોથે, પાંચમે, છઠ્ઠાની ચારિત્રદોષની વાત છે. ત્યાં બારમે ચારિત્રદોષ નહિ, વીતરાગતા છે. એ તો જ્ઞાન અલ્પ છે તો જ્ઞેય પ્રવૃત્તિ થાય છે. ચક્કર પલટે છે, પણ ત્યાં અશુદ્ધતા નથી. અશુદ્ધતા તો દસમા સુધી હોય છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો સાધકના અનુભવમાં જ્ઞાનધારાનું વેદન પણ છે અને સાથે રાગનું પણ વેદન છે. ઉપયોગ જ્યારે અંતરમાં નથી, ઉપયોગ જ્યાં બહાર આવ્યો તો આનંદનું વેદન પણ છે અને રાગનું પણ વેદન (પણ છે), મેચક-અમેચક એક સમયમાં છે. આહા..હા..! જેટલા સ્વભાવને આશ્રયે શુદ્ધતા થઈ છે એ તો ધારાવાહી કામ સદાય શાંતિ અને આનંદની ધારા વહે છે. આહા..હા..! પણ જેટલો ઉપયોગ બહારમાં ગયો તો તે કાળે શુદ્ધતાનું વેદન પણ ધારાવાહી છે, એની સાથે અશુદ્ધતાનું વેદન એક સમયમાં છે. મેચક-અમેચક બેય એક સમયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ક્યાં માણસને નવરાશ ન મળે. ફુરસદ ન મળે ફુરસદ ધંધાને આડે હવે એમાં અને ક્રિયાકાંડમાં ઘૂસી ગયો એને ફુરસદ ન મળે. આહા..હા..! શુભભાવમાં ઉલ્લસિત વીર્ય ઘૂસી ગયો અંદર ગરી ગયો તો એકલો મેચક

છે. અહીંયાં તો મેચક-અમેચક એક સાથે લેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુદ્ધ પરિણતી અને શુદ્ધભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય ભાવ સાથે છે. શુદ્ધભાવ પણ છે અને અશુદ્ધ પણ છે. જેટલી સ્વદ્રવ્યને આશ્રયે પવિત્રતા પ્રગટ થઈ એટલો શુદ્ધ અને અમેચક છે અને એ કાળે જેટલો રાગ આવ્યો તેને અશુદ્ધ અને મેચક કહે છે. તો એક સમયમાં મેચક-અમેચક બેય છે. આહા..હા..! ભાષા તો સાદી છે.

**શ્રોતા :-** શુદ્ધ પરિણતી અને શુભ-અશુભભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વખતે શુદ્ધ-અશુદ્ધભાવ બેય છે. શુદ્ધ પણ છે અને શુભભાવ પણ સાથે છે. તો શુભભાવ છે એ મેચક છે અને નિર્મળ છે તે અમેચક છે. આહા..હા..! આવી વાતું છે. પરની સાથે કાંઈ સંબંધ નથી અહીં તો કહે છે. આહા..હા..! પરને તો જ્ઞેય તરીકે કાઢી નાખ્યુંને. પરજ્ઞેય અને આત્મા જ્ઞાયક એમ પણ નથી. આહા..હા..! ... લીધું છે. ક્રમસર લીધું છે. અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં પંચમ આરામાં થયા. ઓહો..હો..! કુંદકુંદાચાર્યે પંચમ આરામાં તીર્થંકર જેવું કામ કર્યું, અમૃતચંદ્રાચાર્યે એના ગણધર જેવું કામ કર્યું. આહા..હા..! જ્યાં એની શાસ્ત્રની રચના જુઓ ઓહો..હો..! તો કહે છે.

એ ત્રીજા શ્લોકમાં આવ્યુંને? '**कल्माषितायाः**' અરે! હું દ્રવ્યસ્વભાવે શુદ્ધ છું, દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય સ્વભાવે શુદ્ધ છું, પણ પર્યાયમાં મને અનાદિની કલુષતા આવે છે. આહા..હા..! મુનિરાજ છઠ્ઠે ગુણસ્થાને. ચૈતન્યના પ્રકાશના પૂરમાં પડ્યા. આહા..હા..! ચૈતન્યના પ્રકાશના પૂરમાં અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદનમાં પડ્યા છે. એ કહે છે મને જરી આ વિકલ્પ આવે છે એ '**कल्माषितायाः**' મેલ છે. આહા..હા..! એ મુનિ છે તો કાંઈ અશુભભાવ તો છે નહિ. એ તો આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં કે મુનિનો અશુભભાવ તો નાસ્તિ છે. ફક્ત ધર્મ લોભી જીવને દેખીને પોતામાં જરી વિકલ્પ ઉઠે છે એ શુભભાવ છે એ મલિન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણ બોલ લીધા કે અશુદ્ધતાનું પણ મને વેદન છે અને પૂર્ણ શુદ્ધ અનુભવમાં એકલા શુદ્ધનું વેદન છે અને અનુભવમાંથી બહાર નીકળે છે તો મને શુદ્ધ અને અશુદ્ધતા બેયનું વેદન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મની ચીજ એવી બાપુ છે, ભાઈ! આહા..હા..! શું કહે છે જુઓ. '**क्वचित् मेचकामेचकं**' '**અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;...**' જ્યારે શુભભાવ આવ્યો એ સમયે તો અશુદ્ધતા છે અને એ જ સમયે જેટલો સ્વદ્રવ્યનો આશ્રય-અવલંબન લીધું એટલી શુદ્ધતા પણ સાથે છે. શુદ્ધતાની ધારા વહે છે અને અશુદ્ધતાનો ભાવ અંદર છે. આહા..હા..! જ્ઞાનધારા, કર્મધારા બે આવીને? પહેલાં ગાથા આવી ગઈ છે.

સ્વરૂપ, પરમાત્મસ્વરૂપની જેટલી અંતર અનુભવની ધારા એ જ્ઞાનધારા, સમ્યગ્દર્શન ધારા,

ચારિત્રધારા, આનંદધારા, પણ એમાં જેટલી કમી છે એટલી ત્યાં રાગધારા, મલિનધારા, આકુળતાની ધારા, દુઃખની ધારા સાથે છે એમ હું જાણું છું એમ કહે છે. સમજાણું કાંઈ? મેચક-અમેચક હું છું એ હું જાણું છું એમ કહે છે. આ એકલા દૃષ્ટિના વિષયની વાત નથી, અહીં તો દ્રવ્ય-પર્યાયની નિર્મળતા, મલિનતાની સાથે મળીને પ્રમાણના વિષયની વાત છે. આહા..હા..! આવું કથન વીતરાગનું ઝીણું પડે. અભ્યાસ ન મળે. પછી લોકો એવું કરે કે આ સોનગઢનું એકાંત છે-એકાંત છે. અરે પ્રભુ! એકાંત નથી, સાંભળ તો ખરો, નાથ! આહા..હા..! મુનિરાજને માટે ભાઈ લખાણ આવે છે હમણા બહેનના ઓલામાં. આહા..હા..! વચનામૃતમાં. મને તો એવું થઈ ગયું એ વખતે કે આ મુનિઓ વાંચે તો હિતની વાત છે. મીઠી ભાષા. મુનિરાજ તો ચૈતન્યના પ્રકાશમાં પડ્યા છેને અંદર. આનંદમાં ઝૂલે છેને. આહા..હા..! એમને જરી રાગ આવે છે એ પણ દુઃખરૂપનું વેદન છેને. આહા..હા..! લ્યો! મુનિઓ વાંચે તો એમાં હિત છે. મને તો એવું થઈ ગયું. બાપુ આ તો... આહા..હા..!

ભાઈ! મુનિપણું કોને કહીએ, ભાઈ! જેમાં અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતા હોય. આહા..હા..! જે ચૈતન્યના ગંજમાં મગ્ન થઈ ગયા હોય, એને હજી રાગાદિ પંચમહાવ્રતના પરિણામ આવે એ અશુદ્ધ વેદન છે. આહા..હા..! અશુભભાવની વાત શું કરવી? પાપભાવ આ કમાવું, ભોગના, વિષયના, આબરૂના, માનના. આહા..હા..! એ અશુભભાવ (કહ્યું) તો અહીં મુનિની મુખ્યતાથી વાત છે તો એને અશુભ તો છે નહિ. સમજાણું કાંઈ? શુભભાવ આવે છે એ પણ મલિન અને દુઃખ-આકુળતાનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;— એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે.'** બે પ્રકારના ભાવ ઘટે છે એમ. વિકલ્પો ઘટે છે. શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ ધારા શુદ્ધતા પણ છે અને અશુદ્ધતા પણ છે, એક સમયે બે ઘટે છે. એ પહેલાં આવી ગયું છે જ્ઞાનધારા, કર્મધારા. એ કાંઈ વિરુદ્ધ નથી. જેમ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન વિરુદ્ધ છે, જ્યાં મિથ્યાદર્શન હોય ત્યાં સમ્યગ્દર્શન ન હોય અને સમ્યગ્દર્શન હોય ત્યાં મિથ્યાદર્શન ન હોય, એવું વિરુદ્ધ નથી. અસ્થિરતાનો વિરુદ્ધભાવ આવે છે, પણ એ દુઃખરૂપ વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ધર્મકથા. **'બંને વિકલ્પો ઘટે છે.'** બંને પ્રકાર ઘટે છે આમ.

**'એમ કેમ છે?'** એમ કેમ છે? **'સહજં' 'સ્વભાવથી એવું જ છે.'** આહા..હા..! એ શું કહે છે? કે હઠથી રાગ આવ્યો એમ ત્યાં નથી. આવે છે પણ હઠથી નહિ. સ્વસ્વભાવની સ્થિતિની નબળાઈને લીધે આવે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને જેમ (એમ થાય) કે અરેરે! હું નર્કમાં જઈશ, નિગોદમાં જઈશ માટે મારે શુભભાવ કરવા છે, એમ નથી. સમજાણું કાંઈ? દુઃખના ડરથી જે શુભભાવ આવ્યો એ સહજ નથી, એ તો હઠવાળો છે. સમજાણું કાંઈ? અહીંયાં તો બેય વાત સહજ છે એમ કહે છે. આહા..હા..! **'સહજં' 'સ્વભાવથી એવું**

જ છે.' આહા..હા..! એનો સ્વભાવ જ એવો છે. જેટલી દ્રવ્યને આશ્રયે શુદ્ધતા ઉત્પન્ન થઈ એ સુખ છે અને જેટલી પરના લક્ષે અશુદ્ધતા ઉત્પન્ન થઈ તે દુઃખ છે. સ્વભાવ જ એવો છે. સ્વભાવ શબ્દે નિર્મળતા એમ નથી કહેવું. એ બેય સ્વભાવ સ્વ-પોતાની પર્યાયમાં પોતાના ભાવથી છે. આહા..હા..! આવું ઝીણું લ્યો તત્ત્વ! અરે! આવા મનુષ્યપણામાં આ વાત કાને ન પડે જેને એ બિચારા શું કરે? આહા..હા..!

**શ્રોતા** :- મનુષ્યપણું હારી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હારી જાય મનુષ્યપણું. આહા..હા..! ભલે બહારમાં દુનિયા આબરૂમાં વખાણ દુનિયા કરે કે ઓહોહો..! મોટા શેઠિયા અને દાન બહુ દે છે, મંદિરો બનાવે છે. આહા..હા..! અને ધર્મધુરંધરની પદવી હોય.

એ કાલે કહ્યું હતુંને નેમિચંદભાઈને આપણે નાનાલાલભાઈનું. નાનાલાલભાઈએ મંદિર બનાવ્યું. એ લોકોએ બનાવ્યું છે ત્રણ ભાઈએ. તો મુન્નાલાલજી આવ્યા હતા ઈંદોરથી. તો એને કહ્યું, શેઠ! માણસ બહુ પાંચ-છ હજાર માણસ આવ્યું. હજી તે દિ' ૨૦૦૬ની સાલ હોં. ૨૭ વર્ષ થયા. મોટો મંડપ ને.. પછી કહે ઓહો..હો..! શેઠ! તંબુ તાણ્યા હતા. હિન્દુસ્તાની માણસો આવ્યા હતા. ઓહો..હો..! આવું મંદિર બનાવ્યું તમારો તો મોક્ષ થશે. ત્યારે આ કહે કે ભાઈ! પંડિતજી! હું એમ નથી માનતો, હું એમ નથી માનતો. મહારાજ એમ કહેતા નથી. એ તો એક શુભભાવ છે એટલી વાત છે. પચ્ચીસ લાખ ખર્ચે અને કરોડ ખર્ચે તો એમાં રાગની મંદતા કરી હોય તો શુભભાવ છે. એને કારણે કોઈ સંસારનો નાશ થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને શુભભાવ છે એટલો ભવ છે અને સંસાર છે. આહા..હા..! જુઓ તો ખરા. એક સાથે પવિત્રતા પણ છે અને ભવ પણ છે. ભવના અભાવરૂપ મોક્ષનું કારણ પણ છે... આહા..હા..! અને ભવ પણ છે. રાગ એ ભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**એ સ્વભાવથી જ એવું છે.**' આહા..હા..! એમાં કોઈ મૂંઝવણ ઉત્પન્ન થાય એવું નથી. એ ચીજ જ એવી છે એમ કહે છે. આ શું? આહા..હા..! અરે! એક બાજુ શુદ્ધમાં રહે અને એક બાજુ અશુભ, આ શું? એવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પરને કારણે નથી. એ વસ્તુની સાધકદશામાં શુભભાવ હોય એ વસ્તુનો સહજ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવ હઠથી નથી કર્યો. એ કાળે નબળાઈને લીધે શુભભાવ આવે છે. તો કહે છે કે એ એનો સ્વભાવ છે. પર્યાયની નબળાઈમાં શુભભાવ આવે એ એનો સ્વભાવ છે. સ્વભાવ શબ્દે શુદ્ધ એમ નથી. પર્યાયનો એ સ્વભાવ છે. આહા..હા..! કોઈ કહેતા હતાને કે ભાઈ અશુદ્ધતા જો સ્વભાવમાં હોય.. સમજાણું કાંઈ? તો સ્વભાવ કદી છૂટે નહિ. અરે.. એ અપેક્ષા અહીંયાં નથી. અશુદ્ધતા કર્મથી ન કહો અને સ્વથી કહો તો એ તો એનો સ્વભાવ થઈ જશે. એમ કહે છે. એમ કહેતા હતાને. બધી

ચર્ચા થઈને. વિકાર જે કર્મથી ન થયો એમ જો તમે કહો તો તમે તો કહો છો કે પોતાથી થાય છે, પરને કારણે નહિ, એ તો સ્વભાવ થઈ ગયો. એવો સ્વભાવ જ છે.

**શ્રોતા** :- વિભાવસ્વભાવ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાવ જ છે એવો. આહા..હા..! ગજબ વાત કરી છેને. મોટી ચર્ચા ચાલી હતી. વર્ણીજીના વખતમાં. પંડિતોની બધાની લાઈન એ હતી એમાં બિચારા એ શું કરે? એ તો બિચારા નરમ માણસ જરી. આ વસ્તુની સ્થિતિ આખી ફેર આખું. મોટી ચર્ચા ચાલી કે કર્મથી વિકાર ન થાય તો સ્વભાવ થઈ જશે. માટે આ સોનગઢના લોકો મોટા ફેરમાં આવી ગયા. ત્યાં પત્ર લખ્યો કલકત્તા ગજરાજજીને ઘરે. આવ્યો છે પત્ર. જવાબ આપી દીધો છે કીધું. શુભ-અશુભભાવ થાય છે એ પોતાના સ્વભાવની પર્યાયની યોગ્યતાથી થાય છે. પર્યાયની યોગ્યતા છે. આહા..હા..! પરથી નહિ, બિલકુલ નહિ. આહા..હા..!

જેમ સ્ફટિકમાં લાલ, પીળા રંગ આપો તો લાલ, પીળી ઝાંય દેખાય છે એ પરને કારણે નહિ, પોતાની યોગ્યતા ઝાંય પડવાની યોગ્યતા છે. લાકડીમાં લાલ રંગ લગાવો નહિ દેખાય. લાલ ફૂલ અહીં રાખો તો નહિ દેખાય. કેમકે એની યોગ્યતા નથી અને સ્ફટિકની પર્યાયમાં યોગ્યતા છે લીલ-ફુગ આદિ હોય, લીલા ફૂલ, પીળા ફૂલ. લીલી-પીળી ઝાંય પડે છે એ ફૂલને કારણે નહિ, પોતાની પર્યાયની યોગ્યતાને કારણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

દીવાસળી લ્યો દીવાસળી. દીવાસળી કહે છેને? દિવાસળીની આ બાજુ અગ્નિ હોય તો ત્રણ તસુની હોય તો આ બાજુ ઊનું ન થાય, એવો એનો સ્વભાવ છે. અને લોઢાનો સરિયો હોય સરિયાને શું કહે છે? લોઢાનો સરિયા લાંબો. ચાર હાથ લાંબો હોય, પાંચ હાથ. પણ એ ચાર તસુ અગ્નિમાં હોય એક ભાગ તો છેક સુધી ઊનું થઈ જશે. એ અગ્નિને કારણે નહિ, એની યોગ્યતાને કારણે છે. અગ્નિ તો દીવાસળીમાં લગાવીને બીડી પીવે છે. એક કોર દીવાસળી સળગતી હોય, ઊનું આ બાજુ થતું નથી. ત્રણ તસુ હોય. ઉષ્ણતા નથી થતી. પોતાની યોગ્યતા એવી છે. અને લોઢાના તાર હોય ચાર હાથ, પાંચ હાથ. ચાર તસુ અગ્નિમાં જો પડ્યો હોય તો ત્યાં છેડે દાઝે. એ એનો સ્વભાવ છે, અગ્નિને કારણે નહિ. સમજાણું કાંઈ? એમ પર્યાયમાં અશુદ્ધતા થાય છે એ કર્મને કારણે નહિ. આહા..હા..! એ કારણે અહીંયાં સહજ લીધું છે. આહા..હા..!

**'એવું કેમ છે?'** શુદ્ધ-અશુદ્ધ બે એવું કેમ છે? કહે છે કે શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ બેય એક સમયમાં છે, એમ કેમ છે? એક સમયમાં બે કેમ થયા? એ સ્વભાવથી છે. આહા..હા..! **'स्वस्य भवनं स्वभाव'** પોતાની પર્યાયમાં અશુદ્ધતાની યોગ્યતાથી ભવન અશુદ્ધતા થઈ છે. એ માટે અહીંયાં સહજસ્વભાવે છું એમ કહેવામાં આવે છે. અને જ્ઞાનીને શુભભાવ હઠથી નથી, નબળાઈને કારણે આવે છે એને જાણે છે. છે. અને વેદન પણ છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ!

'तथापि' 'તોપણ...' 'अमलमेधसां तत् मनः न विमोहयति' 'अमलमेधसां' **'સમ્યગ્દૃષ્ટિ જીવોની...'** **'अमलमेधसां'** મેઘ-મેઘ. નિર્મળ મેઘ બુદ્ધિવાળા એમ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ નિર્મળ બુદ્ધિવાળા. આહા..હા..! **'अमलमेधसां'** એટલે નિર્મળ મેઘબુદ્ધિ. મેધાવી કહે છેને મેધાવી. અમલ મેધાવી છે, નિર્મળ બુદ્ધિવાળો છે. સમ્યગ્દૃષ્ટિ નિર્મળ બુદ્ધિવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'तत् मनः'** **'તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ તે સંશયરૂપ થતી નથી...'** આહા..હા..! એને સંશય નથી થતો કે આ શું? મને શુદ્ધ પણ અને અશુદ્ધ પણ, આ બે કેમ? સંશય નથી થતો. વસ્તુનું સ્વરૂપ એવું છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી અશુદ્ધતા અને શુદ્ધતા એક સાથે રહે છે. તો એ વિસ્મયકારી વાત નથી. અને શંકા કરવાની વાત છે નહિ. ભ્રમ કરવાની વાત નથી. આહા..હા..! આ શું?

**'अमलमेधसां'** અમલ નિર્મળ જે બુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ, તેને શુદ્ધ-અશુદ્ધ બેય એક સાથે વેદે છે તો આ શું? એમ થતું નથી. એવી બુદ્ધિ એને થતી નથી. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જ્યાં સુધી નબળાઈ છે અને પૂર્ણતાની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી શુદ્ધતા પણ છે અને અશુદ્ધતા પણ છે એવું વસ્તુનું સ્વરૂપ છે. એમાં કોઈ એને શંકા થઈ જાય અરે! આ અશુદ્ધ આવ્યું! તો હું અશુદ્ધ થઈ ગયો એમ નથી. એ તો પર્યાય અશુદ્ધ છે. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? લ્યો, આ તો એ કહે છેને હમણાં રતનચંદજી અને એ. પર્યાયમાં અશુદ્ધતા રાગ હોય તો દ્રવ્ય-ગુણ પણ અશુદ્ધ થઈ જાય છે. અહીં તો હજી સાધકની દશામાં શુદ્ધ પરિણમન અને અશુદ્ધ પરિણમન એક સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે?

શુભરાગ-અશુભરાગ આવ્યો, દશા મલિન થઈ તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય એમ કહે છે. પણ અહીં તો એમ કહે છે કે દ્રવ્ય તો અશુદ્ધ થતું નથી, પણ પરિણતિ જે શુદ્ધ છે એ અશુદ્ધ થયું તો શુદ્ધ પરિણતિ પણ અશુદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ફેરફાર. આ પંડિતોમાં ગડબડ ઉઠી મોટી. મખનલાલજી એમ કહે છે હમણાં. પહેલાં રતનલાલજી એમ કહેતા હતા. સહરાનથી, સરહાનપુર. હવે મખનલાલજી એમ કહે છે કે અશુદ્ધતા રાગ છે તો આખું દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે. અહીંયાં તો કહે છે કે સાંભળ તો ખરો, પ્રભુ! દ્રવ્ય તો અશુદ્ધ નથી થતું, પણ સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પરિણતિ પણ શુદ્ધ છે. એ પરિણતિ શુદ્ધમાં પરિણતિ અશુદ્ધ છે તો શુદ્ધ પરિણતિ અશુદ્ધ થઈ જાય એમ નથી. શું કહ્યું સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! પર્યાયમાં અશુદ્ધ થયો તો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય એ તો છે જ નહિ, પણ સમ્યગ્દૃષ્ટિનું શુદ્ધ પરિણમન જે છે અને અશુદ્ધ થયો તો શુદ્ધ પરિણતિ અશુદ્ધ થઈ ગઈ એમ નથી. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પરિણતિ શુદ્ધ છે. ત્રણેમાં સાથે અશુદ્ધતા થઈ તો ત્રણેમાં કોઈ મલિનતા આવી જાય એમ છે નહિ. મલિનતાની સામે મલિનતા છે. આહા..હા..! આવું ... સમજાણું કાંઈ?

'તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ તે...' 'न विमोहयति' 'સંશયરૂપ થતી નથી—ભ્રમને પ્રાપ્ત થતી નથી.' ભ્રમણા નથી થતી કે અરે..! આ શું? મારા આનંદના પરિણમનમાં વળી આ દુઃખ કેવું? શું હું આખો દુઃખી થાઉં છું? બિલકુલ નહિ. દુઃખની દશાનો અંશ છે, સુખની દશાનો અંશ છે, વસ્તુ સુખરૂપ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, ભાષા કેવી લીધી? કે દ્રવ્ય શુદ્ધ છે એવી દૃષ્ટિ થઈ, શુદ્ધતા પરિણમનમાં આવ્યું તોપણ એને અશુદ્ધતા પણ છે, તો અશુદ્ધતા છે તો જાણવામાં એવો ભ્રમ ન થઈ જાય કે અશુદ્ધતા છે તો મારી પરિણતિ અશુદ્ધ થઈ ગઈ? કે હું દ્રવ્ય ગુણે અશુદ્ધ થઈ ગયો? સમજાણું કાંઈ? આહા..હા..! શુદ્ધ પરિણતિ તો શુદ્ધ પરિણતિ જ છે. અશુદ્ધ પરિણતિ થઈ તો શુદ્ધ પરિણતિ અશુદ્ધ થઈ જાય એવી શંકા નથી. આહા..હા..! આવી વાતું છે. એક પર્યાયના બે ભાગ. પર્યાય એક છે એના બે ભાગ. એક શુદ્ધ પરિણમન, એક અશુદ્ધ પરિણમન. પર્યાયમાં એક સમયની પર્યાયના બે ભાગ. આહા..હા..! તો જેટલું શુદ્ધ પરિણમન છે એટલું છે અને એની અશુદ્ધતા એક સમયની બે ભંગ તો એ પર્યાયના કાળે અશુદ્ધતા થઈ તો પર્યાય શુદ્ધ છે તે અશુદ્ધ થઈ જાય એવી શંકા નથી. આહા..હા..! મીઠાલાલજી! આહા..! આવો માર્ગ છે. ઓહો..હો..! દ્રવ્ય-ગુણ તો અશુદ્ધ થતા નથી, અશુદ્ધ પર્યાય થઈ તો દ્રવ્ય-ગુણ અશુદ્ધ થતા નથી, પણ મારી શુદ્ધ પરિણતિ છે તો અશુદ્ધ પરિણતિને કારણે શુદ્ધ પરિણતિ જ નથી અને અશુદ્ધ થઈ જાય છે (એમ પણ નથી). આહા..હા..! આવો માર્ગ છે. આહા..હા..!

**શ્રોતા :-** સંઘાડામાં સાંભળ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં હતું ક્યાં તમારે ત્યાં વાડામાં. પડિક્કમણા કરે ને સામાયિક કરે. આ પણ ત્યાં હતાને બધા. હરગોવિંદભાઈ તો જરી આવતા હતા, અહીં છેલ્લે આવ્યા હતા પડિક્કમણું કરવા ૯૧માં. આહા..હા..! એ પડિક્કમણા કરે અને માને કે આપણને કાંઈક ધર્મ થઈ ગયો. એ તો શુભભાવ છે ત્યાં ધર્મ ક્યાં હતો?

ધર્મીને પણ પ્રતિક્રમણનો ભાવ આવે છે એ તો કહે છે. પ્રતિક્રમણનો ભાવ સાંજ-સવાર કરે છે તો એ પણ શુભભાવ છે, એ અશુદ્ધ છે. તો અશુદ્ધ છે તો મારી શુદ્ધ પરિણતિ પણ અશુદ્ધ થઈ જાય છે એવો સંશય નથી રહેતો. આહા..હા..! ગજબ વાત કરે છેને. દ્રવ્ય અને ગુણ તો અશુદ્ધ નથી થતા, પણ મારી પરિણતિ જેટલી શુદ્ધ પ્રગટ થઈ, દ્રવ્યને આશ્રયે પરમાત્માનું નિર્મળ પરિણમન થયું... આહા..હા..! એ વખતે મલિનતાની પર્યાય શુભની આવી અને જ્ઞાનીને ચોથે, પાંચમે અશુભભાવ પણ આવે છે. સમજાણું કાંઈ? તો અશુભભાવ આવ્યો તો મારી શુદ્ધ પરિણતિ અશુદ્ધ થઈ ગઈ (એમ શંકા નથી થતી). આહા..હા..! ક્યાં માણસને અંતર.. એવી વાત છે. શ્લોક બહુ ઊંચા છે આ. છેલ્લા શ્લોકો ઓહો..હો..! બહુ સરસ છે.

'**સમ્યગ્દૃષ્ટિ જીવોને...**' '**तत् मनः**' '**તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ તે...**' જોયું! એમ કીધુંને? '**अमलमेधसां तत् मनः**' એમ. નિર્મળદૃષ્ટિની તત્ત્વજ્ઞાનરૂપી જે બુદ્ધિ '**તે સંશયરૂપ થતી નથી...**' આહા..હા..! '**ભ્રમને પ્રાપ્ત નથી થતી. ભાવાર્થ આમ છે કે—જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે,...**' આહા..હા..! અને '**શુદ્ધ-અશુદ્ધ પણ છે...**' ત્રણે છે. દ્રવ્ય ત્રિકાળ, ગુણ ત્રિકાળ શુદ્ધ છે, પર્યાયમાં અશુદ્ધતા છે અને એક સમય શુદ્ધ-અશુદ્ધ બેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણે ત્યાં કહ્યુંને ૪૭ ગાથા, દ્રવ્યસંગ્રહ. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' અંતર જ્ઞાન ઉપર—પરમાત્મ ઉપર દૃષ્ટિ પડતાં, ધ્યાનમાં હોં! આહા..હા..! '**दुविहं पि मोक्खहेउं**' બે પ્રકારના મોક્ષમાર્ગ નિશ્ચય અને વ્યવહાર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ? કે જ્યાં દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિનો અનુભવ થાય એટલો તો મોક્ષમાર્ગ નિશ્ચય છે અને જેટલો રાગ ભાગ બાકી રહ્યો તેને વ્યવહાર આરોપ કહીને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો. આહા..હા..! એક સાથે બેય છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છે, 'નય નિશ્ચય એકાંતથી આમાં નથી રહેલ, એકાંતે વ્યવહાર નહિ બંને સાથ રહેલ.' એમાં છે. આત્મસિદ્ધિ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે પ્રભુ આત્મા દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને એનું ભાન થયું, સમ્યગ્દર્શન જ્ઞાન થયું તો એ પરિણતિ પણ શુદ્ધ અને એની સાથે જ્યાં શુભરાગ આવ્યો એ અશુદ્ધ. તો શુદ્ધ અને અશુદ્ધ બે એક સમયની પર્યાયમાં બે ભાગ. તો અશુદ્ધ પર્યાયનો અંશ એ શુદ્ધને અશુદ્ધ કરી દે છે? એમ છે નહિ. આહા..હા..! એ પર્યાય પર્યાયરૂપે, અંશરૂપે જે અશુદ્ધ છે તે અશુદ્ધરૂપે જાણે છે. આહા..હા..!

'**જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે,...**' દ્રવ્ય-ગુણ. પર્યાય '**અશુદ્ધ પણ છે, શુદ્ધ-અશુદ્ધ પણ છે...**' શુદ્ધ પરિણતિ અને અશુદ્ધ પરિણતિ એક સમયે બેય છે. આહા..હા..! '**એમ કહેતાં અવધારવામાં...**' નિર્ણય કરવામાં '**ભ્રમને સ્થાન છે,...**' એમ કરવામાં ભ્રમને સ્થાન છે. '**તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે...**' આહા..હા..! ભ્રમ થઈ જાય. ભ્રમનું કારણ છે કે શુદ્ધતા, એક કોર નિર્મળ અને એ જ પર્યાયમાં મલિનતા! એ જ પર્યાયમાં આનંદ અને એ જ પર્યાયમાં દુઃખ! આહા..હા..! એક જ પર્યાયનો એક ભાગ શાંત અને એક ભાગ અશાંત. ભ્રમ થવાનું કારણ છે કહે છે. '**તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે તેમને સુગમ છે,...**' સ્યાદ્વાદ અનેકાંતથી જે સમજે છે કે શુદ્ધતા પોતાને આશ્રયે થઈ છે અને અશુદ્ધતા પરના લક્ષે પોતામાં થાય છે. એ સ્યાદ્વાદ કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ એમ. આહા..હા..! સમજાણું કાંઈ?

અજ્ઞાનીની એકલી અશુદ્ધની અહીંયા વાત નથી. એ તો એકાંત અશુદ્ધ મિથ્યાદૃષ્ટિનું એકાંત અશુદ્ધ. અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિનો જે શુદ્ધનો અંશ અને એની સાથે અશુદ્ધ. આ પવિત્ર અને આ પવિત્ર આનંદ અને આ દુઃખ, અનાકુળ અને આકુળ, શુદ્ધ અને અશુદ્ધ એ ભ્રમ થવાનું

કારણ છે. સ્યાદ્વાદથી જોવે તો ભ્રમનું થવાનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેમને સુગમ છે,...' 'સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે...'** જુઓ, અશુદ્ધતા પણ મારી પર્યાયમાં છે અને શુદ્ધતા પણ છે એમ અનેકાંતથી જોવે તો એમાં વિરોધ નથી. આહા..હા..! **'કેવી છે વસ્તુ?'** એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૪, શનિવાર, તા. ૦૧-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૨ થી ૨૭૪, પ્રવચન નં. ૪૬૫

કળશટીકા. (કળશ) ૨૭૨. છેલ્લી ત્રણ લીટી છે ત્રણ. **'કેવી છે વસ્તુ?'** પહેલાં એમ કહ્યું કે ક્વચિત્ મલિનતા પણ દેખાય છે પર્યાયમાં અને ક્વચિત્ નિર્મળ આત્માના અનુભવમાં તો નિર્મળતા દેખાય છે અને ક્વચિત્ સાધક છે તો નિર્મળતા અને મલિનતા બેય સાથે દેખાય છે. સમજાણું કાંઈ? એમ હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ ભ્રમમાં નથી પડતા, ભ્રમ નથી થતો કે આ શું? એક બાજુ નિર્મળ, એક બાજુ મલિન. અનુભવમાં જ્યાં જાય છે તો બિલકુલ મલિનતા છે નહિ ત્યાં. અનુભવમાં તો નિર્મળ આનંદકંદ છે પ્રભુ. આહા..હા..! અને પર્યાય ઉપર લક્ષ જાય છે જ્યારે અનુભવમાંથી બહાર નીકળે છે તો પર્યાયમાં મલિનતા પણ દેખાય છે. એ તો પર્યાયનો ધર્મ છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી પર્યાયમાં મલિનતા શુભભાવની હોય છે, અશુભની પણ હોય છે. અને એક સાથે સાધકને દેખે તો જેટલું દ્રવ્યના આશ્રયે શુદ્ધ પરિણમન થયું એ નિર્મળ છે અને જેટલી મલિનતા પર્યાયમાં છે તે મલિન છે. એક સાથે બેય દેખાય છે. આહા..હા..!

તો કહે છે કે **'કેવી છે વસ્તુ?'** ઝીણું પડે માણસને આ. એટલે માણસને આ પુણ્ય કરો, દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો. અરે ભાઈ! એ તો અનંતવાર કર્યું છે, પ્રભુ! આહા..હા..! જેમાં ભવનો અભાવ ન થાય એ ચીજ શું? એવા શુભાશુભભાવ તો અનંતવાર કર્યા. આહા..હા..! એકલા શુભાશુભ (કર્યા). અશુભ છોડીને શુભ કર્યા અને શુભ છોડીને અશુભ કર્યા. એ તો સંસાર છે. આહા..હા..! ધર્મને નામે પુણ્ય કરતાં-કરતાં ધર્મ થશે એ દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે **'परस्परसुसंहतप्रकटशक्तिचक्रं'** શેઠ! છે? ક્યાં આવ્યું? હિન્દી છે હિન્દી? નવી આવૃત્તિ. ત્રીજી લીટી છે છેલ્લી. છેલ્લેથી ત્રીજી લીટી. **'परस्परसुसंहतप्रकटशक्तिचक्रं'** **'પરસ્પર મળેલી છે સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ...'** આહા..હા..! શું

કહે છે? પોતાના અનુભવમાં આવનારી શક્તિ પવિત્ર છે એ પણ છે અને અનુભવમાં આવનારી મલિનતા એ પણ પોતાના અનુભવમાં આવે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ...'** જ્ઞાનમાં આવનારી નિર્મળતા અને મલિનતા. એ પર્યાયની શક્તિ મલિન છે, દ્રવ્ય-ગુણની શક્તિ પવિત્ર છે—એ બેય જ્ઞાનમાં જણાય છે. આહા..હા..! પ્રમાણનો વિષય છેને અહીંયાં તો. **'અનેક શક્તિઓ તેમનો સમૂહ છે જીવવસ્તુ.'** દ્રવ્ય અને ગુણ તો પરિપૂર્ણ પવિત્ર અને શુદ્ધ છે, એના આશ્રયે ઉત્પન્ન થયેલી પર્યાય નિર્મળ છે, પણ એ સમયે નિર્મળતાની ખામી છે એ કારણે મલિન પર્યાય પણ શુભભાવની આવે છે. હો, જાણવાલાયક છે. નિષેધ કરવો એમ નથી કે મલિનતા ન જ હોવી જોઈએ. અને મલિનતા થઈ તો હું મલિન થઈ ગયો એમ છે નહિ. આહા..હા..! આવી વાત ઝીણી પડે માણસને.

**શ્રોતા :-** .. સાંભળનારા થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નીકળે છેને લોકો એમાં. એમાં આ પુસ્તક જે નીકળ્યું છે બહેનનું. ઓહો..હો..! લોકો જે આવે છે અંદર આ વાંચીને એમ કહે છે કે આહા..હા..! વસ્તુ એવી. દીકરીઓએ સારું લખ્યું. આવું તારવીને સારું લખ્યું. બહુ સરસ વાત છે. એકલું માખણ તત્ત્વ. ઈ એક શાસ્ત્ર જોવે તો બીજા શાસ્ત્રની જરૂર ન પડે એને એવું એ છે. અને અત્યારે ટાંકણે બહાર આવી ગયું. દીકરીયુંએ લખ્યું. એ એને કહ્યું હતુંને. જેણે લખ્યું એમાં જે આવ્યું એને પણ ધન્યવાદ છે અત્યારે તો. આહા..હા..! આવી વાત બહાર (આવી), બાપા! જેને બહેન પાસેથી સાંભળીને આવું લખી લીધું. આહા..હા..! આઠ દીકરીયું છે, ભાઈ કહે છે. પછી શું કરવું એ રામજીભાઈ જાણે કીધું. કેમ પુસ્તકનું શું કર્યું પછી .. આ પાંચ સવારમાં અત્યારે આઠ થઈ. બહુ સરસ વાત છે. આહા..હા..! એકલો અનુભવ અને એની સાથે રાગ પણ હોય એ બોજારૂપ લાગે એ ચીજ છે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આવો છે.

અહીં તો એ જ કહે છે કે નિર્મળ પણ એક શક્તિ છે અને મલિન થવાની પણ શક્તિ છે. શક્તિ નામ પર્યાયમાં યોગ્યતા છે. બધો ચક્ર લેવો છેને? એકલી નિર્મળતાની શક્તિ ગુણ અને દ્રવ્ય છે એ તો છે જ, પણ પર્યાયમાં મલિન થવાની પણ શક્તિ છે, યોગ્યતા છે એમ કહે છે, અહીં ઈ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિર્મળ અનંતગુણની શક્તિઓ એનાથી તો નિર્મળ પર્યાય જ થાય છે, પણ પર્યાયની સ્વતંત્ર એક સમયની પર્યાયનું ચક્રસમૂહમાં મલિન થવાની પર્યાયની યોગ્યતાનો સ્વભાવ છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

**'અનેક શક્તિઓ તેમનો સમૂહ છે...'** આહા..હા..! **'જીવવસ્તુ.'** આખી લેવી છેને? અહીંયાં એકલું જીવદ્રવ્ય અને ગુણ એમ નથી લેવું. એની નિર્મળ પર્યાય અને મલિન પર્યાયસહિત આખું દ્રવ્ય લેવું છે. ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ધીરજના, શાંતિના કામ

છે, નાથ! આહા..હા..! અંતર વસ્તુ કહે છે કે દ્રવ્ય તો પૂર્ણ આનંદ અને પવિત્રનું ધામ એ છે, પણ પર્યાયમાં જ્યાં સુધી પૂર્ણ નિર્મળતા પૂર્ણ ન થાય ત્યાં સુધી પર્યાયની શક્તિમાં પણ મલિનતા થવાની યોગ્યતા છે. પરને કારણે મલિનતા થાય છે એમ નથી અને મલિનતા થઈ માટે એ વખતે આખા દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાય પણ મલિન થઈ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે બાપુ! આ તો હિતની વાતું છેને, ભાઈ! આમાં પક્ષ ક્યાં છે? આમાં વાદવિવાદ ક્યાં છે? આહા..હા..! આમાં ક્યાં માન અને ક્યાં અપમાન? આમાં વાદવિવાદ.. વસ્તુનો સ્વભાવ જ આવો છે. અહીં તો મલિન થવાની પણ શક્તિ છે એમ લીધું છે.

**શ્રોતા :-** પર્યાયની યોગ્યતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પર્યાયની યોગ્યતા છે, ભાઈ! ભલે દ્રવ્ય અને ગુણ પવિત્ર અનંત શક્તિનો પિંડ પ્રભુ. આહા..હા..! અને એને આશ્રયે નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ એ ભલે હોય, પણ એ જ સમયે એક બીજી પર્યાયમાં મલિનતા થવાની યોગ્યતા છે. જે નિર્મળ પર્યાય છે એ જ પર્યાયમાં એક બીજી પર્યાય... પર્યાયના બે ભાગ. આહા..હા..! જે નિર્મળ પર્યાય પણ છે અને એ જ પર્યાયમાં એક ભાગ મલિન પણ છે. આહા..હા..! આવું જૈનદર્શનનું તત્ત્વ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો સમૂહ છે જીવવસ્તુ. વળી કેવી છે? સર્વ કાળ ઉદ્યોતમાન છે.'** સર્વ કાળ એ જ સ્થિતિવાળો છે. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ સર્વ કાળ પવિત્ર છે અને પર્યાયમાં અશુદ્ધતા એ પણ અંદરમાં છે. આહા..હા..! પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિ બેને મેળવીને પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! એ ૨૭૨ પૂરો થયો. ૨૭૩. આહા..હા..! જુઓને જગતમાં ક્યાં... આહા..હા..! એક ત્યાં કીધુંને આપણે મકાનમાં સ્વાધ્યાય મંદિર. ચકલીના બે બચ્ચા ઓલા ખીસકોલીના. ખીસકોલીને શું કહે છે? ગિલહરી. બે બચ્ચા ખીસકોલીના. પૂંછડી હોયને મોટી. પૂંછડી અને શરીર બે સરખા હોય લાંબા. બે બચ્ચા આવ્યા હતા. મેં જોયા બેય બચ્ચા. હું બેઠો હતો અને અંદર આવ્યા. બેય આમ એક સાથે જન્મેલા હશે. આવ્યા એમાં એક બચ્ચું અંદર જરી ગયું હશે આઘુંપાછું. તો એક કૂતરી આવી કાળી. એક કૂતરી ફરે છેને. અહીં ફરે છે. અહીં એનો હક છે એમ જાણે થઈ ગયું. બે-ત્રણ કૂતરા છે એનો જાણે હક છે. બીજાને ન આવવા દ્યે. સવારમાં વઢે બીજા આવે તો. આહા..હા..! અરેરે! એ બચ્ચાને પકડ્યું એણે. મેં અંદર કાંઈક સાંભળ્યું. ખળભળાટ થયો કાંઈક. કૂતરું આમ દેખાણું બહાર આવ્યું. પણ ત્યાં એને પકડાણું નહિ. અંદર પકડ્યું. લઈને બહાર આવ્યું આમ મોઢામાં. આહા..હા..! એ રામજીભાઈએ જોયું. રામજીભાઈ આમ બેઠા હશે બહાર. પાછળ લઈ ગઈ, મારી નાખ્યું અને ખાઈ ગઈ. આહા..હા..! આવા ભવ. એ મરણને તુલ્ય કરી નાખે એ તો પણ આને મારવાનો ભાવ અને આ દશા

તો જુઓ! ઓહોહો..! આ તે કાંઈ ભવ! આહા..હા..! ભવભ્રમણમાં તો આવા ભવ અનંતવાર કર્યા છે. આહા..હા..! જેણે ભવભ્રમણ ટાળવું હોય તો એને તો દ્રવ્યસ્વભાવનો આશ્રય લેવાથી ભવભ્રમણ ટળશે. કોઈ પુણ્યની ક્રિયાથી ભવભ્રમણ ટળશે (એમ નથી). પુણ્ય પોતે સંસાર ભવભ્રમણ છે. આહા..હા..! છે. એ કહ્યુંને.

સાધકજીવને પુણ્યભાવ મલિન છે એ પર્યાયની યોગ્યતા ધર્મ છે. આહા..હા..! પણ એ કારણે પુણ્ય પરિણામ છે એનાથી ધર્મ થશે એમ નથી. મલિન છે તો મલિન અધર્મ જ છે એ. આહા..હા..! એક સમયમાં ધર્મ અને અધર્મ બેય પર્યાયમાં ચાલે છે. આહા..હા..!

અધિકાર આવ્યો છે ત્યાં આત્માવલોકનમાં. શ્રાવકને ધર્મ અને અધર્મ બે એક સમયમાં પર્યાય છે. બે. જે આત્મા નિર્મળાનંદ પ્રભુ એને પકડીને જે મલિનતા ગઈ અને નિર્મળતા આવી એ તો ધર્મ છે, પણ એ જ સમયે પર્યાયમાં રાગાદિ છે તે અધર્મ છે. એક સમયે ધર્મ અને અધર્મ બેય શ્રાવકને હોય છે, સાચા શ્રાવકને. મિથ્યાદષ્ટિને તો એકલા અધર્મ હોય છે, કેવળીને એકલો ધર્મ હોય છે, સાધકજીવને ધર્મ-અધર્મ બેય હોય છે. ન્યાય સમજાણો? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને તો પૂર્ણ નિર્મળ દશા છે. જરી કંપન્ન છે એ પણ દોષ છે, પણ ચૌદમા ગુણસ્થાને છેલ્લે સમયે તદ્દન નિર્મળદશા. ત્યારે નીચે મિથ્યાદષ્ટિને તદ્દન મલિનદશા. સાધકજીવને અનેકાંત સિદ્ધ કરે છે અહીંયા સ્યાદ્વાદ. આહા..હા..!

સ્વભાવ શુદ્ધ નિર્મળ છે એના અવલંબને નિર્મળ પર્યાય પણ થઈ. જેટલો દ્રવ્યનો આશ્રય લીધો એટલી નિર્મળ થઈ. જેટલો આશ્રય એનો નથી અને પરના આશ્રયના લક્ષમાં જાય છે એ પોતાની યોગ્યતાથી. એટલી મલિનતા પણ છે. એ સ્યાદ્વાદ છે. આહા..હા..! આનું નામ સ્યાદ્વાદ. પણ મલિનતાથી ધર્મ થશે અને ધર્મથી બંધન થશે એવું સ્યાદ્વાદ નથી. સમજાણું કાંઈ? આહા..! ૨૭૩. ભાઈ! આ તો સમજણ-જ્ઞાન કરવાની ચીજ છે. વસ્તુ પોતે આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એ તો જ્ઞાન કરે. ત્રણકાળ, ત્રણલોકને જાણનાર આત્મા છે. પરમાણુ છે એક પણ એમાં જાણવાની શક્તિ નથી એમાં. પૂર્ણ જડ. ત્યારે આ પૂર્ણ જાણનારો ત્રણકાળ, ત્રણલોકને જાણનારી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે કહે છે.

(પૃથ્વી)

इतो गतमनेकतां दधदितः सदाप्येकता-
मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-
रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।२७३।।

આહા..હા..! આ વૈભવ. તમારા ધૂળનો વૈભવ નહિ અહીં કહે છે. આહા..હા..! 'अहो आत्मनः तद् इदम् सहजम् वैभवम् अद्भुतं' '''અહો' સંબોધન...' આશ્ચર્યકારક સંબોધન કરે છે. આહા..હા..! 'જીવવસ્તુની...' 'तद् इदम् सहजम्' 'અનેકાંતસ્વરૂપ એવી...' અનેકાંત

સહજ પણ... જોયું ભાષા એમ કરી. 'तद् इदम् सहजम्' **'અનેકાંતસ્વરૂપ એવી આત્માના ગુણસ્વરૂપ લક્ષ્મી...'** આહા..હા..! **'अद्भुतं'** એ લક્ષ્મી અદ્ભૂત. ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણની લક્ષ્મી એનાથી અદ્ભૂત. આહા..હા..! **'અચંબો ઉપજાવે છે.'** કહે છે. શા કારણે અચંબો ઉપજાવે છે? આહા..હા..! છેલ્લા શ્લોકો ઘણાં ઊંચા છે. **'શા કારણથી એવી છે?'** **'इतः अनेकतां गतम्'** **'પર્યાયરૂપ દૃષ્ટિથી જોતાં અનેક છે,...'** આહા..હા..! પર્યાયમાં અનેક છે. છે? **'એવા ભાવને પ્રાપ્ત થયેલી છે;...'** અનેક પર્યાય અનંત છે, પર્યાય અનેક છે. એ અનેકપણાની પ્રાપ્તિ થઈ છે. અનેકપણું નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'इतः सदा अपि एकताम् दधत्'** **'તે જ વસ્તુને...'** એ જ વસ્તુને **'દ્રવ્યરૂપે જોતાં...'** **'सदा अपि एकताम् दधत्'** **'સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે.'** આહા..હા..! પર્યાયથી જોતાં અનેક દેખાય છે. પોતાને કારણે હોં અનેકતા. કર્મને કારણે એમ નહિ. આહા..હા..! પર્યાયથી જુઓ તો અનેક છે, દ્રવ્યથી જુઓ તો એક છે. આવી વાત છે. ભગવાન પરિપૂર્ણ સ્વભાવ સામાન્ય અભેદ પૂર્ણને જુઓ તો એક છે. આહા..હા..! એક પણ છે, અનેક પણ છે. આ અનેકાંત છે. આહા..હા..! અનેક છે એ આ પૈસા અને શરીર અનેક છે માટે અનેક છે એમ નહિ. એ તો પર્યાયની સંપદા જ અનેકરૂપે છે. અનંત પર્યાય અનેકરૂપે એ પોતાના સ્વભાવથી છે. એ અનેકપણું પર્યાયનો ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને **'દ્રવ્યરૂપે જોતાં સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે.'** આહા..હા..! દૃષ્ટિના વિષયમાં તો એકલી પૂર્ણાનંદ વસ્તુ છે, પણ જ્યારે જ્ઞાન થાય, એ જ્ઞાનની અહીંયા વાત છે, એ જ્ઞાન દ્રવ્યને દેખે છે તો એકરૂપ પ્રતીતિ ઉત્પન્ન થાય છે. પર્યાયને જ્ઞાન દેખે તો અનેકરૂપ પણ દેખાય છે જ્ઞાનમાં. દૃષ્ટિની અહીંયા વાત નથી. સમજાણું કાંઈ? આવી વાતું. અરે! ચોર્યાસીના અવતાર અનંતકાળ થયા, ભાઈ! એ દુઃખી (છે), મહાદુઃખ. આહા..હા..! કુતુહલતા પરપદાર્થની કરે છે, જાણે કે આમાં કાંઈક હશે. પોતાની કુતુહલતા નથી કરતો કે મારામાં શું છે. સમજાણું કાંઈ? પોતા સિવાય પરપદાર્થની કુતુહલતા કરે તો તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! હવે અહીંયાં તો પોતાના સ્વભાવની કુતુહલતા થઈ તો એકરૂપે દેખાયું. આહા..હા..! અને પર્યાયને જ્ઞાન દેખે છે ત્યારે અનેક દેખાય છે. એક સમયમાં એક અને અનેક બેય છે. આહા..હા..! દ્રવ્યથી એકરૂપ, પર્યાયથી અનેકરૂપ, એ સ્યાદ્વાદ છે. આહા..હા..! આવું ક્યાં નવરા માણસને લ્યો!

**'વળી કેવી છે?'** બીજો પ્રકાર. **'इतः क्षणविभंगुरम्'** **'સમય સમય પ્રતિ અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે...'** સમય સમય પ્રત્યે ભગવાન આત્મા પર્યાયમાં સમય સમય પ્રત્યે અખંડ ધારા. એ શું કહે છે? કે સમયે સમયે જે પરિણમે છે એમાં ખંડ ન પડે. તે

એક સમય રહી ગઈ અને બીજે સમયે પરિણમે એમ નહિ. અખંડધારા. આયાતસમુદાય. આહા..હા..! નિર્મળ અને મલિનતાની પર્યાયની અખંડ ધારાપ્રવાહ ચાલે છે એમ કહે છે. જ્યાં સુધી સિદ્ધ પરમાત્મા ન થાય તો અખંડ ધારા પર્યાયમાં અખંડ ધારાપ્રવાહ ચાલે છે. તો એ પર્યાયમાં મલિનતા-નિર્મળતા બેયા લેવા. આહા..હા..! **'અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે એવી દૃષ્ટિથી જોતાં વિનશે છે, ઊપજે છે;...'** પર્યાય ઉત્પન્ન થાય છે અને પર્યાય વિણસે પણ છે, ક્ષણભંગુર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરને કારણે ક્ષણભંગુર છે એમ નથી. પોતાની પર્યાયનો ધર્મ જ અખંડધારાપણે પરિણમવું એ ક્ષણભંગુર છે. આહા..હા..! એક સમયમાં જે પર્યાય છે એ બીજે સમયે નથી રહેતી અને બીજે સમયે બીજી એવી અખંડધારા ચાલે છે ક્રમબદ્ધ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. આમાં સમજવું, કરવું શું પણ? આ કરવાનું છે. જે અનેકપણે છે ક્ષણભંગુર તેને તેમ જાણવું અને ત્રિકાળી અવિનાશી છે તેને તેમ જાણવું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવી દૃષ્ટિથી જોતાં વિનશે છે, ઊપજે છે;...'** સમય સમયમાં ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય થાય છે. એક સમયમાં ઉત્પાદ તો પહેલા સમયની પર્યાયનો વ્યય, બીજે સમયમાં પહેલાં જે ઉત્પાદ હતો એનો વ્યય અને બીજો ઉત્પાદ. એમ ઉત્પાદ-વ્યય ધારાવાહી ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એમ જોવાથી વિકલ્પ નથી થતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છે કે છે એમ જાણવું એની વાત કરે છે. એ તો પર્યાયનો આશ્રય લે તો વિકલ્પ થાય છે, પણ પર્યાય છે એને જાણવું એમાં શું થયું? જ્ઞાનનો સ્વભાવ છે સ્વપરપ્રકાશને જાણવાનો. સ્વપર લોકાલોકને જાણે તો વિકલ્પ નથી. એ તો જ્ઞાનનો સ્વભાવ છે. એ તો પર્યાયનો આશ્રય લેવા જાય તો વિકલ્પ ઉઠે છે, પણ પર્યાયને જાણવી એ તો જ્ઞાનનો સ્વભાવ છે. આહા..હા..! ઝીણી વાત છે. સમજાણું કાંઈ? પર્યાય ક્ષણભંગુર છે એમ જાણવું. જાણવું. આહા..હા..! એ તો પંચાધ્યાયીમાં લીધું છે કે એ સ્વભાવ છે જાણવું. જ્ઞાન સર્વ ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો એનો સ્વભાવ છે. તો સ્વભાવ પર્યાય ક્ષણભંગુર છે એમ જાણવું બસ. આહા..હા..! સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં તો એ લીધું છે. ઘણી ચર્ચા થઈ હતી પહેલાં ૯૦ની સાલ. જામનગર વીરજીભાઈની સાથે. આ એક કોર દૃષ્ટિ છે એમાં તો આ છે અને જાણવું. તો પંચાધ્યાયી કહે છે કે જાણ. હે આત્મા! જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે તેને જાણ. વિશેષ જાણ્યું માટે વિકલ્પ થઈ જાય એમ નથી. પંચાધ્યાયીમાં છે. એ તે દિ' શબ્દ લીધો હતો. આહા..હા..! મહા.. શું કીધું? હા મહાપ્રજ્ઞાવંત. પ્રજ્ઞાને જાણ. મોટી ચર્ચા થઈ હતી ૯૦માં. પ્રજ્ઞાનો સ્વભાવ છે જાણવાનો. જાણવું એ કાંઈ વિકલ્પનું કારણ હોય તો તો કેવળી ત્રણલોકને, ત્રણકાળને જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયનો સ્વભાવ જ સ્વપરને જાણવાનો સ્વભાવ જ્ઞાનનો છે. જ્ઞાનનો સ્વભાવ

જ એવો છે. તો એ જ્ઞાન પર્યાયમાં ક્ષણભંગુર છે એને પણ જાણે.

'**इतः सदा एव उदयात् ध्रुवम्**' આહા..હા..! '**સર્વકાળ એકરૂપ છે એવી દૃષ્ટિથી જોતાં, સર્વ કાળ અવિનશ્વર છે...**' સદા કાળ ઉદય છે. આહા..હા..! ભગવાન ધ્રુવને જુઓ તો સદા કાળ પ્રગટરૂપ એ વસ્તુ છે, એમાં ઉત્પાદ-વ્યય છે નહિ. આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ તો એનો સ્વભાવ છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ તો એનો સ્વભાવ છે. તો ઉત્પાદ-વ્યયથી જુઓ તો ક્ષણભંગુર દેખાય. આહા..હા..! સદા એકરૂપ '**उदयात्**' ભગવાન એકરૂપ ત્રિકાળ બિરાજમાન છે, સદા એ અવિનાશી છે. આહા..હા..! '**સર્વ કાળ એકરૂપ છે...**' '**ध्रुवम्**' છેને? '**इतः**' '**એવી દૃષ્ટિથી જોતાં,...**' '**सदा एव उदयात्**' '**सदा एव उदयात्**' ત્રણે કાળે ઉદય છે. ઉદય છે એટલે નાશવાન નથી. ત્રણે કાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સદા કાળ પ્રગટરૂપ છે, એકરૂપ છે એમ જુઓ તો એ ધ્રુવ છે અને પર્યાયમાં અનેકરૂપને જુઓ તો એ ક્ષણિક છે. આહા..હા..! બેય એનો સ્વભાવ છે, બેય એનો ધર્મ છે. ધર્મ એટલે એનો ભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સર્વ કાળ અવિનશ્વર છે એમ વિચારતાં, શાશ્વત છે.**' જુઓ, શાશ્વત છે. આ બાજુમાં ક્ષણિક છે તો આ બાજુમાં શાશ્વત છે. '**सदा एव उदयात्**' વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... દરેક પર્યાયમાં ધ્રુવપણું તો કાયમ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગીતાજીમાં પણ એમ આવે છે કે વસ્તુ છે એ અગ્નિથી બળતી નથી, છેદનથી છેદાતી નથી. નૈનં છિદંતી એવું આવે છે એ ત્રિકાળીની અપેક્ષાએ, પણ પર્યાય છે એ પાછા ભૂલી જાય છે. ન છિદંતી, ન ભેદંતી અગ્નિથી એ પણ જાણે કોણ? જાણે તો પર્યાય. ક્ષણિકપર્યાય અવિનાશીને જાણે છે. અનિત્ય છે તે નિત્યને જાણે છે. આહા..હા..! આવી વાત. એ ચિદ્‌વિલાસમાં લીધું છે. અનિત્ય પર્યાય નિત્યને જાણે છે, અનિત્ય પર્યાય નિત્યનો નિર્ણય કરે છે. નિત્યનો ભાવ નિત્યનો નિર્ણય કરી શકતો નથી. એ તો નિત્ય ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ વસ્તુનું સ્વરૂપ એવું છે. એવું વીતરાગે કહ્યું. આહા..હા..!

ત્રીજો બોલ. બે બોલ ગયા. ક્યા? પર્યાયથી જુઓ તો અનેક, દ્રવ્યથી જુઓ તો એક. પર્યાયથી જુઓ તો ક્ષણભંગુર, દ્રવ્યથી જુઓ તો ધ્રુવ. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! ત્રીજો, '**इतः**' '**વસ્તુને પ્રમાણદૃષ્ટિથી જોતાં...**' '**परमविस्तृतमं**' '**પ્રદેશોથી લોકપ્રમાણ છે,...**' આહાહા..! એ પ્રદેશોથી જુઓ તો લોકપ્રમાણે સંખ્યા હોં! લોકપ્રમાણ પહોળો એમ નહિ. પ્રદેશની સંખ્યા લોકપ્રમાણે. '**જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ છે;...**' આહા..હા..! જ્ઞાનથી જુઓ તો જ્ઞેયપ્રમાણ છે. જે જ્ઞેય છેને એ પ્રમાણે જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. આહા..હા..! છતાં '**इतः निजैः प्रदेशैः धृतम्**' પોતાના ક્ષેત્રમાં રહીને પરને જાણે છે. '**निजैः प्रदेशैः धृतम्**' '**નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં પોતાના પ્રદેશમાત્ર પ્રમાણ છે.**' પોતાના પ્રદેશમાં રહ્યો છે.

પરને જાણે છે તો પરના પ્રદેશમાં ગયો છે એમ નથી. આહા..હા..! ઝીણી વાત બહુ લીધી છે છેલ્લા (કળશોમાં). આમ અસંખ્ય પ્રદેશ છે એ પોતામાં રહે છે અને પરને જાણે છે લોકાલોકને તો પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે, પરના ક્ષેત્રમાં જઈને જાણે છે એમ નથી. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ઉઠ્યો હતો એક ફેરી ૮૪. રાણપુર. ૮૪ની સાલ. એક વેદાંતી હતા ભાવસાર. આ નારણભાઈનું ઘર છેને નારણભાઈ આપણા. નારણ કરશનજી. એના ઘર પાસે ઘર પડતું એનું. ભાવસાર હતા વ્યાખ્યાનમાં આવે. પછી એકવાર પ્રશ્ન કર્યો, કે તમે કહો છો કે આ પરમાણુ અને જડ અને બીજા બધા છે, તો એમાં પ્રવેશ કર્યા વિના જાણે કેમ? એ ચોર્યાસીની સાલમાં પ્રશ્ન થયો હતો. એમાં પ્રવેશ કરે તો જાણે તો બેય એક ચીજ થઈ ગઈ. કીધું પ્રવેશ કર્યા વિના ભિન્ન રહીને જાણે. આહા..હા..! અગ્નિને જોવે છે તો અગ્નિમાં આંખ પ્રવેશ કરીને દેખે છે? આંખ ભિન્ન રહીને અગ્નિને દેખે છે. અગ્નિમાં પ્રવેશ કરે તો અગ્નિને જોવે એમ નથી, એમ પરપદાર્થને પરપદાર્થમાં પ્રવેશ કર્યા વિના જોવે છે. એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? છેલ્લા શ્લોકો એકદમ માખણ છે. સ્યાદ્વાદ અનેકાંત સિદ્ધ કરે છે પ્રમાણથી. આહા..હા..!

આમ લોકાલોકને જાણે. આખા લોક પ્રમાણે પ્રદેશ છે. '**इतः निजैः प्रदेशैः धृतम्**' '**નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં પોતાના પ્રદેશમાત્ર પ્રમાણ છે.**' પોતાના પ્રદેશમાત્ર છે. એ પરપ્રદેશમાં ગયો નથી. આહા..હા..! તો એણે એવો પ્રશ્ન કર્યો હતો. વેદાંત સિદ્ધ કરવું હોયને એને. એમ કહે કે આ પરવસ્તુ છે એમ તમે કહો છો એને જાણે. જાણે તો અંદર પ્રવેશ કરે તો જાણે. પ્રવેશ કરે તો એ રૂપ થઈ ગયો. એમ છે નહિ કીધું. મોટી ચર્ચા થઈ હતી. સાંભળે બિચારા. વેદાંતની લાઈન એવી છેને. એ લોકોને એકાંત આત્મા એક જ છે બસ. બીજી ચીજ જ નથી. અહીં તો કહે કે અનંતી ચીજ, એક આત્મા સિવાય અનંત આત્મા, અનંત પરમાણુ છે. એને પોતાના ક્ષેત્રમાં રહીને અનંત લોકાલોક અને બધાને દેખે છે, છતાં પરક્ષેત્રમાં પ્રવેશ કર્યા વિના પોતાના ક્ષેત્રમાં રહીને દેખે છે. આહા..હા..! ઘરમાં એક માણસ ઉભો હોય ઘરમાં અને રથયાત્રા નીકળી હોય ૨૫-૫૦ હજાર માણસની. તો ઘરમાં ઉભો રહીને જોવે છે. ત્યાં અંદરમાં પ્રવેશ કરીને જોવે છે? હાથી-ઘોડા રથ નીકળે એને પોતાનાં ઘરમાં રહીને જોવે છે. એમ પોતાના ઘરમાં રહીને લોકાલોકને દેખે છે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! અનેકાંત સિદ્ધ કરે છે. એકરૂપ પણ છે, અનેકરૂપ પણ છે, ક્ષણભંગુર છે, ધ્રુવ પણ છે, લોકપ્રમાણ પણ છે અને પોતાના પ્રદેશ પ્રમાણ પણ છે. લોકને જાણે તો એ પ્રમાણ પણ છે અને પોતામાં પ્રદેશમાં રહે છે તો પોતાના પ્રદેશમાં રહીને જાણે છે. આહા..હા..! ૨૭૪.

(પૃથ્વી)

कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो
भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।
जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः
स्वभावमहिमात्मनो विजयतेऽद्भुताद्भुतः।।२७४।।

'आत्मनः स्वभावमहिमा विजयते' '**જીવદ્રવ્યનો સ્વભાવમહિમા...**' ભગવાનના સ્વરૂપની મોટાઈ, માહાત્મ્ય, મોટપ. ભગવાનસ્વરૂપ ભગવાન એની મોટપની મહામોટપ છે. આહા..હા..! '**विजयते**' '**સર્વથી ઉત્કૃષ્ટ છે.**' આહા..હા..! ભગવાન આત્માના સ્વભાવનો વિજય સર્વથી ઉત્કૃષ્ટ છે. એ જ સર્વોત્કૃષ્ટ વસ્તુ એ જ આત્મા છે બસ. આહા..હા..! દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત હોં! '**કેવો છે મહિમા?**' '**अद्भुतात् अद्भुतः**' '**આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે.**' આહા..હા..! '**अद्भुतात् अद्भुतः**' '**આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે.**' આહા..હા..! '**તે શું છે આશ્ચર્ય?**' '**एकतः कषायकलिः स्खलति**' એક '**વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં...**' જુઓ, '**વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં...**' ભાષા જુઓ, વિભાવરૂપી શક્તિની પરિણામ શક્તિને જોતાં. આહા..હા..! '**મોહ-રાગ-દ્વેષનો ઉપદ્રવ થઈને...**' મોહ-રાગ-દ્વેષનો ઉપ્રદ્રવ થઈને '**સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે,...**' સ્વરૂપથી ભ્રષ્ટ થઈને રાગ-દ્વેષરૂપે પરિણમે છે એવી પણ એની યોગ્યતા છે. અદ્ભૂતા અદ્ભૂતં આશ્ચર્ય. આહા..હા..! પરને લઈને નહિ, કર્મને લઈને નહિ. એ વાત અહીંયા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

વિભાવપરિણામશક્તિ '**સ્વરૂપથી ભ્રષ્ટ થઈને પરિણમે છે,...**' '**મોહ-રાગ-દ્વેષનો ઉપદ્રવ થઈને...**' ઉપદ્રવ છે ઈ. પણ એ પરિણમન છે. પરિણામમાં ઉપદ્રવ છે. કોનો ઉપદ્રવ? એ પોતાની પર્યાયનો જ ઉપદ્રવ નથી. કર્મનો ઉપદ્રવ નથી, કર્મને કારણે ઉપદ્રવ નથી. આહા..હા..! '**વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં મોહ-રાગ-દ્વેષનો ઉપદ્રવ થઈને...** ' '**स्खलति**' '**સ્વરૂપથી ભ્રષ્ટ થઈને પરિણમે છે, એવું પ્રગટ જ છે;...**' મલિનપણે પરિણમવું એવું યથાર્થ છે. સ્વરૂપથી ખસીને, ભ્રષ્ટ થઈને એટલે ખસીને વિકારરૂપે પરિણમે એવો પણ છે. સમજાણું કાંઈ? આ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં વિભાવરૂપે પરિણમવું એવી પણ એક યોગ્યતા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વરૂપી દૃષ્ટિમાં સ્ખલિત થઈને થયો એમ નથી. સ્વરૂપ તો છે, પણ એનાથી સ્ખલિત થઈને મલિન પર્યાયમાં આવે છે એવું પણ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ સ્વરૂપમાં અંતર જે આત્મા છે એવી દૃષ્ટિનું ધ્યેય કદી છૂટતું નથી. સમજાણું કાંઈ? પણ અસ્થિરતામાં સ્વરૂપની દૃષ્ટિનું લક્ષ હોવા છતાં અસ્થિરતામાં એનું પરિણમન થાય એવી એક યોગ્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**एकतः शान्तिः अस्ति**' '**જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ચેતનમાત્ર સ્વરૂપ**

છે,...' આહા..હા..! '**જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...**' શાંતિ... શાંતિ... શાંતિ દેખાય છે. આહા..હા..! એક બાજુ અશાંતિ દેખાય છે, એક બાજુ શાંતિ દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અશાંતિ દેખાય છે એટલી એની યોગ્યતાથી છે અને શાંતિ દેખાય છે એ પણ પોતાના સ્વભાવને આશ્રયે શાંતિ એનો સ્વભાવ છે. આહા..હા..! એક સમયમાં શાંતિ પણ દેખાય છે અને અશાંતિ પણ દેખાય છે, બેય દેખાય છે એમ કહે છે. આહા..હા..! સ્વભાવ ઉપર જેટલો આશ્રય છે એટલી શાંતિ દેખાય છે અને જેટલું પરના આશ્રયમાં લક્ષ છે એટલી અશાંતિ દેખાય છે. પરથી નહિ, પરનું લક્ષ કરવાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એટલી અશાંતિ પણ છે. આહા..હા..!

**શ્રોતા :-** બેય પર્યાય એક સાથે ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સાથે ચાલે છે. એ જ અનેકાંત સિદ્ધ કરે છેને. સ્યાદ્વાદ પ્રભુનો માર્ગ. આહા..હા..!

'**एकतः शान्तिः अस्ति**' આહા..હા..! '**જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...**' '**शान्तिः अस्ति**' છેને? આહા..હા..! ઓલાપણે સ્ખલતી હતી. અશાંતિમાં સ્વરૂપથી સ્ખલના થઈ જતી હતી. આમાં શાંતિ છે. આહા..હા..! આવો માર્ગ. દષ્ટિના ધ્યેયમાં તો એક જ વસ્તુ છે ધ્રુવ. એમ હોવા છતાં જ્ઞાન સાથે જે થયું એ જ્ઞાન પર્યાયમાં ભ્રષ્ટ થઈને અસ્થિરતા થાય છે તેને પણ જાણે છે અને શુદ્ધને પણ, શાંતિ અંદરમાં થાય છે, શાંતિની પર્યાય હોં! વસ્તુ તો શાંતસ્વરૂપ ત્રિકાળ છે, પણ શાંતિની પર્યાયમાં જણાય છે કે આ શાંતિ છે. આહા..હા..! આવી વાત છે. કહો, શાંતિભાઈ! આ શાંતિની વાત ચાલે છે. આહા..હા..!

'**રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી.**' એમ નથી એમ કહે છે. '**સ્વરૂપ વિચારતાં ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી.**' શેમાં? શાંતિમાં. શાંતિમાં રાગાદિ વિદ્યમાન છે જ નહિ. અશાંતિમાં રાગાદિ વિદ્યમાન છે. આહા..હા..! કઈ શાંતિમાં? શાંતિની પરિણતિમાં. આહા..હા..! આવી ભાષા અને આ વાત. પછી ઓલા શેઠ એમ કહેને કે આ બધું ઝીણું પડે. એ માર્ગ નથી. અત્યારે પુણ્ય કહો, પુણ્યનું કરો. પુણ્ય કરો. પણ પુણ્ય તો અનંતવાર કર્યા છે, એમાં છે શું? અહીંયાં તો પુણ્ય આવે છે એ કલુષિત છે, સ્વરૂપથી સ્ખલિત થયો એમ જાણે છે. અને જેટલો સ્વરૂપમાં એકાગ્ર છે એટલી શાંતિ પણ છે. એક સમયે બે જ્ઞાનીને જ્ઞાનમાં આવે છે એમ કહે છે. એટલે કોઈ વિપરીત છે એમ નથી. આહા..હા..! જ્યાં શાંતિ દેખાય... આહા..હા..! ત્યાં અશાંતિ કેવી? કહે છે. અરે..! સાંભળ તો ખરો. શાંતિમાં અશાંતિ નથી, પણ અશાંતિમાં અશાંતિ છે. એ જ પર્યાયમાં અશાંતિના (શાંતિના) ભાગમાં અશાંતિ (શાંતિ) છે. આહા..હા..! આવો માર્ગ. ઝીણું બહુ કાંતવું. આહા..હા..!

**શ્રોતા :-** શાંતિ અને અશાંતિ બંને મળી નથી જતાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક નથી થઈ જતા. આહા..હા..! એક પર્યાય... સાધકની વાત ચાલે છેને અહીંયાં. આહા..હા..! જેટલી આત્મદ્રવ્યની દૃષ્ટિ થઈ શુદ્ધ ચૈતન્ય ભગવાન(ના આશ્રયે), એટલી પર્યાયમાં શાંતિ તો છે, પણ જેટલો આશ્રયનો અભાવ છે એટલી પર્યાયમાં મલિનતા પણ દેખાય, અશાંતિ પણ દેખાય. આહા..હા..! એક સમયમાં શાંતિ અને અશાંતિ બેય જણાય છે. આહા..હા..! ગજબ ટીકા છેને! બહુ સરસ! આહા..હા..! સ્યાદ્વાદ અનેકાંતને સિદ્ધ કરે છે. જ્ઞાનીને એકાંત શાંતિ જ છે અને એકાંત અશાંતિ જ છે એમ નથી. એકાંત અશાંતિ તો મિથ્યાદૃષ્ટિને છે અને એકાંત શાંતિ કેવળીને પૂર્ણ છે, સાધકમાં તો શાંતિ પણ છે અને અશાંતિ બેય છે. આહા..હા..! શેઠ! આ કોઈ દિ' વાંચ્યું નથી અને વાંચે તો સમજાય એવું નથી ત્યાં. શું કહે છે?

**શ્રોતા :-** વાંચીએ તો છીએ પણ જેવો અર્થ આપ કાઢો છો એવો નથી નીકળતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમાં છેને એ બધું. આહા..હા..!

પ્રભુ! અનેકાંતપણું સિદ્ધ કરે છે. અનેક યોગ્યતાઓ (છે). તો પોતાના સ્વરૂપ તરફ દેખે તો શાંતિ પર્યાયમાં દેખાય છે અને આ બાજુ દેખે તો અશાંતિ પણ દેખાય છે. સાધકને બેય એક સમયમાં દેખાય છે. આહા..હા..! એ અનેકાંત સ્વરૂપ છે. એકાંત શાંતિ જ છે એમ નથી, તેમ એકાંત અશાંતિ છે એમ નથી. કથંચિત્ શાંતિ અને કથંચિત્ અશાંતિ બેય સાથે છે. આહા..હા..!

**શ્રોતા :-** ... શાંતિ તો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એ નહિ... એ નહિ. જેટલો રાગ છે એટલી અશાંતિ છે. આહા..હા..! ત્રણ કષાયનો અભાવ થયો મુનિને, પણ સંજ્વલન છે એટલી અશાંતિ છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને પણ જેટલો સ્વભાવનો આશ્રય થયો એટલી શાંતિ છે અને ત્રણ કષાયનો ભાવ છે એટલી અશાંતિ છે. આહા..હા..! એક સમયે એક જ પર્યાયના બે ભાગ. આહા..! વીતરાગ સિવાય આ વાત ક્યાંય છે નહિ. આહા..હા..! શાંતિ દેખાય છે, એક બાજુ અશાંતિ દેખાય છે. આહા..હા..! શાંતિમાં અશાંતિની ગંધ નથી અને અશાંતિમાં શાંતિનો ભાવ નથી. આહા..હા..! છતાં બે ભાવ છે. એક પર્યાયમાં બે ભાગ. આ તે વાત! આહા..હા..! જેણે પર્યાયને માની નથી એને તો એમાં તો આ વાત છે નહિ. એકાંત દ્રવ્ય માન્યું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એકાંત પર્યાયને જ માની એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો દ્રવ્ય અને પર્યાય બેને માનનારનું સ્વરૂપ શું છે એની વાત છે. આહા..હા..!

જૈનમાં જન્મ્યા છતાં જૈનની શૈલી શું છે એ પણ વિચારમાં-જાણવામાં આવતી નથી. આહા..હા..! બહારમાં મંદિર કરાવ્યા, દાન કર્યા, ભક્તિ કરી, પૂજા કરી, વ્રત કર્યા અને તપ કર્યા. આહા..હા..! એ તો એકાંત અશુદ્ધતા છે. આહા..હા..! ત્યાં અશુદ્ધતામાં શાંતિ નથી. ત્યાં અનેકાંતપણું ન આવ્યું. એકાંત અશુદ્ધતા (માની) તો એકાંત આવ્યું. આહા..હા..! પણ

જ્યાં ભગવાન આત્મા પૂર્ણ પવિત્ર ભગવાન અનંતગુણનો સાગર એનો જેટલો આશ્રય લીધો એટલી તો શાંતિ છે. પર્યાયમાં શાંતિ છે. આહા..હા..! અને એ જ પર્યાયમાં જેટલું પર તરફનું લક્ષ છે, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ બધી અશાંતિ છે. આહા..હા..! હવે આમાં વાદ ને વિવાદ ક્યાં ચાલે આમાં?

હવે હજી આકરું આવે છે હવે. '**વળી કેવું છે?**' ભગવાન આત્મા એનો આશ્રય અદ્‌ભૂતાત્ અદ્‌ભૂત. આહા..હા..! સ્વરૂપની મોટાઈ. આહા..હા..! '**एकतः भवोपहतिः अस्ति**' આહા..હા..! '**અનાદિ કર્મસંયોગરૂપ પરિણમેલ છે, તેથી સંસાર-ચતુર્ગતિમાં અનેક વાર પરિભ્રમણ છે;...**' રાગ છે એ ભાવ છે. અનાદિકાળની જે વિકારી પરિણતિ છે એ છે. ધર્મીને પણ છે એવી વાત અહીંયાં છે. સમજાણું કાંઈ? કહ્યુંને ત્યાં અમૃતચંદ્રાચાર્યે, અમે દ્રવ્યથી તો પૂર્ણ શુદ્ધ જ છીએ, પણ અમારી પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા આવી છે. અનાદિથી. કારણ કે એ અશુદ્ધતા કદી નાશ નથી થઈ. ભલે ઉપશમસમકિત હોય, ક્ષાયિક સમકિત હોય પણ નાશ નથી થઈ. આહા..હા..! તો એ અનાદિની અશુદ્ધતા અમને છે. મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને આનંદકંદમાં ઝૂલનારા. એ પણ કહે છે, મારી પર્યાયમાં કલુષતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભવ છે. આહા..હા..!

'**एकतः**' '**સંસાર-ચતુર્ગતિમાં અનેકવાર પરિભ્રમણ છે;...**' એવી પર્યાય પણ છે. આહા..હા..! હજી પરિભ્રમણનો ભાવ-રાગ છે. આહા..હા..! ભવ છે. એ રાગ એ જ ભવ છે. આહા..હા..! અનાદિથી પર્યાય પરિણતિ છે એમ કહે છે. અનાદિ પરિભ્રમણ કર્યું તો એની એ પર્યાય અનાદિથી અહીંયાં છે. સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું, ચારિત્ર થયું તોપણ અશુદ્ધતા અનાદિની છે. આહા..હા..! '**અનેકવાર પરિભ્રમણ છે;...**' શુભભાવ વારંવાર આવે છે. અશુભભાવ છે એ જ સંસાર છે, પરિભ્રમણ છે એટલું. આહા..હા..! '**एकतः मुक्तिः स्पृशति**' જુઓ, '**જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં જીવવસ્તુ સર્વકાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.**' આહા..હા..! '**एकतः**' એટલે સર્વથા મુક્તિ અને સર્વથા ભવ એમ નથી. '**एकतः**' શબ્દ વાપર્યો છેને? આમ જુઓ તો રાગ પરિભ્રમણનો ભાવ દેખાય છે, આમ જુઓ તો મુક્તિ સ્પર્શે છે. રાગનો અભાવ થઈને મુક્તસ્વભાવનો સ્પર્શ થયો છે તો પર્યાયમાં મુક્તિ થઈ છે એમ જોવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીથી. મુક્તસ્વરૂપ ભગવાન તો મુક્તસ્વરૂપ જ છે, તો મુક્તસ્વરૂપની દૃષ્ટિ થઈ તો મુક્તનું સ્પર્શન થયું, મુક્તનો સ્પર્શ થયો, મુક્તના ભાવનો સ્પર્શ થયો, પર્યાયમાં મુક્તિ થઈ. આહા..હા..! સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એ તો મુક્તિ થઈ. આહા..હા..! કારણ કે એ જ પર્યાય મુક્તરૂપ પૂર્ણ થશે. તો મુક્તિ જ છે. અનુભવ મોક્ષમાર્ગ અને અનુભવ મોક્ષસ્વરૂપ એમ કહ્યુંને? આહા..હા..! ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને, સાધક જીવને એક બાજુ ભવભ્રમણનો રાગ પણ દેખાય છે, આહા..હા..! એક બાજુ મુક્તિ પણ સ્પર્શે છે. આ તે કાંઈ વાત કરે છે! સમજાણું

કાંઈ? એક જ પર્યાયમાં બે ભાગ દેખાય છે એમ કહે છે. જે મુક્તસ્વભાવ ભગવાન આત્મા એની જેટલી એકાગ્રતા થઈ એટલી મુક્ત પર્યાય સ્પર્શી. મુક્તિનો સ્પર્શ થયો, મુક્તિનો અનુભવ થયો. આહા..હા..! માથા ફરી જાય એવું છેને આ તો. કાંઈ સાંભળ્યું પણ નથી અને દરકાર પણ કરી નથી. આહા..હા..!

**શ્રોતા :-** સંભળાવનાર નથી તો શું કરીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દરકાર કરી નથી, પોતે દરકાર કરી નથી. આહા..હા..! ભગવાન બિરાજે છે ત્યાં કેમ જન્મ ન લીધો? સંભળાવનારા છે. કેમ પ્રોફેસરજી! પંડિતજી! ભગવાન બિરાજે છેને. દિવ્યધ્વનિ સવાર, બપોર, સાંજ ચાલે છે. ત્યાં જન્મ કેમ ન લીધો? અને જન્મ લીધો તો સાંભળવા પણ ન ગયો. અનંતવાર મહાવિદેહમાં જન્મ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને સાંભળવામાં આવ્યું તો એને રુચિમાં આવ્યું નથી. આહા..હા..! કહ્યું હતુંને 'કેવળી આગળ રહી ગયો કોરો.' કોરો એટલે શું કહે છે? ખાલી. ભગવાન પાસે ગયો પણ ખાલી-ખાલી રહ્યો. કાંઈ સ્પર્શ કર્યો નહિ (કે) આત્મા શું છે? ભગવાન કહે છે એની આજ્ઞા ન માની. આહા..હા..! ભગવાન તો આત્માને મુક્તસ્વરૂપ કહે છે. તો મુક્તસ્વરૂપનો સ્પર્શ કર્યો નહિ. સાંભળ્યું પણ એમ ને એમ સાંભળીને મૂકી દીધું. આહા..હા..! ઝીણી વાતું બહુ. સાધકને એક બાજુ ભવ દેખાય છે અને એક બાજુ મુક્તિ દેખાય છે એમ કહે છે. મીઠાલાલજી! આહા..હા..! જેટલો રાગ છે એ જ ભવ છે. આહા..હા..! અને જેટલો દ્રવ્ય સ્વભાવનો સ્પર્શ થયો, એકાગ્ર થયો, મુક્ત સ્વરૂપમાં એકાગ્ર થયો એટલી મુક્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'જીવવસ્તુ સર્વકાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.'** આહા..હા..! છે? સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે. પર્યાયમાં એમ આવે છે હોં! આ વસ્તુ મુક્ત ત્રિકાળ છે એવો પર્યાયમાં અનુભવ થાય છે. આહા..હા..! એક બાજુ રાગ.. આ અનેકાંત વાત સિદ્ધ કરે છે. સર્વજ્ઞ સિવાય આવો અનેકાંતનો સ્યાદ્વાદમાર્ગ ક્યાંય નથી. આહા..હા..! દિગંબર સંતોએ જગતની પાસે ઝવેરાત બહારમાં કાઢી છે. જો તું. આહા..હા..! આ શું કહેવાય? દહેજ? દહેજમાં વસ્તુ આપેને? તોપણ ઓલા લાકડા ભેગા હોય થોડા. આ વીંઝણા આપે વીંઝણા. વીંઝણાને શું કહે છે? પંખો. એકલા વીંઝણા લૂગડા .. એમાં લાકડું હોયને. લાકડી. વીંઝણા નથી હોતા? એમાં લાકડી નથી હોતી? લાકડી પણ છે અને વીંઝણો પણ છે. આહા..હા..! એમ અહીંયાં કહે છે કે પ્રભુ! એકવાર જો તો ખરો. આહા..હા..! એક બાજુ પર્યાય ઉપર નજર કરવાથી તો ભવ દેખાય છે, આ બાજુ જોતા મુક્તિ થાય છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૫, રવિવાર, તા. ૦૨-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૪-૨૭૫, પ્રવચન નં. ૪૬૬

કળશટીકા. ૨૭૪ને? અહીંથી લઈએ જુઓ. અહીંથી ફરીને લઈએ. '**एकतः भवोपहतिः अस्ति**' અહીંયાં શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્યસ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ તેને પણ એક બાજુમાં રાગ દેખાય છે. રાગ એ ભવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને '**एकतः मुक्तिः स्पृशति**' આહા..હા..! આ મહાસિદ્ધાંત છે. એક બાજુ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે એવું ભાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! વસ્તુ છે એ મુક્તસ્વરૂપ છે. આમાં કહ્યુંને સમયસાર નાટકમાં? 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન; મત મદિરા કે પાનસો મનતાવાલા સમજે ન.' આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે.' જિન-જિન. એ વીતરાગસ્વરૂપ ઘટ ઘટમાં વસે છે બધા ભગવાન. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો એ આત્મા મુક્તસ્વરૂપ જ છે. ચૈતન્ય ગોળો બધા રાગથી ભિન્ન ચૈતન્ય છે. આહા..હા..! તો 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ જૈન આને કહે છે. આહા..હા..! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવી એનું નામ જૈન. પોપટભાઈ! આવું ઝીણું છે આ. તમારી લાદી-બાદીમાં કાંઈ હાથ આવે એવું નથી ત્યાં. બાપા કહે છે કે ત્યાં આપણે હોત તો અહીંયાં શું કરવા આવત? એમ કહે છે. વાત સાચી. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે સાધક જીવને ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ, મુક્તસ્વભાવ (છે) એવો અનુભવ થયો. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ આવ્યુંને? ૧૫મી ગાથા. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' આ આત્માને રાગથી બદ્ધ નથી જોતાં. આહા..હા..! અને સામાન્યપણે દેખે છે, વિશેષપણે નહિ, તેમાં શુદ્ધ ઉપયોગ જે થયો એ જૈનશાસન અને સમસ્ત જૈનશાસન એણે જોયું. આહા..હા..! ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય અબદ્ધ મુક્તસ્વરૂપ. અહીં તો મુક્ત ઉપર વજન દેવું છે. એમ લખ્યું છેને? '**જીવવસ્તુ સર્વકાળ મુક્ત છે...**' આહા..હા..! રાગ અને કર્મથી ભગવાન આત્મા તો મુક્ત છે, સદાકાળ મુક્ત છે, પણ દૃષ્ટિ થતાં પ્રગટ મુક્તનું ભાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા મુક્તસ્વરૂપ જ અનાદિથી છે, પણ અહીંયાં દૃષ્ટિમાં આવ્યો ત્યારે મુક્તસ્વરૂપ છે એવું ભાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! આ મૂળ ચીજ છે. આ તો આ શબ્દ આવ્યોને ઉપરથી તો કીધું બહુ સારી વાત એટલી લખી. દ્રવ્યદૃષ્ટિથી કામ લો, ઉપયોગ કરો. કેવળ પર્યાયદૃષ્ટિએ કામ ન લ્યો. બહુ સારી વાત, બાપા! સત્ય તો ગમે તે કહેતા હોય. એમાં શું?

જીવ આત્મદ્રવ્ય જે વસ્તુ છે એ તો જિનસ્વરૂપી છે. જિનસ્વરૂપી કહો, વીતરાગસ્વરૂપી

કહો કે મુક્તસ્વરૂપ કહો કે અબદ્ધસ્વરૂપ કહો. આહા..હા..! અબદ્ધ નામ નાસ્તિથી છે, મુક્તપણું અસ્તિથી છે. આહા..હા..! એવી દૃષ્ટિ અંદર કર્યા વિના દ્રવ્યદૃષ્ટિનો અનુભવ પર્યાયમાં નથી આવતો. આહા..હા..! અને દ્રવ્ય છે મુક્તસ્વરૂપ. અહીં તો પાછું એમ લીધુંને? **'સર્વકાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.'** એમ લીધુંને. આહા..હા..! બહુ અલૌકિક વાતું છે, બાપુ! આહા..હા..! એ વસ્તુ જિનેશ્વર પરમેશ્વરે પણ આત્મા જોયો, એણે તો જોયો પણ બીજા આત્માએ જોયો એણે પણ મુક્તસ્વરૂપ જોયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે' ભગવાન વસે, જિન વસેને આત્મા. આહા..હા..! અને એની માન્યતા અનુભવ થાય તો ઘટ ઘટ અંતર જૈન છે. ભીખાભાઈ! આહા..હા..! જિન છે એનો અનુભવ કરે તે જૈન છે. આહા..હા..! જૈન કોઈ સંપ્રદાય નથી. આહા..હા..! ભારે કામ!

અહીંયાં એ કહે છે કે ધર્મી જીવને એક બાજુ જ્યાં રાગ દેખે છે, સાધક છેને? રાગ જોવે તો ભવ પણ છે, તો એટલો સંસાર છે. આહા..હા..! એ પર્યાયદૃષ્ટિથી જોયું, પણ દ્રવ્યદૃષ્ટિથી જોવે તો તે મુક્તસ્વરૂપ છે. આહા..હા..! એ રાગના વિકલ્પથી ભગવાન ચૈતન્ય વીતરાગસ્વરૂપ ગોળો ભિન્ન છે. એ મુક્તસ્વરૂપ ત્રિકાળ છે, પણ મુક્તસ્વરૂપનો અનુભવ થાય તો તે મુક્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..! લોકોને કબુલ તો કરવું પડે છે હવે આ બધું.

**શ્રોતા :-** સત્ય પ્રકાશમાં આવ્યા વિના રહે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વસ્તુ છે, બાપા! આહા..હા..! અને આ પુસ્તક જે બહેનનું આવ્યું છે આહા..હા..! માલ-માલ આવ્યો છે. એય..! હવે કોઈ લખે કે કરે એ અહીં થઈ શકે એવું નથી. એ તો આવ્યું ઈ આવ્યું આ. સમજાણું કાંઈ? આહા..હા..! એ આઠેય બહેનોને રામજીભાઈને વિચાર થયો છે, આઠેય દીકરીઓને ચાંદીમાં શું કહેવાય તમારે? ફ્રેમ? ચાંદીની ફ્રેમમાં મઢીને ફોટો બહેનનો આઠેયને આપવો. ૨૦૦ની કિંમત થાય તોપણ આપવો. આઠેય ગણીને ૧૬૦૦.

**શ્રોતા :-** કિંમત તો ગમે તે હો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કિંમત ક્યાં હતી ત્યાં? અરે..! મને તો એમ થયું. મેં તો કહ્યું હતું વ્યાખ્યાનમાં, દીકરીઓએ લખ્યું એ ધન્યવાદને પાત્ર છે. અને હવે આવ્યું બહાર આવ્યું, હવે કોઈ લખે બીજુંને... નહિ. હવે તો બહેનનું પણ લખે તો આમાં બધું આવી ગયું છે. હવે નવું કાંઈ છે નહિ. આહા..હા..! એટલો સંગ્રહ છે એમાં. આહા..હા..! બહેન-દીકરીઓએ લખી લીધું એ બહુ કામ કર્યું. અને એમાં આટલું બહાર આવ્યું એ દીકરીઓનો ઉપકાર છે. આહા..હા..! આપણે તો ભાઈ એવી વાત છે. જગતને લાભનું કારણ છે એટલું. આહા..હા..! માંધાતા એકવાર હોય, મુનિ થઈને તો એના લખાણ વાંચે, અરે! ભાઈ! એને મુનિરાજ (કહીએ). પોતાના આનંદકંદમાં ઝૂલે છે, આત્માનું અવલોકન કરે છે અને જેનું ભાવલક્ષણ

સ્વસંવેદન એ એનું ભાવલિંગ છે. એ તો આપણે ઘણીવાર કહીએ છીએ. મુનિનું ભાવલિંગ સ્વસંવેદન એ ભાવલક્ષણ છે. સ્વ નામ પોતાનો આનંદસ્વરૂપ ભગવાન આહા..હા..! જે દૃષ્ટિનો વિષય એ સ્વસંવેદનમાં અંતરમાં ઉગ્ર સ્વસંવેદનમાં આવવું એ ભાવલિંગ સંતોનું લક્ષણ છે. બાપુ! આમાં કાંઈ કોઈનો પક્ષ ક્યાં છે? આહા..હા..! અને ભાઈએ લખ્યુંને તે દિ' કે કેવળ પર્યાયદૃષ્ટિથી કામ નહિ ચાલે. બાપુ! આહા..હા..! પર્યાયદૃષ્ટિ તો એક સમયનો અંશ અને રાગ, એનો આશ્રય કરવા જશે તો રાગ જ થશે. એ તો મિથ્યાત્વ છે. આહા..હા..!

ભગવાન બિરાજે છેને જિનસ્વરૂપી પ્રભુ. અનાદિ-અનંત જિનસ્વરૂપી જ ભગવાન આત્મા તો છે. આહા..હા..! અને જિનસ્વરૂપી ન હોય તો પર્યાયમાં જિનસ્વરૂપ આવશે ક્યાંથી? ન્યાય સમજાય છે? આહા..હા..! અને તેથી તો બનારસીદાસે એ કહ્યું, 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન એને કહીએ. આહા..હા..! જેને દ્રવ્યસ્વભાવનો અનુભવ થયો, પરિણતિમાં દ્રવ્યસ્વભાવની પરિણતિ થઈ આહા..હા..! એના જન્મ-મરણના અંત આવી ગયા, એને જૈન કહીએ. આ વાડામાં જૈન અમે છીએ, જૈન અમે છીએ (એ નહિ). આહા..હા..! પોપટભાઈ! શેઠ! આને જૈન કહીએ. આહા..હા..!

ભગવાન જિનસ્વરૂપી. બીજી ભાષાએ કહીએ તો અકષાયસ્વરૂપી એટલે ચારિત્રસ્વરૂપી એટલે વીતરાગસ્વરૂપી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ આહા..હા..! એનો અનુભવ થયો તેને જિનસ્વરૂપી છે. અનુભવ નથી અને જિનસ્વરૂપી છે પણ એને તો પ્રતીતમાં તો આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં બધી વ્યાખ્યા આ મુક્તસ્વરૂપ ઉપરથી ચાલે છે. આહા..હા..!

અહીં વાત તો એ છે કે એક વિચારતાં '**જીવવસ્તુ સર્વકાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.**' ભાષા આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન મુક્તસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, ચારિત્રના ધર્મસ્વરૂપ છે. ચારિત્રધર્મ છેને એમાં? તો એ ચારિત્રધર્મ કહો કે વીતરાગસ્વરૂપ કહો, જિનસ્વરૂપ કહો. આહા..હા..! એવી દૃષ્ટિ અનુભવમાં આવી તે જિનસ્વરૂપ છે અને જેને અનુભવમાં આવ્યો એ જૈન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આ તો બહુ સાદી વાત આવી. આહા..હા..! આણે લખ્યું બહુ સારુ લખ્યું હતું. ભલે એની સ્થિતિ ગમે તે હોય, પણ દ્રવ્યદૃષ્ટિથી ઉપયોગ લ્યો, કેવળ પર્યાયદૃષ્ટિથી કામ નહિ ચાલે. આહા..હા..! વાત તો સાચી છે.

વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ નિત્યાનંદ નાથ આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ જે પરમેશ્વરપણાની પર્યાય પ્રગટ થઈ, સર્વજ્ઞ પરમેશ્વર જિનસ્વરૂપી પર્યાય એ પર્યાય આવી ક્યાંથી? એ જિનસ્વરૂપ છે એમાંથી આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી દૃષ્ટિ હોય તો મુક્તસ્વરૂપ પણ એમ જાણે છે અને પર્યાય ઉપર જ્યાં લક્ષ છે તો રાગ અને ભવ પણ છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક

બાજુ આમ ભવ દેખાય છે રાગાદિ. આહા..હા..! એક બાજુ ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રભુ મુક્તસ્વરૂપ જ્ઞાનમાં જણાય છે. અનુભવમાં આવ્યો શુદ્ધ પરિણતિમાં ત્યારે તેને મુક્તસ્વરૂપ છે એમ અનુભવમાં જણાયું. આહા..હા..! ઝીણી વાતું છે આ બધી. તમારા ઓલા પથરામાંથી તો કાંઈ સૂઝે એવું નથી. પથરાનું છેને તમારે? આ લાદીનું શું છે ત્યાં? થાન-થાન. થાન? થાણા. ત્યાં ગયા હતાને. એના ઘરે રહ્યા હતા ત્યાં. વ્યાખ્યાન આપ્યું હતું. નહિ? આહા..હા..! અનેક રંગ છાંટે છેને એમાં?

એમ ભગવાન ચૈતન્યરત્નમાં અનેક રત્નથી ભરેલો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિથી જ્યારે જણાય છે આહા..હા..! ત્યારે મુક્તસ્વરૂપ છે એમ જણાય છે. આહા..હા..! અને જ્યારે પર્યાય ઉપર લક્ષ જાય છે તો રાગ છે એમ પણ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેલ્લા શ્લોકમાં કેટલી વાત કરી છે! આહા..હા..! અરે પ્રભુ! તું ક્યાં છો? કેવડો છો? ભાઈ! મુક્તસ્વરૂપે બિરાજમાન છો તું. આહા..હા..! જેમાં શરીર, વાણી, મન, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ તો છે નહિ, પણ જેમાં રાગ નથી. રાગ તો નથી, પણ જેમાં એક સમયની પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે, બાપુ! આહા..હા..! એને અંતરમાં આવવું જોઈએ. એ વિના બધી ક્રિયાકાંડની વાતું પ્રરૂપણા એ ચાલે. પછી એને શ્રદ્ધા ક્યાંથી સાચી લાવવી? વ્રત કરો ને તપ કરો ને એનાથી તમને કલ્યાણ થશે. એ તો પર્યાયદૃષ્ટિની, વ્યવહારદૃષ્ટિની, રાગદૃષ્ટિની વાત થઈ. પણ જ્યારે મુક્તસ્વરૂપની દ્રવ્યદૃષ્ટિના કથનમાં તો પછી રાગ આવે છે એવું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાન જાણે છે કે રાગ છે, ભવ છે. અને સ્વરૂપ તો ભવ વિનાની પૂર્ણ ચીજ જિનસ્વરૂપ પરમાત્મા છે. આહા..હા..! એવી દૃષ્ટિમાં મુક્તસ્વરૂપ ભગવાન પર્યાયમાં મુક્તપણાનું પરિણમન થયું તો મુક્તસ્વરૂપ દેખાય છે. રાગનું પરિણમન છે તો રાગ પર્યાયમાં દેખે છે. આહા..હા..! હીરાભાઈ! આવી વાતું છે. આહા..હા..! આ દ્રવ્યદૃષ્ટિથી ઉપયોગ લ્યો, એ કરીને મને બહુ .. ભાઈએ બહુ સારું કર્યું, બાપા! ભલે એની સ્થિતિ ગમે તે હો, પણ આ વાત. એણે શાસ્ત્ર પરિષદ વિરોધ કરવા માટે પલટન ભરી હતી. એમાં એણે આ લખ્યું. ત્યારે લખ્યું. વિઘટન ન કરો, સંગઠન કરો. દ્રવ્યદૃષ્ટિથી ઉપયોગ લ્યો.. આહા..હા..!

**શ્રોતા** :- પર્યાયથી કામ નહિ ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેવળ પર્યાયદૃષ્ટિથી કામ નહિ ચાલે. પહેલાં દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા એ તો કેવળ પર્યાયદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને એ પર્યાયદૃષ્ટિનું જ્ઞાન પણ દ્રવ્યદૃષ્ટિનું યથાર્થ જ્ઞાન થશે તો એનું જ્ઞાન યથાર્થ થશે. જ્ઞાન થશે હોં! આહા..હા..! આવો માર્ગ છે. અને આ બનારસીદાસે કેટલું કહ્યું! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' શાંતિભાઈ! અમે સ્થાનકવાસી છીએ, શ્વેતાંબર છીએ, દિગંબર છીએ.

આહા..હા..! 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ. યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ધર્મી સાધકજીવને.. એની વાત છેને અહીંયાં? જેને દ્રવ્યસ્વભાવનું પણ ભાન થયું અને પર્યાયમાં રાગ છે એનું પણ જ્ઞાન થયું, જ્ઞાન થયું. જ્ઞાન તો બેયને જાણે છેને. દૃષ્ટિનો વિષય દ્રવ્ય એકલું, પણ જ્ઞાન બેયને જાણે છે. દ્રવ્યને પણ જાણે અને પર્યાય રાગાદિ છે એને પણ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? આસ્વાદે છે એમ આવ્યું હતું નહિ? આસ્વાદે છે. પહેલાં ક્યાંક આવ્યું હતું ખરું. એવો આસ્વાદ આવે છે. ૨૭૨. એની છઠ્ઠી લીટી ઉપર. ૨૭૨ કળશ છઠ્ઠી લીટી ઉપરથી. '**કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.**' આ વિકારનો આસ્વાદ આવે છે. આહા..હા..! આનંદનો આસ્વાદ આવે છે, રાગનો આસ્વાદ આવે છે. સમજાણું કાંઈ? રાગ છે એનો પણ ખ્યાલ આવે છે કે દુઃખનો આસ્વાદ અને દ્રવ્ય સ્વભાવના અનુભવમાં આનંદનો પણ સ્વાદ આવે છે. આહા..હા..! આવો સ્યાદ્વાદ માર્ગ અનેકાંત. ત્યાં આવ્યું હતુંને? '**क्वचित् अमेचकं**' ત્યાં આવ્યું હતું. '**એક વસ્તુમાત્ર જોતાં શુદ્ધ છે.**' આહા..હા..! તો શુદ્ધ છે અને શુદ્ધનો સ્વાદ છે એમ વાત છે. ૨૭૨. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિને ભ્રમ નથી થતો કે આ શું? એક બાજુ મુક્તસ્વરૂપ અને એક બાજુ રાગ સંસાર, આ શું? વસ્તુનું સ્વરૂપ એવું છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય... આહા..હા..! ત્યાં સુધી રાગ છે. જાણે છે. જાણે છે અને આસ્વાદ પણ દુઃખ છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા જુઓ, '**मुक्तिः स्पृशति**' '**જીવવસ્તુ સર્વકાળ મુક્ત છે...**' એ મુક્તિનો અર્થ કર્યો. હવે '**स्पृशति**'નો અર્થ '**એવું અનુભવમાં આવે છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? '**मुक्तिः स्पृशति**' એટલો શબ્દ છે. આ બાજુ જુઓ તો મુક્તસ્વરૂપ છે એમ.. શું આવ્યું? '**स्पृशति**'. '**स्पृशति**' એટલે અનુભવમાં આવે છે. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે એ '**स्पृशति**', એ મુક્તિનો સ્વાદ આવે છે. આહા..હા..! મુક્તસ્વરૂપ એવો ભગવાન આત્મા એનું '**स्पृशति**' વેદન થયું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી કેવું છે?**' '**एकतः जगत्त्रियम् स्फुरति**' આહા..હા..! ભગવાન '**જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે એમ વિચારતાં...**' સ્વ-પરજ્ઞાયક છે એમ જાણતાં-વિચારતાં '**સમસ્ત જ્ઞેયવસ્તુના...**' સમસ્ત જ્ઞેયવસ્તુના '**त्रितयं**' '**અતીત-અનાગત-વર્તમાનકાળગોચર...**' '**त्रितयं**' છેને ત્રિકાળ? ત્રિકાળ પર્યાય એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળ છે એનું જ્ઞાન થાય છે. પ્રતિબિંબનો અર્થ કાંઈ એ પ્રતિબિંબ અંદર પડતું નથી. પણ જેવા જ્ઞેય સર્વ છે એવું એક સમયની જ્ઞાનની પરિણતિમાં જણાય છે. એ પરજ્ઞેયો સ્ફુરતિ અંદરમાં એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**અનાગત-**

**વર્તમાનકાળગોચર પર્યાય...'** '**स्फुरति**' '**એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે;...'** પ્રતિબિંબિતનો અર્થ એ. પ્રતિ નામ વસ્તુ છે એનું બિંબ ત્યાં, એનું અહીંયા પ્રતિબિંબ પડે છે. એટલે પોતાની પર્યાયમાં જેટલી જ્ઞેયશક્તિ છે એનું જ્ઞાન થાય છે. પ્રતિબિંબનો અર્થ એવો નથી કે એ ચીજનું પ્રતિબિંબ અહીંયા પડે છે. સમજાણું કાંઈ? સામી ચીજ છે પ્રતિ બિંબ એકલું. સામે ચીજ છે એ બિંબ. આત્મા પ્રતિબિંબ. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં સર્વ જ્ઞેય ત્રિકાળ છે ભૂત, ભવિષ્ય, વર્તમાન પર્યાય એક સમયમાં પ્રતિબિંબનો અર્થ પ્રતિ ચીજ છે એનું જ્ઞાનની પરિણતિમાં ભાન થઈ જાય છે. જ્ઞાન પરિણતિ સર્વને જાણવાનું કામ કરે છે, પોતાના ક્ષેત્રમાં રહીને, પોતાના ભાવમાં રહીને... આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળને જાણે છે. આહા..હા..! આવી એની શક્તિ છે. આહા..હા..! '**સ્વ-પરજ્ઞાયક છે એમ વિચારતાં સમસ્ત જ્ઞેયવસ્તુના...'** ત્રિકાળી '**એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે;...'** '**स्फुरति**' નામ જ્ઞાન થાય છે. આહા..હા..! આ બાજુથી જોવે તો ત્રિકાળ જ્ઞેયની પર્યાયો જણાય છે. હવે આ બાજુ જુઓ તો... એમ કહે છે. છે?

'**एकतः चित् चकासित**' '**વસ્તુને સ્વરૂપસત્તામાત્ર વિચારતાં 'શુદ્ધ જ્ઞાનમાત્ર' એમ શોભે છે.'** એ તો જ્ઞાનમાત્ર છે. જ્ઞેયનું જ્ઞાન એ જ્ઞેયનું નથી. એ તો જ્ઞાનનું જ્ઞાન છે. શું કહ્યું? ત્રિકાળ જે દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલો આત્મા અથવા જડ એ પર્યાયનું અહીંયાં જ્ઞાન પોતાથી, એ જ્ઞેય છે તો નહિ, પોતાની પર્યાયમાં એ સંબંધી સ્વનું અને પરનું પરિણમન પોતાથી પર્યાયમાં સ્વતંત્ર થાય છે. પરમાં ગયા વિના અને પરને.. ત્રિકાળને જાણવું એક વાત છે અને એ એકલા એક સમયની પર્યાય જાણે છે. આહા..હા..! આવી વાતું! શું થાય? ભાઈ! માર્ગ આવો છે.

'**વસ્તુને સ્વરૂપસત્તામાત્ર...'** પોતાની સત્તા જોતાં '**શુદ્ધ જ્ઞાનમાત્ર...'** એકલું જ્ઞાનસ્વરૂપ જ છે એમ. ત્રિકાળને દેખે છે એમ કહેવું એ તો વ્યવહાર થયો. આહા..હા..! પોતાની સત્તા હોવાથી, પોતાના હોવાપણામાં જ્ઞાનની પર્યાય એ સત્તામાત્ર દેખાય છે. સમજાણું કાંઈ? ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ તો અપેક્ષા થઈ, પણ ખરેખર તો એકસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ જ જાણે છે. આહા..હા..! આ સમજ્યા વિના અને આવા અનુભવ વિના જન્મ-મરણ નહિ મટે, ભાઈ! આહા..હા..! આખા ને આખા શરીર જીવતા ખાઈ જાય એ કેટલું દુઃખ હશે! જેને રાગની એકતા અને શરીરની એકતાબુદ્ધિ (હોય) હવે એને આમ શરીર... આહા..હા..! એકતાબુદ્ધિનું દુઃખ છે. આહા..હા..! બોકડાને કસાય કાપે આમ. રાજકોટમાં જોયું હતું એકવાર દિશાએ જઈને આવતા હતા તો એક બોકડાને કસાઈ લઈ જતો હતો કાપવા. કાપવા માટે. પણ ઓલો બોકડો એવો, ઘેટો. ચાલી ન શકે પછી. કારણ કે મરવાની તૈયારી. ઉપાડીને લઈ જતા હતા. ત્યાં કસાયખાના છેને, રાજકોટમાં સડક ઉપર કસાયખાનું છે. ત્યાં બોકડા અને ઘેટાને લઈ જતા કાપવા માટે. આમ. આહા..હા..! એમાં મને દેખીને એક જણાએ

કહ્યું એને. એવી કાંઈક ભાષા હતી. અરે પાપી! આ શું કરે છે? ઓલાને કહે. કાંઈક બીજી ભાષા હતી. એવી હલકી ભાષા મને દેખીને કીધું. ઓલાને કસાયને. ઘેટાને લઈને આમ જતો હતો અને હું દિશાએ (જતો હતો). ભાષા આકરી કીધી હોં ઓલા કસાયને. પણ એ તો એનો ધંધો. આહા..હા..! જીવતો ઘેટો લઈને. ગળા ઉપર મારે ધડાક દઈને, છૂટા. આહા..હા..! ગાયોને પણ કાપે છેને. એને ચરવાનું હોયને, શું કહેવાય એ? ગમાણ-ગમાણ. એ ગમાણ મોટી હોય એમાં ૨૫-૫૦ ગાયો રાખી હોય. આમ માથે કસાયખાનામાં હોય છેને. માથે રાખ્યું હોય ઓલું, ધડાક દઈને બધી ગાયુંના શિર પડે ગમાણમાં અને શરીર પડે બહાર. આહા..હા..! તરફડે. એનો ત્રાસ એને દેખાતો નથી, પણ એનો ત્રાસ એ મિથ્યાત્વને લઈને છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

દૃષ્ટિ વિપરીત છે. 'શરીર તે હું, રાગ તે હું' એ દૃષ્ટિને લઈને ત્યાં દુઃખ છે. મિથ્યાદૃષ્ટિને લઈને ત્યાં દુઃખ છે. આહા..હા..! મિથ્યાત્વ અનંત સંસારના કારણરૂપ દુઃખ છે ઈ. આહા..હા..! એ મિથ્યાત્વનો નાશ સ્વરૂપની દૃષ્ટિ કરે તો થાય એવો છે, બાકી કોઈ એનો ઉપાય છે નહિ. સ્વરૂપ જિનસ્વરૂપી ભગવાન મુક્તસ્વરૂપી પોતાની સત્તા પૂર્ણાનંદની આહા..હા..! એની સન્મુખ થઈને પ્રતીત અને અનુભવ થયા વિના જન્મ-મરણનો અંત કદી નહિ આવે. લાખ અપવાસ કરે ને દાન અબજોના કરે, મંદિરો લાખો-કરોડો બનાવેને એનાથી કોઈ જન્મ-મરણનો અંત નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ભવના અભાવની વાત, મુક્તસ્વરૂપની વાત છેને. આહા..હા..!

તો એક બાજુ જુઓ તો જાણે ત્રણકાળ, ત્રણલોક દેખે છે એમ લાગે. એક બાજુ જુઓ તો સત્તામાત્ર પોતાની પર્યાયને દેખે છે. આહા..હા..! એ તો '**શુદ્ધ જ્ઞાનમાત્ર એમ શોભે છે. ભાવાર્થ આમ છે કે—વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે,...**' જુઓ, એ તો કથનમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ક્યાં... '**વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે, નિશ્ચયથી જાણતું નથી, પોતાના સ્વરૂપમાત્ર છે,...**' આહા..હા..! એ તો પહેલાં આવી ગયુંને? કે જ્ઞેય અને જ્ઞાયક એવો સંબંધ પણ જૂઠો છે. પરજ્ઞેય અને આત્મા જાણનારો એ વાત જૂઠી છે. પોતાનું જ્ઞેય, પોતાનું જ્ઞાન, પોતાનો જ્ઞાતા એ વાત સત્ય છે. દાસ! આવ્યું હતુંને જ્ઞેય-જ્ઞાનમાં? પોતાની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય છે એ પર્યાય પોતાની જ્ઞેય છે અને એમાં જ્ઞાન થયું એ પણ પોતાના સ્વજ્ઞેયનું જ્ઞાન થયું. સ્વજ્ઞેયનું જ્ઞાન થયું અને જ્ઞાતા પણ પોતે જ છે. આહા..હા..! એટલે પરને જાણવું એ તો વ્યવહાર છે. આહા..હા..! હવે રાગાદિ વ્યવહાર તો બંધનું કારણ છે, પણ એને જાણવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વ્યવહાર છે, પણ એનાથી આત્મામાં લાભ નથી, પણ એને જાણવું તે પણ વ્યવહાર છે. આહા..હા..! આવી વાત!

'**પોતાના સ્વરૂપમાત્ર છે,...**' ત્રણકાળને જાણવાની પર્યાય તો પોતાનું સ્વરૂપ છે, પોતાના સ્વરૂપમાં છે અને પોતાનું સ્વરૂપ જ એવડું છે. '**કેમકે જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી.**' શું કહે છે? પર્યાયમાં લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રિકાળ પર્યાય જણાય છે, પણ જ્ઞેયની સાથે વ્યાપ્યવ્યાપક (અર્થાત્) આત્મા વ્યાપક અને એ જ્ઞેય પર્યાય વ્યાપ્ય અવસ્થા એમ છે નહિ. ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણની પર્યાય એ વ્યાપ્ય અને આત્મા જ્ઞાયક એમ નથી. વ્યાપ્ય-વ્યાપક પરની સાથે છે નહિ. પોતાનો આત્મા વ્યાપક અને પોતાની પર્યાય પોતાનું વ્યાપ્ય છે. આહા..હા..! છેલ્લા શ્લોકો બહુ ઊંચા છે. આહા..હા..! અહીં તો કાંઈક વ્રત-તપ કર્યા અને અપવાસ કર્યા, સંથારો કર્યો, શરીરથી બ્રહ્મચર્ય પાળ્યા, કંદમૂળ ન ખાધા ત્યાં બસ સંતોષ કે આપણે કાંઈક કરીએ છીએ. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો શુભવિકલ્પ છે. એ વિકલ્પ તો પોતાનો નથી, પણ વિકલ્પને જાણવું એ પણ પોતાનું નથી. આહા..હા..! સ્વયં પોતે પોતને જાણે તે નિશ્ચય છે. આહા..હા..!

'**કેમકે જ્ઞેય સાથે...**' જ્ઞાનમાં જે જ્ઞેય જણાયું એની સાથે '**વ્યાપ્ય-વ્યાપકરૂપ...**' આત્મા કર્તા અને એ પર્યાય વ્યાપ્ય એમ નથી. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકની પર્યાય, દ્રવ્ય-ગુણ આદિ પર્યાયમાં જાણે છે એ જાણવાની પર્યાય વ્યાપ્ય છે, આત્મા વ્યાપક છે. પરજ્ઞેય વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે એમ છે નહિ. આહા..હા..! અહીં તો હજી તો વ્યવહાર કરતાં-કરતાં કલ્યાણ થાય. અરે..! ભાઈ! આહા..હા..! વ્રત કરો ને અપવાસ કરો ને સાધુપણાની ક્રિયા કરો પંચમહાવ્રતની. એ ૨૭૪ થયો. ૨૭૫.

(मालिनी)

जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-
स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।२७५।।

'**एषः चिच्चमत्कारः जयति**' '**અનુભવ પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વ કાળમાં જયવંત વર્તો.**' આહા..હા..! શું કહે છે સમજાણું કાંઈ? ભગવાન દ્રવ્યસ્વભાવ દૃષ્ટિ અને જ્ઞાનમાં એનો જે અનુભવ થયો, કહે છે કે એ અનુભવ પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવ—ભગવાન તો અનુભવ પ્રત્યક્ષમાત્ર જીવ છે. પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. આહા..હા..! જીવનું જ્ઞાન પ્રત્યક્ષ થાય છે, કોઈ પરની અપેક્ષા એમાં નથી. આહા..હા..! '**અનુભવ પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વ કાળમાં જયવંત વર્તો.**' આહા..હા..! '**ભાવાર્થ આમ છે કે સાક્ષાત્ ઉપાદેય છે.**' આહા..હા..! એ જીવવસ્તુ જે આનંદકંદ પ્રભુ એ જ ઉપાદેય છે. આહા..હા..! એ સિવાય વ્યવહાર તો ઉપાદેય નથી, પણ પર્યાય પણ ઉપાદેય નથી. આહા..હા..!

'**सहजतेजःपुञ्ज**' '**કેવી છે વસ્તુ?**' જે સાક્ષાત્ ઉપાદેય છે અને પૃથક્ જ્ઞાનમાત્રવસ્તુ

છે. **'सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकीस्खलदखिलविकल्पः' 'દ્રવ્યના સ્વરૂપભૂત...'** આહા..હા..! સહજ **'तेजःपुञ्ज' 'કેવળજ્ઞાનમાં જ્ઞેયરૂપે મગ્ન જે...'** આહા..હા..! **'સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે...'** આહા..હા..! **'ઊપજ્યા છે...' 'अखिलविकल्पः' 'અનેક પ્રકારના પર્યાયભેદ...'** આહા..હા..! **'अखिलविकल्पः'** નો અર્થ કર્યો જુઓ, ત્રણકાળ, ત્રણલોક જોવે છે તો પર્યાયમાં અનેકપણું ઉત્પન્ન થયું. પર્યાયભેદ. જેમાં એવી છે, પર્યાયભેદ જેમાં એવી છે એ જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે. અનેક પ્રકારે પર્યાયભેદ છે, પણ વસ્તુ જ્ઞાનમાત્ર છે. આહા..હા..! પર્યાયમાં અનેક જ્ઞાનમાત્ર છે. પરને જાણતા અનેક છે એમ નથી. પર્યાયમાં અનંતપણું, અનેકપણું હોય છતાં વસ્તુ તો જ્ઞાનમાત્ર છે. આહા..હા..! એક ઉપર દૃષ્ટિ દેવાથી અનેક પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! આવી વાતું હવે. આમાં શું કરવું? પડિક્કમણું કરવું, સામાયિક કરવી... આહા..હા..!

**'કેવળજ્ઞાનમાં જ્ઞેયરૂપે મગ્ન જે સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે...' 'स्खलत्' 'ઊપજ્યા છે અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ;...'** પર્યાયભેદ ભલે ઉત્પન્ન થયા હોય, પણ છે જ્ઞાનમાત્ર વસ્તુ. એ પર્યાયભેદ પણ જ્ઞાનમાત્ર છે. વસ્તુ જ્ઞાન છે, પર્યાય પણ જ્ઞાનમાત્ર છે. એમાં પરનું જ્ઞાન આવ્યું માટે પર જ્ઞેયરૂપ થયું એમ નથી, એમ કહે છે. જ્ઞાનમાત્ર પર્યાયરૂપ. આહા..હા..! **'अपि' 'તોપણ...' 'एकः एव स्वरूपः' 'એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે.'** પર્યાયમાં અનેકપણાની પર્યાયનું જ્ઞાન થયું તોપણ વસ્તુ તરીકે તો એક જ છે. આહા..હા..! અરે! આવી વાત બહુ ઝીણી.

**'मज्जत्' 'જ્ઞેયરૂપે મગ્ન જે સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે ઊપજ્યા છે અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ; તોપણ...' 'एकः एव स्वरूपः' 'એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે.'** આહા..હા..! ચૈતન્યના પ્રકાશમય એટલી વસ્તુ છે એ તો બસ. પર્યાય ભલે જ્ઞાનમાં અનેકપણું જાણે, છતાં એ વસ્તુ જ્ઞાનમાત્ર વસ્તુ છે. કોઈ જ્ઞેયરૂપ થઈ ગઈ, પરને જાણ્યા માટે જ્ઞેયરૂપ થઈ ગઈ એમ છે નહિ. આહા..હા..! અનંત જ્ઞેયો જાણવામાં અનેકપણું આવ્યું, પણ એ અનેકપણું જ્ઞાનના ભેદ છે, એ કાંઈ જ્ઞેયનો ભેદ નથી. આ જ્ઞાનમાત્ર વસ્તુ જાણવામાં આવી. આહા..હા..! જ્ઞેય જણાયું એ વાત અહીંયા નથી. જ્ઞેયનું જ્ઞાન જાણવામાં આવ્યું. એ પોતાનું જ્ઞાન. આહા..હા..! સાધક જીવ આ રીતે અનુભવે છે, એમ કહે છે.

પર્યાયમાં અનેકપણું જાણવામાં આવે છે છતાં એ જ્ઞાનમાત્ર પર્યાય એકરૂપ છે. એ જ્ઞાનમાત્ર સ્વભાવ છે. એ કોઈ જ્ઞેયમાત્રનો સ્વભાવ છે એમ છે નહિ. આહા..હા..! **'एकः एव स्वरूपः' 'એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે. વળી કેવી છે?' 'स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः' 'ચેતનાસ્વરૂપની...'** સ્વરસ. ચેતનરસ, જ્ઞાનરસ, સમ્યગ્જ્ઞાનસ્વભાવનો રસ. આહા..હા..! એ ચેતનનું સ્વરૂપ લીધું રસમાં. **'विसर'** અનંત શક્તિ એમાં. અનંત શક્તિ એમાં સમુદ્ર છે.

આહા..હા..! અનંતકાળ સુધી શાશ્વત છે. આહા..હા..! એ ચેતનાશક્તિ અનંતશક્તિરૂપ પણ ત્રિકાળ શાશ્વત છે. ચેતનની ચેતના શાશ્વત છે. આહા..હા..! એ શાશ્વતનું ભાન થયું તો કહે છે આ ચેતનસત્તા શાશ્વત છે. સમજાણું કાંઈ? પરને જાણે એ વાત અહીંયા લીધી જ નથી. પરને જાણવું એ પણ સ્વને જાણવું છે પર્યાયમાં, તોપણ વસ્તુ તો એકરૂપ ચિદાનંદ છે. આહા..હા..! ત્રિકાળ જ્ઞાયકરસ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનગોળો અનેકપણાથી ભિન્ન એક છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું ઝીણું છે. રાગને કારણે અનેક છે એમ નથી લીધું અને રાગને જાણે છે માટે અનેકપણું થયું એમ નથી. પોતાની પર્યાયમાં અનેકપણું પોતાને કારણે ઉત્પન્ન થયું છે અને એ અનેકપણું હોવા છતાં વસ્તુ તો એકરૂપ જ છે. આહા..હા..! પર્યાયમાં અનેકપણું જણાય છે છતાં વસ્તુ સત્તા ચૈતન્ય તો એકરૂપ છે. આહા..હા..! આવી વાતું છે.

'**અનંત શક્તિથી સમગ્ર છે, અનંત કાળ પર્યન્ત શાશ્વત છે,–એવા જીવવસ્તુસ્વરૂપની થઈ છે પ્રાપ્તિ જેને,...**' આહા..હા..! એવા તત્ત્વ નામ જીવવસ્તુસ્વરૂપ. અનુભવમાં એ વસ્તુની પ્રાપ્તિ થઈ એમ કહે છે. એ તરફના સન્મુખપણે પરિણતિ થઈ તો પરિણતિમાં જ જીવવસ્તુની પ્રાપ્તિ થઈ. સમજાણું કાંઈ? એ રાગથી નહિ, રાગનું જ્ઞાન થયું માટે નહિ, એ પોતાનું જ્ઞાન છે એ જ્ઞાનની પરિણતિથી આ વસ્તુ છે એમ જણાયું. આહા..હા..! છે? '**જીવવસ્તુસ્વરૂપની થઈ છે પ્રાપ્તિ જેને,...**' પર્યાયમાં પૂર્ણ અનંત શક્તિ તત્ત્વ... આહા..હા..! આખો ભગવાન આત્મા પર્યાયમાં જણાયો એમ કહે છે. ભલે પર્યાય આખા તત્ત્વરૂપ નથી થઈ, પણ પર્યાયમાં આખા તત્ત્વરૂપનું જ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**વળી કેવી છે?**' '**प्रसभनियमितार्चिः**' '**જ્ઞાનાવરણકર્મનો વિનાશ થતાં પ્રગટ થયું છે...**' આહા..હા..! '**प्रसभ**' '**પ્રગટ થયું છે જેટલું હતું તેટલું...**' આહા..હા..! જેટલું જ્ઞાનસ્વભાવમાં શક્તિરૂપ અનંત હતું તેટલો અનંત સ્વભાવ પર્યાયમાં પ્રાપ્ત થયો. આહા..હા..! બેહદ અપરિમિત જે સ્વભાવ એવી જીવવસ્તુ પર્યાયમાં પ્રાપ્ત થઈ, પર્યાયમાં ભાન થયું, પર્યાયમાં અનુભવ થયો. આહા..હા..! છતાં એ પર્યાય દ્રવ્યરૂપે થઈ નથી, પણ પર્યાયમાં દ્રવ્યની પ્રાપ્તિ થઈ. જેટલી દ્રવ્યની સાથે આવે છે એ બધી તાકાતનું પર્યાયમાં ભાન થયું. આહા..હા..! આમ અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું કહે છે? કઈ જાતનું કહે છે? આવો માર્ગ છે, ભાઈ! એ તો ચૈતન્યબિંબ છેને. ચૈતન્યબિંબ ચૈતન્યસ્વરૂપે જ છે. લોકાલોકને જાણે તો એ સ્વરૂપ પોતાનું ચૈતન્યસ્વરૂપ છે એ તો. લોકાલોકને જાણવું એ એમાં નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચૈતન્યની પરિણતિમાં ભગવાન આત્મા ઉપલબ્ધ નામ પ્રાપ્ત થાય છે. આહા..હા..!

'**જેટલું હતું તેટલું કેવળજ્ઞાનસ્વરૂપ જેનું, એવી છે.**' આહા..હા..! પર્યાયમાં '**अर्चिः**' '**अर्चिः**'ની વ્યાખ્યા કરી. '**अर्चिः**' એટલે પ્રકાર કેવળજ્ઞાનસ્વરૂપ જેનું. સમસ્ત કેવળજ્ઞાનમાં જેટલી સ્વરૂપની શક્તિ હતી એ આખું દ્રવ્ય પ્રાપ્ત થયું. આહા..હા..! '**ભાવાર્થ આમ છે**

કે **પરમાત્મા સાક્ષાત્ નિરાવરણ છે.'** એમ કહે છે. એકલું નિરાવરણ જ્ઞાન સમ્યગ્જ્ઞાન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળજ્ઞાનમાં વસ્તુની પ્રાપ્તિ થઈ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનમાં લોકાલોકની પ્રાપ્તિ થઈ એનો નિષેધ કરીને એમ કહેવું છે. કેવળજ્ઞાનમાં લોકાલોકની પ્રાપ્તિ થઈ એમ નહિ, કેવળજ્ઞાનમાં દ્રવ્યની પ્રાપ્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર... ગંભીર... ગાથા. આહા..હા..!

**'ભાવાર્થ આમ છે કે પરમાત્મા સાક્ષાત્ નિરાવરણ છે.'** સાક્ષાત્ કેમ લીધું છે? પરમાત્મસ્વરૂપ તો નિરાવરણ હતું, પણ પર્યાયમાં સાક્ષાત્ નિરાવરણ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ તો વસ્તુ છે, એ તો નિરાવરણ છે, રાગનો સંબંધ પણ નથી એવી ચીજ છે; પણ સાક્ષાત્ પ્રગટ થયું ત્યારે નિરાવરણ સાક્ષાત્ થયો એમ કહેવામાં આવ્યું. આહા..હા..! આ આવી અખંડ ચીજ છે એનો નિર્ણય કરો એમ કહે છે. જે ચીજ કેવળજ્ઞાનપણે પણ પ્રાપ્ત થાય છે તો એ પોતાની પર્યાયમાં આખું દ્રવ્ય સ્વદ્રવ્ય પ્રાપ્ત થાય છે. પર કોઈ વસ્તુ પ્રાપ્ત થાય છે એમ છે નહિ. આહા..હા..! સાક્ષાત્ નિરાવરણ પરમાત્મા. સાધકપણાના કાળથી પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કરતાં-કરતાં એ આગળ જ્યાં અનુભવ પૂર્ણ થયો તો સાક્ષાત્ નિરાવરણ થઈ ગયો. પર્યાયની અલ્પતામાં એ પ્રતિબદ્ધ હતો. આવરણ તો નિમિત્તથી લીધું છે, પણ અલ્પ જ્ઞાનનો વિષય કરવો એ પ્રતિબદ્ધ છે. એ પ્રતિબદ્ધ અલ્પ જ્ઞાનનો વિષય છોડીને પૂર્ણ સર્વજ્ઞની પર્યાય પ્રગટ થઈ એ નિરાવરણ થઈ ગયો.

વિષય પ્રતિબદ્ધ આવે છેને. પંચાસ્તિકાય. એ શું કહ્યું? કર્મ તો નિમિત્તરૂપ છે. પોતાનું સ્વરૂપ છે એ અલ્પ વિષયમાં રોકાય છે એ જ એનું પ્રતિબદ્ધ-આવરણ છે. આહા..હા..! છેલ્લે (આવે છે). ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી અલ્પજ્ઞાનમાં ત્યાં જ રોકાય છે એ જ એને પ્રતિબદ્ધ છે. કર્મનો પ્રતિબદ્ધ છે એ તો જડ છે, પરદ્રવ્ય છે. આહા..હા..! એ પ્રતિબદ્ધ જે રોકાવાનું હતું તે છૂટી ગયું. આહા..હા..! નાશ થઈ ગયો. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ વિષયના અલ્પ પ્રતિબદ્ધમાં રોકાતો હતો એ વિષય પૂર્ણ થઈ ગયો. સમજાણું કાંઈ? ગંભીર ભાવ... ગંભીર ભાવ... આહા..હા..! ઈશ્વરની લીલા. આ લીલા છે ભગવાનની લીલા. આહા..હા..! અનંતગુણ રત્નાકર પ્રભુ, પર્યાયમાં જે અલ્પમાં રોકાતો હતો તે નાશ થઈને સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ, પરમાત્મા થઈ ગયો, નિરાવરણ થઈ ગયો. અલ્પજ્ઞમાં રોકાતો હતો એ છૂટી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

પહેલાં તો કહી ગયા છે કે જ્ઞાતા પણ તું, જ્ઞેય પણ તું અને જ્ઞાન પણ તું. જ્ઞેય પર અને જ્ઞાન તું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નહોતા તમે ત્યારે. એ શ્લોક ગયો ૨૭૧. પોતાની પર્યાયમાં જે જ્ઞાન થયું એ પર્યાય જ્ઞેય. દ્રવ્ય-ગુણ પણ નહિ. એ જ્ઞેય અને એ જ જ્ઞાન. જ્ઞેયનું જ્ઞાન કરવું એ જ જ્ઞાન અને એનો જ્ઞાતા એ.. જ્ઞેય પણ એ, જ્ઞાન પણ એ અને જ્ઞાતા પણ એ. આહા..હા..! એનું સ્પષ્ટીકરણ કર્યું અહીં. જ્ઞાતા તું અને જ્ઞેય

પર એમ નથી. આહા..હા..! કોઈ દિ' સાંભળ્યું નથી શાંતિભાઈ આવું. ઓલા બહારમાં બધા થોથામાં ભાષણો કર્યા અને આ કર્યા. છાપામાં આવતું. શાંતિલાલ વનમાળી શેઠ જેતપુરના એણે આ ભાષણ કર્યું, ફલાણું કર્યું આવતું હતું એમાં. એ જેમાં હોય તે પહેલું કર્યું હોયને. આહા..હા..! પ્રભુ! તારી લીલા અલ્પજ્ઞમાં રહેતો હતો તેને છોડીને સર્વજ્ઞ થઈ ગયો. પોતાની સત્તાની શક્તિની પૂર્ણતા પ્રગટ કરી. આહા..હા..! એનું નામ આત્મધર્મના સાધકનું ફળ છે. મોક્ષમાર્ગને સાધક કહ્યું એનું ફળ આ કેવળજ્ઞાન છે. વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૬, સોમવાર, તા. ૦૩-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૬, પ્રવચન નં. ૪૬૭

કળશટીકા. ૨૭૬ કળશ છે.

(मालिनी)

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम्।
उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।२७६।।

આહા..હા..! **'एतत् अमृतचन्द्रज्योतिः उदितम्' 'પ્રત્યક્ષપણે વિદ્યમાન 'અમૃતચંદ્રજ્યોતિ';—આ પદના બે અર્થ છે. પહેલો અર્થ—મોક્ષરૂપી ચંદ્રમાનો પ્રકાશ પ્રગટ થયો.'** આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ, આત્મા એ જ્ઞાનપ્રકાશની મૂર્તિ. ચૈતન્યના તેજના નૂરનું પૂર એવો જે આત્મા છે એની દૃષ્ટિ, અનુભવ કરે છે એ આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ આત્મા આનંદ અને જ્ઞાન અને શાંતિથી ભરેલ સમુદ્ર છે. એવા આત્માનો અનુભવ. ક્રિયાકાંડ જે આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ તો ક્રિયાકાંડ રાગ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ! પોપટભાઈ! એ રાગરહિત ચૈતન્યસ્વરૂપ જે ભગવાન... આહા..હા..! અંતર ચૈતન્યના અનંત રત્નથી ભરેલો ભગવાન આત્મા એનો અનુભવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એનો અનુભવ. એના સ્વરૂપનો અનુભવ કરવો, જ્ઞાન કરવું, પ્રતીતિ કરવી, રમણતા કરવી એ અમૃતચંદ્રજ્યોતિ આત્માની છે. આહા..! એ પર્યાય પ્રગટ થઈ એ અમૃત-મૃત્યુ નથી. એ દશા પ્રગટ થઈ પછી પાછી પડતી નથી. આહા..હા..! આ તમારા ધૂળના પૈસા તો પાંચ-પચ્ચીસ

લાખ કરોડ મળે અને વળી પડી જાય તો ભિખારી થઈ જાય. આહા..હા..! ધૂળ છે એ તો.

**શ્રોતા :-** એવું બને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બને છે. ઘણાં બને છે. ઘણાં જોયા છેને અમે તો અહીં.

**શ્રોતા :-** પણ બધાયને એમ ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને-ઘણાને એમ થાય. કોકને ન થાય તો આ ભવ પછી પરભવમાં થાશે. આહા..હા..!

ભગવાન અંદર આત્મા સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે જે આત્મા કહ્યો એ તો અનંત ચૈતન્યના રત્નથી ભરેલો ભરપુર ભગવાન છે. આહા..હા..! એની ખબર નથી કાંઈ. એ અમૃત એનું ભાન થઈને પૂર્ણ દશા પ્રગટ થાય અથવા મોક્ષમાર્ગ પ્રગટ થાય એ અમૃત છે. અમૃત નામ પાછું ફરે નહિ. આહા..હા..! અમૃતચંદ્રજ્યોતિ કીધુંને? છે અમૃતચંદ્રાચાર્ય આના કર્તા. છેલ્લા શ્લોકો છેને. પણ એના બે અર્થ થઈ શકે છે કે અમૃત એટલે મોક્ષરૂપી ચંદ્રમાનો પ્રકાશ પ્રગટ થયો. આહા..હા..!

**‘ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.’** પહેલાં મોક્ષરૂપી લીધું, પછી મોક્ષમાર્ગ. એમાં મોક્ષમાર્ગરૂપી ચંદ્રમાનો પ્રકાશ થયો. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ પ્રકાશની મૂર્તિ એનો અંતર અનુભવ કરીને, ક્રિયાકાંડના રાગથી ભિન્ન થઈને. આહા..હા..! શાંતિભાઈ! આવો માર્ગ છે. અત્યારે આ માર્ગને તો આખો ક્રિયાકાંડમાં ઘૂસાડી દીધો છે. એ તો રાગની ક્રિયા છે. અહીંયાં તો ક્રિયાકાંડનું ફળ કહેશે આગળ ચાર ગતિ છે.

**શ્રોતા :-** રાગનું ફળ ગતિ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગનું ફળ ગતિ છે. પછી ભલે સ્વર્ગ મળે પુણ્ય હોય તો, પાપ હોય તો નરકાદિ મળે, પણ છે તો ચાર ગતિના દુઃખ. એ દુઃખી પ્રાણી છે ચારેય ગતિમાં. આહા..હા..! આત્મા અમૃત ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એનો અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે, એ ધર્મ છે, એ અમૃતચંદ્રની જ્યોતિ પ્રગટ થઈ. આહા..હા..! કહો, શેઠ! આ તમારે કાંઈ પૈસામાં સાંભળવાનું મળે એવું નથી ત્યાં તો કાંઈ.

**શ્રોતા :-** પૈસા તો મળી ગયા છે હવે શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મળી ગયા. આ તો હમણા મલુપચંદભાઈ યાદ આવ્યા હતા. કીધું આ બધા આવું-આવું કરે છે અને તમારો છોકરા પાસે ચાર કરોડ રૂપિયા છે. દીકરો એક્કેય નથી, દીકરી એક છે પરણાવી દીધી. ચાર કરોડ. સ્વીત્ઝર્લેન્ડ છેને.

**શ્રોતા :-** એમાં મલુપચંદભાઈને શું? એ તો જુદાં ઘરના ધણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જુદાં ઘરના ધણી છે કહે છે. ન્યાલભાઈના ધણી નથી એ.

ન્યાલભાઈ તો સ્વીત્ઝર્લેન્ડમાં એય.. મોટો બાદશાહ. ૫૩-૫૪ વર્ષની ઉંમર અને મોટા બંગલા અને બાગ-બગીચા. ચાર કરોડ રૂપિયા છે એના મોટા દીકરા પાસે. સ્વીત્ઝર્લેન્ડ. ગામ કેવું કીધું? સ્વીત્ઝર્લેન્ડ? હશે. એ હમણા યાદ આવ્યા. કીધું આ લોકો મારા બધા પાંચસો ને હજાર ને બબ્બે હજાર ખર્ચે છો તો આ ન્યાલ કાંઈ કરતો નથી? કરે છે પાપ.

**શ્રોતા :-** અહીંથી અમલદારવર્ગના માણસો હોય એ એને ત્યાં ઉતરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં શું દાળિયા થયા? એ તો હિન્દુસ્તાનના જેટલા માણસો ત્યાં જાય એ બધાને એના ઘરે જમાડે છે. સ્વીત્ઝર્લેન્ડ. મોટો બાદશાહ છે. ચાર કરોડ રૂપિયા અને દીકરો એકેય નથી અને દીકરી એક પરણાવી દીધી. એટલે હિન્દુસ્તાનના જે કોઈ માણસ જાય હોં! કોઈપણ. મુસલમાન હો, બ્રાહ્મણ હોય કે (ગમે તે હોય), ઘરે જમાડે. એમાં દાળિયા શું થયા? એ તો લૌકિક. આહા..હા..! અહીંયાં તો આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ.. આહા..હા..! એનું જેણે અંતરમાં આનંદ અને જ્ઞાનનું ભોજન કર્યું.. આહા..હા..! એ અમૃતસાગર એ મોક્ષમાર્ગ છે. હસમુખભાઈ! આવી બધી વાતું છે આ. આહા..હા..! છેલ્લા શ્લોક છેને એટલે એકદમ (સાર સાર લીધો છે).

**'શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.'** શું કહે છે? કે શરીરથી તો રહિત પ્રભુ આત્મા અંદર છે. આ તો માટી છે. અંદરમાં કર્મ છે જડ એનાથી ભિન્ન ભગવાન છે. આત્મા હોં! એ આત્મા ભગવાન. અને પુણ્ય—દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, વ્રત-તપનો વિકલ્પ એ રાગ છે એનાથી પણ ભિન્ન છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના પરિણામ પાપ એનાથી પણ ભિન્ન છે. એ અમૃતચંદ્ર શુદ્ધ જીવસ્વરૂપ. આહા..હા..! જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ જીવસ્વરૂપ એ મોક્ષમાર્ગ. આ મોક્ષનો માર્ગ આ છે. આહા..હા..! ભારે આકરું કામ. સાંભળવા મળે નહિ બિચારાને. એની જિંદગીયું ચાલી જાય છે. આહા..હા..! માણસ મરીને પછી જાય ઢોર થાય, પશુ થાય. આ મોટા કરોડોપતિ, અબજોપતિ બધા મરીને ઢોર-પશુ થવાના ઘણાં તો. થવાના છે એમાં થાય શું? જેને હજી આત્મા કોણ છે એનું ભાન નથી અને આખો દિ' પાપના પરિણામ ૨૨ કલાક, ૨૦ કલાક પડ્યા. એકાદ કલાક, બે કલાક મળે સાંભળવા જાય ત્યાં કુગુર લૂંટી લે. એને એમ કહે કે તમે તપ કરો, અપવાસ કરો, આ વ્રત પાળો ધર્મ થશે. લૂંટી લે છે એને. એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! સુજાનમલજી! આહા..હા..!

પ્રભુ! તું શુદ્ધ જિનસ્વરૂપ છેને. જિનસ્વરૂપ આત્મા. એ કાલે કહ્યું હતુંને. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મતમદિરાકે પાન સો મતવાલા સમજે ન' શું કહે છે? આ સમયસાર નાટકના શબ્દો છે. 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાન તો આ દેહમાં ભિન્ન વીતરાગ સ્વરૂપે બિરાજમાન છે. એનું સ્વરૂપ જ જિનસ્વરૂપ છે. આહા..હા..! કેમ બેસે? એનો સ્વભાવ, સ્વરૂપ, એનું અસ્તિત્વ, એની મોજૂદગી, જિન વીતરાગસ્વરૂપે

જ આત્મા અંદર છે. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' એ જૈન જિનસ્વરૂપી જે ભગવાન વીતરાગ શુદ્ધ સ્વરૂપ એનો અનુભવ કરે, વીતરાગતા દૃષ્ટિ પ્રગટ કરે એને જૈન કહેવામાં આવે છે. આ જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાલે તો કહ્યું હતું એ. 'ઘટ ઘટ અંતર જિન...' આહા..હા..!

**શ્રોતા :-** આપ બીજીવાર કહો તો અમને બહુ મજબુત થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! આ તો કહ્યુંને અહીંયાં.

**'શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ...'** એનો અર્થ અહીંયા છે. બહુ ઝીણી વાત, ભગવાન! એ અંતર ઘટમાં ભગવાન ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ધ્રુવ વીતરાગસ્વરૂપથી ભરેલો છે. અનંત ચૈતન્ય રત્નાકર પરમાત્મા આત્મા છે. આહા..હા..! પરમાત્મા થઈ ગયા સર્વજ્ઞ પરમેશ્વર એ ક્યાંથી આવ્યા? જિનેન્દ્ર સર્વજ્ઞ પરમેશ્વર કેવળી એ પર્યાય ક્યાંથી આવી? અંતરમાં છે એમાંથી આવી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! કાંઈ સાંભળવા મળે નહિ બિચારાને. એમને એમ ભિખારાપણે જિંદગી ચાલી જાય છે. પોપટભાઈ! સવારમાં કહ્યું હતું નહિ? માગવું પરમાં. પૈસામાં સુખ, બાયડીમાં સુખ, કલ્પનામાં સુખ, આબરૂમાં સુખ, ભિખારો છે. આહા..હા..! આનંદનો સાગર પરમાત્મા અંદર છે એને જોતો નથી. નારણભાઈ! બરાબર છે. આહા..હા..! અહીંથી સુખ મળશે... અહીંથી સુખ મળશે... અહીંથી સુખ મળશે... પ્રભુ! સુખ તો અહીં છે અંદરમાં. આહા..હા..! શુદ્ધ જીવસ્વરૂપ ભગવાન આનંદ પ્રભુ છેને. આહા..હા..! અરે..! તેં સાંભળ્યું નથી, ભાઈ! આહા..હા..!

એ **'શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ...'** શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ. આહા..હા..! એ શુદ્ધ જીવસ્વરૂપ જે ત્રિકાળ છે એ જિન અને એની અંતર પ્રતીતિ, અનુભવ અને રમણતા એ મોક્ષમાર્ગ. આહા..હા..! એ બહારથી બધી ભક્તિ-બક્તિ ભગવાનની કરે અને ભગવાનના આ મંદિરો-બંદિરો કરે એ બધો શુભભાવ હો, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! (મંદિરો થઈ ગયા). કોણ કરે છે? એ તો થવા કાળે થઈ ગયું. એ કાંઈ કરે છે એને (એમ નથી). ભાઈ! ઝીણી વાત છે ઈ. પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકે એ ત્રણકાળમાં નથી. આહા..હા..! એ તો એના કાળે કાર્ય કારણ હોય એ બની જાય છે, થાય છે. બહુ તો એની જોડે પ્રાણી હોય એનો શુભભાવ હોય, પુણ્યભાવ હોય, પણ એ પુણ્યભાવ કાંઈ ધર્મ નથી. આહા..હા..! જેમ વ્રત અને તપનો ભાવ પુણ્ય છે, ધર્મ નથી, એમ આ મંદિરના, પૂજા, ભક્તિનો ભાવ એ શુભ છે, એ ધર્મ નથી, પણ શુભભાવ આવે ખરો. હેયબુદ્ધિએ જ્ઞાનીને પણ આવે, પણ વસ્તુ સ્થિતિ... આહા..હા..! આવું કામ. સાંભળવું કઠણ પડે માણસને. નવરાશ ન મળે અંદરમાં. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરની આજ્ઞા-હુકમ છે. પ્રભુ! તું શુદ્ધ જીવસ્વરૂપ છોને. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ એ તારું સ્વરૂપ નથી. શરીર તો તારું

નથી. આ તો માટી-ધૂળ જગતની છે. સ્મશાનમાં રાખ થશે. અગ્નિના શેરડા ઉઠશે અહીંથી. આ તો માટી-ધૂળ છે. અંદરમાં પુણ્ય-પાપના ભાવ (થાય) એ પણ જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! ભગવાન જીવનું સ્વરૂપ તો શુદ્ધ સ્વરૂપ છે. આહા..હા..! એ શુદ્ધ સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડતાં, એ સામાન્ય ધ્રુવ સ્વરૂપે બિરાજમાન ભગવાન આત્મા ભગવાન એમ કહે છે કે એ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડતાં, ધ્રુવને પર્યાયમાં ધ્યેય બનાવીને.. આહા..હા..! એવી વાત છે. જે શુદ્ધ સ્વરૂપ છે શક્તિરૂપે એ અનુભવમાં વ્યક્તિરૂપે થાય છે. સમજાણું કાંઈ?

જેમ, લીંડીપીપરનું દૃષ્ટાંત દઈએ છીએ ઘણીવાર. આ પીપર હોય છેને લીંડીપીપર. છોટીપીપર તમારે કહે છેને? એ લીંડીપીપર રંગે કાળી અને કદે નાની. કદ-કદ નાનું આવડું કદ. પણ એમાં ચોસઠ પહોરી ચરપરાઈ-તીખાશ ભરી છે. આહા..હા..! આ લીંડીપીપર આપણે વઢવાણમાં કરતાં ડાહ્યા જેઠા. વઢવાણમાં ડાહ્યા જેઠા હતાને આપણે દશાશ્રીમાળી. એક ભૈયા પાસે ચોસઠ પહોરી વઢાવતા. નારણભાઈ એ તમને ખબર નહિ. ડાહ્યા જેઠા હતાને એ ઘરે કરતાં. ગરીબ માણસોને આપતા પીપર. ચોસઠ પહોરી. ચોસઠ પહોર ઘૂંટવી જોઈએ. એક પહોર પણ અંદર, એક ક્ષણ પણ ઘૂંટ્યા વિના ન રહે. તો ભૈયા રાત ને દિવસ ઘૂંટીને પાંચ-પાંચ શેર, દસ-દસ શેર લીંડીપીપર ઘૂંટાવતા અને ગરીબ માણસને બધાને આપતા.

અહીં બીજું કહેવું છે. કે એ પીપરના દાણામાં કદ નાનું, રંગ કાળો છતાં અંદર શક્તિ છે એ ચોસઠ પહોરી તીખાશથી ભરેલી છે અને લીલા રંગથી ભરેલી છે. એ ઘૂંટવાથી જે આવે છે એ કાંઈ ઘૂંટવાથી આવે છે? જો ઘૂંટવાથી આવતી હોય તો પથરા અને લાકડા ઘૂંટે ચોસઠ પહોર. એમાં હતી. આહા..હા..! ચોસઠ પહોરી એટલે ચોસઠ પહોર એટલે સોળ આના. સોળ આના એટલે રૂપિયો. રૂપિયો એટલે પૂર્ણ. એ લીંડીપીપરમાં ચોસઠ પહોરી એટલે પૂર્ણ તીખાશ અને લીલો રંગ પડ્યો છે. આહા..હા..! એ ઘૂંટવાથી શક્તિમાંથી વ્યક્તિ બહાર આવે છે. સમજાય છે કાંઈ? આવી વાતું હવે. દાખલા બીજા.

એમ આ ભગવાન આત્મા શરીર પ્રમાણે એનું કદ છે અંદર અરૂપી. બાહ્યમાં એને પુણ્ય અને પાપની કાળપ દેખાય છે. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ બધી કાળપ-મેલ છે. આહા..હા..! પણ અંતરમાં એની શક્તિ, જેમ એ ચોસઠ પહોરી તીખાશથી ભરેલી છે, એમ આ રૂપિયે રૂપિયો આનંદ ને જ્ઞાન ને સ્વચ્છતા અને પ્રભુતાની શક્તિથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! ઈ લીંડીપીપરની વાત બેસે. આ વાતની ખબર ન મળે કાંઈ. ભિખારાપણે અનાદિકાળ ગાળ્યા. આહા..હા..! સમજ્યા? સાધુ જૈનનો થયો અનંતવાર દિગંબર મુનિ, પણ આ તત્ત્વ શું છે એનું ભાન નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે એ શુદ્ધ જીવ જે અંતર શક્તિનું સામર્થ્ય જે પૂર્ણ આનંદ અને પૂર્ણ પ્રભુતા, પૂર્ણ શાંતિ અને પૂર્ણ જ્ઞાન એવું જીવસ્વરૂપ એની સન્મુખ થઈને, રાગથી વિમુખ થઈને, સ્વભાવથી સન્મુખ થઈને અનુભવની દૃષ્ટિ પ્રગટ કરે. આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાન

અને ચારિત્ર રમણતા પ્રગટ કરે એ મોક્ષમાર્ગ છે. આવો માર્ગ! આહા..હા..! છે? એટલો અર્થ છે એમાં. '**શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.**' આહા..હા..! આખા સમયસારમાં એમ કહેવામાં આવ્યું છે. વર્તમાન જે કાંઈ દયા, દાનના વિકલ્પ ઉઠે છે રાગ એની પાછળ પાસે પ્રભુ બિરાજે છે અંદર. આહા..હા..! ઝળહળ જ્યોતિ ચૈતન્ય રત્નાકર પરમાત્મા પોતે. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. પરમાત્મસ્વરૂપ છે તો પર્યાયમાં અરિહંત અને પરમાત્મા થાય છે. એ અંદરમાંથી વાત બહાર આવે છે. આહા..હા..! અહીંયાં કહે છે કે શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ છે. આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ મોક્ષમાર્ગ નહિ. નારણભાઈ! બંધમાર્ગ છે. એ બંધનમાં પડવાનું છે અને ચાર ગતિમાં રખડવાનું છે. આહા..હા..! આકરું કામ બાપા, પ્રભુ! આહા..હા..! '**શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.**' આખા સમયસારમાં આ પરમાર્થ પ્રગટ કર્યો. આહા..હા..! તારા પાપ જે હિંસા, જૂઠું, ચોરી, રળવું, ખાવું, ભોગવું, આ પૈસા કમાવાના ભાવ અને ભોગવવાના ભાવ બધા પાપ. હસમુખભાઈ!

**શ્રોતા :-** બાવા થાય તો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાવો જ છે અહીં તો કહે છે. સવારમાં કહ્યું હતું. સર્વ કાળ નિવૃત્તસ્વરૂપ ભગવાન અંદર છે. રાગથી, પરથી નિવૃત્તસ્વરૂપ જ છે અંદર.

**શ્રોતા :-** વર્તમાન પર્યાયના ભાવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં પ્રગટ કરે, પણ વસ્તુ તો ત્રિકાળ નિવૃત્તસ્વરૂપ જ છે. આહા..હા..! રાગ અને દયા, દાનના વિકલ્પ અને હિંસા, જૂઠાના વિકલ્પથી ભિન્ન ચૈતન્ય ગોળો આનંદનો કંદ પ્રભુ અંદર પ્રકાશની મૂર્તિ ભિન્ન પડ્યો છે ગોળો. સમજાણું કાંઈ? અરેરે! આવી વાતું બેસે નહિ.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નજર ક્યાં કરી છે? કોઈ દિ' સાંભળ્યું છે કે દિ'? આહા..હા..! પણ નથી દેખાતો એવો નિર્ણય કોણે કર્યો? એ દેખનારે નિર્ણય કર્યો છે. કાંઈ ખબર ન મળે, બાપા! આંધળે આંધળા. સાધુ થાય ક્રિયાકાંડી તોપણ આંધળા. આહા..હા..!

અહીં તો કહે છે સાંભળ તો ખરો પ્રભુ! એકવાર મોક્ષનો માર્ગ. એ રાગ અને વિકલ્પથી નિવૃત્તસ્વરૂપ, અભાવસ્વરૂપ અને શુદ્ધ સ્વભાવથી સદ્ભાવસ્વરૂપ એના તરફની સન્મુખતાથી ઉત્પન્ન થયેલી વીતરાગી દશા એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી દશા. જિનસ્વરૂપમાં બિરાજમાન ભગવાન આત્મા. ત્યાં એમ કહ્યુંને? 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' જૈન પણ ઘટ ઘટ અંતરમાં છે. જૈન બહારમાં નથી. આહા..હા..! એ જિનસ્વરૂપી ભગવાન એનો અનુભવ અને પ્રતીતિ કરતાં જે વીતરાગદશા ઉત્પન્ન થાય તેને જૈન કહેવામાં આવે છે. પુણ્ય અને પાપના ભાવને જીતે તે જૈન. જૈન કોઈ સંપ્રદાય નથી. હરિજન હોય,

ચંડાળ હોય એ જૈન થઈ શકે છે. આત્મા અંદર છે ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એને સાંભળવા મળે નહિ. આહા..હા..! એ ન્યાલભાઈ અહીં આવે તો રોવે. એય..! મલૂપચંદભાઈ! અહીં આવે તો મારી પાસે રોવે. ચાર કરોડ રૂપિયા પડ્યા છે એની પાસે. આમ જ્યાં વાત કરીએ. અરે..! પણ શું કરે છે તું આ અનાદિથી? રોવે. પણ ત્યાં જાય તો ઘૂંચી જાય પાછો. મારી નાખ્યા જગતને. લક્ષ્મીનો મોહ. આહા..હા..! અને મરીને જાવું છે ક્યાં એની કાંઈ ખબરું ન મળે એને. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે જિનેન્દ્રદેવ વીતરાગ ત્રિલોકનાથ કે શુદ્ધ જીવસ્વરૂપ એ મોક્ષમાર્ગ. આહા..હા..! અશુદ્ધના પરિણામ જે છે એ બંધમાર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો સાદી છે. ભાઈ! પણ મોંઘેરી વાતું, બાપા! અરે! વીતરાગમાર્ગનો લોપ કરી નાખ્યો જગતે અને બહારમાં મનાવી દીધો આ ધર્મ છે... આ ધર્મ... આ ધર્મ છે. આહા..હા..! રાગમાં ધર્મ મનાવ્યો એ જૈનધર્મ નહિ. એ ૮૩માં કહ્યું હતુંને ભાઈ ભાવપાહુડમાં? ૮૩ ગાથા અષ્ટપાહુડ. વ્રત ને તપ ને એ પુણ્યભાવ એ જૈનધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે અહીં? ૮૩ ગાથા. '**पूयादिसु वयसहियं पुण्णं**' ૮૩ શ્લોક છે. ભાવપાહુડ. '**જિનશાસનમેં જિનેન્દ્રદેવને ઈસપ્રકાર કહા હૈ કિ પૂજા આદિકમેં...**' ભક્તિ, પૂજા '**ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ.**' ધર્મ નહિ, એ જૈનધર્મ નહિ. આહા..હા..! અષ્ટપાહુડ તો ઘરે હશે, શેઠ! આ અષ્ટપાહુડ ઘરે હશેને? સાગર છેને સાગર? પુસ્તક તો છે. પુસ્તક છે કે નહિ એમ મેં કહ્યું.

જુઓ, જૈનશાસનમાં જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્માએ એમ કહ્યું છે કે '**પૂજા આદિકમેં...**' ઈ અર્થમાં લીધું છે જુઓ, '**લૌકિક જન તથા અન્યમતી કઈ કહતે હૈં કિ પૂજા આદિક શુભ ક્રિયાઓમેં ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ, પરંતુ ઐસા નહીં હૈ.**' આહા..હા..! ભારે આકરું કામ. '**જિનમતમેં જિનભગવાનને ઈસપ્રકાર કહા હૈ કિ— પૂજાદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હૈ, ઈસમેં પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ,...**' એ ભગવાનની ભક્તિ, ભગવાનની '**વંદના,...**' દેવ-ગુરુને વંદના. '**વૈયાવૃત્ય આદિ સમજના. વહ તો દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ. ઉપવાસ આદિક વ્રત હૈં વહ શુભક્રિયા હૈ, ઈનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ ઉસસે પુણ્યકર્મ હોતા હૈ ઈસલિયે ઈનકો પુણ્ય કહતે હૈં. ઈસકા ફલ સ્વર્ગાદિક ભોગોંકી પ્રાપ્તિ હૈ.**' એ ધર્મ નથી. આહા..હા..! આવું આકરું કામ. ૮૩ ગાથામાં છે અષ્ટપાહુડ.

અહીં કહે છે કે '**શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.**' સમયસારમાં ૪૧૫ ગાથામાં શુદ્ધ જીવસ્વરૂપ એ મોક્ષમાર્ગ છે એમ પ્રકાશ થયો. આહા..હા..! ભગવાન આત્મા તો પવિત્ર શક્તિથી ભંડાર ભર્યો છે. એ ભંડારમાંથી ખીલવટ કરીને જે રાગની એકતાબુદ્ધિમાં પડ્યો હતો મિથ્યાત્વમાં ત્યારે ખજાનામાં તાળા માર્યા હતા. એ રાગની એકતા

તોડીને સ્વભાવની એકતા કરી (તો) ખજાનો ખોલી નાખ્યો. આહા..હા..! આવી વાતું હવે આ શું કહે છે આ તે? અને બિચારી એમાં બાયુ-બાયુ સમજે નહિ. આખો દિ' રાંધવું અને આ કરવું, છોકરાને સાચવવા. માંડ માંડ નવરી થાય ત્યાં સાંભળવા જાય ત્યાં આવી બધી વાતું કરે વ્રત કરવા, અપવાસ કરવા, વર્ષીતપ કરવા. આહા..હા..! અરે પ્રભુ! તું સાંભળ ભાઈ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે **'શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ...'** એમ આખા સમયસારમાં કહેવામાં આવ્યું છે.

**'બીજો અર્થ આમ છે કે અમૃતચંદ્ર નામ છે ટીકાના કર્તા...'** આ ટીકાના કર્તા અમૃતચંદ્રાચાર્ય મુનિ, દિગંબર મુનિ (છે). મૂળ શ્લોક છે એ કુંદકુંદાચાર્યના કરેલા અને અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. એ અમૃતચંદ્રાચાર્ય એ બાજુ. હજાર વર્ષ પહેલાં થયા અને કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં થયા. સંવત ૪૯. આ કુંદકુંદાચાર્ય વચ્ચે છે. સંવત્ ૪૯. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેન્દ્ર પ્રભુ પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. વર્તમાન બિરાજે છે. આમ વર્તમાન બિરાજે છે. મહાવિદેહમાં બિરાજે છે. આહા..હા..! બાર સભા આવે છે વ્યાખ્યાનમાં. સિંહ ને નાગ ને વાઘ આવે છે સાંભળવા. ઈન્દ્રો ઉપરથી ઉતરે છે સાંભળવા ભગવાન પાસે. એ ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આઠ દિન રહ્યા હતા. સદેહે. આહા..હા..! ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું કે ભગવાનની વાણી આ છે. ભગવાન એમ ફરમાવતા હતા. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવતા હતા કે શુદ્ધ જીવનો અનુભવ. આહા..હા..! પુણ્ય-પાપનો અનુભવ એ બંધમાર્ગ છે, ચાર ગતિમાં રખડવાનો માર્ગ છે. આહા..હા..! અને ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ એનો અનુભવ એ મોક્ષમાર્ગ છે. એ કોણે કહ્યું? કે અમૃતચંદ્રાચાર્યે. છેને?

**'ટીકાના કર્તા આચાર્યનું, તેમની બુદ્ધિના પ્રકાશરૂપ...'** બુદ્ધિનો પ્રકાશ થયો આ સમયસારમાં. આહા..હા..! એમનો ક્ષયોપશમ આહા..હા..! **'શાસ્ત્ર સંપૂર્ણ થયું.'** આ શાસ્ત્ર સમયસાર હવે પૂરું થયું. આ છેલ્લો શ્લોક છેને. ૨૭૬, ૭૭ અને ૭૮ બે શ્લોક રહ્યા હવે. **'શાસ્ત્રને આશીર્વાદ દેતા થકા કહે છે...'** **'નિઃસપત્નસ્વભાવમ્ સમન્તાત્ જ્વલતુ'** આહા..હા..! **'નથી કોઈ શત્રુ જેનો એવા અબાધિત સ્વરૂપે...'** આહા..હા..! **'સર્વકાળ સર્વ પ્રકારે પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો.'** જેનું સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાથી મોક્ષ પ્રાપ્ત જ્યાં થયો પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન પરમાત્મદશા આત્માની, તો કહે છે કે કાયમ રહો. આહા..હા..! એ આશીર્વાદ છે. છે? **'નથી કોઈ શત્રુ જેનો...'** આત્માના શુદ્ધ સ્વરૂપનો મોક્ષમાર્ગ કરીને જે મોક્ષ થયો તો પછી કોઈ ત્યાંથી અવતાર લેવો છે એમ નથી. કહે છેને કે ભક્તોને ભીડ પડે ત્યારે ભગવાન પણ ભવ ધારણ કરે છે. એ જૂઠી વાત છે.

**શ્રોતા :-** ભગવાનના ભગતને ભીડ હોય જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય જ નહિ. ભીડ કેવી? આહા..હા..! એ વાત કરે છે.

જેણે આત્માનું આરાધન કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો, એનાથી વિરુદ્ધ ભાવ હોય એ ત્યાં છે જ નહિ. આહા..હા..! આત્મામાં ક્ષાયિક સમકિત પ્રગટ થાય છે તો એ પણ પડતું નથી, મિથ્યાત્વમાં આવતા નથી, તો જ્યારે પૂર્ણાનંદની પ્રાપ્તિ જીવના મોક્ષમાર્ગથી પૂર્ણ પ્રાપ્તિ થઈ એ કેમ પડે? કેમ અવતાર લે? સમજાણું કાંઈ? એ કહે છે કે જ્યાં પૂર્ણ દશા પ્રગટ થઈ એનો વિરોધભાવ ત્યાં છે નહિ. એનો કોઈ શત્રુ ત્યાં છે નહિ કે જેથી અવતાર ધારણ કરવો પડે. આહા..હા..! મોક્ષતત્ત્વની ખબર ન મળે, મોક્ષમાર્ગની ખબર ન મળે. આહા..હા..!

છેને '**निःसपत्न**' વિરોધી નથી. જેનું આવું અબાધિત સ્વરૂપ, બાધારહિત, વિઘ્નરહિત '**સર્વ કાળ સર્વ પ્રકારે...**' પૂર્ણાનંદની પ્રાપ્તિ જ્યાં મોક્ષમાર્ગ શુદ્ધ જીવસ્વરૂપથી પ્રાપ્તિ થઈ તો સર્વ કાળ સર્વ પ્રકારે નિર્મળતા ત્યાં રહે છે હવે. પરમાત્મા આ આત્મા મોક્ષમાર્ગને પ્રગટ કરીને મોક્ષ થાય છે તો પૂર્ણ આનંદની અનુભવમાં દશા રહે છે. એને કોઈ વિકલ્પ આવે કે ભક્તો માટે અવતાર લેવો પડે એમ છે નહિ. આહા..હા..! આ તો એક અવતાર કરીને ત્યાંથી ફરીને જાય બીજે. આહા..હા..! ચાર ગતિની ઘાણીમાં પીલાય છે. માણસ અહીંયાં અબજોપતિ હોય... આહા..હા..! અને મરીને નરકમાં જાય, પશુમાં ઢેઢગરોળીને કૂખે અવતરે. આહા..હા..!

બ્રહ્મદત્ત ચક્રવર્તીની નહોતી વાત કરી? છ ખંડનું રાજ, છન્નું હજાર તો સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. એનો સાહેબો ચક્રવર્તી. એ મરતા મરીને સાતમી નરકે ગયો, ભાઈ! આહા..હા..! અત્યારે સાતમી નરકમાં છે. નીચે સાત નરક છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા એવી સાત નરક છે. ભગવાન કેવળીએ જોયો આખો લોકો ત્રણકાળ, ત્રણલોક. તે સાત નારકી છે એમાં પહેલી નરકથી નાની અવસ્થા, જઘન્ય અવસ્થા દસ હજાર, એથી વધારે અવસ્થા એક સાગર. પછી બે સાગર, ત્રણ સાગર, તેત્રીસ સાગર. સાતમી નરકમાં તેત્રીસ સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ત્યાં પણ અનંતવાર આ જીવ જઈ આવ્યો છે, ભાઈ! આહા..હા..!

એ બ્રહ્મદત્ત અહીં જુઓ તો હીરાના ઢોલીયા. પલંગ કહો. હીરાના પલંગ અને દેવો જેની સેવા-સેવા કરે. જેની રાણીઓ છન્નું હજાર. એક રાણીની હજાર દેવ સેવા કરનાર એવી એક રાણી. આહા..હા..! એ મરીને ભાઈ આહા..હા..! સાતમી નરકે પાતાળે છે અત્યારે. એના એક ક્ષણનું વેદન, બાપુ! સાંભળ્યા જાય નહિ, ભાઈ! એ અનંતવાર મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાભ્રમણા એને લઈને આ બધા અવતાર કર્યા. સમજાણું કાંઈ?

હજી તો અઢી હજાર વર્ષ ગયા છે. અઢી હજાર નહિ પણ ૮૫ હજાર વર્ષ. અઢી હજાર તો શ્રેણીકને. શ્રેણીક રાજા છેને. આત્મજ્ઞાન પામ્યા હતા, અનુભવ ધર્મ થયો, પણ પહેલી નરકનું બંધાઈ ગયું હતું. શ્રેણીક રાજા ભગવાન પાસે, વીર પરમાત્મા પાસે, પહેલાં સમકિત

પામ્યા હતા સાધુ પાસે આત્મજ્ઞાન. 'શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ હું છું' એવો અનુભવ. પછી તીર્થંકર ગોત્ર બાંધ્યું. તો આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના શ્રેણીક રાજા, આ ભરત ક્ષેત્રમાં. એ પહેલી નરકમાં અત્યારે ચોર્યાસી હજાર નરકની સ્થિતિમાં છે. ૨૫૦૦ વર્ષ ગયા. સાડી એકાશી હજાર વર્ષ બાકી. આહા..હા..! સાડી એકાશી હજાર, સાડી એક્યાશી હજાર. પણ ત્યાંથી નીકળશે. સમકિત છેને. આત્મજ્ઞાન છે, ભાન છે. હું શુદ્ધ ચૈતન્ય છું, રાગાદિ મારી ચીજ નહિ, અપૂર્ણતા નહિ. 'હું તો પૂર્ણાનંદનો નાથ છું' એવો અનુભવ છે અંદર. એ નીકળીને પહેલા તીર્થંકર થવાના છે આવતી ચોવીસીમાં. આહા..! જેવા વીર ભગવાન હતા એવા થવાના છે. એ પ્રતાપ આત્માના અનુભવનો. આહા..હા..! આમ તો ચારિત્ર નહોતું, ત્યાગ નહોતો કાંઈ, પણ અનુભવ હતો. આત્મા શુદ્ધ ચૈતન્યઘન એને જ્ઞેય બનાવીને શ્રદ્ધામાં આખા આત્માની પ્રતીત કરી હતી, નિર્વિકલ્પ અનુભવ. આહા..હા..! તો નરકનું આયુષ્ય તો પહેલાં બંધાઈ ગયું હતું. એ તો લાડુ બની ગયો હોય તો એ લાડુમાંથી પછી ઘી કાઢીને પૂરી થાય, લોટ કાઢીને પૂરી થાય એમ ન બને, એ તો લાડુ ખાવા જ પડે. એમ નરકની જે ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો એણે જાવું જ પડે. તો આયુષ્ય બંધાઈ ગયું હતું અને પછી આત્મધર્મ પામ્યા. નરકમાં ગયા છે. આહા..હા..! પણ આગામી પહેલી ચોવિસીમાં પહેલા તીર્થંકર થવાના છે. ચોવીસ તીર્થંકર થશેને ભવિષ્યમાં? પહેલા એ થશે ત્યાંથી.

સમ્યગ્દર્શન આત્માનો અનુભવ જેમાં આત્માના આનંદનો સ્વાદ આવવો. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માનો સ્વાદ આવ્યો, પણ આત્મામાં સ્થિરતા ન થઈ, એ કારણે પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું, ગયા છે. પણ ત્રણલોકનો નાથ થાશે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પવિત્ર પરિણામી જે પવિત્ર સ્વરૂપ એવા પવિત્ર પરિણામ જેના પ્રગટ થયા. આહા..હા..! સમયસારનો પ્રકાશ કર્યો. અમૃતચંદ્રાચાર્યે પ્રકાશ કર્યો અને અમૃતચંદ્ર એટલે આત્માનો શુદ્ધ માર્ગ એ પણ અમૃતચંદ્ર છે ઉપમાથી. એમ જાણીને... આવ્યુંને અહીંયાં? '**સર્વ કાળે સર્વ પ્રકારે પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન** હો.' જેમ ચંદ્રમા બીજને દિ' ઉગે છે, પણ થોડો. પૂનમને દિ' પૂરો. તેર દિ'ની વાર છે. એમ પહેલાં સમ્યગ્દર્શન આત્માનું થયું, મોક્ષમાર્ગ થયો. આત્મા રાગથી, પુણ્યથી રહિત આત્મા આનંદસ્વરૂપ છે એવો સ્વાદ અને પ્રતીતિ અને અનુભવ થયો તો એ ચંદ્રમાની બીજ ઉગી અને તેરમે દિ'એ જેમ પૂનમ થવાની એમ આને થોડા વખતમાં કેવળજ્ઞાન થવાનું. આહા..હા..! અરેરે!

**શ્રોતા :-** બીજનો ચંદ્રમા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજનો ચંદ્ર. દેખાય આખો. દેખ્યો છે? એ બીજનો ચંદ્ર બતાવે આખાને આમ. આખું ગોળ ચક્ર બતાવે. આડશ છે એ બતાવે, ગોળપણું બતાવે અને પ્રકાશ છે એ બતાવે. જોયો છે ચંદ્ર ઉપર? આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા એનો પ્રકાશ જે પ્રગટ થયો સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એના ફળરૂપે જે મોક્ષ થયો એ સર્વ કાળ સર્વ પ્રકારે

પવિત્રતા કાયમ રહો બસ! એવા આશીર્વાદ છે. આહા..હા..!

**'विमल-पूर्णं'** 'કેવું છે? **પૂર્વાપર વિરોધરૂપ મળથી રહિત છે...'** હવે ભગવાન પરમાત્મા થયો, જ્યારે મોક્ષ થયો, મોક્ષમાર્ગથી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં-કરતાં મોક્ષ થયો ત્યાં નિર્મળ પૂર્ણતા છે, ત્યાં મળ-બળ છે નહિ, રાગનો વિકલ્પ પણ ત્યાં નથી. આહા..હા..! વિમળ-મળથી રહિત છે. '**તથા અર્થથી ગંભીર છે.**' પદાર્થથી ગંભીર છે. પર્યાયમાં અનંત-અનંત ગંભીરતા ભરી છે. વસ્તુ ગંભીર છે અને એની મોક્ષ પર્યાય પ્રગટ થઈ એ મહાગંભીર. આહા..હા..! અલબ્ધમધ્ય. જેનું મધ્ય પામવું કઠણ એવી ચીજ અંદરથી પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે, આમાં એકેય વાતને મેળ ખાય નહિ એવી વાત છે. બાપુ! સત્ય માર્ગ પરમાત્માનો તો આ છે. અત્યારે તો બધો લોપ થઈ ગયો છે. અજૈનને નામે જૈનપણું ચલાવ્યું છે. આહા..હા..! ભાઈ! માર્ગ તો પરમાત્માનો આ છે. આહા..હા..!

એ અહીં કહે છે. પૂર્ણ. જેમાં મેલ નથી. છે? ગંભીર છે. મોક્ષદશા મહાગંભીર છે. આહા..હા..! જે દશામાં અનંત-અનંત કેવળીઓને જાણે, અનંત-અનંત સિદ્ધોને જાણે, તીર્થંકરોને જાણે, અનંત-અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવી મોક્ષની પર્યાય મહા અતિ અત્યંત ગંભીર છે. આહા..હા..! **'ध्वस्तमोहम्'** '**મૂળથી ઉખાડી નાખી છે ભ્રાન્તિ જેણે,...'** આહા..હા..! પુણ્ય-પાપના પરિણામ થાય છે એમાં સુખ છે અને એનાથી ધર્મ થશે એવી જે ભ્રાંતિ એ તો મૂળમાંથી ઉખાડી નાખી છે. આહા..હા..! ઝીણું બહુ. આ કો'ક દિ' આવે એમાં આવી વાત આવે. કાલે વાત થઈ હતી પહેલી હોં! તમે આવ્યા પહેલાં. કીધું આ બે છોકરાને બોલાવ્યા છે, પણ ત્યાં પૈસામાં ઘૂંચાઈ ગયા. કો'ક દિ' આવે એમાં આવી વાત આવે. આ સંચો એ લઈ આવ્યા હતા. શાસ્ત્રો છેને કોતરાયેલા સાડા ત્રણ લાખ (અક્ષર). એ શું કહેવાય એ? ઈટાલી. ઈટાલીથી સંચો એ લઈ આવ્યા છે. મશીનથી કોતરાયેલા છે અક્ષર. ભગવાનના શાસ્ત્ર છે આ. પરમાત્માએ કહેલા આગમ એ શાસ્ત્ર છે. સાડા ત્રણ લાખ (અક્ષર છે). એ ભાઈ લાવ્યા હતા. પોપટભાઈના દીકરા, પણ અહીંયાં પૈસામાં ઘૂંચાઈ ગયા. બે કરોડ રૂપિયા છે એની પાસે. છ છોકરા છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓછા થઈ જાય. અરે..! ધૂળમાં કાંઈ નથી. આહા..હા..! કરોડોપતિ ઘણા બેઠા છે અહીં. ધૂળના પતિ છે એ. આહા..હા..! અહીં તો ચૈતન્યનો પતિ થાય એ સ્વામી-ધણી છે. શાંતિભાઈ! આહા..હા..! બહુ સરસ વાત લીધી છે.

'**આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે.**' શું કહે છે? આ શાસ્ત્રમાં જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે, પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ જિનસ્વરૂપી આત્મા એવું નિઃસંદેહપણે સમયસારમાં કહ્યું છે. એવું બીજે ઠેકાણે ક્યાંય છે નહિ. આહા..હા..! 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.' આહા..હા..! 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.'

પરમાત્મા કેવળી તીર્થંકર એના મુખથી નીકળેલ સમયસાર એ વાણી કુંદકુંદાચાર્યે કહી. એની ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી. આહા..હા..!

કહે છે કે '**આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે.**' એમ નથી કે કેમ હશે ને કેમ હશે? ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે એમાં મલિનતાનો અંશ નથી અને અપૂર્ણતા નથી. પૂર્ણ આનંદકંદ પ્રભુ અંદર બિરાજે છે. એવી પ્રતીતિ અને અનુભવ કરવો એનું નામ મોક્ષમાર્ગ છે. બાકી બધી વાતું થોથા છે. સમજાણું કાંઈ? આ કહે સામાયિક કરવા, પોષા કરવા, પડિક્કમણા કરવા; પણ ભાન ન મળે આત્માની સામાયિક ક્યાંથી આવી તારે? આ સામાયિક કરી એક પથરણે પાંચ, પોષા કર્યા અઠમના. ધૂળેય નથી. સામાયિકમાં તો સમતાનો લાભ આવે એને સામિયક કહીએ. પણ સમતાસ્વરૂપ તો વીતરાગ આત્મા છે એનો અનુભવ કરે તો સમતાનો લાભ થાય. શાંતિભાઈ!

**શ્રોતા :-** છ કાય જીવનો કૂટો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છ કાયના જીવ કૂટો તારો આત્માનો કૂટો કરી નાખ્યો રાગમાં ધર્મ માન્યો એ. એ ક્રિયાકાંડનો રાગ એ ધર્મ છે (એમાં) કૂટો કરી નાખ્યો તારા આત્માનો. પ્રૌષધ. પ્રૌષધનો અર્થ પોષણ છે. જેમ ચણ્યો હોય પાણીમાં પડે અને પોઢો થાય, એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ એનો અનુભવ કરીને પર્યાયમાં આનંદનું પોષણ થાય. નિર્મળ આનંદની દશા પ્રગટ થાય એને પ્રૌષધ કહીએ. આ તો લાંઘણું છે બધી. એય..! 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબીયાના તેર.' એમ પ્રભુ કહે છે કે તારે ને મારે વાતે વાતે ફેર છે. શાંતિભાઈ! આહા..હા..! ટૂંકે રસ્તે ચડી ગયો અને રસ્તો ક્યો છે એ તને ખબર નથી. આહા..હા..! કહો, આવું છે હસમુખભાઈ! અહીં તો આ છે. ત્યાં તો પૈસાના દરેડા થાય. પેદા ખુબ થાય પાંચ-સાત લાખ રૂપિયા થાય તો જાણે આહા..હા..! ધૂળમાં શું છે?

ઓલો રાજા નથી એક અત્યારે? સાંભળ્યો છેને? ઈરાક. ક્યાંનો? ઈરાક ઈરાકને? એક કલાકની દોઢ કરોડની પેદાશ. અત્યારે છે રાજા. દેશ નાનો છે, પણ એને ઓલા પેટ્રોલના કૂવા બહુ નીકળ્યા. દેશ નાનો પણ કૂવા એટલા નીકળ્યા કે એક કલાકની દોઢ કરોડની પેદાશ. ચોવીસ કલાકની અડધા અબજની પેદાશ. મરીને નરકે જવાના પણ એ બધા. આહા..હા..! અત્યારે છે. ગાદીએ બેઠો હતો એને મારી નાખ્યો એના કુટુંબે. બહુ પેદાશ છે, ઘણી પેદાશ. બાર મહિને તો ઢગલા. એક દિ'ના પચાસ કરોડ. આહા..હા..! એય..! એ તો પૂર્વના પુણ્ય હોય તો સંયોગ દેખાય. પૂર્વમાં કોઈ શુભભાવ કર્યા હોય, નરક એકેન્દ્રિય આ લીલોતરી જીવ છેને, વનસ્પતિ આ લીંબડો એના એક પાંદડામાં અસંખ્ય જીવ છે. એક એક જીવને પુણ્ય ને પાપ... પુણ્ય ને પાપ થયા જ કરે છે ત્યાં. એમ ભગવાનનું વચન છે. આહા..હા..! આ લીંબડો-લીંબડો નથી? એક પાંદડુ. એક પાંદડાની એક રાય જેટલી કટકી લ્યો તો એમાં

અસંખ્ય શરીર છે અને એક શરીરમાં એક જીવ છે. એ જીવને ક્ષણે ક્ષણે શુભ અને અશુભ, શુભ અને અશુભ પરિણામ થયા જ કરે છે, કર્મધારા. ધર્મધારાની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એને લઈને, પુણ્યને લઈને કોઈ વખતે મનુષ્યપણું પામી જાય એમાંથી નીકળીને આ લીંબડામાંથી. આહા..હા..! પણ ધર્મ ન પામે ત્યાં સુધી પાછા લીંબડામાં અને નિગોદમાં જવાના ઈ. આહા..હા..!

સમ્યક્ ચૈતન્યમૂર્તિનો અનુભવ, આનંદના સ્વાદનો અનુભવ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી એ પુણ્યની ક્રિયા આદિથી ચાર ગતિમાં રખડનારા છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સ્વર્ગના દેવો દુઃખી, એ રાજા અબજોપતિ દુઃખી, શેઠિયાઓ અબજોપતિ દુઃખી, બધા દુઃખી છે. 'સુખિયા જગતમેં સંત, દુરિજન દુઃખીયા.' આ આનંદનો નાથ અંદર ભગવાન બિરાજે એનો અનુભવ કરે એ સુખી છે. કહો, પોપટભાઈ! આહા..!

તે દિ' કહ્યુંને એક ફેરી તમારા. તમારા માટે કોઈ આવ્યું હતું એમના કુટુંબમાંથી. ઓલા નાનાલાલભાઈના સગા. મણિલાલ-મણિલાલ. મણિલાલ તમારા. મણિલાલ એક ફેરી આવ્યો હતો. પછી અહીંયાં આવ્યા હતા ઘણા વર્ષ થયા. અમારા વેવાઈ સુખી છે. આ નાનાલાલભાઈ. નાનાલાલ કાળીદાસ કરોડપતિ ખરાને. નાનાલાલ કાળીદાસ, રાજકોટ શ્વેતાંબર. જસાણી. એ છેને મુંબઈમાં આપણે છે, અહીંના મુમુક્ષુ છે. એ બોલતા હતા મણિભાઈ. એક ફેરી આવ્યા હતા. ઘણા વર્ષ થઈ ગયા. અમારા વેવાઈ સુખી છે. સુખીની વ્યાખ્યા શું? એના કુટુંબી થાય કે નહિ? તમારા ભાઈઓ. મેં કીધું સુખીની વ્યાખ્યા શું? આ પૈસા છે એ સુખી? એમ કે અમારા નાનાલાલભાઈ ને આ બધા પૈસા કરોડોપતિ. અહીં આવનારા બધા સુખી. ધૂળેય નથી સુખી કીધું સાંભળ. સુખીયા તો જગતમાં સંત (છે). આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એ આનંદનો સ્વાદ અંદરમાં અનુભવ કરે એ સુખી છે. ભલે એ તિર્યંચમાં હો, પશુમાં હો. પશુમાં ભગવાન એમ કહે છે અસંખ્ય પશુ પડ્યા છે અઢી દ્વીપ બહાર. વાઘ અને સિંહ આત્મજ્ઞાની. આહા..હા..! હજાર-હજાર યોજનના મચ્છ એ પણ આત્મજ્ઞાન પામેલા અસંખ્ય પડ્યા છે બહાર, અઢી દ્વીપ બહાર. એને આત્માના આનંદનો સ્વાદ છે. આહા..હા..!

**શ્રોતા** :- સ્વયંભૂરમણસમુદ્ર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્વયંભૂ અને બીજામાં. એ સિવાય બીજા કેટલાક દ્વીપ સમુદ્ર છેને એમાં પણ ઘણા છે. સિંહ, વાઘ સમકિતી છે. અસંખ્ય જીવ પશુ તિર્યંચ મિથ્યાદૃષ્ટિ, એક સમકિતી, પણ એવા અસંખ્ય સમકિતી છે. અરે..! ક્યાં એણે સાંભળ્યું? ભગવાનના શાસ્ત્રમાં એ બધું છે. આહા..હા..! અહીં કહે છે કે સુખી કોને કહેવા? આહા..હા..! નિઃસંદેહપણે ભ્રાંતિનો છેદ કરીને આનંદના નાથને જગાડીને, જાગીને અનુભવ્યો એ સુખી જગતમાં છે.

**'વળી કેવું છે?'** '**आत्मना आत्मनि आत्मानम् अनवरतनिमग्नं धारयत्**' બહુ વાત આવી હવે જુઓ, '**आत्मना**' '**જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે...**' જાણકસ્વરૂપ ભગવાન

એ ચૈતન્યપ્રકાશના શુદ્ધ જીવ વડે. આહા..હા..! રાગ વડે નહિ, પુણ્ય-પાપ વડે નહિ. અરે આવી વાતું હવે. આહા..હા..! '**आत्मना**' '**જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે...**' '**आत्मनि**' '**શુદ્ધ જીવમાં...**' આત્મા શુદ્ધ પવિત્ર દ્વારા શુદ્ધ આત્માને. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા અશુદ્ધભાવ, મલિનભાવ. આહા..હા..! ગજબ વાત નાથ! આ તો આત્મા શુદ્ધ સ્વરૂપ પ્રભુ, સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે કહ્યો એવો જે શુદ્ધ જીવ, એ શુદ્ધ જીવ પોતા વડે શુદ્ધ જીવમાં—પોતામાં. પોતા વડે પોતામાં. આહા..હા..! જુઓ આ મોક્ષમાર્ગ. આહા..હા..! આ ધર્મ માર્ગ. આહા..હા..!

'**आत्मना आत्मनि**' છે? '**શુદ્ધ જીવમાં...**' '**आत्मानम्**' '**શુદ્ધ જીવને...**' ત્રણ શબ્દ આવ્યા. આત્મા શુદ્ધ ચૈતન્યઘન વીતરાગમૂર્તિ આનંદકંદ એ જીવ દ્વારા જીવમાં-પોતામાં શુદ્ધ જીવને. પોતામાં પોતાને. આહા..હા..! ચૈતન્ય શુદ્ધ નિર્મળ આનંદકંદ પ્રભુ એ શુદ્ધ જીવ. એ શુદ્ધ જીવ વડે, શુદ્ધ જીવમાં. આહા..હા..! પછી? છે? '**શુદ્ધ જીવને...**' શુદ્ધ વડે શુદ્ધ જીવમાં શુદ્ધ જીવને. આહા..હા..! '**अनवरतनिमग्नं धारयत्**' જેણે '**अनवरत**' નામ '**નિરંતર અનુભવગોચર કરતું થકું.**' આહા..હા..! બહુ વાતું આ.. ભાઈ! ભગવાન આત્મા જે પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી ભિન્ન એવો જે શુદ્ધ જીવ, એ શુદ્ધ જીવ દ્વારા શુદ્ધમાં, શુદ્ધમાં. પછી શું આવ્યું? શુદ્ધ જીવને. શુદ્ધ જીવમાં શુદ્ધ જીવને. હજી તો કડી સમજવી કઠણ પડે. આહા..હા..! આ તો ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞની વાણી છે. એવી વાણી બીજે છે નહિ. આહા..હા..! અમને તો ખબર છેને. આ પલટન કર્યું (મુહપત્તી ફેરવી) શા કારણે? આહા..! બાપુ! મારગડા નાથ જુદાં.

અહીં કહ્યું કે '**શુદ્ધ જીવને...**' આહા..હા..! '**નિરંતર અનુભવગોચર...**' આહા..હા..! '**શુદ્ધ જીવ વડે શુદ્ધ જીવમાં શુદ્ધ જીવને નિરંતર અનુભવગોચર કરતું થકું.**' આનંદની દશા દ્વારા નિરંતર અનુભવ કરે છે તેને મોક્ષમાર્ગ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૭, મંગળવાર, તા. ૦૪-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૬, પ્રવચન નં. ૪૬૮

કળશટીકા. (કળશ) ૨૭૬. અહીંયાં આવ્યું છે. ભાવાર્થ. ભાવાર્થ છેને? આ પ્રમાણે છે ભાવાર્થ. મળ્યું શેઠ? **'આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે.'** શું કહે છે? એકદમ સાર. શુદ્ધ જીવસ્વરૂપ જેમાં સુખ ભર્યું છે. ભગવાન આત્મા જેને સુખી થવું છે અને દુઃખનો નાશ કરવો છે, ધર્મ કરવો કહો કે સુખી થવું કહો, તો એને ધર્મ ક્યાં છે? અથવા સુખી થવું છે તો સુખ છે ક્યાં? આ આત્મદ્રવ્ય જે છે એમાં સુખ છે. સમજાણું કાંઈ? તો આ શુદ્ધ આત્મસ્વરૂપ નિઃસંદેહપણે સમયસારમાં કહેવામાં આવ્યું છે. તને જો આનંદ જોઈએ છે અથવા તને ધર્મ જોઈએ છે તો ધર્મ... આહા..હા..! આત્મા વસ્તુ ધર્મી ચીજ છે. ઝીણી વાત છે થોડી. આ આત્મપદાર્થ વસ્તુ છે. ભગવાન સર્વજ્ઞે જોયેલી આત્મવસ્તુ છે. તો એમાં આનંદ પડ્યો છે, સુખ પડ્યું છે. આત્મામાં આત્માનો ધર્મ સુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દેહ, વાણી તો ભિન્ન છે. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના, તપના વિકલ્પ ઉઠે એ કાંઈ આત્મા નથી, એ તો અણાત્મા છે. આહા..હા..!

જેને ધર્મ કરવો હોય અર્થાત્ જેને સુખી થવું હોય તો એણે શું કરવું? કે આત્મદ્રવ્ય જે વસ્તુ ભગવાન આત્મા વસ્તુ છે, પદાર્થ એમાં આનંદ પડ્યો છે. સમજાણું કાંઈ? સુખ પડ્યું છે સુખ. સુખ અંદરમાં આત્મામાં સુખ છે. બહારમાં ક્યાંય સુખ છે નહિ. એનો અર્થ શું થયો? કે ધર્મ કરનાર જીવને પરમાંથી ધર્મ નથી થતો. શરીર, વાણી મનથી, તેમ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ શુભાશુભભાવ એ તો રાગ છે એમાંથી ધર્મ નથી થતો અથવા એમાંથી સુખ નથી આવતું. આહા..હા..! બહુ સાદી ભાષા અને એકલું તત્ત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં એ જ વાત છે. વાતમાં ફેર છે મોટો. મોટો ફેર. પ્રભુ.. મૃગની દુંટીમાં કસ્તુરી. મૃગ-મૃગ. પણ કસ્તુરીની એને કિંમત નથી. એ કસ્તુરીની ગંધ જાણે બહારથી આવતી હોય એમ શોધે છે. એમ અજ્ઞાની અનાદિથી મિથ્યાદૃષ્ટિ જીવ, એ મિથ્યાદૃષ્ટિપણું જીવસ્વરૂપમાં નથી. ત્રિકાળ તો શુદ્ધ ચૈતન્ય.. કીધુંને અહીંયાં?

**'શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે.'** આહા..હા..! ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પના રાગથી રહિત પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એમાં આનંદ પડ્યો છે, સુખ છે, અતીન્દ્રિય રસ આનંદ છે. તો જેને ધર્મ કરવો હોય તો એ અતીન્દ્રિય આનંદ ઉપર દૃષ્ટિ દેવી પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં છેલ્લું લઈ લીધું છે. અને હવે શબ્દો

પણ એ આવશે. આહા..હા..!

કહે છે કે તારી ચીજ શું છે? વસ્તુ શું છે અંદર તું? વસ્તુ તો શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે અંદર. આહા..હા..! એ આત્મામાં આનંદ છે. કસ્તુરી મૃગની દુંટીમાં કસ્તુરી છે, પણ કસ્તુરીની એને ગંધ જાણે બહારથી આવતી હોય એમ શોધે છે. અંતરમાં જોતો નથી. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. સર્વજ્ઞ પરમાત્માએ જે અનંત આનંદ પ્રગટ કર્યો એ ક્યાંથી કર્યો? એ આત્મપદાર્થમાં અનંત આનંદ પડ્યો છે. આહા..હા..! અરે..! કોઈ દિ' ખબર નથી. એ અતીન્દ્રિય આનંદ આત્માનો ધર્મ છે. ધર્મી એટલે ધર્મનો ધરનાર એ આત્મા અને અતીન્દ્રિય આનંદ અંદર છે એ એનો ધર્મ છે ત્રિકાળી. તો જેણે ધર્મ કરવો હોય તો એ ધર્મી જે આત્મા એમાં જે આનંદ ધર્મ છે એના ઉપર દૃષ્ટિ કરવી પડશે. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ઘણો. કેમકે જે આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ કરવાથી સુખનો સ્વાદ આવે છે. એ વિના અનાદિકાળથી શુભ અને અશુભભાવ જે રાગ છે એ દુઃખરૂપ છે. આહા..હા..! એ કાંઈ ખબર ન મળે દુઃખ અને સુખ કોને કહેવું. એય..! શાંતિભાઈ! આ શુભ-અશુભભાવ થાય છેને? અશુભ નામ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ ભાવ એ અશુભ અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ શુભ, બેય શુભ-અશુભભાવ દુઃખરૂપ છે. કેમકે આત્માના આનંદ સ્વભાવથી વિપરીત છે. આહા..હા..!

**શ્રોતા :-** લોકો તેને ધર્મ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા ધર્મ કહે છે માટે તો પરમાત્મા આ સમજાવે છે. આહા..હા..! ધર્મ તો આત્માનો આનંદ ધર્મ છે અંદર. શાંતિભાઈ! ઝીણી વાત છે, પ્રભુ! અરે એણે અનંતકાળમાં એક સેકન્ડ પણ કર્યો નથી. કર્યો તો નથી, પણ યથાર્થ જ્ઞાન પણ નથી કર્યું. આહા..હા..! મારે શું કરવું છે? કે ધર્મ કરવો છે. તો ધર્મ ક્યાં છે? ધર્મ નામ સ્વભાવ. તો સ્વભાવ ક્યાં છે? આત્મામાં સ્વભાવ (છે). સ્વભાવ. ધર્મી એવો આત્મા એનો સ્વભાવ અનંત આનંદ, અનંત જ્ઞાન અને શાંતિ, અકષાયભાવથી ભરેલી શાંતિ આત્મામાં છે. સમજાણું કાંઈ? તો જ્યાં શાંતિ... શાંતિભાઈ! ક્યાં શાંતિ છે? ધૂળમાં? પૈસામાં હોય. ધૂળમાંય નથી. અહીં તો ત્યાં સુધી પરમાત્મા કહે છે કે તારામાં કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એનો વિકલ્પ ઉઠ્યો એ વિકલ્પ છે, વસ્તુ નથી, એ રાગ છે, એ દુઃખ છે. આહા..હા..! આવી વાતું આકરી પડે જગતને શું થાય? આહા..હા..!

અહીં તો કહ્યું કે શુદ્ધ સ્વરૂપ નિઃસંદેહરૂપ કહ્યું છે. ભગવાનમાં આનંદ પડ્યો છે એ આનંદનો અનુભવ કરવો, અતીન્દ્રિય આનંદનું વેદન કરવું એ શુદ્ધ સ્વરૂપ પ્રભુ આત્મા છે અતીન્દ્રિય આનંદ અંદર. એના ગુણમાં છે પણ પર્યાયમાં એનો સુખનો સ્વાદ લેવો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો એનું નામ ધર્મ છે. આહા..હા..! બાકી તો આત્માના આનંદના સ્વાદ

વિના દયા, દાન, વ્રત, ભક્તિ તો અનંતવાર કર્યા છે. નવમી ગ્રૈવેયક ગયો. આહા..હા..! એ તો લોકોએ વાત સાંભળી નથી. નવમી ગ્રૈવેયક જૈન સાધુ થઈને અનંતવાર ગયો દરેક પ્રાણી. શુક્લલેશ્યા. પણ એ તો રાગ છે. એ શુક્લલેશ્યાને કારણે નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એણે એટલો રાગ કર્યો કે...

એ તો એકવાર કહ્યું હતું કે મનુષ્યભવ જે કર્યા છે, ભગવાને જોયા છે કેવળજ્ઞાનીએ, જે મનુષ્યભવની સંખ્યા અનંત કર્યા. અત્યાર સુધી મનુષ્યભવ અનંત કર્યા. એનાથી અસંખ્યગુણા અનંત તો નરકના ભવ કર્યા છે અત્યાર સુધી. આહા..હા..! શું કહે છે? ભગવાન સરવાળો કરે છે. ચાર ગતિના દુઃખમાં કેટલા ક્યાં ભવ કર્યા? તો પરમાત્મા જિનેન્દ્રદેવે કેવળજ્ઞાનથી જોયું કે દરેક પ્રાણી મનુષ્યભવ અનંત કાળે મળે તોપણ અનંતવાર મનુષ્યપણું મળ્યું છે અને મનુષ્યપણું અનંતવાર મળ્યું અને નીચે સાત નારકી છે. ત્યાં આગળ અસંખ્ય ગુણાઅનંતા ભવ કર્યા. મનુષ્ય કરતા અસંખ્યગુણા અનંતા ભવ કર્યા. આહા..હા..! અરેરે! ક્યાં એને કાંઈ ખબર ન મળે. પોપટભાઈ! તો એણે પાપ કર્યા છે. મનુષ્ય તો અસંખ્યાત છે અને એણે તો અનંતભવ કર્યા. તો મનુષ્ય મરીને નરકમાં જાય છે એવા તો કોઈક જાય છે. બાકી પશુ-ઢોર થઈને (નરકમાં ગયો છે). અનંતવાર પશુ થયો. પંચેન્દ્રિય તિર્યંચ. ગાય, ભેંસ, ઘોડા આદિ અસંખ્ય પડ્યા છે. એટલી સંખ્યા છે કે એમાંથી મરીને નારકીમાં ઘણીવાર ગયો. આ જીવ અનંતવાર ભવ કરતાં-કરતાં. તો મનુષ્યની સંખ્યા કરતા નારકીની સંખ્યા પરમાત્માએ કેવળજ્ઞાનમાં જોયું, દરેક પ્રાણીએ ત્યાં અસંખ્યગુણા, મનુષ્ય કરતાં અસંખ્યગુણા અનંતા ભવ કર્યા. અરેરે! મારે તો બીજું કહેવું છે. અને એનાથી પણ સ્વર્ગમાં અસંખ્યગુણા અનંતા સ્વર્ગના ભવ કર્યા. આહા..હા..! આ તમારા પૈસા-ફૈસા અને ધૂળના ધણીની તો વાત પણ કાંઈ ન મળે અહીં તો.

**શ્રોતા :-** આપણે પૈસાની જરૂર પડે ત્યારે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને પૈસાની જરૂર પડે છે? કોઈને જરૂર પડતી નથી. એય..! આઠ દીકરીમાં ભાઈ એક દીકરી મળી તો ભેગા થયા. વાત કરી? આઠ બ્રહ્મચારી બહેન છેને, એમાં એક નવમાં છે 'સુબોધ' કરીને. એ એનું લખાણ આવ્યું છે. નવ-નવ છે એ. નવ. હિંમતભાઈ કહેવા આવ્યા હતા. નવને એ આપવાનું છે. બહેનનો ફોટો ચાંદીનો.

અહીંયાં કહે છે કે એકવાર સાંભળ તો ખરો, નાથ! તને તારી ખબરું ન મળે, પ્રભુ! આહા..હા..! તેં સ્વર્ગના ભવ દેવના, નારકીના ભવની જે સંખ્યા, મનુષ્યની સંખ્યા કરતા અસંખ્યગુણા અનંત એવા એવા અસંખ્યગુણા અનંતા તો સ્વર્ગના કર્યા. આહા..હા..! એમ ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ પરિભ્રમણના ભવનો .. કરે છે. આહા..હા..! તો પ્રભુ! જ્યારે અસંખ્યગુણા અનંતા મનુષ્ય કરતા નરકના કર્યા તો એનાથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા તો પુણ્ય વિના સ્વર્ગમાં ગયો? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત

પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ જે અત્યારે છે જ નહિ. સમજાણું કાંઈ? એવા પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પુણ્ય એ શુક્લલેશ્યાનો ભાવ પુણ્ય છે. એવા અનંતા ભવ નરકની સંખ્યા કરતા સ્વર્ગની સંખ્યા અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા.

**શ્રોતા** :- અસંખ્યગુણા અનંત?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અસંખ્યગુણા અનંત. એક નરકનો ભવ, અસંખ્ય સ્વર્ગના. એક બીજો નરકનો, અસંખ્ય સ્વર્ગના. એવા અનંતા નરકના એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના. પરમાત્મા ત્રિલોકનાથે... જેમ કોઈ વેપારી હોય અને ચાર દુકાન આમ હોય. ઝવેરાતની, કાપડની, કપાસિયાની અને લોઢાની. એમાં વિશેષ ખોટ ક્યાં ગઈ? કે વિશેષ ખોટ ઝવેરાતમાં જાય છે. સમજાણું કાંઈ? એમ અહીંયાં કહે છે વિશેષ ખોટ ક્યાં ગઈ? આહા..હા..! ચાર ગતિમાં રખડતા-રખડતા દુઃખી અનંતવાર ક્યાં થયો? નરક કરતા સ્વર્ગમાં અસંખ્યગુણા અનંતા ભવ કર્યા. તો એનાથી પણ અનંતગુણા તિર્યંચના કર્યા. આહા..હા..! તિર્યંચના ભવ. લસણ, ડુંગળી, કાંદા, મૂળા અને કાંદા નથી? ધોળા કાંદા. એ એક-એક કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ છે. અરે.. ક્યાં એને. એ સ્વર્ગના ભવ જે કર્યા નરક કરતાં અસંખ્યગુણા અનંતા એથી અનંતગુણા નિગોદના ભવ કર્યા છે. આહા..હા..! એ દુઃખી... દુઃખી... દુઃખી... બિચારો ચાર ગતિમાં દુઃખી છે. એને કહે છે કે જો તારે દુઃખથી મુક્ત થવું હોય તો સુખનો સાગર ભગવાન અંદર બિરાજે છે... આહા..હા..! એ સુખનો સ્વાદ લે. .. કહેશેને જુઓ, અહીંયાં કહેશે કે જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વળી કેવું છે?'** હવે કહે છે. **'आत्मना आत्मनि आत्मानम्'** ભાઈ! આ તો સિદ્ધાંત તો વીતરાગના સિદ્ધાંત છે, ભાઈ! આ કાંઈ વાર્તા-કથા નથી. એક લાવી ચકલો ચોખાનો દાણો અને ચકલી લાવી મગનો દાણો, એની બનાવી ખીચડીને. આવતુંને છોકરામાં? એ કુંભારને ત્યાં ગયા અને કુંભારે ઘડુલો આપ્યો, ઘડુલો આને આપ્યો, એણે ખજૂર આપ્યો. એ બધી કથા ગપેગપ બધી. આહા..હા..! એવી આ વાત નથી. આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્ર દેવ પરમાત્માના શ્રીમુખે નીકળેલી વાણી જિનની છે. કહે છે કે સાંભળ તો ખરો એકવાર. અરે..! તેં સાંભળ્યું નથી કદી. એક મનુષ્યના ભવ કરતા નરક અને નરકના ભવ કરતા સ્વર્ગ અને સ્વર્ગના ભવ કરતા નિગોદના અનંતભવ કર્યા, પ્રભુ! તો સ્વર્ગમાં પુણ્ય વિના જાય છે? પુણ્ય પણ અનંત (વાર કર્યું છે). પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ એટલી વાર કર્યા છે કે નરક કરતા અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા એટલી વાર કર્યા છે. અત્યારે તો એ પરિણામ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એનાથી અનંતગુણા એ કર્યા. કેમ? કે શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ આનંદકંદ પ્રભુ એ આનંદની રુચિ નથી કરી. મારું સુખ મારામાં છે, મારો આનંદ મારામાં છે. મારો આનંદ શરીરમાં નથી, લક્ષ્મીમાં નથી, સ્ત્રી-કુટુંબમાં નથી, પાપના પરિણામમાં નથી અને દયા, દાન, વ્રત, ભક્તિના, તપના પરિણામમાં પણ

સુખ નથી. આહા..હા..! વ્યવહારનો નિષેધ થઈ ગયો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ. સત્-છે, ચિદ્, જ્ઞાન અને આનંદ. અતીન્દ્રિય આનંદ હોં! એ દુનિયામાં ગંધ ન મળે. સ્વર્ગના દેવોને પણ જેની ગંધ ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ? કરોડો અપ્સરાની સાથે ભોગ લે અને હજારો વર્ષ પછી અમૃત ઝરે કંઠમાંથી તોપણ એ દુઃખ છે, એને સુખ છે નહિ. સુખ તો આત્માના આનંદમાં અંતર છે. આહા..હા..! એ આનંદમૂર્તિ ભગવાન એના સુખનો સ્વાદ અંતરમાં જાય તો લે. ત્યારે એમાં પુણ્ય અને પાપના વિકલ્પનો નિષેધ થઈ જાય. આહા..હા..! આવી ચીજ છે.

અરે! સુખનો જેને સ્વાદ આવે ત્યારે એને ધર્મ કહેવાય. અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન એના ઉપર દૃષ્ટિ દેતાં એનો આદર કરતાં, એનો આશ્રય લેતા, એને ઉપાદેય માનતા... આહા..હા..! ત્યારે એની પર્યાયમાં, દ્રવ્ય અને ગુણમાં તો સુખ પડ્યું છે, પણ એનો આદર કરતાં પર્યાયમાં સુખની વ્યક્તતા પ્રગટ થાય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે કે જે સ્વાદ સ્વર્ગના દેવોને પણ નથી. સમકિતીને છે એ જુદી વાત. સમજાય છે કાંઈ? આહા..હા..! શ્રીમદ્‌માં એક વાક્ય છે એવું કે સુખ અંતરમાં છે, બહારમાં નથી. હવે એનો અર્થ શું પણ? એનો અર્થ શું? કે અતીન્દ્રિય આનંદ સુખ તો પ્રભુ આત્મામાં અંદર ધ્રુવ પડ્યું છે ચૈતન્ય. એ બાહ્યમાં નથી. એટલે કે શરીર, વાણી, લક્ષ્મીમાં તો નથી, પણ પુણ્ય અને પાપના શુભ અને અશુભભાવમાં પણ સુખ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ... અંતરમાંથી આવે છે, બહારથી નથી આવતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી આવતું. બોલે, પણ પાછા સમજે નહિ કાંઈ. વાતું તો કરે..

આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્ર દેવનો પોકાર છે જગતની પાસે કે ભાઈ! તારો આનંદ તો તારી પાસે પડ્યો છે. આહા..હા..! જ્યાં આનંદ છે ત્યાં જાને. આહા..હા..! એટલે કે જ્યાં આનંદ છે ત્યાં આશ્રય લેને. એટલે કે જ્યાં શુદ્ધ સ્વરૂપનો આનંદનો નાથ ભગવાન આત્મા એને શરણે જાને. આહા..હા..! આવી વાત છે. બહુ આકરું. અત્યારે ચાલતું જ નથી. અત્યારે તો બધા ગોટેગોટા ઊંધા માર્ગ. આહા..હા..! આ તો વીતરાગના પરમાત્માના કહેલા કથનો. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે જુઓ, '**आत्मना आत्मनि आत्मानम् अनवरतनिमग्नं धारयत्**' શું કહે છે? '**आत्मना**' '**જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે...**' આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એ શુદ્ધ ચૈતન્ય વડે. એ કરણ છે કરણ. કારણ. શુદ્ધ ચૈતન્ય વડે અથવા શુદ્ધ આનંદ વડે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંત છે, બાપુ! આ તો ત્રણલોકના નાથના કથનો છે. એ કાંઈ કથા થોડે શબ્દે... આમાં થોડામાં તો મોટું ગંભીર પડ્યું છે. આહા..હા..! અરે! એને સાંભળવા મળે નહિ એ ક્યારે કરે અને ક્યારે વિચારે? આહા..હા..! કહે છે કે '**आत्मना**'

પહેલો શબ્દ છે **'आत्मना'** **'જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે...'** દયા, દાનના વિકલ્પ વડે નહિ, એ તો આત્મા નથી. આહા..હા..! સમજાય છેને? ભાષા તો સાદી છે. તમારે ત્યાં રૂપિયામાં કાંઈ આવે એવું નથી ત્યાં. આ બધા ધૂળના લઈને બેઠા જુઓને પૈસાવાળા. આહા..હા..!

**શ્રોતા :-** એ હમણા નહિ પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શરણ તો આત્માનું લેશે ત્યારે કલ્યાણ થશે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમાં સુખ છે? પરમાં? પોતાનું સુખ પરમાં છે? શરણમાં અહીં જાવું પડશે. શેઠ! આહા..હા..! અંતરમાં ધ્રુવ-ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, જેની વર્તમાન દશામાં ભલે પુણ્ય-પાપ હોય, પણ જેની ચીજમાં, જેની વસ્તુમાં તો પુણ્ય-પાપનો ત્રિકાળ અભાવ છે અને આનંદ અને જ્ઞાનનો ત્રિકાળ સદ્ભાવ છે. આહા..હા..! અરેરે! આવા તત્ત્વોની પણ ખબર ન મળે. અને એને ધર્મ કર્યો અને માને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'आत्मना'** **'જ્ઞાનમાત્ર...'** અથવા આનંદમાત્ર શુદ્ધ જીવ. અહીં જ્ઞાનપ્રધાનથી કથન છે. આત્મા આનંદસ્વરૂપ છે સુખ. અતીન્દ્રિય હોં આનંદ. આ ધૂળમાં આનંદ આ ઇન્દ્રિયના એ તો ઝેરના આનંદ છે. સ્ત્રીના ભોગ અને પૈસા મળ્યા એમાં સુખની કલ્પના ઝેર કાળા નાગનું ઝેર છે એ તો. આહા..હા..! આ તો અંતરમાં આનંદસ્વરૂપ પ્રભુ અનાદિ શુદ્ધ ચૈતન્ય કંદ આનંદકંદ પડ્યો છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? એ **'શુદ્ધ જ્ઞાન વડે...'** એ કરણ કર્યું. વડે. એ વ્યવહાર વડે નહિ. આવી વાતું છે, ભાઈ! આ તમારા દાન-ફાનના પૈસા દ્વારા નહિ એમ કહે છે. દાનવીર મોટી પદવી આપી છે એને. કાલે તો વળી જૈનરત્ન આવ્યું તમાર નામનું. કેવા કહેવાય એ? ખંડવાવાળાએ. બેય ભાઈને જૈનરત્ન પરમ આદરણીય. લોકોને પ્રેમ છે એ તો. કાલે ખંડવાનો પત્ર આવ્યો હતોને. એમ કે મહારાજની જયંતિ મધ્ય પ્રદેશમાં કરાવો. તમે મોટા શેઠિયાઓ છો. એને ... અહીં ક્યાં બહાર નીકળવું. અહીં શરીરની સ્થિતિ હવે... શરીરની સ્થિતિ અંદર દેખાવડો ... પણ થઈ ગયા ૮૮ વર્ષ અને અંદર ખોરાક કાંઈ ન મળે. ચાર ફુલકા. ઘઉંના ચાર ફુલકા. અને ઉપર ઘી ચોપડેલું નહિ. પકવાનની ગંધ નહિ, સાકર નહિ, ગોળ નહિ, પકવાન નહિ, કાંઈ નહિ. ખોરાક બહુ સાદો બાળકની જેવો છે. ચાર ફુલકા હોં પાતળી રોટલી અને એના ઉપર ચોપડેલું .... એ બહારનો ખોરાક, અંદરનો ખોરાક બીજો છે. આહા..હા..! બહુ સરસ વાત! આહા..હા..!

આ તો ભાઈ ઓલા કર્તાકર્મ ઉતાર્યું. કરણ. છ બોલ છેને? કર્તા, કરણ, કર્મ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ ચોથી ચોપડીમાં આવતું. ગુજરાતી ચોથી ચોપડી અમારે જ્યારે (આવતી ત્યારે). પોણો સો વર્ષ પહેલાંની વાત છે. છ કારકો આવતા. એ વ્યાકરણના નિયમ છે. એ છ કારક અહીં આત્મામાં ઉતાર્યા છે. આહા..હા..! એ આત્મા કર્તા પોતાના ગુણનો અને શુદ્ધના ગુણ દ્વારા આત્મા કરણ છે. આત્માનો આનંદ સ્વભાવ એ આનંદની પર્યાય દ્વારા આનંદ પ્રગટ થાય છે. આહા..હા..!

'आत्मना' 'आत्मना' કોને કહીએ? કે જે જ્ઞાનમાત્ર, આનંદમાત્ર વસ્તુ એની 'आत्मना' એ આનંદ અને જ્ઞાન વડે એ કરણ, એ કારણ છે. આનંદ વડે અંદરમાં લીન થવું એ કારણ છે. વ્યવહાર દ્વારા આનંદમાં લીન થશે એ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. આહા..હા..! આવી વાતું ક્યાંય કાને પડે નહિ બિચારાને. શું કરે? અરે! એમને એમ જિંદગી ચાલી જાય છે. ભગવાન પરમાત્માનો પોકાર છે. દિવ્યધ્વનિમાં પરમાત્માએ કહ્યું હતું ત્યાં એ અહીંયાં આવ્યું છે. આહા..હા..! ભાઈ! સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છેને, બિરાજે છે પ્રભુ મહાવિદેહમાં. સમવસરણમાં ઈન્દ્રો આવે છે. એકભવતારી ઈન્દ્રો સાંભળવા આવે છે ત્યાં. અત્યારે બિરાજે છે. મોટું આયુષ્ય છે કરોડ પૂર્વનું આયુષ્ય. હજી આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકર જ્યારે અહીં થશે ત્યારે મોક્ષ જશે પરમાત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! એની આ વાણી લઈને કુંદકુંદાચાર્ય આવ્યા અહીંયાં. સમજાણું કાંઈ?

તો કહે છે **'आत्मनि आत्मना' 'જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ...'** માત્ર કેમ કહ્યું? કે પવિત્રતાની પરિણતિ વડે. રાગ વડે આત્માનો અનુભવ નથી થતો. આહા..હા..! એ ક્રિયાકાંડનો જે શુભભાવ છે એનાથી આત્માનો અનુભવ થતો નથી. આહા..હા..! કેમકે એ ક્રિયા જે છે એ રાગ છે અને ભગવાનનો સ્વભાવ તો વીતરાગ આત્મા છે. આહા..હા..! એ **'आत्मना' 'શુદ્ધ જીવ વડે...'** શુદ્ધ વસ્તુ જે છે પવિત્ર આનંદઘન ત્રિકાળી ચીજ એનો આશ્રય લીધો તો એના આશ્રયે શુદ્ધતા જે પ્રગટ થઈ એ દ્વારા. આહા..હા..! આવો માર્ગ પ્રભુ સિવાય ક્યાંય છે નહિ. જિનેન્દ્ર સિવાય ક્યાંય માર્ગ છે નહિ. ભલે વેદાંતે વાત કરી હોય કે આત્મા આવો છે... આત્મા આવો છે... સમજાણું કાંઈ? એ ક્યાંય છે નહિ. આ પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એણે જે આત્માની કથની કરી એ સિવાય બીજે ક્યાંય કથની છે જ નહિ. સમજાણું કાંઈ?

**'आत्मना'** આત્મ એટલે જ્ઞાનમાત્ર અથવા શુદ્ધ સ્વભાવમાત્ર. શુદ્ધ સ્વભાવ આનંદસ્વભાવ એ શુદ્ધ જીવ વડે. આહા..હા..! અંતરમાં આનંદ પ્રભુ ભગવાન, એના આનંદના અંકુરા ફૂટે છે સમ્યગ્દર્શનમાં. આહા..! તો એ વડે. આહા..હા..! **'आत्मना'** છેને? એ કરણ છે કરણ. કરણ નામ કારણ. આત્માના પવિત્ર દ્વારા. આહા..હા..! આત્માના આનંદની ધારા દ્વારા. આહા..હા..! પછી? **'आत्मनि' 'શુદ્ધ જીવમાં...'** પોતાની શુદ્ધ પરિણતિ આનંદધારા દ્વારા પોતામાં. એ અધિકરણ થયો આધાર. આહા..હા..! ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના રાગથી રહિત પ્રભુ શુદ્ધ જે આનંદઘન પ્રભુ આત્મા એની શુદ્ધ પરિણતિ દ્વારા આત્મામાં–અંદરમાં. આહા..હા..!

**'શુદ્ધ જીવને...'** એ કાર્ય-કર્મ થયું. શુદ્ધ જીવને આનંદની પર્યાયને. આહા..હા..! આનંદની પર્યાયમાં **'अनवरत-निमग्नं धारयत्' 'નિરંતર અનુભવગોચર કરતો થકો.'** આહા..હા..! ગજબ વાત છે. શું કહે છે? જેને ધર્મ કરવો હોય... સમજાણું કાંઈ? તો કેમ થાય છે?

આહા..હા..! કે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ આત્મા એની પરિણતિમાં શુદ્ધતા પ્રગટ કરીને, શુદ્ધ પરિણતિ વડે. શુદ્ધતામાં, અંતરમાં શુદ્ધનું કર્મ કરવું, શુદ્ધનું કાર્ય કરવું એમાં લીન થવું એ એનું કાર્ય છે. આવી વાત. કહો, શાંતિભાઈ! સાંભળ્યું નથી. આ બધા વર્ષ ગયા પાણીમાં. નહિ? તમે કીધું હતું. ત્યાં તો બધા ભાષણ કરે. શાંતિલાલ વનમાળી શેઠ જેતપુરમાં હમણા ભાષણ ત્યાં કર્યું કલકત્તા, દિલ્હી. ગપ્પા મારે. આહા..હા..! હવે તો આવ્યા છેને મૂકીને આવ્યા છે. બાપુ! મારગડા જુદાં, નાથ! શું કહીએ? ક્યાં કહીએ? કોને કહીએ આ? આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે, પ્રભુ! તારી ચીજમાં તો આનંદ છેને. તું આનંદના નાથને સંભાળીને પવિત્રતા પ્રગટ કરી એ પવિત્રતા વડે પવિત્ર ભગવાનને પવિત્રરૂપી કાર્યમાં લીન થવું. આહા..હા..! એમાં ત્રણ શબ્દમાં એવો અર્થ છે. ઘરે નહિ સમજાય તમને સાગરમાં. શબ્દ આવ્યો? ક્યાં છે? ક્યાં છે પણ? હાથ આવ્યો કે નહિ? ત્રણ શબ્દ કહ્યા ત્રણ. '**आत्मना आत्मनि आत्मानम्**' આહા..હા..! ગંભીર શબ્દ છે, ગંભીર. વીતરાગની વાણી તો થોડા શબ્દમાં ઘણું કહે છે. આહા..હા..! કેમકે આત્મામાં આનંદ સુખ છે, બહારમાં નથી. એ શરીર, વાણી, મનમાં તો નથી પણ દયા, દાન, વ્રતના પરિણામ છે એમાં સુખ નથી. આહા..હા..! કેમકે એ તો શુભરાગ છે. મીઠાલાલજી! આહા..હા..! મીઠાશ તો તારા આનંદમાં પડી છે અંદર. આહા..હા..!

અહીંયાં ધર્મી જીવ પોતાના શુદ્ધ આનંદની પરિણતિ દ્વારા. પરિણતિ એટલે પર્યાય. એ વડે શુદ્ધ જીવમાં, શુદ્ધ આત્મના કાર્ય. શુદ્ધરૂપી કાર્યમાં લીન થાય છે. એ એનું કાર્ય છે. આ તમારા લાદી-ફાદીના કાર્ય આત્માના નથી એમ કહે છે. એ તો નથી, પણ રાગ થાય એ પણ આત્માનું કાર્ય નથી. આહા..હા..! આવું છે. અરે..! ક્યાં સાંભળે વીતરાગના માર્ગ. પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ જેની વાણી 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' જેની ધ્વનિમાં ગણધર સંતો બેઠા હોય છે. તેની વાણી રચના કરે. આહા..હા..! 'રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' ભવ્ય જીવ લાયક હોય તે સંશય ટાળે. 'રાગ હું છું અને પુણ્ય હું છું' એ સંશય મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું લૂખીલહ જેવી લાગે. હજી પકડાવી કઠણ પડે. કરે તો કે દિ'? એય..! શાંતિભાઈ! આહા..હા..!

'**શુદ્ધ જીવમાં શુદ્ધ જીવને નિરંતર...**' આહા..હા..! જેમ અનાદિથી પુણ્ય અને પાપના રાગનું નિરંતર વેદન કર્યું હતું, પ્રભુ! આહા..હા..! દુઃખમાં તારું વેદન હતું. દુઃખી-દુઃખી પામર હતો. આહા..હા..! હવે અહીંયાં પ્રભુતાની દૃષ્ટિ કરી તેં તો નિરંતર પ્રભુતાનું વેદન થવું જોઈએ તને. આહા..હા..! આવી વાત છે. હજી પકડાવું કઠણ, બાપા! એ કે દિ' સમજે અને કે દિ' સમ્યગ્દર્શન કરે? આહા..હા..! એ જિંદગી ચાલી જાય છે. એ મરણની સમીપે જાય

છે. જે જે દિવસ જાય છે તે મરણની સમીપ જાય છે. કારણ કે જે મુદત છે મરણની એ ફરે એવી નથી. ભગવાને જોયું છે કે આ કાળે આ સમયે આ દેહ છૂટશે. એની આ સમીપ જાય છે. જે દિવસ જાય છે એ બધા મરણની સમીપ જાય છે. આહા..હા..! તો કહે છે કે આત્માના સમીપમાં એકવાર તો જા. આહા..હા..! શુદ્ધ ચિદાનંદઘન પ્રભુ આત્મા એના આત્માની પવિત્ર ધર્મ પરિણતિ દ્વારા પવિત્ર શુદ્ધ જીવમાં, પવિત્રરૂપી કાર્યમાં મગ્ન થા તો નિરંતર અનુભવ આનંદનો સ્વાદ તને આવશે. આહા..હા..! નિરંતર અનુભવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. આ એનું નામ ધર્મ છે. આહા..હા..! રાડ નાખે લોકો બિચારા. કહે છે .. ખબર નથી. આહા..હા..!

'**નિરંતર અનુભવગોચર કરતું થકું.**' શું કહે છે? કે શુદ્ધ સ્વરૂપ જે ધ્રુવ છે એની શુદ્ધતા પ્રગટ કરીને, શુદ્ધની પરિણતિ દ્વારા અનુભવ કરતો થકો, નિરંતર અનુભવ કરતો થકો.. આહા..હા..! સમ્યગ્દર્શન થયું તો નિરંતર એનો અનુભવ નિરંતર આત્માનો રહે છે. આહા..હા..! રાગ થાય છે પણ એનું વેદન નથી. એને દૂર કરીને પોતાના આનંદનું વેદન કરે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! એક બાઈ હતી ડોશી વૃદ્ધ. એની સોઈ ખોવાણી સોઈ અંધારે, તો ગોતવા લાગી તો મળી નહિ અંધારે. અંજવાળે ગોતવા લાગી. તો એમાં એક છોકરો નીકળ્યો, મા! શું કરો છો? હું સોઈ ગોતું છું. ક્યાં ખોવાણી છે? અંધારામાં. ત્યાં તો દેખાતી નથી, અહીં ગોતું. પણ ત્યાં ક્યાં સોઈ છે? જ્યાં છે ત્યાં ગોતને. આહા..હા..!

એમ આત્મા જ્યાં છે ત્યાં શોધને. એ પુણ્ય અને પાપમાં આત્મા ક્યાં છે. એય..! શાંતિભાઈ! ભગવાન! એ તો અંધારું છે, ભાઈ! તને ખબર નથી, બાપુ! શુભભાવ જે દયા, દાન, વ્રત, તપનો ભાવ એ અંધારું છે, એ અજ્ઞાન છે, એમાં જ્ઞાનની ગંધ નથી. આહા..હા..! સાંભળવું કઠણ પડે. શું કરે? વીતરાગનું સત્ જ એવું છે. આહા..હા..! પ્રભુ! તું એકવાર એવું કરને કહે છે. તારી સ્વતંત્ર દશા પડી છેને. સ્વતંત્ર શક્તિ પડી છે. તો સ્વતંત્ર શક્તિ દ્વારા શુદ્ધ આનંદની ધારા દ્વારા આનંદમાં લીન થા. આહા..હા..! એ તારું કાર્ય છે. ભાષા બહુ સાદી છે. સમજાય છે કે નહિ? નાનાભાઈને કહું છું. ત્યાં બધા ચોપડા ફેરવ્યા હોય એમાં આ વાત પણ આવતી ન હોય એનું શું કરવું? ભાષા તો સાદી છે. આહા..હા..!

ભાઈ! તારી ચીજ શું છે એની તેં સંભાળ કરી નથી અને તારી ચીજ નથી એની સંભાળ કરી. રાગની સંભાળ કરી, પુણ્ય અને પાપની સંભાળ કરી, તારી ચીજ છે એની સંભાળ ન કરી કદી તેં. આહા..હા..! કહો, વસંતીલાલજી! આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. ક્યાંય પરમાત્મા સિવાય એ માર્ગ બીજે ક્યાંય છે નહિ. અત્યારે તો વાડામાં પણ નથી, વાડા બાંધીને બેઠા પોતાનો પંથ કરવાને. આહા..હા..!

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, પ્રભુ! એકવાર સાંભળને તું. ભગવાન તરીકે બોલાવે છે. આચાર્ય જીવને ભગવાન તરીકે બોલાવે છે ૭૨ ગાથામાં.

ભગવાન આત્મા. આહા..હા..! એ શુભ અને અશુભભાવ તો અશુચિ છે, પ્રભુ! અને તું તો પવિત્રતાનો પિંડ છે. શુભ-અશુભભાવ તો જડ છે, તું વિજ્ઞાનઘન છો, શુભ-અશુભભાવ દુઃખ છે, તું આનંદકંદ છો. આહા..હા..! એવું ભેદજ્ઞાન ૭૨ ગાથામાં કર્યું છે. આહા..હા..!

કહે છે... આ ત્રણ શબ્દમાં તો ઘણું ભર્યું છે. આહા..હા..! **'आत्मनि आत्मानम्'** આત્માનો **'आत्मना'** કોને કહીએ? જે શુદ્ધ વસ્તુ છે આત્માની એનો આશ્રય લઈને જે શુદ્ધ ધારા પ્રગટ થઈ વ્યવહારથી રહિત તેને **'आत्मना'** કહેવામાં આવે છે. **'आत्मना'** એ શુદ્ધ આત્મામાં અંદરમાં. આહા..હા..! **'आत्मानम्'** શુદ્ધ જીવને, આનંદ સ્વરૂપ ભગવાનને **'નિરંતર અનુભવગોચર કરતું થકું.'** આહા..હા..! જેમ અનાદિથી પુણ્ય અને પાપનું નિરંતર વેદન દુઃખનું કરતો હતો, હવે ભગવાનનો ભેટો થયો અંદર. આહા..હા..! ચૈતન્યમૂર્તિ ભગવાન ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે આત્મા. આહા..હા..! એના જ્યાં અંતર ભેટા થયા સમ્યગ્દર્શનમાં.. સમજાણું કાંઈ? તો નિરંતર... આહા..હા..! અનુભવ કરતો થકો.

હવે **'કેવો છે આત્મા?'** કેવો છે? **'अविचलितचिदात्मनि'** **'સર્વ કાળ એકરૂપ જે ચેતના તે જ છે સ્વરૂપ જેનું,...'** આહા..હા..! ચેતન એવો આત્મા એની ચેતના. જાણવું-દેખવું એ ચેતના એનો ત્રિકાળી સ્વભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિત્ય છે, અવિનાશી છે, અનાદિ છે, અનંત છે. તો એ નિત્ય વસ્તુ જે છે એ અવિચલિત છે. આહા..હા..! પોતાના સ્વરૂપથી કદી ચલિત થઈ નથી. આહા..હા..! સર્વ કાળ એકરૂપ એ તો રહી છે, એકરૂપ રહી છે. ભલે પર્યાયમાં રાગ થયો, દ્વેષ થયો, નિગોદમાં ગયો, નરકમાં ગયો, પણ વસ્તુ તો ત્રિકાળી આનંદકંદ એકરૂપ પડી છે અંદર. આહા..હા..!

દૃષ્ટાંત આપ્યું હતુંને, પાણી-પાણીની ઉપરમાં તેલ હોય તેલ તો ઉપર-ઉપર તરે છે, એ પાણીની અંદરમાં નથી જતું. શું કહ્યું? પાણીનો પિંડ હોયને પાણી એમાં તેલ નાખો તો ઉપર-ઉપર રહે છે, અંદર પ્રવેશ નથી કરતું; એમ ભગવાન આત્મા આનંદકંદ જળસમાન પૂર્ણાનંદ પ્રભુ એમાં પુણ્ય અને પાપના વિકલ્પરૂપી તેલ અંદર પ્રવેશ નથી કરી શકતાં. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળ અવિચલીત અંદર પ્રભુ આત્મા બિરાજે છે. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ નિત્ય અવિનાશી વસ્તુ કોઈએ કરેલી નથી, એનો કોઈ કર્તા નથી, અવિનાશી ચીજ એ છે. આહા..હા..!

શ્રીમદ્‌માં આવે છેને 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય.' દ્રવ્યે વસ્તુ તો નિત્ય છે, પર્યાય બદલી અવસ્થા બદલાય છે, તો એમાં અવસ્થા અનાદિની વિકારની બદલતી રહી અને રખડી રહ્યો છે. હવે અહીંયાં રખડવું હોય અને પરિભ્રમણ છોડવું હોય અને ધર્મ કરવો હોય... આહા..હા..! તો જ્યાં આનંદરૂપી ધર્મ પડ્યો છે આત્મામાં ત્યાં પહોંચ, ત્યાં વળગ, ત્યાં રહે, એમાં એકાગ્ર થા. આહા..હા..! તો એનાથી એ વસ્તુ અવિચલિત છે, કદી ચળી નથી. એ વસ્તુ કદી પરમાં તો આવી નથી, પણ એની પર્યાયમાં આવી નથી. આ

શું? પર્યાય કોને કહેવી અને દ્રવ્ય કોને કહેવું? જૈનદર્શનના આ તો એકડા છે હજી. આહા..હા..!

પલટતી અવસ્થાને પર્યાય કહીએ અને કાયમ રહેનારને ધ્રુવ કહીએ. સમજાણું કાંઈ? પાણીનું દળ છે એ કાયમ રહેનાર એને ધ્રુવ કહીએ અને એમાં તરંગ ઉઠે, પાણીમાં તરંગ ઉઠે એને પર્યાય કહીએ. આહા..હા..! એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદનો કંદ પ્રભુ એ નિત્ય છે અને પલટતી અવસ્થા છે એ વિકારી અનાદિથી છે. એ હવે અવિકારી દશા પ્રગટ કરીને નિરંતર અનુભવ કર. આહા..હા..!

**'अविचलित' 'સર્વ કાળ એકરૂપ જે ચેતના...'** ચેતના... ચેતના... ચેતના... આહા..હા..! જાણન-દેખન ચેતના ત્રિકાળી ભગવાનમાં પડી છે. અરે..! એ શું હશે ચેતના અને ચેતન? બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! એને સમજવા માટે પણ પાત્રતા જોઈએ. સમજાણું કાંઈ? પ્રગટ કરવા માટે તો અલૌકિકતા છે. આહા..હા..! અરે! ભાઈ! તેં એટલા દુઃખ વેઠ્યા છે, ભાઈ! તને ખબર નથી. તારા દુઃખ દેખીને તારી માતા, તું ૨૦ વર્ષનો મરી ગયો એવી અનંતવાર તારી માતા રોતી. એના બિંદુઓના દરિયા ભરાય એટલી વાર તું મરી ગયો અને તારી મા રોઈ છે. આહા..! ભાઈ! તું ભૂલી ગયો. જન્મ થયો ત્યાં ઉંઆ... ઉંઆ... ઉંઆ... એ ત્યાં અને હું અહીં, થઈ રહ્યું હવે મારે કાંઈ ન મળે. આહા..! પ્રભુ! તું અંદર ભગવાન છો. ઉંઆ... ઉંઆ.. કરેને જન્મે એટલે? એને ક્યાં ખબર ઉંઆની પણ. આહા..હા..!

અહીં કહે છે **'अविचलित' 'સર્વ કાળ એકરૂપ...'** કોણ? **'चित्' 'चित्'** જ્ઞાન. ચેતના જ્ઞાનસ્વભાવ જેમ ગોળનો ગળપણ સ્વભાવ કાયમ, અફીણનો કડવાશ સ્વભાવ કાયમ એમ ભગવાન આત્માનો ચેતના સ્વભાવ કાયમ. અગ્નિનો ઉષ્ણ સ્વભાવ કાયમ, એમ ભગવાન આત્માનો ચેતના જાણવું-દેખવું એ કાયમ સ્વભાવ છે. આહા..હા..! હસમુખભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..!

ભાઈ! તારું ઘર મોટું છે. તને ખબર નથી. તારા ઘરમાં તો અનંત રત્નો પડ્યા છે. ચેતન, દર્શન, જ્ઞાન, આનંદ આદિ પ્રભુત્વ એવા અનંત રત્નોથી ભરેલો તારો ભગવાન છે અંદર. અરે! તને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ અનંતગુણની રત્નમાળાથી ભરેલો પ્રભુ છે અંદર. જે પરમાત્માને, અરિહંતને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત આનંદ પ્રગટે છે એ ક્યાંથી આવ્યો? બહારથી આવે છે? અંદરમાં છે. લીંડીપીપરનો દાખલો આપ્યો હતોને. અંદરમાં છે એ બહાર આવે છે, ભાઈ! કૂવામાં હોય એ અવેડામાં આવે. અવેડાને હિન્દીમાં શું કહે છે? હોજ. પાણી હોયને પાણી? કૂવામાં હોય તો હોજમાં આવે, એમ ભગવાન આત્મામાં છે ઈ પર્યાયમાં આવે. આહા..હા..!

**'તે જ છે સ્વરૂપ જેનું,...' 'ચેતના તે જ છે સ્વરૂપ જેનું....'** ભગવાન આત્માનું સ્વરૂપ તો ચેતના આનંદ, પ્રભુતા, ઈશ્વરતા, શાંતિ એ એનું સ્વરૂપ ત્રિકાળ છે. સમજાણું

કાંઈ? શું કહે છે આ? અમે તો વ્યવહાર કરીએ છીએ એમાં તો કાંઈ નામ પણ આવ્યું નહિ કે એનાથી કાંઈ થાશે.

**શ્રોતા :–** અનાદિથી પુણ્ય-પાપમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કહેશે હમણા પછી એક કળશમાં. ૨૭૭માં કહેશે. ભાઈ! તું અનાદિથી એ પુણ્ય અને પાપના રાગની ક્રિયામાં વેદનમાં ચાલ્યો ગયો. તારા સ્વભાવને અને તને અંતર પડી ગયું, ભાઈ! એ કહેશે ૨૭૭માં. આહા..હા..! અંતરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામરૂપી ક્રિયા રાગની એનો કર્તા થઈને પ્રભુ તારા સ્વરૂપમાં અંતર પડી ગયું. આહા..હા..! તેં તારા સ્વરૂપમાં વિઘ્ન નાખ્યું, નાથ! આહા..હા..! આ છેને આવશે હજી. એ તો બહુ ઝીણું છે. આ તો છેલ્લા શ્લોકો છેને. ૨૭૭-૨૭૮ પૂરું થઈ જાય છે સમયસાર. આહા..હા..!

**'સ્વરૂપ જેનું, એવો છે.'** આહા..હા..! **'નાટક સમયસારમાં અમૃતચંદ્રસૂરિએ...'** એક હજાર વર્ષ પહેલાં દિગંબર સંત થયા અમૃતચંદ્રાચાર્ય. જંગલમાં રહેતા હતા આત્મધ્યાનિ આનંદના સ્વાદમાં. અતીન્દ્રિય આનંદના સ્વાદિયા. આહા..હા..! અહીંયાં પણ સ્વાદ આવે છે એ સ્ત્રીના શરીરનો કે મેસુબનો કે રસગુલ્લાનો કે દાળ-ભાત-શાકનો સ્વાદ જીવને આવતો નથી, એ તો જડ છે, માટી છે, આ તો અરૂપી ભગવાન છે; પણ એ તરફ લક્ષ કરીને 'ઠીક છે' એવો રાગ કરીને રાગનો સ્વાદ આવે છે એને. શું કીધું? આ પૈસાનો સ્વાદ નથી તમને એમ કહે છે. ફક્ત પૈસા બે કરોડ છે, પાંચ-દસ લાખની પેદાશ છે એવો જે રાગ છે એ રાગનો સ્વાદ છે મૂઢને, એમ કહે છે. આહા..હા..!

શરીર આ તો માટી છે. આ તો હાડકા. સ્ત્રીનું શરીર હાડકા-માંસ છે. આનો અનુભવ કરી શકે આત્મા? આ તો જડ છે, આ માટી હાડકા-માંસ-ચામડા, પણ એના ઉપર લક્ષ કરીને ક્રિયા જે રમતની ચાલતી ભોગની એમાં રાગ ઉત્પન્ન કરે છે એ રાગનો સ્વાદ છે એને, ઝેરનો સ્વાદ છે એને. આહા..હા..! અને વીંછીનો કરડ હોય એનું એને વેદન નથી. વીંછીનો કરડ તો પરમાણુ, માટી, જડ, ધૂળ છે એ તો. ધૂળનું એને દુઃખ નથી. 'એ ઠીક નથી' એવો દ્વેષ ઉત્પન્ન કરીને દ્વેષના દુઃખને વેદે છે. એનો દ્વેષનો સ્વાદ છે એને. આહા..હા..! આ ભોગમાં રાગનો સ્વાદ છે અને આને દ્વેષનો સ્વાદ છે, બાકી દુઃખનો સ્વાદ છે બેયને. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે **'નાટક સમયસારમાં અમૃતચંદ્રસૂરિએ કહેલો જે સાધ્ય-સાધક ભાવ તે સંપૂર્ણ થયો.'** આહા..હા..! સાધ્ય જે પરમાત્મ સિદ્ધદશા. સિદ્ધ દશા એ સાધ્ય અને આત્માનો અનુભવ કરવો એ સાધક. ધ્યેય આત્મા અને ધ્યેય બનાવીને પરિણતિ શુદ્ધ વીતરાગી દશા આત્માના આનંદની સ્વાદદશા એ સાધક અને પૂર્ણ સિદ્ધપણું ભગવાન એ સાધ્ય. એ સાધકનું ફળ થઈને સિદ્ધ થશે એને સાધ્ય કહેવામાં આવે છે. એ સાધ્યમાં આવી ગયો

પૂરો. અહીં નથી? અસાધ્ય થઈ જાય છેને અસાધ્ય? આમ તો અસાધ્ય અનાદિથી અજ્ઞાની છે. સ્વરૂપની સાધ્ય છે જ નહિ. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવમાં પોતાના સ્વરૂપમાં સાધ્યથી અજાણ છે એ. સાધ્યથી અસાધ્ય થઈ ગયેલો છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. ભાઈ! માર્ગ તો એવો છે, બાપુ! દુનિયા ભલે બીજી રીતે કહે, એ ઊંધે રસ્તે જાય છે, ચાર ગતિના રખડવાના રસ્તે. આહા..હા..!

અહીં કહે છે એ '**સાધ્ય-સાધક ભાવ તે સંપૂર્ણ થયો.**' આવ્યુંને? '**નાટક સમયસાર શાસ્ત્ર પૂર્ણ થયું.**' આ શાસ્ત્રને નાટક નામ આપ્યું છે. અનાદિથી નાટકપણે રાગ અને પુણ્ય-પાપપણે નાચતો હતો એને છોડાવી આનંદમાં નાચવું એ નાટક સમયસાર છે. આહા..હા..! 'ન ટકે તે નાટક' કહ્યું હતુંને ઘણા વર્ષ પહેલાં. ૬૯ની સાલ હતી. ૭૦માં દીક્ષા. ૬૯ની સાલમાં અમે ગારિયાધાર હતા. અમારા બહેન ત્યાં હતા ગારિયાધાર. ત્યાં એક વહીવટદાર હતા મોટા. એનો દીકરો મોટો નાટક પાડતો હતો. મોરબીનો. નામ ભૂલી ગયા. આ તો ૬૯ સાલની વાત છે. ૬૫ વર્ષ પહેલાંની. એ પછી ત્યાં વહીવટદારે કહ્યું અમારે ત્યાં આવો. એને ખબર છે કે આ દીક્ષા લેવાના છે. એ બેઠા હતા. ઈ કહે નાટક અમારો દીકરો પાડે છે. કીધું નાટકનો અર્થ શું? ન ટકે તે નાટક. રાગ-દ્વેષ એ બધું નાટક છે. એ ન ટકે એ ચીજ આત્માની નથી.

અરે! અહીંયાં તો પરમાત્મા એમ કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયની છે, ટકતી નથી. આહા..હા..! બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. એ પર્યાય કેવળજ્ઞાન હોં પરમાત્મદશા. દ્રવ્ય-ગુણ ત્રિકાળ, પણ પર્યાય તો એક સમય જ રહે છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. એવી પણ એ નહિ, એવી પણ એ નહિ. એવી એક સમયની પર્યાય કેવળજ્ઞાન એ પણ નાશવાન છે. આહા..હા..! ભગવાન નિત્યાનંદ પ્રભુ આત્મા એ અવિનાશી ધ્રુવ છે. આહા..હા..! એની દૃષ્ટિ કરો, એનો અનુભવ કરો તો સંસારથી છૂટકારો મળશે અને સિદ્ધપદ પ્રાપ્ત થશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૮, બુધવાર, તા. ૦૫-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૭, પ્રવચન નં. ૪૬૯

કળશટીકા, ૨૭૭ કળશ છે.

(शार्दूलविक्रीडित)

यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।२७७।।

'किल तत् किञ्चित् अखिलं क्रियायाः फलं अधुना तत् विज्ञानघनौघमग्नम् खिन्ना न किंचित्' શું કહે છે? **'નિશ્ચયથી જેનો અવગુણ કહીશું એવો જે, કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદૃષ્ટિ જીવને...'** શું કહે છે? અનાદિથી અજ્ઞાની પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ છે એના જાણપણાથી રહિત જે પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ (ભાવ થાય છે) એ રાગ-દ્વેષ છે, એ ક્રિયામાં જોડાઈ ગયો અનાદિથી. સમજાણું કાંઈ? **'જેનો અવગુણ કહીશું...'** 'किञ्चित् अखिलं क्रियायाः' **'કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદૃષ્ટિ જીવને...'** જુઓ, શું આવ્યું? પર્યાયાર્થિકનય. દ્રવ્ય જે વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ શુદ્ધ સિદ્ધ સમાન એની દૃષ્ટિ અનાદિથી નથી. અને પર્યાયદૃષ્ટિ. પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ એ પરિણામ રાગ. એ રાગ એ પર્યાયદૃષ્ટિ છે. એની દૃષ્ટિમાં અનાદિથી રખડી રહ્યો છે, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** કર્મને કારણે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મને કારણે નહિ. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન?' એ તો માટી-ધૂળ છે. 'ભૂલ મેરી અધિકાઈ.' આહા..હા..! ઝીણી વાત. છેલ્લો શ્લોક તદ્દન. સંસારનું બંધન કેમ થયું? અને એ બંધન કેમ છૂટે એ બે જ વાત છે. આહા..હા..! એક શ્લોકમાં આખા સમયસારનું રહસ્ય ભરી દીધું છે. આહા..હા..! શું કહે છે? કે પર્યાયદૃષ્ટિથી અનાદિથી પોતાની ચીજ જે છે, આનંદઘન અનંત ગુણરત્નાકર ચૈતન્યપ્રભુ એની દૃષ્ટિનો અભાવ. એનો આશ્રય નથી, અવલંબન નથી અને પુણ્ય અને પાપની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એની દૃષ્ટિ છે એને, એ પર્યાયદૃષ્ટિ. પર્યાય નામ વર્તમાન રાગ અને પુણ્ય ક્રિયાની દૃષ્ટિ છે એનાથી મિથ્યાદૃષ્ટિ છે એ. આહા..હા..! ઝીણી વાત છે. એણે નાખ્યુંને ભાઈ હોં ઓલું સંમતભદ્રે નાખ્યું છે આમાં. દ્રવ્યદૃષ્ટિનો ઉપયોગ કરો. કેવળ પર્યાયદૃષ્ટિને

છોડો. એટલા શબ્દ હવે થોડા આવ્યા એટલા. એ સંમતભદ્ર નહિ? હા એ. એટલું હળવે હળવે આવ્યું થોડું-થોડું. બાપુ! માર્ગ તો આ છે. લોકોને ખ્યાલ પણ નથી.

આ આત્મા પોતાનું સ્વરૂપ જે ચિદ્‌ઘન. એક શબ્દ યાદ આવ્યો બહેનનો કે પરમાણુ જે છે રજકણ આ પરમાણુ એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પલટીને કોઈ બીજી ચીજ નથી થઈ જતી. સમજાણું કાંઈ? પરમાણુ છેને પરમાણુ આ? પરમાણુ એટલે આ લૂગડાનું પરમાણુ એ નહિ. આ અનંત રજકણનો આ પિંડ છે. આ જડ છે. અને જડ એક દ્રવ્ય નથી આ. આ તો અનંતા રજકણનો સ્કંધ પિંડ છે. એનો છેલ્લો રજકણ એને ભગવાન પરમાણુ કહે છે. જેના બે ભાગ ન પડે એ છેલ્લો રજકણ. તો એ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એ પરમાણુ વર્ણ, રંગ, ગંધ, સ્પર્શથી પલટીને કોઈ બીજી ચીજ થઈ જાય છે? આહા..હા..! એમ આ આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, આનંદ અને વીર્યની મૂર્તિ પ્રભુ આત્મા છે એ પોતાનો સ્વભાવ પલટીને બીજા રાગરૂપ થઈ જાય એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ? કો'ક વખત કોઈ શબ્દ યાદ આવી જાય. રામજીભાઈ કહે કો'ક વખત કહેવું એમ કહેતા હતા. આ યાદ આવી ગયું. એમાં છે.

**શ્રોતા :-** સૌને સમજવાનું મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. કહો આજ એ યાદ આવી ગયું. આ એક પરમાણુ છે પરમાણુ રજકણ. ભગવાને એને એક પરમાણુ છેલ્લો ભાગ કહ્યો અને એ પરમાણુમાં અનંત રંગ, ગંધ, રસ, સ્પર્શની શક્તિ પડી છે. એક એક પરમાણુ અજીવમાં એ વર્ણ, રંગ, ગંધ, રસ, સ્પર્શ શક્તિ જે ગુણ છે એને પલટીને ગુણનો અભાવ કરીને બીજી રીતે થઈ જાય છે કોઈ દિ'? આ તો દૃષ્ટાંત થયું. એમ ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંતવીર્ય, અનંતસુખ આદિથી ભરપુર પડ્યો છે. એ પોતાના ગુણથી પલટીને, પુણ્ય-પાપ અને રાગરૂપ કદી થઈ જાય છે? માન્યું છે અજ્ઞાનીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે, '**નિશ્ચયથી જેનો અવગુણ કહીશું...**' પર્યાયદૃષ્ટિવાળાનો અવગુણ છે. કે જેની દૃષ્ટિ દયા, દાન, વ્રત પરિણામ, વિકારીભાવ ઉપર દૃષ્ટિ છે એ પર્યાયદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! કહે છે કે પર્યાયદૃષ્ટિ જેનો અવગુણ કહીશું. '**એવો જે,...**' '**किञ्चित् अखिलं क्रियायाः फलं**' '**કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદૃષ્ટિ જીવને અનાદિ કાળથી નાના પ્રકારની ભોગ સામગ્રીને ભોગવતાં મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિને કારણે,...**' આહા..હા..! મોહ નામ મિથ્યાત્વ અને રાગ નામ શુભ-અશુભભાવ, દ્વેષ નામ વિકારીભાવ એવી અશુદ્ધ પરિણતિને કારણે. એ અશુદ્ધ પરિણતિ છે. પરિણતિ એટલે? અશુદ્ધ દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન અનંતજ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ પ્રભુ છે અનાદિ છે. એ અનાદિ ચીજ તો નિગોદમાં હોય, લસણ અને ડુંગળીમાં તોપણ અનંત જ્ઞાન-દર્શન-આનંદકંદ દ્રવ્ય છે એ દ્રવ્ય કાંઈ પલટી

જતું નથી. પર્યાયમાં હીણી દશા, વિપરીતદશા, દશામાં અવસ્થામાં છે. પણ અવસ્થા શું? વસ્તુ શું? સમજાણું કાંઈ?

જે દ્રવ્ય કહેવાય, જેને ભગવાન દ્રવ્ય વસ્તુ કહે છે પદાર્થ એ તો અનંતજ્ઞાન બેહદ સ્વભાવ, જ્ઞાન, દર્શન, આનંદ, અનંત ચૈતન્યરત્નાકરથી ભરેલું દ્રવ્ય છે. એ દ્રવ્ય પોતાનું સ્વરૂપ પલટીને કદી રાગ અને પુણ્યના પરિણામરૂપ થતું નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. શરીરરૂપ તો થતું નથી, આ તો માટી-ધૂળ છે, પણ અંદર દયા, દાન, વ્રતના પરિણામ જે શુભરાગ (થાય) એ રૂપે કદી થયો નથી, માન્યું છે. આહા..હા..!

વસ્તુ દષ્ટિએ જોતાં વસ્તુ જે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જેને દ્રવ્ય કહે છે આત્મદ્રવ્ય પદાર્થ એ તો અનંત જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલું તત્ત્વ અનાદિ-અનંત છે. ચાહે તો નિગોદમાં રહ્યો હોય કે ચાહે તો સ્વર્ગમાં રહ્યો હોય, એ પર્યાય ગમે તેટલી વિકૃત હો, પણ વસ્તુ પોતે પલટીને વિકૃતદશામાં નથી આવી. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત. અત્યારે ચાલતી નથી એટલે વાત લોકોને નવી લાગે. આ તો અનાદિનો વીતરાગમાર્ગ છે, ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે પર્યાયદષ્ટિવાળો મિથ્યાદષ્ટિ જીવનો અવગુણ કહે છે. સમજાણું કાંઈ? ક્યો અવગુણ? કે '**અનાદિ કાળથી નાના પ્રકારની...**' પુણ્ય-પાપના ભાવ કર્યા એનું ફળ મળ્યું સંયોગ સ્વર્ગ કે નર્ક. તો એ '**ભોગસામગ્રીને ભોગવતાં...**' આહા..હા..! હસમુખભાઈ! આ તમારા પૈસાના ભોગ મળ્યા ધૂળ. એ કો'ક કાલે કહેતું હતું મહારાજ ધૂળ કહે છે. ધૂળ-માટી છે. પૈસા ધૂળ, અજીવ જડ ધૂળ છે.

**શ્રોતા :-** માટી હોય તો એના મકાન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મકાન તો એને લઈને થાય છે. શું આત્માને લઈને થાય છે? માટી માટીમાંથી થાય છે, આત્માથી માટી થતી નથી અને માટીથી આત્મા કામ કરી શકતો નથી. જમીન તો લીધી છે હમણાં. મકાન તો કરતાં નથી. એય..! હસમુખભાઈ! ૩૬ હજારની જમીન તો લીધી છે. ત્રણ છોકરા માટે કરશું. વારાફરતી ત્રણ મજૂરી ત્યાં કરે અને ત્રણ અહીંયાં એમ કરીને ત્રણ. એવું સાંભળ્યું છે.

**શ્રોતા :-** બનાવ્યું બનાવ્યું કહે છે. એ તો બનવાનો કાળ હોય ત્યારે બને. એનું બનાવ્યું બને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! એ પ્રશ્ન પછી પણ ભાવ શું છે એમાં? ભાવ જે શુભ અને અશુભરાગ થાય છે એ વિકૃતદશા છે. આત્મા ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ છે એ ધ્રુવ જે નિત્ય વસ્તુ છે એ કદી રાગરૂપ, પુણ્યરૂપ થઈ નથી. આહા..હા..! અને જો પુણ્યરૂપ હોય, અશુદ્ધ હોય તો અશુદ્ધતા કદી ટળે નહિ, જો એ રૂપે ધ્રુવમાં અશુદ્ધતા હોય તો અશુદ્ધતા કદી ટળે નહિ. આહા..હા..! ભગવાનનો માર્ગ બહુ સૂક્ષ્મ, પ્રભુ! એ સમ્યગ્દર્શન થયા પહેલાં અનંતકાળમાં એણે તો અવગુણ જ બધા પ્રગટ કર્યા છે. શુભ અને અશુભભાવ

એ અવગુણ છે, ગુણ નહિ અને એ અવગુણનું ફળ ચાર ગતિના ભોગ છે. પાપનું ફળ નરક અને તિર્યંચ પશુ કે નીચ મનુષ્ય. પુણ્યના ફળ સ્વર્ગ કે આ મોટી શેઠાઈ કે રાજા આદિ, પણ એ બધા ચાર ગતિના દુઃખના ફળ છે. આહા..હા..!

**શ્રોતા :-** ઓછું-વધુ દુઃખ તો ખરુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગમે તેટલું હોય પણ દુઃખી છે એ પ્રાણી. એ રાગ અને દ્વેષના ભોગમાં, સામગ્રીમાં પૂર્વના પુણ્ય-પાપને કારણે જે ચીજ મળી એમાં રાગ-દ્વેષ કરે છે અને રાગ-દ્વેષનો ભોગ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને તમને તો અનુભવ થઈ ગયો છે. ભાઈને, મોટા ભાઈને થઈ ગયો છે. આહા..હા..! રૂપિયા તો ઘણા કરોડો હતા. કહે હાય.. હાય.. એવા સપના આવે છે માઠા. આમ છે, તેમ છે બધું. બાપુ! બહારની ચીજ શું કરે ધૂળ? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે પુણ્ય અને પાપના ભાવ એ અનંતવાર કર્યા એણે. શુભ-અશુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ બેય પ્રકારના પરિણામ અનંતવાર અવગુણ કર્યા અને એના ફળ તરીકે ચાર ગતિના ભોગ મળ્યા. અને ભોગ ભોગવતા એને રાગ, દ્વેષ અને મોહ થયો. 'આ ભોગ મારી ચીજ છે અને આ મારી છે' એવું મિથ્યાત્વ અને અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ એ મોહ અને રાગ-દ્વેષ કર્યા એણે. આહા..હા..! ગજબ વાત કરે છેને. સમજાણું કાંઈ? ન્યાયથી, લોજિકથી તો સમજવું પડશે કે નહિ? ભગવાનનો માર્ગ નયાવોયમ છે. ન્યાયથી. પાંચમાં સમ... સૂત્રમાં આવે છે નયાવોયમ ... ન્યાયમાર્ગ લોજિકથી, યુક્તિથી સિદ્ધ થાય છે. એમ ઘસડપસડ કરીને માનવું એવી વસ્તુ નથી. આહા..હા..!

ભગવાન એમ કહે છે કે અનાદિકાળનો અજ્ઞાની પ્રાણી પોતાનો જે શુભ અને અશુભભાવ પોતાનો માનીને જે કર્યા એનું ફળ પુણ્ય-પાપનો બંધ થયો એના ફળમાં ચાર ગતિની સામગ્રી મળી. ચાહે તો સ્વર્ગની મળો કે ચાહે તો નરકની મળો, પણ એ બધા પુણ્ય-પાપના ફળ છે. આહા..હા..! આત્મા એમાં આવ્યો નથી. આહા..હા..! નવમી ગ્રૈવેયક ગયો મુનિવ્રત ધારણ કરીને. 'મુનિવ્રત ધાર અનંતબૈર...' પંચમહાવ્રત ધારીને 'અનંતબૈર ગ્રવૈયક ઉપજાયો.' ધર્મધ્યાનનો કાળ સમય આવે છે. ધર્મધ્યાનનો કાયોત્સર્ગ આવે છેને એમાં? સંવત્સરીને દિ' કરાવે કાયોત્સર્ગ. પણ એમાં આવે છે કે સમકિત વિના અનાદિ કાળથી ચાર ગતિમાં રખડ્યો. એ આવે છે કે નહિ? આવે છે. પણ ક્યાં એને વિચાર સમકિત શું અને મિથ્યાત્વ શું, કાંઈ નહિ.

**શ્રોતા :-** પોતાના સંપ્રદાય પ્રમાણે માને એ સમકિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન્યું એ સમકિત. થઈ રહ્યું. એ તો અમારે કહેતા હતા. મૂળચંદજી એમ કહેતા ૮૦ની સાલમાં. અમે થોડું ઝીણું વ્યાખ્યાન કર્યું. ૨૮મું અધ્યયન ઉત્તરાધ્યનનું છે. ૮૦ની સાલની વાત છે. ૫૩ વર્ષ થયા. ત્યારે તો હજારો માણસો, પંદરસો માણસ

કાયમ એટલા. તે દિ' હોં! ૫૩ વર્ષ પહેલાં. અને ત્યાં તો ગાંધી લોકો મુખ્ય હતાને. લાખોપતિ મોટા ગૃહસ્થ. રાયચંદ ગાંધી મોટા ગૃહસ્થ. ૫૦-૫૦ હજારની પેદાશવાળા. તો બધું કુટુંબ બેઠું હોય. તો એ વખતે ૨૮મું અધ્યયન લીધું હતું મોક્ષમાર્ગ. તો એમાં એમ આવ્યું હતું કે સંપ્રદાયની દૃષ્ટિ કોઈપણ હોય એ મિથ્યાદૃષ્ટિ છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ વિના પોતાનું માન્યું કે આ મારો ધર્મ છે અને આ સંપ્રદાય ધર્મ છે. એમ આવ્યું હતું તો એને રુચ્યું નહિ. તો પછી ઉભા થવાની તૈયારી હતી. ચોમાસું પૂરું થઈ ગયું. એટલે લોકોને ભલામણ કરી કે જુઓ આપણને ભાઈ સમ્યગ્દૃષ્ટિ ગણધર જેવું સમકિત મળ્યું છે. માટે હવે વ્રત અને તપ આપણે કરવા એ ચારિત્ર કરવાનું બાકી છે. એય..! શિવલાલભાઈ! એ તમારા બધાય હતા તે દિ' તમારા બાપ પણ ત્યાં (હતા). વીરચંદભાઈ ને શિવલાલ ગોપાણી. આ તો ૫૩ વર્ષની વાત છે. ત્યાં તો પંદરસો-પંદરસો માણસ વ્યાખ્યાનમાં. સાડા ત્રણસો ઘર છે અને વ્યાખ્યાનમાં કાનજીસ્વામી બેઠા છે એમ કહે તો માણસો મકોડાની જેમ ઉભરાય. અપાસરામાં સમાય નહિ. અપાસરો ખીચોખીચ. પાછળ શું કહેવાય? શેરી-શેરી. શેરી ભરાઈ જાય આખી. આ તો ૫૩ વર્ષ પહેલાંની વાત છે. એમાં આ વાત આવી ત્યારે એને રુચી નહિ. કહે, નહિ, એમ નહિ.. એમ નહિ... હું તો એ સાંભળી શક્યો નહિ, હું તો વયો ગયો. મેં કીધું માર્ગ તો આમ છે. કોઈપણ સંપ્રદાયની દૃષ્ટિ એ દૃષ્ટિ કાંઈ સમ્યગ્દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યઘન એનો અનુભવ થઈને આનંદનો સ્વાદ આવવો એનું નામ સમ્યગ્દર્શન છે. બાકી બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? ચારિત્ર તો ક્યાંય રહી ગઈ વાત. આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે અનાદિ કાળથી ક્રિયાનું જે ફળ હતું, '**અનાદિ કાળથી નાના પ્રકારના...**' નાના એટલે અનેક પ્રકારના '**ભોગ સામગ્રીને ભોગવતાં...**' સ્વર્ગની ભોગની કે નરકની ભોગની સામગ્રી એ બધી સામગ્રી છેને? '**મોહ-રાગ-દ્વેષ અશુદ્ધ પરિણતિના કારણે,...**' આહા..હા..! એ 'મને પૈસા મળ્યા, હું નારકી છું, હું સ્વર્ગનો દેવ છું, હું શેઠ છું' એવો મિથ્યાત્વભાવ. આહા..હા..! ભગવાન તો રાગરૂપ પણ નથી. એ તો વીતરાગી મૂર્તિ અંદર ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. એને ઠેકાણે એમ માન્યું કે આ 'મારું હું મનુષ્ય છું, હું દેવ છું અને હું પર્યાપ્ત છું, હું વાણિયો છું, હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું, હું ધનાઢ્ય છું, હું મૂર્ખ છું અને હું પંડિત છું.' આહા..હા..! શેઠ! એમ મોહથી માન્યું અને રાગ-દ્વેષ અશુદ્ધ પરિણતિ કરી. મલિન દશા ઉત્પન્ન કરી. આહા..હા..! શું કહે છે સમજાય છે કાંઈ? કે જે પૂર્વના પુણ્ય-પાપના ભાવ કર્યા એ વિકારી ક્રિયા છે અને એ વિકારી ક્રિયાનું ફળ બંધન, પુણ્ય-પાપ અને એનું ફળ સામગ્રી મળવી ચાર ગતિ. ચાર ગતિ અહીં તો ચાર ગતિ છે. અને એ ચાર

ગતિની સામગ્રીમાં 'હું નારકી છું, હું પશુ છું, હું દેવ છું, હું મનુષ્ય છું' એવો મિથ્યાત્વભાવ સેવ્યો અને અશુદ્ધ પરિણતિના રાગ-દ્વેષ કર્યા એણે. આહા..હા..!

**'અશુદ્ધ પરિણતિને કારણે, કર્મનો બંધ અનાદિ કાળથી થતો હતો...'** આહા..હા..! બહુ ટૂંકી વાત કરી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન હોવા છતાં પણ પર્યાયમાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ કરીને જે એના ફળ તરીકે સંયોગ મળ્યા એ સંયોગમાં પોતાની બુદ્ધિ રાખીને મોહ અને રાગ-દ્વેષ કર્યા. આહા..હા..! સાધુ નામ ધરાવીને પણ અમે પંચમહાવ્રત પાળીએ છીએ, અમે ક્રિયા કરીએ છીએ, એ પણ રાગનું અભિમાન મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ **'અનાદિ કાળથી થતો હતો...'** આહા..હા..! **'તે...' 'अधुना'** હવે ગુલાંટ ખાય છે. **'अधुना'** હવે. આહા..હા..! **'સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને...'** આહા..હા..! શું કહે છે? કે અનાદિકાળ ચાર ગતિમાં ચોર્યાસી લાખ અવતારમાં પુણ્ય અને પાપના ફળ તરીકે મળેલી સામગ્રીમાં પોતાનું અભિમાન કરીને, 'આ મારું છે' એમ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરીને દુઃખી હતો, દુઃખી છે. આહા..હા..! તો જ્યારે હવે સમ્યક્ પામે છે. હવે કહે છે જુઓ, **'સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને...'** આહા..હા..! સમ્યક્ત્વ કોને કહે છે? કે 'પુણ્ય અને પાપના પરિણામ પણ હું નથી, એનું ફળ જે આવે છે આ ધૂળ અને આદિ બહારના એ પણ હું નથી અને મારી પર્યાય દશામાં અલ્પજ્ઞપણું છે એટલો પણ હું નથી.' આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! હું તો સર્વજ્ઞસ્વભાવી પરમાત્મસ્વરૂપ છું.

આત્મામાં એક સર્વજ્ઞશક્તિ પડી છે. આ સર્વજ્ઞ જે પરમાત્મા થાય છે તીર્થંકરો એ સર્વજ્ઞપણું આવ્યું ક્યાંથી? કોઈ બહારથી આવે છે શક્તિ? આત્મામાં સર્વજ્ઞશક્તિ નામનો એક ગુણ પડ્યો છે. આહા..હા..! ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવની એક શક્તિ પડી છે એમાં. તો એ શક્તિ એનો ગુણ છે. તો ગુણનો ધરનારો સર્વજ્ઞસ્વભાવી જ આત્મા છે. આહા..હા..! એવા સર્વજ્ઞસ્વભાવી આત્માને અંતર્મુખ થઈને, રાગ ને પુણ્ય ને પરિણામનું લક્ષ છોડીને વર્તમાન અવસ્થા જે પર્યાય, બાહ્ય ક્ષયોપશમની અવસ્થા છે ક્ષણિક દશા જ્ઞાનની, એનું લક્ષ છોડીને 'પૂર્ણ આનંદકંદ પ્રભુ દ્રવ્યસ્વભાવ પૂર્ણ આત્મા હું છું' એવું અંતર અનુભવમાં સમ્યગ્દર્શન થવું એનું નામ સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. જેમાં પ્રથમ જે અનાદિનો મોહ અને રાગ-દ્વેષનો સ્વાદ હતો, હજી લેશે વિશેષ ક્રિયા અને ક્રિયાનું ફળ, અનાદિનો જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું વેદન હતું એ મિથ્યાત્વમાં હતું. સમ્યગ્દર્શન થયું ત્યારે તો આનંદનો સ્વાદ આવ્યો. માર્ગ એ છે, ભાઈ! આહા..હા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરો પોકાર કરે છે. દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રોની સભામાં પણ પરમાત્મા આમ કહેતા હતા, આમ કહે છે. ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં મોજૂદ છે હોં અત્યારે. આહા..હા..! એ ઈન્દ્રો, એકભવતારી ઈન્દ્ર અને ઈન્દ્રાણી છે. સુધર્મ દેવલોક

છેને, સોળ દેવલોક. પહેલો સુધર્મ દેવલોક છે ચંદ્ર-સૂર્યની ઉપર. એ એક દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે અને એક-એક વિમાનમાં અસંખ્યદેવ છે. કો'ક વિમાન નાનું છે સંખ્ય, પણ ઘણા તો અસંખ્યદેવ. એવા તો ૩૨ લાખ વિમાન. એનો સાહેબો શક્રેન્દ્ર અત્યારે છે. શાસ્ત્ર કહે છે પરમાત્મા કે એ એકભવતારી છે, એ સમ્યગ્દષ્ટિ છે. આહા..હા..! એને આત્માનો અનુભવ આનંદનો સ્વાદ આવે છે. એ કોઈપણ ચીજને પોતાની માનતો નથી. એ ઈન્દ્રને એક ભવ (બાકી છે). સ્વર્ગમાં છે અત્યારે. ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. એમ શાસ્ત્રમાં પરમાગમમાં છે. અને એની પત્ની છે ઈન્દ્રાણી. આમ તો કરોડો ઈન્દ્રાણી હોય છે, પણ એક મુખ્ય જે છે એ પણ એકાવતારી છે. એ સ્ત્રીપણે ઉત્પન્ન થઈ ત્યારે તો મિથ્યાદષ્ટિ હતી. મિથ્યાદષ્ટિ વિના સ્ત્રીપણું આવતું નથી. તો ઈન્દ્રાણી જ્યારે થઈ ત્યારે તો મિથ્યાદષ્ટિ હતી. પણ પછી શક્રેન્દ્ર ઈન્દ્રની સાથે ભગવાનના જન્મ મહોત્સવ, ગર્ભ મહોત્સવ, કેવળ મહોત્સવમાં આવતી હતી એમાં એને સમ્યગ્દર્શન થઈ ગયું. આહા..હા..! તો ભગવાન એમ કહે છે આગમમાં કે એ પણ એક અવતારી છે. પતિ-પત્ની બેય એક મનુષ્ય ભવ કરીને મોક્ષ જશે.

એ પતિ-પત્ની, ઈન્દ્ર અને ઈન્દ્રાણી સભામાં જ્યારે આવે છે, તોપણ ભગવાન તો આ વાત કરતાં હતા. સમજાણું કાંઈ? આહા..હા..! ૩૨ લાખ વિમાનનો સાહેબો, અસંખ્ય દેવનો સાહેબો (એ એમ માને છે કે) હું એનો સાહેબ નથી, બાપુ! એ મારી ચીજ નહિ. અરે! મને અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ હું નથી. આહા..હા..! હું તો અંતર આનંદકંદ પ્રભુ જ્ઞાયકભાવ, જાણકસ્વભાવ, જાગતી જ્યોત ચૈતન્યપ્રભુ અંદર. આહા..હા..! ચૈતન્યનો સૂર્ય પ્રભુ અંદર. પૂર્ણાનંદ ચૈતન્યના પ્રકાશથી બિરાજમાન ભગવાન આત્મા એનો અનુભવ થાય સ્વસન્મુખ થઈને, પર્યાય ને રાગ અને પુણ્યથી વિમુખ થઈને... આહા..હા..! ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. તો એ સમકિતીને આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! ચારિત્ર તો હજી આઘી વાત. ચારિત્ર કોને કહેવાય એ બાપુ! અત્યારે તો સાંભળવું મુશ્કેલ પડે એવું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પછી આનંદમાં રમતા... રમતા... રમતા... રમતા... આનંદમાં પ્રચુર આનંદનું વેદન થઈ જાય ત્યારે ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ? એ અહીં સમકિત થતાં...

અહીં તો વાત કરે છે કે '**સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને...**' આહા..હા..! જે અનાદિથી શુભ-અશુભભાવની સામગ્રી જે ફળ ચાર ગતિ. આહા..હા..! એમ કહેવું છેને? પછી સિદ્ધગતિ બતાવવી છે. એ ચાર ગતિના ભોગમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરતો હતો એ વાત હવે ગુલાંટ ખાય છે. આહા..હા..! ગુલાંટ સમજ્યા? પલટો ખાય છે. 'હું પર્યાય જેટલો નથી, પુણ્ય દયા, દાન એ મારી ચીજ નથી. મારી ચીજ તો જ્ઞાયક ચૈતન્યરસ, આનંદકંદ (છે). સ્ફટિકમણિ જેમ નિર્મળ હોય છે એવો નિર્મળ ચિદાનંદ જ્ઞાયકસ્વભાવ હું છું' એવું પ્રતીત

થઈને અનુભવમાં, અનુભૂતિમાં આત્માના આનંદનો સ્વાદ આવવો... આહા..હા..! ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. આહા..હા..! આવી વાત છે. અત્યારે તો ક્રિયાકાંડમાં (ધર્મ મનાવી દીધો છે). ક્રિયાકાંડ પણ સાધારણ છે. અમે તો જોયું છે. અમે ક્રિયા કરી છેને એવી તો ક્રિયા હતી નહિ બીજાને. ૧૫-૨૦ વર્ષ ક્રિયા. ૧૫ વર્ષ કરી હતી, પછી ઢીલી પડી ગઈ પછી પાછળથી. સખત ક્રિયા. વહોરવા જઈએ તો રાયચંદ ગાંધી ૫૦ હજારની પેદાશ અને મોટા દીનશા નહિ? દીનશા નહિ ઓલા વેપારી નહિ રૂના? રૂના વેપારી એનો ત્યાં ઓલો હતો ધંધો એનો. એના આડતિયા હતા. મોટો વેપાર. ૨૫-૫૦ માણસ તો કાયમ જમે. કેરીના રસ મણ-મણ, બબ્બે મણ હોય. કેરી. કેરી સમજ્યાને? આમ. ચુરમાના લાડુ હોય ૧૦૦-૧૦૦, ૨૦૦-૨૦૦. વહોરવા જઈએ તો કહે રસ લ્યો મહારાજ. રસમાં ગોટલી છે, કીધું. જુઓ. ગોટલી નહિ ગોટલી. ગોટલી અંદર છે? મહારાજ! ખબર નથી, અડશો નહિ. ગોટલી એકેન્દ્રિય જીવ છે. સખત ક્રિયા હતી અમારી એ વખતે. જે માની હતી એમાં સખત ક્રિયા. તો એ ગોટલી છે કે નહિ ખબર ન હોય તો બિચારા રાડ પાડી જાય કે અડશો નહિ. જો ગોટલી હોય તો નહિ લઈએ અને ગોટલીની ખબર પડે તો નહિ લઈએ. માટે એને અડશો નહિ. મોટા ગૃહસ્થો મોટા. મોટા મકાનો છે. રાયચંદ ગાંધી. શું કહે છે?

**શ્રોતા :-** કેરીની સીઝન હવે આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કેરીની સીઝનની અહીં ક્યાં વાત છે. આ તો અહીંયાં કહીએ છીએ કે એટલો નિર્દોષ આહાર ન મળે તો અમે લેતા નહિ. અમારા માટે કરે એ તો લેતા નહિ પાણીનું બિંદુ પણ. દસ-બાર ઘર હોય ગામડામાં તો અમે ગામમાં પહેલાં ન જઈએ. નવ, સાડા નવે જઈએ. લોટ બંધાઈ ગયો હોયને. શાક અને ચોખા થઈ ગયા હોય. દાળ અને શાક. અને લોટ બંધાણો હોય અને બે-ચાર રોટલી શરૂ થઈ ગઈ હોય ત્યારે ગામમાં પેસીએ. નહિતર અમે જઈએ અને માથે કાંઈક નાખે તો? સખત ક્રિયા હતી બહુ સખત ક્રિયા હતી. તો જઈને પછી બે-ચાર ઉતરી હોય એમાંથી એક-બે રોટલી લઈ લઈએ. એ દસ-બાર ઘરે જઈને આહાર કરીએ. સખત ક્રિયા હતી બહુ સખત. પણ એ વખતે ખબર નહોતી કે આ શું છે. એ વખતે એમ માન્યું હતું કે આ ધર્મ છે. એવી ક્રિયામાં પણ નહિ કીધું આ. અહીં તો કહે છે કે એ પણ શુભભાવ છે. એ પણ આત્માનો ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! આહા..હા..!

એ શુભાશુભભાવ એની રુચિ છોડીને અને પોતાની એક સમયની પર્યાયની પણ રુચિ છોડીને અંદર ભગવાન પૂર્ણાનંદ શક્તિથી ભરેલો આત્મા છે એનો અનુભવ કરીને પ્રતીત થઈ તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ **'સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને...'** છે? **'ઉત્પત્તિથી માંડીને...'** **'तत् विज्ञानघनौघमग्नम्'** **'શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો...'** આહા..હા..! સમ્યગ્દર્શનથી શુદ્ધ ચૈતન્યનો અનુભવ થાય છે. આહા..હા..! આકરું કામ બાપુ

બહુ. આહા..હા..! પરમાનંદ પ્રભુ એનું સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને. શ્રાવક પાંચમાં તો જુદાં. આ તો બધા વાડાના શ્રાવક છે, એ કાંઈ શ્રાવક-બાવક છે નહિ. સમજાણું કાંઈ? આકરી વાતું બાપા! માર્ગ વીતરાગનો બહુ અલૌકિક છે. એ સમ્યક્ થયું ત્યારથી આત્માનો અનુભવ કરવા લાગ્યો. જે રાગનો અનુભવ હતો અનાદિનો, શુભ અને અશુભ રાગનું વેદન હતુંને અનુભવ, એ ગુલાંટ ખાઈને આત્માનો અનુભવ થયો સમ્યગ્દર્શનમાં. આહા..હા..!

ત્યારથી લઈને '**શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો...**' શું કહે છે? શુદ્ધ જીવના અનુભવમાં અંદર લીન થયો થકો. આહા..હા..! જુઓ, આ ધાર્મિક ક્રિયા. શાંતિભાઈ! આ શ્લોક બહુ ઊંચો છે. ૭૭ છેને. બસ ૭૮ એક છેલ્લું કહી દેશે કે આ શબ્દોથી આ ટીકા બની છે. હું એ ટીકાનો કરનાર નથી. આ જડની ક્રિયા છે. આહા..હા..! એ છેલ્લા શ્લોકમાં કહેશે. હું એનો કર્તા નથી. આહા..હા..! આમ પરમાણુ હોયને આ તો? પરમાણુની પર્યાય જડની. જડની ક્રિયા આત્મા કરી શકે નહિ કદાપિ. આત્મા બોલી શકતો નથી, બોલવાની ક્રિયા જડની છે, એ આત્માની ક્રિયા નથી. લખવાની ક્રિયા જડની છે, આત્માની નથી. ટીકા બને એ ક્રિયા જડની છે, આત્માની નહિ. આહા..હા..! આ તો જરીક કાંઈક કર્યું તો પુસ્તક મેં બનાવ્યું છે, મેં આ કર્યું છે, મેં આમ કર્યું. મિથ્યાદૃષ્ટિ મૂઢ છે.

**શ્રોતા** :- આપે એકદમ ફેસલો કરી નાખ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફેસલો કરી નાખ્યો. ભગવાને ફેસલો કર્યોને? આહા..હા..! અરે! આત્મામાં આત્મજ્ઞાન થયા વિના જેટલું આવડતનું જ્ઞાન છે એનું અભિમાન એ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**શુદ્ધ જીવસ્વરૂપના...**' 'જેમ નિર્મળતા સ્ફટિકતણી તેમ જ જીવસ્વભાવ.' જેમ સ્ફટિક નિર્મળ હોય. સ્ફટિક કહ્યું હતું કાલે. ત્યાં જામનગર જોયું હતું. 'જેમ નિર્મળતા રે સ્ફટિકતણી તેમ જીવસ્વભાવ.' ચૈતન્યરસકંદ પ્રભુ જ્ઞાયકસ્વભાવથી ભરેલો પ્રભુ શુદ્ધ જીવસ્વરૂપ. એમાં તો વિકલ્પ જે દયા, દાનનો છે એનો પણ એમાં તો અભાવ છે, એ ચીજ આત્માની નહિ. આહા..હા..! એ શુદ્ધ જીવસ્વરૂપ જે આત્મા જે સર્વજ્ઞે કહ્યો એ હોં! અજ્ઞાની કહે છે આત્મા-આત્મા વેદાંત આદિ એને આત્માની ખબર નથી. આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવે જે આત્મા જોયો એ આત્મા પૂર્ણાનંદનો નાથ છે એકલો. આહા..હા..! એનો અનુભવ કરતાં '**અનુભવમાં સમાયો થકો...**' આહા..હા..! સમ્યગ્દર્શનથી માંડીને અંતર અનુભવમાં અંતરમાં-અંતરમાં સમાતો થકો. આહા..હા..! પછી સમ્યગ્દર્શન થયા પહેલાં, પછી અંતરમાં સમાયો થકો ચારિત્ર અંદર રમતો-રમતો આનંદમાં રમવું. અતીન્દ્રિય આનંદ ભગવાનમાં રમવું. એ ચરવું એનું નામ ચારિત્ર છે. જેમ પશુ ઘાસ હોય તો ચરે છે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ચરવું-ભોજન કરવું એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! અહીં તો હજી ચારિત્ર કોને કહેવું એનું ભાન ન મળે. લૂગડા ફેરવ્યા અને કાંઈક પાંચ મહાવ્રતના

નામ હોં એ. મહાવ્રત પણ ક્યાં છે? મહાવ્રત કોને કહેવા એની ખબર નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો...**' આહા..હા..! આનંદકંદમાં રમતો થકો, રમતો આત્મરામ. પોતાના આનંદના બાગમાં રમતો થકો. આહા..હા..! '**खिन्ना**' '**મટી ગયો;...**' એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થઈ ગયો, કર્મ નાશ થઈ ગયા. આહા..હા..! છે? '**મટી ગયો;...**' જે ભોગ અને મિથ્યાત્વ આદિ રાગ-દ્વેષ હતા. આત્માનું ભાન થયું તો એ બધું મટી ગયું. સમ્યક્‌માં બધું મટી નથી ગયું. સમ્યક્‌માં મિથ્યાત્વ અને એ સંબંધી રાગ-દ્વેષ (મટી ગયા). પછી આનંદમાં સમાતા... સમાતા... સમાતા... બધું મટી ગયું. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એ આનંદકંદ આનંદદળ એમાં રમતા... રમતા... રમતા... આનંદમાં રમતા... રમતા... '**खिन्ना**' કર્મ ખિન્ન-નાશ થઈ ગયા. આવી વાત છે. શું કરીએ પ્રભુ! વીતરાગનો માર્ગ તો આવો છે. આહા..હા..!

એ કહે છે. '**તે મટતાં કાંઈ છે જ નહિ;...**' આહા..હા..! નિર્મળ સ્ફટિક જેમ શુદ્ધ છે એમ આત્મા પવિત્ર પૂર્ણ થઈ ગયો. એ મલિનતાનો એક અંશ પણ પછી રહ્યો નહિ. આહા..હા..! છે? '**તે મટતાં કાંઈ છે જ નહિ; જે હતું તે રહ્યું.**' ભગવાન આનંદકંદ પ્રભુ જ્ઞાયકસ્વરૂપ હતું તે રહ્યું. આહા..હા..! હજી વાત સમજવી કઠણ. અરે શું વળી રહ્યું? હતું એ રહ્યું શું અને નહોતું થયું... આહા..હા..! ભાઈ! એમાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો ભાવ થાય છે એ એના નથી. એ તો નિર્મળાનંદ પ્રભુ હતો. એ નિર્મળાનંદ હતો તે રહ્યો. પેલી વસ્તુનો નાશ થયો. એનું નામ મોક્ષ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે મટતાં કાંઈ છે જ નહિ;...**' કાંઈ છે જ નહિ. સંસારના વિકલ્પની ગંધ નથી જેમાં. આહા..હા..! જ્યાં પૂર્ણાનંદ સ્વરૂપમાં અનુભવ કરતાં... કરતાં... કરતાં... જ્યાં મોક્ષ થયો, આત્માની પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ, સંસારગતિથી સિદ્ધ થયો (સંસારનો) અભાવ કરીને... આહા..હા..! તો સંસારની ગંધ એમાં છે નહિ. એમ કેમ કહ્યું? કે કોઈ એમ કહે છેને કે ભાઈ મોક્ષ ગયા પછી ભક્તોની ભીડ જોઈને રાક્ષસને મારવા ભગવાન અવતાર લે છે. એ બધું ખોટું છે. સમજાણું કાંઈ? ત્યાં કોઈ આવો વિકલ્પ છે નહિ હવે. સર્વજ્ઞ પરમેશ્વર નમો સિદ્ધાણં, પરમાત્મપદ પૂર્ણ અનુભવ કરતા... કરતા... કરતા... પૂર્ણ આનંદ પ્રગટ થઈ ગયો એને પછી આ ભક્તોની ભીડ છે ને આ છે એવો વિકલ્પ પણ ત્યાં નથી. આહા..હા..! અંદરમાં કોઈ મલિનતા છે જ નહિ. આહા..હા..!

'**જે હતું તે રહ્યું.**' જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ નિર્મળાનંદ હતો તે રહ્યો. મલિનતા અને કર્મનો નાશ થયો. આહા..હા..! '**કેવું હતું ક્રિયાનું ફળ?**' હવે વિશેષ કહે છે. એ પુણ્ય-પાપના ભાવ છેને ક્રિયા? એનું ફળ શું? શુભ અને અશુભભાવ એ ક્રિયા છે રાગની. એ

ક્રિયાનું ફળ શું? **'જે ક્રિયાના ફળના કારણે 'આ આત્મસ્વરૂપ, આ પરસ્વરૂપ'...'** આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાયકસ્વરૂપ અને રાગ એ પરસ્વરૂપ **'એવું અનાદિ કાળથી દ્વિવિધાપણું થયું.'** બેપણું થયું. એકમાં બે થયું. એકડે એક અને બગડે બે. એકરૂપ ચિદાનંદ હતો તેમાં આ પુણ્ય-પાપના ભાવ આવ્યા, દ્વિવિધપણું થયું, બગાડ થયો. આવી વાતું હવે. આમ નથી કહેતા, એકડે એક, બગડે બે. આહા..હા..!

આમ તો શાસ્ત્ર તો એમ કહે છે કે મનુષ્ય છેને એને બે પગ છે. તો એકલો મનુષ્ય છે ત્યાં સુધી બે પગ છે. બાયડી પરણે ત્યારે ચાર પગ થાય એટલે ઢોર થયો. ઢોરને ચાર પગ હોય. બે પગ હતા અને બાયડી બે પગવાળી આવી એ અમારી અર્ધાંગના. એટલે એ ઢોર થયો. ઢોરને ચાર પગ હોય એમ થયું. એમાં એને દીકરો થયો એક. એટલે છ પગ થયા એ થયો ભમરો. ભમરાને છ પગ હોય. આ જોયું છે કોઈ દિ'? પછી ભું-ભું કર્યા કરે. બાયડી થઈ અને પછી આને માટે કરવું અને આને માટે કરવું ભૂંક્યા કરે. અને એમાં છોકરાને પરણાવે ત્યારે આઠ પગ થયા. કરોળિયો. કરોળિયાને આઠ પગ હોય. કરોળિયો જોયો છે કરોળિયો? મકડી એને આઠ પગ હોય. એટલે આઠ પગ થયા એટલે લાળમાં ઘૂંચાઈ ગયો પછી થઈ રહ્યું. મરી ગયો. આ મારા ને આ મારા ને આનું કરવું ને આનું કરવું. છોડ્યુંને પરણાવવી છે, વીસ વર્ષની સાંઢડા જેવી થઈ છે. કોઈ સારે ઠેકાણે મળતું નથી. એ મરી ગયો ત્યાંને ત્યાં. આ તમારા સંસારના ખેલ બધા જોયા છેને. અમે તો બધું જોયું, ઘણું જોયું છે. આહા..હા..!

**શ્રોતા :-** એમ જ થાય છે બધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જ થાય છે. અને મોટી ઉંમરનો છોકરો થાય અને જો કન્યા સરખી ન આવે તો ચિંતા, સાધારણ ઘરની આવે તોપણ ચિંતા. આપણા ઘર પ્રમાણે જોઈએ. આપણી પાસે બે કરોડ રૂપિયા અને એના પ્રમાણમાં છોડી આવે તો સારી કન્યા. કાંઈક પાંચ-દસ બે લાખ લઈને આવે. સાધારણ ઘરની આવે તો આપણી આબરૂ શું એમાં? મારી નાખ્યા જગતને. આહા..હા..!

એમ કહે છે કે એક હતો એમાં દ્વિવિધા થઈ. રાગ અને પુણ્ય પરિણામ મારા એ ક્રિયાને વળગ્યો (તો) એકના બે થયા હવે, બગડ્યો. આહા..હા..! આવી વાતું કાને પડવી કઠણ. આહા..હા..! આ તો છેલ્લો સાર કહે છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ છેને, એના કળશો છે. આહા..હા..! પ્રભુ! તું એક હતોને એક? આહા..હા..! જ્ઞાનાનંદસ્વરૂપ એક છોને તું. આહા..હા..! એમાં રાગ અને પુણ્યના-પાપના ભાવ બે ક્યાંથી આવી ગયા? એ દ્વિવિધા થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ મહાવ્રતના પરિણામ ને વ્રતના પરિણામ ને તપના, અપવાસના પરિણામ એ રાગ, એ રાગ એ મારો, દ્વિવિધા થઈ. એકનો બે થયો. આહા..હા..! બગડ્યું તારું. આહા..હા..!

**શ્રોતા :-** એક રૂપિયો આપો એમાં એક રૂપિયો ભળ્યો તો બે રૂપિયા થયા, તો બગડ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં બે રૂપિયા ક્યાં એની પાસે હતા? એ તો જડ છે. એય..! હસમુખભાઈ! એમ કે આ કરોડપતિ હતા એમાં બે કરોડ થયા તો પોપટભાઈને બગડ્યું? એ તો મોટું બગડ્યું હવે. એના બે કરોડ હતા કે દિ'? એય..! આહા..હા..! એ તો જગતના પરમાણુની સંખ્યા પરની છે. એ તારામાં ક્યાંથી આવી? આહા..હા..! અહીં તો પરવસ્તુની તો વાત કરી જ નથી. કેમકે એ તો દૂર-દૂર છે. પણ અંતરમાં જે શુભ અને અશુભભાવ ઉત્પન્ન થયા તે એક હતો, 'હું આ શુદ્ધ પુણ્યરૂપ છું, પાપરૂપ છું' એવી દ્વિધા થઈ મિથ્યાત્વમાં. આહા..હા..! આ બધા પૈસાવાળા બેઠા છે. ધૂળમાંય છે નહિ કાંઈ.

**શ્રોતા :-** રૂપિયાને રાખવા કે નાખી દેવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાખે કોણ અને નાખે કોણ? એ તો જડની ચીજ. જડને જાવું હોય તો જાય અને રહેવું હોય તો રહે એ એને કારણે. કાંઈ તારે કારણે રહે છે? આહા..હા..! એ ચીજ તો અજીવ છે. અજીવનો સ્વામી થાય. ભેંસનો સ્વામી પાડો હોય, એમ લક્ષ્મીનો સ્વામી થાય એ જડ હોય.

**શ્રોતા :-** ભલેને જડ ગણાય પણ પૈસા તો મળ્યાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસો ક્યાં છે એની પાસે? એની પાસે તો મમતા છે. પૈસો પૈસામાં છે. એની પાસે તો 'આ મારા' એટલી મમતા એની પાસે છે. પૈસો ક્યાં અડે છે એને? પૈસા તો દૂર રહી જાય છે.

**શ્રોતા :-** .. વાત કરે છે. અમલમાં કેમ મૂકાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો તત્ત્વ એવું છેને. એ દુનિયામાં અમલમાં આ મૂકાય એવું છે. એ મારા નહિ, મારામાં નહિ, એનામાં હું નહિ. આહા..હા..! આવી વાતું ઝીણી બાપુ! બહુ, ભાઈ!

એ પ્રશ્ન બોટાદમાં થયો હતો. શિવલાલભાઈ! હરજીવનભાઈ સમઢિયાવાળા. હરજીવનભાઈ સ્વામીનારાયણ અને એમના નાગરભાઈ આપણા અહીંના માનનારા. પણ છતાં પ્રેમ બધાને. સાંભળવા તો બધા આવે. ૨૦૧૦ની સાલ. મ્યુનિસિપાલિટીના ઓલામાં વ્યાખ્યાન ચાલતું હતું. પછી અહીંયાં પૈસાની વાત આવી ત્યારે એણે જરી પ્રશ્ન મૂક્યો હરજીવનભાઈએ. ૨૦૧૦ની સાલની વાત છે. મહારાજ! પણ પૈસા વિના અમારે જરીએ ચાલતું નથીને. અરે! પણ પૈસા વિના ચાલતું નથી એનો અર્થ શું? એક આત્મામાં બીજી ચીજનો અભાવ છે તો આત્મા ટકી રહ્યો છે, તો પૈસા વિના જ ટકી રહ્યો છે. અરે! પૈસા શું? શરીર વિના ટકી રહ્યો છે અને રાગ વિના ટકી રહ્યો છે. અરે! બાપુ! તને ...

**શ્રોતા :-** પૈસા ક્યાં સાથે રહે છે? તિજોરીમાં પડ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પડ્યા છેને. મમતા છેને અહીં બધી. એ બધી મમતા પડી છે સાથે. પૈસા તો તિજોરીમાં પડ્યા છે. વાત સાચી.

**શ્રોતા :-** પણ મમતા તો છેને. રૂપિયા વયા જાય તો વઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જવાના હશે એ જાશે અને રહેવાના હશે તે રહેશે. એ આત્માથી આવે નહિ અને આત્માથી જાય નહિ એવી ચીજ છે. અહીં તો પુણ્ય અને પાપના ભાવ શુભ અને અશુભભાવ એને પોતાના માનવા એ એકપણું ફીટીને બેપણું થઈ ગયું. મિથ્યાદૃષ્ટિ છે ઈ. આહા..હા..! એ ધર્મી નહિ અને એને ધર્મની ખબરેય નથી. આહા..હા..! આવી વાતું છે, બાપા! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે. જગતમાં એ વાત ક્યાંય છે નહિ. વીતરાગધર્મ સાથે કોઈનો ક્યાંય મેળ છે નહિ. ભલે વેદાંત આત્મા-આત્મા કરે અને આમ નિર્મળ છે બધી વાતું (કરે) પણ એમાં આ વાત નથી. બધી એકાંત મિથ્યાત્વની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં શું કહ્યું? કે **'द्वैतम् अभूत्' 'અનાદિ કાળથી દ્વિવિધાપણું થયું.'** શી રીતે? ક્યા કારણે? **'ભાવાર્થ આમ છે કે મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની—એમ માન્યું.'** જુઓ, શું કહે છે? જે મિથ્યાશ્રદ્ધા કે 'પુણ્ય મારું અને પુણ્યથી લાભ થશે' એવી મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ એ અશુદ્ધ ચેતનાપરિણામપણે પરિણમ્યો. છે? જીવની મારી પરિણતિ છે, એ પર્યાય મારી છે એમ માન્યું. આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્યઘન છે. એને છોડીને શુભ-અશુભ જે વિકલ્પ રાગ વૃત્તિ ઉઠે છે એ અશુદ્ધ પરિણતિને પોતાની માની, શુદ્ધપણું રહી ગયું. ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે એ દૃષ્ટિમાંથી ઓઝલ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે. આવો તે કેવો ઉપદેશ આ તે! ઓલા તો કહે એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા... જીવીયા વહોરવીયા તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં માણેણં અપ્પાણં વોસરે. શું હજી પણ તને શબ્દની ખબર ન મળે. એ શબ્દ કોના છે? અંદર વિકલ્પ ઉઠ્યો એ શું છે? આત્મા શું છે? આહા..હા..! શાંતિભાઈ! આ બધા ગોટા વાળ્યા હતા કે નહિ અત્યાર સુધી? આહા..હા..!

અહીં તો પરમાત્મા સંતો પરમાત્માની વાત આડતિયા થઈને કહે છે. માલ ભગવાનનો છે. સંતો તેમના આડતિયા થઈને વાત કરે છે કે ભગવાન આમ કહે છે.

**શ્રોતા :-** .. સંતો કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ સંતો એમ કહે છે કે ભગવાન આમ કહે છે એમ અમે કહીએ છીએ. જિનવરદેવ એમ કહે છે. આહા..હા..! આવે છેને સમયસારમાં બહુ આવે છે. આહા..હા..! પોતે કહે છે. પોતાના નિજવૈભવથી કહે છે, પણ છતાં ઘણી વખત એમ કહે છે કે જિનવરદેવ એમ કહે છે. પરની કોઈ હિંસા કરી શકે કે પરને જીવાડી શકે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે એમ જિનવર કહે છે. આહા..હા..! અમે તો માનીએ છીએ પણ જિનવર એમ કહે છે કે પરની દયા હું પાળી શકું પરદ્રવ્યની, પરવસ્તુ છે એની દયા પાળી શકે તું? પરની ક્રિયા કરે શકે આત્મા? આહા..હા..!

**શ્રોતા :-** ભાવ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ કરે શુભ રાગ એ હિંસા. એ રાગ એ હિંસા છે. ગજબ વાત છે, બાપુ! ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતાને ત્યાં રાજકોટ. ૧૯૯૫ની સાલમાં ગાંધી આવ્યા વ્યાખ્યાનમાં. મોહનલાલ ગાંધી. તે દિ' આ વાત કરી હતી કે પરની દયા પાળવાનો ભાવ એ રાગ છે. પરની દયા પાળી શકે નહિ, પણ પાળી શકું છું એમ માને એ મૂઢ અજ્ઞાની છે. ૯૫ની વાત છે. ૩૮ વર્ષ થયા. માર્ગ તો આ છે, ભાઈ! એ પછી વળી વાત. મેં તો સિદ્ધાંતની વાત કરી હતી, પણ એને તો બહુ બહારનું ખરુંને એટલે બેચરભાઈને નાનાલાલ કાળીદાસ છેને જસાણી? એનો એક છોકરો છે એને કહ્યું હશે કે એક મહારાજ મને મૂઢ કહેતા હતા, એ મહારાજ ક્યાં છે? મેં તો સિદ્ધાંત કહ્યો હતો કે ભાઈ! પરની દયા પાળી શકું છું એ માન્યતા મૂઢ જીવની છે એમ સિદ્ધાંતકાર સમયસાર કુંદકુંદાચાર્ય ભગવાન વતી કહે છે. આકરી વાતું બાપુ આ. આહા..હા..! પરદ્રવ્યની ક્રિયા કરી શકે? પર સ્વતંત્ર પદાર્થ છે.

**શ્રોતા :-** બધા.... કાઢી મૂક્યાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાઢ્યા. કોણ કાઢે ધૂળ? એ તો નીકળવાની યોગ્યતા એની હતી તો નીકળી ગયા. આહા..હા..! બહુ આકરી વાત, ભાઈ! વીતરાગના સિદ્ધાંતો સત્ય સિદ્ધાંતો સમજવા કઠણ છે, બાપા! એણે કોઈ દિ' પ્રયત્ન કર્યો જ નથી. આ જગતની હુશિયારીમાં મરી ગયો એમાં ને એમાં. આહા..હા..!

અહીં પ્રભુ એમ કહે છે આચાર્ય કે '**મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની—એમ માન્યું.**' આહા..હા..! જીવે અનાદિથી મિથ્યાદષ્ટિપણામાં એ પુણ્ય અને પાપના ભાવ અને મિથ્યાત્વભાવ મારી પરિણતિ છે એવું અજ્ઞાનીએ માન્યું. આહા..હા..! શરીર મારું, લક્ષ્મી મારી, દેશ મારો એ વાત અહીંયાં છે જ નહિ. આહા..હા..! અમારું કાઠિયાવાડ છે. ઓલા મુંબઈમાં નથી કહેતા કે હમચી મુંબઈ એમ બોલે ઓલા મહારાષ્ટ્રવાળા. સાંભળ્યું છેને બધું ત્યાં. ત્યાં પણ ઘણીવાર જઈએ છીએને. ત્યાં પંદર-પંદર હજાર માણસ આવે વ્યાખ્યાનમાં મુંબઈ. દાદરમાં ગયા હતાને પોર. આ ૮૮ વર્ષ બેઠું. ૮૭. દાદરમાં નહિ ભાઈ? રમણિકભાઈ. ચાર-પાંચ કરોડ રૂપિયા. છે આમોદનો છે. અમારે પાલેજ પાસે આમોદ છેને ત્યાંના છે. દિગંબર છે. પાંચ-છ કરોડ. જે મકાનમાં ઉતર્યા હતા એ ૭૦ લાખનું મકાન હતું. ૭૦ લાખનું એક મકાન. જોયું હતુંને ભાઈ? ત્યાં ઉતર્યા હતા. ત્યાં આ વાત કરી હતી બધી. આ વસ્તુ આમ છે, બાપા! અહીં તો મુંબઈ હોય કે પાલેજ હોય કે સોનગઢ હોય, માર્ગ તો આ છે. તમે મોટા છો માટે કરોડો પૈસા ખર્ચો માટે ધર્મ થઈ જાય. મંદિર બનાવ્યા, આ બનાવ્યા માટે ધર્મ થઈ જાય, એમ છે નહિ. શુભભાવ છે અને શુભભાવને પણ મારો માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે શુભભાવ પુણ્યતત્ત્વ છે. નવ તત્ત્વ છેને? તો જીવ, અજીવ, પુણ્ય, પાપ,

આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. નવ છેને? તો પુણ્ય તત્ત્વ ભિન્ન છે શુભભાવ અને આત્મા જ્ઞાયકભાવ ભિન્ન છે. તો જ્ઞાયકને આત્મતત્ત્વને ભિન્ન (આસ્રવ) મારું તત્ત્વ માનવું એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! અરેરે! નવ તત્ત્વની હજી ખબરું ન મળે. આહા..હા..! અશુદ્ધચેતના પરિણતિ, સ્વચેતના પરિણતિ એમ માની. એ વિકારની શુભ-અશુભ પરિણતિ મારી છે. આહા..હા..! એમ માન્યું.

**'વળી ક્રિયાફળથી શું થયું?'** હવે એ ક્રિયા જે થઈ એના ફળમાં શું થયું? આહા..! **'શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં અંતરાય થયો.'** આહા..હા..! પુણ્ય અને પાપની ક્રિયા મારી એમ સ્વરૂપમાં અંતરાય થયો, સ્વરૂપમાં વિઘ્ન થયું. ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળથી કેમ ભૂલ્યો છે એ સ્વચેતના મારી માની એટલે અંતર સ્વરૂપ અને રાગમાં અંતર પડી ગયો, ભેદ પડી ગયો. સ્વરૂપની દૃષ્ટિ જોઈએ એને ઠેકાણે રાગની દૃષ્ટિ (થઈને) ભેદ પડી ગયો. આહા..હા..!

**શ્રોતા :-** આ ફળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ એનું ફળ. આહા..હા..! ભાઈઓને આંતરો પડી જાય છેને. જુઓને, પાંચ ભાઈઓ, આઠ ભાઈઓ હોય તો એક.. ઓલા મકાન જોયા છે તમે? એક ઓસરીએ કરે તો પહેલેથી એનો બાપ બે થાંભલી રાખે વચમાં. બે થાંભલી હોય. જોઈ છે કે નહિ? એ બે થાંભલી હોય ત્યાં અહીં વચમાં આંતરો નાખે તો આનીકોર આ છોકરો અને આનીકોર આ. પહેલેથી કરે એ. શરૂઆત પહેલેથી કરે કે જુદાં પડશે જ આ. એક ઓસરીએ બે થાંભલા હોયને જોડે-જોડે. એટલે આ થાંભલી આનીકોર અને આ થાંભલી આનીકોર અને વચમાં આ છોકરાનું આ અને આ છોકરાનું આ. પહેલેથી કરે હજી તો નાના હોય ત્યારથી. આહા..હા..!

અહીં કહે છે કે રાગ અને આત્મા બે ભિન્ન ચીજ છે. પહેલાંથી ભિન્ન છે. એને પહેલાં પોતાનો માન્યો એ મિથ્યાદષ્ટિ છે. એ આત્મામાં અંતર પડી ગયું. આત્મામાં અંદર જાવું એ વિઘ્ન પડી ગયું. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૯, ગુરુવાર, તા. ૦૬-૧૦-૧૯૭૭,**
**શ્લોક-૨૭૭, પ્રવચન નં. ૪૭૦**

કળશટીકા ચાલે છે. શું? કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં અહીંયાં ભરતક્ષેત્રમાં થયા એ, સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં ત્યાં ગયા હતા. ત્યાં આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ સમયસાર આદિ બનાવ્યા. એની ટીકા એક હજાર વર્ષ પછી આ કુંદકુંદાચાર્ય છે, આ અમૃતચંદ્રાચાર્ય છે, એણે આ ટીકા બનાવી. એના આ કળશ છે. મંદિર ઉપર જેમ આ કળશ ચડાવે છે, એમ આ ટીકા ઉપર કળશ બનાવ્યા. છેલ્લો શ્લોક સૂક્ષ્મ છે ૨૭૭. અહીંયાં આવ્યું છે. આહા..હા..!

'ભાવાર્થ આમે છે...' છે? '**કે મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની—એમ માન્યું.**' અનાદિ કાળથી પોતાનું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદઘન છે તેને ભૂલીને શુભ-અશુભ રાગ, જે શુભ-અશુભરાગની દશા એની પરિણતિને પોતાની માની. આહા..હા..! પોતાનો આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન સચ્ચિદાનંદ આનંદઘન આત્મા છે, ત્રિકાળ શુદ્ધ છે એને ભૂલીને અનાદિ કાળથી શુભ અને અશુભરાગ ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, કામ, માયા, લોભના ભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, ભક્તિ, પૂજાના ભાવ બેય શુભ-અશુભરાગ છે. આહા..હા..! તો અનાદિથી શુભ-અશુભ રાગમાં પોતાની પરિણતિ પોતાની દશા છે એમ અજ્ઞાનીએ માન્યું છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

અંદર ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ, સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! બનારસીદાસ કહે છેને. આત્માનું સ્વરૂપ અંદર એ તો સિદ્ધ સમાન પરમાનંદ મૂર્તિ છે. એનું જ્ઞાન અને અનુભવ સમ્યગ્દર્શન કર્યા વિના અનાદિ કાળથી શુભ અને અશુભ જે વિકલ્પ નામ રાગ એ જે વિકારી દશા એ પોતાની માનીને પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીરાદિ તો જડ માટી ધૂળ છે, લક્ષ્મી ધૂળ છે, મકાન ધૂળ છે, એ તો જડ પરપદાર્થ છે, એ તો પોતામાં આવતા નથી અને એનો કોઈ આત્મા કદી કરી શકતો પણ નથી. આહા..હા..! પણ પોતામાં પુણ્ય અને પાપના ભાવ થાય છે તેને પોતાના સ્વરૂપની દૃષ્ટિ ખોઈને, એ વિકારના પરિણામનું પરિણમન પોતાનું છે એમ માનીને બંધનમાં પડ્યો છે. આહા..હા..! કહો, શેઠ! શું છે?

**શ્રોતા :-** ભૂલ કેવી રીતે થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂલ અનાદિથી થઈ. 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' પોતાની ચીજ અંદર આનંદકંદ જ્ઞાયકસ્વરૂપ, પોતાને ભૂલીને 'અપને કો આપ ભૂલકર હેરાન

હો ગયા.' કર્મથી નહિ. સમજાણું કાંઈ? વસ્તુ શુદ્ધ પણ અનાદિ છે અને પુણ્ય-પાપના ભાવ મારા એવી માન્યતા પણ અનાદિની છે. આહા..હા..! અરે..! એણે દરકાર કરી નથી કે હું શું છું અંદર?

તો કહે છે કે '**મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની—એમ માન્યું.**' આહા..હા..! પોતાનું અસ્તિત્વ જે છે મોજૂદગી એ તો જ્ઞાન અને આનંદના સ્વભાવથી પોતાની મોજૂદગી છે. તો એ મોજૂદગી જે પોતાનું અસ્તિત્વ છે એનું તો ભાન નથી અને પુણ્ય અને પાપના વિકલ્પ જે ઉઠે છે એમાં પોતાનું અસ્તિત્વ માન્યું. આહા..હા..! શરીર, વાણી, મન તો પર, જડ છે, આ તો માટી, ધૂળ છે, અજીવ છે. એની વાત તો અહીંયા છે નહિ, પણ અંદરમાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભ, અનાદિ કાળનો શુભનો અભ્યાસ, અશુભ છોડીને શુભનો અભ્યાસ, શુભ છોડીને અશુભનો અભ્યાસ. એ અનાદિકાળથી અજ્ઞાની જીવે પોતાના સ્વરૂપના ભાન વિના શુભ-અશુભ પરિણામની દશા એને પોતાની માની અને એનાથી બંધ થયો તો ચાર ગતિનું ફળ મળ્યું. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવી વાત છે, બાપુ! આહા..હા..!

ચાર ગતિ, ચોર્યાસીના અવતાર. ચોર્યાસી લાખ યોનિમાં અનંતવાર જન્મ્યો તો એમાં સ્વર્ગ પણ આવ્યું, નરક પણ આવ્યું, મનુષ્ય પણ આવ્યો, શેઠાઈ આવી, રાજા આવ્યો એ બધામાં અનંતવાર જન્મ્યો છે. કેમ? કે જ્યારે પાપભાવ કર્યા તો નરક યોનિ આદિમાં જાવું પડ્યું, પુણ્ય મધ્યસ્થ કર્યું તો મનુષ્ય યોનિમાં ગયો, ઘણા પુણ્ય કર્યા તો સ્વર્ગમાં ગયો, પણ એ ચાર ગતિમાં અનાદિથી રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત ઝીણી, બાપુ! વીતરાગમાર્ગ જન્મ-મરણરહિત થવાની ચીજ કોઈ જુદી છે.

તો કહે છે કે ચૈતન્યસ્વરૂપ નિર્મળાનંદ પ્રભુ એને ભૂલીને અનાદિથી એ શુભ-અશુભ રાગ પોતાની દશા પરિણતિ એ પોતાની છે એમ માન્યું. એ વિભાવ છે, વિકાર છે, સદોષ છે, મલિન છે. આહા..હા..! નિશ્ચયથી એ પુણ્ય અને પાપના ભાવ અશુચિ છે, જડ છે, દુઃખરૂપ છે. આહા..હા..! કહો, હસમુખભાઈ! આવી વાત છે. પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા હવે ધૂળ. આહા..હા..! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! તારી ચીજ શું છે અંદર.

જીવસ્વરૂપ જેને આત્મા કહીએ એ નવ તત્ત્વમાં તો પુણ્ય-પાપ ભિન્ન ચીજ છે, આત્મા ભિન્ન ચીજ છે. તો ભિન્ન ચીજનું ભાન નથી તો એ પુણ્ય-પાપના તત્ત્વને પોતાના માનીને, અશુદ્ધ દશાને પોતાની માનીને બંધનું કારણ કર્યું અને એ બંધના ફળમાં સ્વર્ગ, નરક, ચાર ગતિ મળી. અને ચાર ગતિ સંયોગ મળ્યો એમાં અનુકૂળ, પ્રતિકૂળ અને મિથ્યાત્વ રાગ અને રાગ-દ્વેષ કરીને વળી ફરીને પુણ્યબંધ કરીને પરિભ્રમણનું કારણ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! એને જન્મ-મરણરહિત થવાની ચીજ કોઈ બીજી છે. એ શુભ-અશુભભાવ તો અનંતવાર કર્યા.

તો કહે છે શું? (પોતાની છે) **'એમ માન્યું. વળી ક્રિયાફળથી શું થયું?'** આહા..હા..! એ શુભ-અશુભભાવ એનાથી બંધ થયો અને એના ફળમાં સંયોગ મળી ગતિ. સ્વર્ગ ગતિ મળે કે મનુષ્ય ગતિ મળે પણ એ બધી સંયોગી ગતિ મળી. શું થયું? **'ક્રિયાફળથી શું થયું?'** 'यतः अत्र अन्तरं भूतं' **'જે ક્રિયાફળના કારણે શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં અંતરાય થયો.'** આહા..હા..! પોતાનો નિર્મળાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ ચીજમાં પુણ્ય-પાપના ભાવના ફળમાં વિઘ્ન થયું, અંતરાય થયો. આહા..હા..! આવી વાતું છે, બાપુ! ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકોને અનંતકાળમાં એવી યથાર્થ વાત સાંભળવા મળી નથી. સમજાણું કાંઈ?

અહીં પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ, સંતો ત્રિલોકનાથ જિનેન્દ્રદેવની વાત કરે છે. સંતો દિગંબર મુનિઓ અંતર આનંદના સ્વસંવેદનને વેદનારા એ તીર્થંકરની, જિનેન્દ્રની વાત આડતિયા થઈને દુનિયાને કહે છે કે સાંભળ તો ખરો એકવાર, પ્રભુ! તારી પ્રભુતાથી ભરેલો અંદર ભગવાન ભંડાર અનંત શાંતિ અને આનંદના ગુણનો ભંડાર આત્મા અંદર છે. આહા..હા..! એ ભંડાર ઉપર તારી નજર નથી. તારી નજર પુણ્ય અને પાપના વિકલ્પ ઉપર તારી નજર. તો નિધાન વસ્તુસ્વરૂપ અને એ રાગના ફળમાં સંયોગ મળ્યો તો આત્મામાં અને વિકારમાં અંતરાય થયો. સ્વરૂપમાં અંતરાય પડ્યો. સ્વરૂપની દૃષ્ટિ નહિ થઈને વિકારની દૃષ્ટિ થઈ. વિઘ્ન થયું અંદર. આહા..હા..! ઝીણી વાતું બહુ. આહા..હા..! અરે! પ્રભુ! તેં તારી ચીજ (જાણી નહિ).

વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર સીમંધર પરમાત્મા તો સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં. અત્યારે બિરાજે છે કેવળી તીર્થંકર. ત્યાંથી આ બધી વાણી આવી છે. આહા..હા..! કહે છે કે એકવાર સાંભળ તો ખરો. તારી ચીજમાં તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા પડી છે તારામાં. આહા..હા..! એવી ચીજને ભૂલીને અનાદિથી પુણ્ય-પાપની ક્રિયાના રાગમાં તારી રુચિ થતાં એના ફળમાં પુણ્ય-પાપનું બંધન થયું, એના ફળમાં સંયોગી ચીજ મળી. એ સંયોગી ભાવને પોતાનો માન્યો તો એના ફળમાં સંયોગી ચીજ મળી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? શેઠ! શુભ અને અશુભભાવ એ સંયોગીભાવ છે, આત્માનો સ્વભાવભાવ નથી. સંયોગી વિભાવ ઉત્પન્ન થયો. આહા..હા..! અરેરે! એ વિભાવ સંયોગી હોવાથી પોતાનો માન્યો તો એના ભાવમાં સંયોગી ચીજ મળી અને સંયોગી ચીજમાં પાછા સંયોગી ભાવ ઉત્પન્ન કર્યા રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચક્ર ચાલુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચક્ર ચાલુ અરહટ. આહા..હા..! અરહટ નથી (હોતું) પાણીમાં? ઉપરથી પાણી નીકળે અને નીચેથી ભરે. અરહટ. આહા..હા..! રેંટ-રેંટ. હિન્દુસ્તાનમાં તો શું

કહે છે? રેંટ કહે છે. પ્રભુ! તારી ચીજમાં અને પુણ્ય-પાપના ભાવના ફળમાં અંતરાય થયો. તારી ચીજ એકકોર પડી રહી. આહા..હા..! અંતરાય થયો, વિઘ્ન થયું. ત્યાં ભોગવવા ગયો, અહીંયાં ભોગવવા ન રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અંતરાય થયો. ભાવાર્થ આમ છે કે જીવનું સ્વરૂપ તો અનંતચતુષ્ટયસ્વરૂપ છે;...'** ભગવાન આત્માનું સ્વરૂપ, સ્વભાવ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતબળ એ અનંત ચતુષ્ટયસ્વરૂપ અનાદિથી છે. આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ? આત્મા જે વસ્તુ અંદર છે,.. આ તો માટી-ધૂળ છે, અંદરમાં કર્મ એ માટી-ધૂળ છે અને પુણ્ય અને પાપના ભાવ થાય છે એ વિકૃત-વિભાવ વિકાર છે એનાથી ભિન્ન ભગવાન આત્મા છે અંદર. એમાં અનંતચતુષ્ટય બિરાજમાન છે. આહા..હા..! અરે! ક્યાં માને? જેમાં અનંતજ્ઞાન અમર્યાદિત જ્ઞાન ભરેલું છે. અનંતઆનંદ ભરેલો છે. આહા..હા..! અનંતબળ છે અને અનંતદર્શન છે અને અનંતસુખ છે. આહા..હા..! શક્તિ છેને? સદ્‌ભાવ છેને? એનું સત્ત્વ છેને? સત્‌નું એ સત્ત્વ છેને? આહા..હા..! એવું અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતબળ, અનંતસુખ એવા અનંતચતુષ્ટય ભરેલા છે પોતામાં.

તો કહે છે કે **'અનંતચતુષ્ટયરૂપ છે; અનાદિથી માંડીને અનંત કાળ ગયો,...'** આહા..હા..! ડુંગળીમાં, લસણમાં, કાંદામાં, આ મૂળામાં અનંત ભવ કર્યા. એક શ્વાસમાં અઢાર ભવ. ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે તેં અનાદિથી એક શ્વાસમાં, એ નિગોદ નામ એ ડુંગળી અને લસણમાં એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. એવા અનંતવાર અઢાર ભવ કર્યા. આહા..હા..! ભૂલી ગયો. બહાર નીકળ્યો (ત્યાં) ભૂલી ગયો પછી. આહા..હા..! અનાદિ કાળથી અનંતકાળમાં. આવ્યું? **'અનાદિથી માંડીને અનંત કાળ ગયો, જીવ પોતાના સ્વરૂપને ન પામ્યો,...'** આહા..હા..! અનંતજ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ પ્રભુ એના સ્વરૂપની દૃષ્ટિને ન પામ્યો. આહા..હા..! આમ છે. ઝીણી વાતું બહુ, બાપુ! આ તો બહારથી મનાવી દીધું કે આ જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો અને વ્રત પાળો ને અપવાસ કરો. એ તો પ્રભુ! શુભરાગની ક્રિયા છે. ભાઈ! તને ખબર નથી. એ ક્રિયાનું ફળ તો સંયોગી ચીજ મળશે. આત્મધર્મ નથી એમાં. આહા..હા..! ઝીણી વાત બહુ અપૂર્વ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર અનંતજ્ઞાન મર્યાદા વિનાનું જ્ઞાન, અપરિમિત દર્શન, આનંદ આદિથી ભરેલો પ્રભુ એ અનાદિ કાળથી સ્વસ્વરૂપને ભૂલી ગયો છે. છે? **'સ્વરૂપને ન પામ્યો,...'** આહા..હા..! એ શુભ અને અશુભ રાગની ક્રિયામાં રોકાઈ ગયો. અશુભ રાગરહિત મારી ચીજ અનંતચતુષ્ટયથી ભરેલી છે એને ક્યારે પણ પ્રાપ્ત કર્યું નથી. સમ્યગ્દર્શન કદી એક સેકન્ડ નથી કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એમ તો અબજોપતિ રાજા અને શેઠ પણ અનંતવાર થયો, એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! અને સો વાર માગે અને એક કોળિયો મળે આહાર

એવો ભિખારી પણ અનંતવાર થયો. એ બધું પૂર્વની પુણ્ય-પાપની ક્રિયાનું ફળ છે. અનાદિ કાળથી પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જે સિદ્ધસ્વરૂપી આત્મા એને ન પામ્યો, સમ્યગ્દર્શન ન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે.

અનાદિ કાળથી જીવે પોતાનું સ્વરૂપ (જાણ્યું નથી). એ પુણ્ય અને પાપનો ભાવ એ પોતાનું સ્વરૂપ નથી. એ તો વિભાવી વિકૃત અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ પીપરમાં લાખ હોય છે. પીપરના ઝાડ નથી હોતા? શું કહે છે? પીપરનું ઝાડ. લાખ હોય છેને લાખ? તો પીપરનું એ સ્વરૂપ નથી. લાખ એ પીપરનું સ્વરૂપ નથી, એમ ભગવાન આત્મા. એ દૃષ્ટાંત આપ્યું છે. જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ પ્રભુ એમાં પુણ્ય અને પાપના ભાવ લાખ સમાન છે. જેમ પીપરને લાખ ખાઈ જાય છે, આહા..હા..! એમ પુણ્ય અને પાપના ભાવ આત્માની શાંતિને ખાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હવે.

**'પોતાના સ્વરૂપને ન પામ્યો,...'** આહા..હા..! બાકી પુણ્ય અને પાપના શુભ અને અશુભભાવ અનંતવાર કર્યા. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ જેને સર્વજ્ઞ પરમેશ્વરે શુદ્ધ સત્તાસ્વરૂપ આત્માને જોયો છે એનું જ્ઞાન અને સમ્યગ્દર્શન કદી કર્યું નથી. આહા..હા..! સમજાય છે? આહા..હા..! પોતાના સ્વરૂપને કદી પામ્યો નથી. અનંતકાળમાં પશુ થયો, માંસ અને દારૂ અને શિકાર આદિ કરીને નરકમાં ગયો. એ માન, માયા, લોભ, રાગ કરીને, કપટ કરીને તિર્યંચ થયો. આ તિર્યંચ એટલે આડા. આડાને શું કહે છે? ટેઢા. મનુષ્યનું શરીર સીધું છેને આમ, તો ગાય, ઘોડા, ભેંસના શરીર આડા છે. તો આડા કેમ થયા? કે પૂર્વે માયા, કપટ અને કુટિલતા બહુ કરી આડોડાઈ એના ફળમાં શરીર પણ આડું થઈ ગયું. એવો તિર્યંચ અનંતવાર આત્મા થઈ ગયો છે. આહા..હા..! પોતાના સ્વરૂપની પ્રાપ્તિ વિના. આહા..હા..! સમજાણું કાંઈ? અને પુણ્ય એટલા કર્યા કે નવમી ગ્રૈવેયક પણ અનંતવાર ગયો. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ છ ઢાળામાં આવે છે. મુનિવ્રત ધાર દિગંબર મુનિ થયો, પંચમહાવ્રત પાળ્યા, પણ એ તો બધો રાગ છે. આહા..હા..! શુભરાગ છે એ કોઈ ધર્મ નથી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! પણ એ રાગની ક્રિયારહિત આત્મજ્ઞાન, આત્માનું જ્ઞાન (કર્યું નહિ). પર્યાયનું જ્ઞાન અને ગુણનું જ્ઞાન એમ નથી કીધું. આત્મજ્ઞાન-વસ્તુ જે પૂર્ણ દ્રવ્યસ્વભાવ એના જ્ઞાન વિના લેશ સુખ ન પાયો. એ દયા, દાન, વ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે. 'લેશ સુખ ન પાયો' એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાત, ભાઈ! એનું અનંતકાળથી પરિભ્રમણ, પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ વિના એણે આત્માને પ્રાપ્ત કર્યા વિના, પુણ્ય-પાપને પ્રાપ્ત કર્યા. સમજાણું કાંઈ?

તો એને કારણે **'ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો;...'** આહા..હા..! ચાહે તો સ્વર્ગ હોય તોપણ દુઃખી છે ત્યાં. સુખ-બુખ છે નહિ ધૂળમાં ત્યાં. આહા..હા..! આ અબજોપતિ, કરોડોપતિ

આ શેઠિયા કહેવાય ભિખારા એ દુઃખી છે. કેમ ભિખારા? ભગવાન સ્વરૂપનું ભાન નથી અને રાગ મારો અને આ મારી ચીજ, એ પરને પોતાની માને છે અને પરને લાવું એ ભિખારી છે. બાદશાહી અંદરમાં પડી છે. ચૈતન્ય ચક્રવર્તી પડ્યો છે અંદર. ભગવાન ચૈતન્ય ચક્રવર્તી પોતાના આનંદમાં ન આવતા અને પરથી સુખ મળશે, પૈસાથી, બાયડીથી, કુટુંબથી, આબરૂથી, શરીર જુવાન લઠ જેવું હોય એનાથી! ભિખારી છે ભિખારી. ભિખારી સમજો છો? રાંક. આહા..હા..! એ પોતાના સ્વરૂપને નહિ જાણીને ચાર ગતિમાં (રખડે છે). ચતુર્ગતિ ચાર ગતિ લીધી છેને? સ્વર્ગમાં સુખ છે? ધૂળમાંય નથી ત્યાં. આહા..હા..! દેવને હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે, પણ છે આકુળતા. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચતુર્ગતિ દુઃખ છે. અહીં એ કહ્યું.

'**ચતુર્ગતિસંસારનું દુઃખ...**' એમ લીધું. આહા..હા..! ચાહે તો નરક યોનિમાં અનંતવાર ગયો, પશુ યોનિમાં અનંતવાર ગયો. ત્યાં દુઃખ. મનુષ્ય યોનિમાં અનંતવાર આવ્યો અને સ્વર્ગ યોનિમાં અનંતવાર ગયો. નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! આ શું છે તે? આવી નવરાશ પણ ક્યાં છે માણસને, ફુરસદ પણ ક્યાં છે? જગત ઝંઝાળ, સંસારની ઝંઝાળ આડે સત્ય વાત સાંભળવાનો સમય પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો સત્ય પ્રગટ કરવું એ તો ક્યાં રહ્યું? ભાઈ! સમજાણું કાંઈ?

શું કહે છે? કે '**પોતાના સ્વરૂપને ન પામ્યો, ચતુર્ગતિસંસારનું...**' ચારેય ગતિ સંસાર. આહા..હા..! એ શુભ અને અશુભભાવ બેય સંસાર છે. શુભ અને અશુભભાવ બેય સંસાર છે કે જેનાથી પુણ્ય-પાપ બંધાય અને જેનાથી સંસાર ફળે. આહા..હા..! શુભ અને અશુભભાવથી રહિત ચૈતન્યસ્વરૂપના અનુભવ વિના, પ્રાપ્તિ વિના ચાર ગતિ ચોર્યાસી લાખમાં અનંત અવતાર કર્યા. સમજાણું કાંઈ? '**ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો;...**' આહા..હા..! સંસારનું દુઃખ પામ્યો. પણ એ દુઃખ કોને કહેવું એની ખબર નથી એને. પૈસા મળે અબજો તો મને મળ્યા એવો ભાવ એ દુઃખરૂપ છે. રાગ મળ્યો, આ મારો રાગ છે એવી માન્યતામાં રાગને પોતાનો માને એ દુઃખ છે. આહા..હા..!

**શ્રોતા :-** તો આખી દુનિયા દુઃખી થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખી દુનિયા દુઃખી છે. આ રાજ ન કર્યું ઈરાક.. કોણ? એક દેશ છેને. ઈરાક. દેશ નાનો છે, પણ એમાં પેટ્રોલ બહુ નીકળ્યું છે પેટ્રોલના કૂવા. એક દેશ છે. પેટ્રોલ એટલું નીકળ્યું કે એક કલાકમાં દોઢ કરોડની પેદાશ છે. અત્યારે રાજા છે. મરીને નરકે જવાના બધા એ હેઠે. આહા..હા..! સમજાણું કાંઈ? એક કલાકની દોઢ કરોડ. લ્યો એય..! શેઠ! પોપટભાઈ! તમારે તો પૈસા બે કરોડ કહેવાય છે. આ તો એક ક્લાકની દોઢ કરોડ પેદાશ.

**શ્રોતા :-** અમને એટલા ક્યારે પેદા થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી પૈસામાં શું છે? હોળી સળગે છે. રાગની અગ્નિ બળે છે. 'રાગ આગ દહે સદા.' આવે છે છ ઢાળામાં? છ ઢાળામાં આવે છે પણ કાંઈ ખબરેય નથી. 'રાગ આગ દાહ દહે સદા તાતૈં સમામૃત સેઈએ.' એ શુભ-અશુભ રાગ બેય આગ છે. 'રાગ આગ દાહ દહે સદા.' આત્માની શાંતિને સળગાવે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા' એ શુભ અને અશુભ રાગ, ચાહે તો વ્રતનો રાગ, તપનો રાગ, ભક્તિનો રાગ પણ એ 'રાગ આગ દાહ દહે સદા' આહા..હા..! એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. ઝીણી વાત, બાપુ! એણે અનંતકાળ ગુજાર્યો છે ચોર્યાસીના અવતારમાં. અરે!

એ કહે છે કે **'ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો; તે પણ ક્રિયાના ફળના કારણે.'** શું કહે છે ઈ? આ શુભાશુભભાવ જે હતો તે ક્રિયા. એનું ફળ ચાર ગતિ મળી. એને કારણે પાછા રાગ-દ્વેષને કારણે, એ કારણે ચાર ગતિમાં દુઃખી છે. આહા..હા..! અહીં તો જરી પાંચ-પચાસ લાખ મળે ત્યાં થઈ જાણે મોટો શેઠિયો થઈ ગયો અને જાણે અમે સુખી. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! એમાં બે-પાંચ-દસ કરોડ થાય એટલે જાણે કે આહા..હા..! બાદશાહી આવી પાપની. આવું છે, પંડિતજી! ક્યાં ઓલા વયા ગયા દશરથલાલજી? દશરથલાલજી આવ્યા છે? ત્યાં બેઠા છે? ઠીક! કીધું અહીં કેમ નહિ. સમજાણું કાંઈ? પ્રભુ! વાત નિરાળી છે, નાથ! તારી ચીજ બીજી, તારી ચીજમાં વિકાર બીજો. આહા..હા..!

બહેને તો નથી લખ્યું ઓલું ૧૪૯ પાને? ભાઈ બોલ્યા હતા. અરે! ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ જેણે પુણ્ય-પાપના ભાવથી આત્માનું ભિન્ન ભાન થયું છે, સમ્યગ્દર્શન થયું છે એ ભલે રાગમાં હોય કે ગૃહસ્થાશ્રમમાં હોય, પોતાનો સ્વરૂપભાવ એનું ભાન-અનુભવ થયો તો એ વિભાવમાં આવે છે પુણ્ય-પાપમાં (તો એમ લાગે છે) અમે તો પરદેશમાં આવી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ તે સ્વદેશ, પોતાનો સ્વદેશ. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન એ પોતાનો સ્વદેશ અને પુણ્ય અને પાપના ભાવ એ પરદેશ વિભાવ છે. આહા..હા..! એય..! અનાર્ય દેશમાં જ્યારે જાય છે, એમ પુણ્ય-પાપમાં ગયો તો અનાર્ય દેશમાં ગયો એમ લાગે. આહા..હા..! ધર્મીને પણ શુભભાવ આવે છે, પણ એ પરભાવમાં ગયો પરદેશમાં એમ લાગે. અજ્ઞાનીને એ શુભભાવ આવે એમાં ધર્મ માને છે. અમે કાંઈક કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે **'દુઃખ પામ્યો; તે પણ ક્રિયાના ફળના કારણે. વળી ક્રિયાફળથી શું થયું?'** શુભ-અશુભભાવ કર્યા એ વિકારી ક્રિયા છે. શુભ-અશુભભાવ એ વિકારી ક્રિયા છે. આત્માની ક્રિયા તો નિર્મળ શુદ્ધસ્વભાવી ક્રિયા છે. એ તો છે નહિ એની પાસે. શુભ અને અશુભભાવની ક્રિયા એનાથી પુણ્ય-પાપનો બંધ પડ્યો. એનાથી મળ્યો સંયોગ. એ બધું

ક્રિયાનું ફળ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે '**ક્રિયાફળથી શું થયું?**' કે '**यतः रागद्वेषपरिग्रहे सति क्रियाकारकैः जातं**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જગતને કરુણા કરીને કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. એ તારી ચીજ અંદર પરમેશ્વર શક્તિથી ભરી પડી છે, નાથ! એની તને ખબર નથી. તું પામર થઈને પરિભ્રમણ કરે છે. આહા..હા..! તો કહે છે કે પરિભ્રમણ કરતાં ક્રિયાનું ફળ શું આવ્યું?

'**જે ક્રિયાના ફળથી અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ થયા,...**' આહા..હા..! શું કહે છે? શુભભાવ, પુણ્ય-પાપના ભાવ થયા. એનાથી પુણ્ય-પાપનો બંધ પડે છે અને એના ફળમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે છે. તો અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં દૃષ્ટિ કરતા અશુદ્ધ પરિણતિ ઉત્પન્ન થાય છે. આહા..હા..! મલિન દશા ઉત્પન્ન થાય છે. ભલે શુભ હો કે અશુભ હોય. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! વીતરાગની વાણી મળે અને સાંભળે તો એ શુભરાગ છે, દુઃખ છે. આહા..હા..! પ્રભુ! આકરી વાત છે, ભાઈ! સંયોગી ચીજ ક્રિયાનું ફળ એ પુણ્યબંધ થયો એનું ફળ આ આવ્યું કે સંયોગી ચીજ વાણી મળી, ભગવાન મળ્યા, સમવસરણ મળ્યું. આહા..હા..! અને પાપના પરિણામમાં નરક મળ્યું. બેયના લક્ષે તો અશુદ્ધ પરિણમન ઉત્પન્ન થાય છે. ભલે શુભ હો કે અશુભ હો. આહા..હા..! ઝીણી વાત, પ્રભુ! વીતરાગ જિનેન્દ્રદેવનો માર્ગ. અરે! જિનના પંથમાં જન્મ્યા એને ખબર નથી હજી શું છે? અન્યમાં તો છે જ નહિ. આહા..હા..!

ત્રણલોકનો નાથ વીતરાગ પરમેશ્વર જિનેન્દ્ર એમ ફરમાવે છે, પ્રભુ! તારે અંતર પડી ગયું. તારી ચીજના અનુભવમાં વિઘ્ન થઈ ગયો. એ પુણ્ય-પાપના ભાવથી જે સંયોગ મળ્યો એમાં તને રાગ-દ્વેષ થયા. એમાં રાગ-દ્વેષ જ થશે. તારા આનંદના અનુભવમાં વિઘ્ન પડી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, તેમ સ્વર્ગમાં ગયો. જેમ આ ચૌદ બ્રહ્માંડ છે. ઉભો પુરુષ હોય, આ પુરુષ ઉભો. એવા (આકારે) ચૌદ બ્રહ્માંડ ભગવાને જોયા છે. અસંખ્ય યોજનમાં ચૌદ બ્રહ્માંડ. ત્યાં ગ્રીવા છે. ગ્રીવાના સ્થાનમાં નવ ગ્રૈવેયક વિમાન છે. નવમી ગ્રૈવેયક. મુનિવ્રત ધારણ કર્યા, નવમી ગ્રૈવેયક જાય એવી શુક્લલેશ્યા, શુભભાવ, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, આત્મજ્ઞાન નહિ, સમ્યગ્દર્શન નહિ. એ કારણે નવમી ગ્રૈવેયક ગયો. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! બહુ ઝીણી વાત ભાઈ!

એ અહીં કહે છે કે એ શુભ અને અશુભભાવને પોતાનો માન્યો તો એ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી, તો સંયોગી ભાવથી સંયોગ પુણ્યબંધ-પાપબંધ થશે, એનાથી સંયોગી ચીજ મળશે અને સંયોગી ચીજમાં તારું લક્ષ જશે તો શુદ્ધતા તો ત્યાં છે નહિ (તો) પુણ્ય અને પાપની અશુદ્ધ પરિણતિ તને થશે. આહા..હા..! ગજબ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે, ભાઈ! એને મનુષ્યપણું મળ્યું પણ કાંઈ કિંમત કરી નહિ ચૈતન્યની.

આહા..હા..! બહારની કિંમતમાં મરી ગયો. જેને બહારની મહિમા એને અંતરની મહિમા ન રહી અને અંતરની જેને મહિમા આવે છે એને બાહ્યની મહિમા રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે એ **'અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ થયા,...'** **'परिग्रहे'** કીધુંને પરિગ્રહ—પક્કડ થઈ ત્યાં. જ્યાં હોય ત્યાં અનુકૂળ-પ્રતિકૂળ ચીજ મળી. આ શરીર અનુકૂળ મળ્યું ધૂળ તો ત્યાં એને રાગ થયો. આહા..હા..! મારું શરીર સુંદર, રૂપાળું. અરે..! આ માટી છે, ધૂળ છે, સાંભળને. એ તો પૂર્વના શુભભાવનું કોઈ ફળ છે. એ તો ક્રિયાનું ફળ છે. એ ફળને વળી મારું માનવું અને રાગ કરવો, અશુદ્ધ પરિણતિ ઉત્પન્ન થશે. આ ક્રિયાના ફળમાં અશુદ્ધ પરિણતિ થશે એમ કહે છે. ક્રિયાના ફળમાં ધર્મની શુદ્ધ પરિણતિ થશે એમ નથી એમ કહે છે. આવી વાતું હવે. આહા..હા..! સાંભળવા મળે નહિ ત્યાં શું કરે?

વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા ઈન્દ્રોની વચ્ચે સિંહ અને વાઘ અને નાગ જેની સભામાં આવે છે. મહાવિદેહમાં ભગવાન અહીંયાં બિરાજે છે. અત્યારે પણ નાગ અને વાઘ ને સિંહ ઈન્દ્રો સભામાં આવે છે. તો એ સભામાં ભગવાન આમ કહેતા હતા. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે પુણ્યના ફળમાં તને કોઈ શેઠાઈ મળે, રાજાઈ મળે, સ્વર્ગાઈ મળે. તો એના ઉપર તારું લક્ષ જશે તો અશુભભાવ થશે અને કોઈ પુણ્યના ફળમાં વીતરાગની વાણી મળે, સમવસરણ મળે... આહા..હા..! તો એનાથી શુભરાગ થશે. એ પણ અશુદ્ધ છે. આહા..હા..! આવી વાત આકરી પડે માણસને. કાંઈ ખબર નથી. આંધળે આંધળું અનાદિથી ચાલે છે.

અહીં એ કહે છે કે અનાદિ કાળથી પ્રભુ તારી ચીજ શું છે એ સ્વરૂપની પ્રાપ્તિ તેં ન કરી. એ કારણે ચાર ગતિમાં દુઃખમાં તારે રખડવું પડ્યું. આહા..હા..! અને ત્યાં જ્યારે ચાર ગતિ મળી તો ત્યાં આગળ અનુકૂળ કોઈ સંયોગ હોય તો કદાચિત્ કોઈને શુભભાવ થાય, ભગવાનની વાણી આદિ (મળે). પ્રતિકૂળ સંયોગ હોય અને પૈસા આદિના અનુકૂળ હોય તો તો અશુભભાવ છે ત્યાં. આહા..હા..! અને એ પૈસા ખર્ચવાનો ભાવ થયો કદાચિત્ એ પણ રાગની મંદતાનો શુભભાવ છે, એ પુણ્યબંધનું કારણ છે, એ આત્માની ક્રિયા નથી. આહા..હા..! આવી વાત.

કહે છે કે રાગ-દ્વેષ આદિ પરિણામ થયા. **'એમ થતાં...'** **'क्रियाकारकैः जातं'** આહા..હા..! **''જીવ રાગાદિ પરિણામનો કર્તા છે'...'** આહા..હા..! ત્યારે એમ થયું કે પુણ્ય અને પાપના ભાવ છે એ મારું કર્તવ્ય છે, મારું કર્તવ્ય છે એવું મિથ્યાદૃષ્ટિને થાય છે. ઝીણી વાત, પ્રભુ! આ શરીર, વાણી, મન જડ પરદ્રવ્યની તો ક્રિયા કરી શકતો નથી. કારણ કે એ તો સ્વતંત્ર જગતનો પદાર્થ છે, તો પોતાની (જડની) પર્યાયનો કર્તા એ જડ સ્વતંત્ર છે. આહા..હા..! આંગળી હાલે-ચાલે એ તો જડને કારણે છે, આત્માથી નહિ. આહા..હા..!

પણ પોતામાં જે પુણ્ય-પાપનો ભાવ થયો, પુણ્ય-પાપના ભાવથી-ક્રિયાથી બંધન થયું અને ફળમાં સંયોગ મળ્યો અને સંયોગમાં રાગ-દ્વેષનો પરિગ્રહ થશે. સંયોગી ચીજમાં તો તને રાગ અને દ્વેષની પરિણતિ થશે. આહા..હા..! છે?

અને **'એમ થતાં 'જીવ રાગાદિ પરિણામનો કર્તા છે તથા ભોક્તા છે'** ઈત્યાદિ...' તને એમ થઈ ગયું પછી કે રાગનો કર્તા હું છું. જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એને ભૂલી ગયો અને ભૂલમાં જ ભૂલ કરી હતી. એ ભૂલમાં સંયોગ મળ્યા ફળ, સ્વર્ગ મળે તોપણ કહે છે કે એ તરફ લક્ષ જશે તો તને રાગ થશે. ગજબ વાત છે, પ્રભુ! એમાં આવ્યુંને? ૭૪ ગાથામાં આવ્યું છે. આસ્રવ જે પુણ્ય અને પાપ બે ભાવ એ દુઃખ છે અને દુઃખફળ છે. એ કહ્યું અહીંયાં. એ અમૃતચંદ્રાર્યે કરેલા શ્લોક છે અને આ પણ અમૃતચંદ્રાચાર્યના છે. શુભ-અશુભભાવ છે પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ અને હિંસા, જૂઠું આદિ અશુભભાવ બેય દુઃખરૂપ છે. કેમકે આત્માના આનંદસ્વરૂપથી વિપરીત ભાવ છે અને એનું ફળ દુઃખફળ છે. આહા..હા..! પાપથી પ્રતિકૂળતા મળશે તો ત્યાં અશુભભાવ થશે અને પુણ્યથી કોઈ અનુકૂળ સંયોગ મળશે તો ત્યાં શુભભાવ થશે, પણ છે તો બેય વિકાર. આહા..હા..! ત્યાં આગળ તને રાગની કર્તાબુદ્ધિ થશે. આહા..હા..! કેમકે આત્મા જ્ઞાતા ચિદાનંદસ્વરૂપ છે એની તો તને ખબર નથી. આહા..હા..! એ આવ્યું હતુંને સવારે નહિ? કે આત્મા જ્ઞાયક છે અને સર્વ ચીજ એ જ્ઞેય છે—જાણવાલાયક છે. કોઈ ચીજ મારી એવું માનવાલાયક એવી આત્મામાં યોગ્યતા જ નથી. પર્યાયમાં મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન કરે કે મારી ચીજ છે, આ મારી ચીજ છે, આ મારી ચીજ છે. એ રાગ મારો છે એવી માન્યતા (કરે એવી) કોઈ શક્તિ નથી આત્મામાં. એ તો પર્યાયમાં મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે. આહા..હા..! શું કહે છે?

ભગવાન આત્મામાં અનંત શક્તિ છે ગુણ અને એક-એક ગુણમાં અનંતી તાકાત છે, પણ કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. એવી કોઈ શક્તિ છે? પણ એ શક્તિ અને શક્તિવાન ઉપર જેની દૃષ્ટિ નથી એને પર્યાયબુદ્ધિએ રાગ ઉપર રુચિ છે તો રાગનો કર્તા થાય છે. આહા..હા..! આવી વાતું. રાગ ખરેખર જ્ઞાનીનું જ્ઞેય છે, ધર્મી જીવ જેને આત્મજ્ઞાન થાય, સમ્યગ્દર્શન હોય, એ ધર્મી છ ખંડના રાજમાં હોય ભરતચક્રવર્તી, તોપણ એ રાગ એ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનમાં રાગ જ્ઞેય તરીકે, પર તરીકે જાણે છે ઈ. અજ્ઞાની રાગને પોતાનો માનીને કર્તા થાય છે. આવી વાતું છે. અભિમાન ઉતરી જાય એવું છે આ બધું. પૈસા પેદા કરીએ છીએ અને આમ કરીએ આખો દિ' હુંફ... હુંફ... હુંફ... વિકારની. આહા..હા..! એમાં વળી બે-પાંચ કરોડ હોય અને પચ્ચીસ-પચાસ લાખ આપે એટલે એને હુંફ ચડી જાય જાણે મેં મોટું કામ કર્યું. ધર્મધુરંધર. ધૂળેય નથી ધર્મધુરંધર સાંભળ તો ખરો! એમાં રાગ મંદ કર્યો હોય તો એ શુભભાવ છે અને શુભભાવ એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ક્રિયાકારક ઉભા થયા. શું કહે છે? કે રાગનો કર્તાભાવ થયો એમાં. 'રાગ મારી ચીજ

છે એમ કર્તા થયો.' આહા..હા..! 'રાગ મારું કર્મ છે' એમ કાયમ માને છે. 'રાગનું સાધન મારું' એમ માને છે. છ કારક ઊભા થયા. આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! વીતરાગ સર્વજ્ઞદેવનો પંથ ઘણો ઝીણો છે, અપૂર્વ છે. કદી એણે કર્યો નથી. યથાર્થપણે રુચિથી સાંભળ્યું જ નથી. પ્રસન્ન ચિત્તથી ભગવાનની વાત યથાર્થ સાંભળે અને સમજે એનો ભવ રહે નહિ. આવે છેને. 'तत्प्रीतिचीतेने... वार्तापिश्रुताः'. આ તો સાંભળવામાં પણ જરી કંટાળો લાગે. આહા..હા..! શું કહે છે? આ બધી શુભ ક્રિયા છે તે બંધનું કારણ છે. એ ધર્મી જીવને હોય, પણ ધર્મની રુચિ હોય અંદર. રુચિસહિત જો સાંભળે તો પ્રસન્ન ચિત્ત થઈ જશે કે આહા..હા..! મારો સ્વભાવ રાગથી ભિન્ન છે એને મેં કદી જાણ્યો નથી. એવું રુચિપૂર્વક સાંભળે તો અલ્પ ભવમાં એનો મોક્ષ થશે એમ કહે છે. 'ભાવિ નિર્વાણ ભાજનં' સમજાણું કાંઈ? આહા..હા..! આ તો કંટાળો લાગે. હાય.. હાય... આ તો શુભભાવ, ભક્તિ, જાત્રા, પૂજા, દયા, દાન, વ્રત, અપવાસ કહે છે કે એ શુભભાવ અને એ બંધનું કારણ. આહા..હા..! કંટાળો લાગે એવું છે ભાઈ અજ્ઞાનીને તો. આહા..હા..!

એ કહે છે ક્રિયાકારક.. છે? રાગાદિ. રાગ આદિ એટલે? પુણ્ય-શુભ-અશુભભાવ બેય પરિણામોનો કર્તા અજ્ઞાની થયો અને એ રાગનો ભોક્તા અજ્ઞાની થયો. પરવસ્તુને તો આત્મા ભોગવી શકતો જ નથી. આ શરીર, માટી, હાડકા, ચામડા, સ્ત્રીનું શરીર એને ભોગવી શકે છે? આ તો માટી છે, ધૂળ છે. પણ અજ્ઞાની એ તરફ એનું લક્ષ કરીને મને ઠીક પડે છે એવો રાગ-પાપ ઉત્પન્ન કરે છે એ પાપનો ભોક્તા છે. પરચીજ આ તો માટી, ધૂળ છે. એને શું ભોગવે? આત્મા તો અરૂપી છે, એ રૂપી ભોગવી શકે? આહા..હા..! આ દાળ, ભાત, શાક, રસગુલ્લા ખાવ છો કે નહિ? બિલકુલ નહિ. એ તો જડની ક્રિયા. એમાં પ્રેમ કરે છે કે આ ઠીક છે, એ રાગનો ભોક્તા છે અને પ્રતિકૂળ ચીજમાં કોઈ વીંછીનો કરડ થયો ડંખ (લાગ્યો), સર્પનો કરડ થયો તો એ સર્પ અને વીંછીના ડંખનો અનુભવ આત્માને નથી, એ તો જડ છે. પણ ઉં.. આહા..હા..! એવો દ્વેષ કરે છે. દ્વેષનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, જુઓ! ક્રિયા કર્તા એ રાગનો કર્તા, પુણ્ય-પાપનો કર્તા, પુણ્ય-પાપનો ભોક્તા. એ દાન પણ પોતાને દીધું, પુણ્ય-પાપ કરીને પોતામાં રાખ્યું. આહા..હા..! આવી વાતું છે. કલકત્તા-દિલ્હીમાં ક્યાંય મળે એવું નથી ત્યાં. આહા..હા..! બાપુ! મારગડા જુદાં, પ્રભુ! જન્મ-મરણરહિત થવાની ચીજ બહુ (સૂક્ષ્મ). આહા..હા..!

કહે છે કે જ્યારે આત્માના જ્ઞાતા-દ્રષ્ટા અને આનંદસ્વભાવને પ્રાપ્ત ન કર્યો, તો પુણ્ય-પાપના ભાવને પામ્યો તો એ પ્રાપ્તિ એ રાગની વિકારી ક્રિયા છે. એના ફળમાં સંયોગ મળશે. સંયોગમાં તને રાગ અને દ્વેષની ક્રિયા ઉત્પન્ન થશે. અને એ રાગ-દ્વેષનો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન તારામાં વિકાર ઉત્પન્ન થશે. આહા..હા..! છે? **'જેટલા વિકલ્પો ઊપજ્યા તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા.'** ક્રિયાના ફળથી. શું કહે છે? આહા..હા..! જેટલા એ વિકલ્પ

ઉઠે છે પુણ્ય-પાપના, શુભ-અશુભભાવના એ પૂર્વે શુભ-અશુભભાવ કર્યા હતા એના ફળમાં ઊપજે છે. આહા..હા..! બહુ ઝીણું, બાપુ! ગણધર અને ઈન્દ્રો સાંભળે એ વાત કેવી હશે! ઈન્દ્ર જે સ્વર્ગના ઈન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સ્વામી. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ. શક્રેન્દ્ર છે અત્યારે, એકભવતારી છે. એક ભવે મોક્ષ જશે મનુષ્ય થઈને. એ ભગવાનની સભામાં સાંભળવા મળે એ વાત કેવી હશે? આ દયા પાળો, આ કરો એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કોઈ અપૂર્વ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અપૂર્વ વાત છે, પ્રભુ! એણે કદી સાંભળી નથી અને કદી રુચિ કરી નથી. અહીંયાં તો પરમાત્મા એમ કહે છે કે જેટલી શુભ-અશુભરાગની ક્રિયા તેં કરી એમાં સંયોગી ચીજ મળશે તો એમાં રાગ-દ્વેષની ક્રિયા ઉત્પન્ન થશે. આહા..હા..! આત્માની ક્રિયા ધાર્મિકક્રિયા જે સમ્યગ્દર્શન જ્ઞાન એમાં તો અંતરાય પડી ગયો. આહા..હા..! ભારે શ્લોક! ૨૭૭ શ્લોક. આહા..હા..!

'**ઈત્યાદિ જેટલા વિકલ્પો ઊપજ્યા...**' શુભ-અશુભભાવ '**તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા.**' એ શુભાશુભભાવના ફળમાં, શુભાશુભભાવના કાળમાં આ વિકલ્પ પહેલાં ઊપજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગ જિનેશ્વરદેવ, પરમેશ્વરનો વીતરાગભાવ અલૌકિક છે. રાગભાવ એ વીતરાગભાવ ધર્મ નથી. વીતરાગધર્મ એટલે રાગથી રહિત દૃષ્ટિ હોય, આત્માનો અનુભવ થાય એ વીતરાગધર્મ છે. આહા..હા..! રાગને કરવો અને રાગને ભોગવવો એ વીતરાગભાવ છે જ નહિ અને વીતરાગધર્મ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા. વળી ક્રિયાના ફળના કારણે શું થયું?**' આહા..હા..! શુભ-અશુભભાવ એ વિકારી ક્રિયા, એના (ફળમાં) સંયોગ ચીજ (મળી), એનાથી ઊપજ્યો એ ક્રિયાનું ફળ રાગ-દ્વેષ ઉત્પન્ન થશે અને રાગ-દ્વેષ ઉત્પન્ન થશે તો શું થશે? આહા..હા..!

'**यतः अनुभूतिः भुञ्जाना**' '**જે ક્રિયાના ફળને કારણે આઠ કર્મોના ઉદયનો સ્વાદ ભોગવ્યો.**' આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ એના ફળમાં સંયોગ મળ્યો તો ત્યાં એ આઠ કર્મના ઉદયનો સ્વાદ લેશે, રાગનો અને પુણ્ય-પાપના ભાવનો સ્વાદ છે, ઝેરનો સ્વાદ છે, આહા..હા..! આત્માનો સ્વાદ ન રહ્યો. આત્માનો સ્વાદ તો જ્યારે પુણ્ય-પાપથી રહિત મારી ચીજ પૂર્ણ આનંદ છે એવી દૃષ્ટિ કરીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે આત્માનું ભાન થયું. આહા..હા..! તો અહીંયાં આત્માનો સ્વાદ ન રહ્યો. અહીં તો રાગ-દ્વેષનો સ્વાદ રહ્યો. આહા..હા..! ચાહે તો શુભરાગ હો, ચાહે તો અશુભરાગ હો. આહા..હા..! છે? '**ઉદયનો સ્વાદ ભોગવ્યો.**' એ આઠ કર્મ જે પુણ્ય-પાપના ભાવથી આઠ કર્મ બંધણા. શુભભાવ છેને શુભભાવ એનાથી પણ આઠ કર્મ બંધાય છે. શુભભાવને પોતાનો માન્યો તો મિથ્યાત્વ-દર્શનમોહ

પણ બંધાય છે અને શુભભાવ અસ્થિરતા ચારિત્રમોહ પણ થાય છે. આહા..હા..! વાતું આકરી ભારે! આહા..હા..! અનંતકાળનો ભૂલ્યો એને ભૂલ ટાળવી બાપુ કાંઈ ચીજ અલૌકિક છે. આહા..હા..!

અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ થઈ ગઈ, અઠ્યાવીશ મૂળગુણ પંચમહાવ્રત, શરીરને ખંડ-ખંડ કરે તો ક્રોધ ન કરે એવી ક્ષમા પણ અનંતવાર કરી છે. એ બધો શુભભાવ છે. આહા..હા..! તો એના ફળમાં તો કહે છે સંયોગ મળશે. સંયોગમાં તારી ક્રિયા રાગની થશે. રાગની ક્રિયામાં તારી અનુભૂતિ ખેદખિન્ન થઈ ગઈ. તારી અનુભૂતિ રાગને ભોગવવામાં રહી ગઈ. આહા..હા..! આત્માની અનુભૂતિ થવી જોઈએ. આહા..હા..! શુભ-અશુભ રાગથી ભિન્ન ભગવાન આત્મા. શુભ-અશુભરાગ એ તો પુણ્ય-પાપ તત્ત્વ છે. તો પુણ્ય-પાપ તત્ત્વથી તો પ્રભુ અંદર ભિન્ન છે જ્ઞાયક. એવી અનુભૂતિ જે એની છે એ તો રહી ગઈ. રાગ અને પુણ્ય આઠેય કર્મના ઉદયનો ભોક્તા થયો. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવી વાતું છે. અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યા છે! દિગંબર સંત જંગલમાં વસતા હતા. મુનિઓનું ભાવલિંગ પ્રચુર આનંદનું સ્વસંવેદન એ મુનિઓનું ભાવલિંગ છે. આહા..હા..! આનંદનું પ્રચુર વેદન એ મુનિઓનું ભાવલિંગ છે. દ્રવ્યલિંગ એ પછી પંચમહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ દ્રવ્યલિંગ છે. પણ જેને ભાવલિંગ નથી અને આ દ્રવ્યલિંગ છે એ એકલું બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ કહે કે **'આઠ કર્મોના ઉદયનો સ્વાદ ભોગવ્યો.'** આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવથી બંધન થયું અને બંધનમાં આઠ કર્મના ઉદયનો ભોક્તા થયો. ભગવાન આઠ કર્મ અને પુણ્ય-પાપથી રહિત છે એવા સ્વરૂપની દૃષ્ટિમાં આનંદનો સ્વાદ ચુકી ગયો. આહા..હા..! એ આનંદનો સ્વાદીયો પ્રભુ એણે દુઃખના સ્વાદ લીધા. આહા..હા..! પહેલું શું કહે છે એ સમજવું કઠણ. અંદર પ્રગટ કરવું તો ક્યાં..? શું કહે છે? સાંભળીને જાય અને ઘરેથી કોઈ બૈરા ન આવ્યા હોય તો (પૂછે કે) શું સાંભળ્યું તમે? કોણ જાણે કાંઈક આમ ને તેમ એવું કહેતા હતા. એ ક્રિયા અને ક્રિયાનું ફળ, ક્રિયાફળ આ અને ક્રિયાફળમાં રાગ-દ્વેષ થાય.. કાંઈ ખબર નહિ. આહા..હા..! ભાઈ! તારી પુણ્ય-પાપની રચનાનું નાટક. આહા..હા..! એના ખેલ બતાવ્યા. નહિ ટકતું નાટક એ પુણ્ય-પાપ ટકતી ચીજ નથી. આહા..હા..! મલિન દેખાય અને ટકે નહિ એ ચીજ તારી નથી. પુણ્ય અને પાપ મલિન દેખાય અને ટકે નહિ એ તારી ચીજ નહિ. ભગવાન નિર્મળ ટકતી ચીજ એ તારી ચીજ છે. અરે! આહા..હા..! એ ઉપર દૃષ્ટિ દીધી નથી. નિર્મળ અને ટકતી ધ્રુવ ચીજ જે... આહા..હા..! આવી વાતું છે. અહીંયાં નજર કરી નહિ અને મલિન અને નહિ ટકતી ચીજ ઉપરની નજરમાં રોકાઈ ગયો. પોતાનો આત્મા આનંદનો નિધાન એ નજરમાં ન આવ્યો. પુણ્ય-પાપના પ્રેમમાં આત્માનું નિધાન નજરમાં ન આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'ભાવાર્થ આમ છે કે આઠેય કર્મોના ઉદયથી જીવ અત્યંત દુઃખી છે,...'** આઠેય કર્મથી દુઃખી. શાતાવેદનીયથી જે અનુકૂળતા મળે એ તો દુઃખી, અશાતા વેદનીયથી જે પ્રતિકૂળતા મળે એ પણ દુઃખી. આહા..હા..! શરીરમાં નિરોગતા મળે અને લક્ષ્મી આદિ મળે તો આઠેય કર્મના ફળ દુઃખરૂપ છે. આહા..હા..!

**શ્રોતા :-** એમાંથી પૈસા તો બાદ કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા ધૂળમાં ક્યાંય પૈસા તો ગયા, ત્યાં ક્યાં..? હવે એ તો એટલું સાંભળ્યું હોય એને. અને એને તો બધી ખબર છેને. વેઠાઈ ગયું છે બહુ. નહિ? એને તો વેદન રોગનું ઘણું થઈ ગયું છે. આહા..હા..!

**'તે પણ ક્રિયાના ફળના કારણે.'** આહા..હા..! આઠેય કર્મના ઉદયથી જીવ દુઃખી, એ કારણ. એ ક્રિયાનું ફળ એ છે. પુણ્ય અને પાપના ભાવની ક્રિયાનું એ દુઃખ ફળ છે. ભગવાન આત્મા આનંદનો નાથ એ પુણ્ય-પાપથી ભિન્ન એવા અનુભવની ક્રિયા તેનું ફળ મોક્ષ છે. બેય વાત બતાવી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧૦, શુક્રવાર, તા. ૦૭-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૮, પ્રવચન નં. ૪૭૧

સમયસાર, છેલ્લો શ્લોક છે. ૨૭૮. ઉપરની ત્રણ લીટી છે. (સમયસારમાંથી) છે. **'પૂર્વોક્ત રીતે જ્ઞાનદશામાં...'** શું કહે છે? જ્યારે જીવ પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થાય છે ત્યારે એ પુણ્ય-પાપનો ભાવ અને પરનો કર્તા મટી જાય છે. સમજાણું કાંઈ? સમયસાર હાથે લાગે.. સમય નામ આત્મા અનંત ગુણરાશિ. આહા..હા..! એક સમયની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન ને પ્રતીત અને અનુભવ થાય છે ત્યારે તે જ્ઞાનદશામાં દેહાદિની ક્રિયાનો તો કર્તા નથી થતો ધર્મી, પણ પુણ્ય-પાપના ભાવનો પણ કર્તા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરે છેને બધા? તોફાન કરે છેને. આહા..!

**'જ્ઞાનદશામાં...'** એટલે ધર્મદશામાં. જેમ સમ્યગ્દર્શન થયું, એટલે? એક સમયની જે પર્યાય છે પ્રગટ વ્યક્ત એ વ્યવહારઆત્મા છે અને પુણ્ય-પાપના ભાવ છે એ પુણ્ય-પાપતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. તો જેની રુચિ દૃષ્ટિ પર્યાય ઉપરથી અને પુણ્ય-પાપથી ઉઠી ગઈ અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. આહા..હા..! ત્યારે તેને

આત્માનો પત્તો લાગ્યો અને જન્મ-મરણના અંતનો પંથ ગ્રહણ કર્યો. આહા..હા..! આવી વાત છે. એ '**જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી,...**' જ્યારે સમ્યગ્દર્શન થાય છે અને જ્ઞાનદશા થઈ ત્યારે શરીરની, વાણીની ક્રિયા પોતાની છે એમ ભાસતું નથી. આહા..હા..! એ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય કહે છે કે વસ્તુનો સ્વભાવ, પોતાની વસ્તુનો સ્વભાવ એ જ્ઞાન અને આનંદ છે. આહા..હા..! એવું ભાન થયું એ આ ટીકાની ક્રિયા કરનારો હું નથી. આહા..હા..!

**શ્રોતા :-** એ તો અભિમાન (છોડાવાની વાત છે).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, છે જ નહિ. નિમિત્ત છે એ પરનો કર્તા છે જ નહિ. એ વસ્તુની સ્થિતિ છે. પછી અભિમાન છોડાવાની વાત તો બીજી સાધારણ વાત છે. આહા..હા..! કેમકે આ ટીકા જે શાસ્ત્રની બની છે કે શાસ્ત્ર બન્યા એ તો પરમાણુ પુદ્ગલની પર્યાયથી શાસ્ત્ર બન્યા છે. આહા..હા..! આ ચોપડામાં નામું લખે છેને? એ નામાની ક્રિયા જડથી થાય છે, આત્માથી નહિ, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** મડદું હોય તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મડદું એ પણ પરમાણુની પર્યાય કરે છે. એ સમયે પરમાણુની પર્યાય એ જાતની છે. આહા..હા..! સમજાણું કાંઈ? મડદામાં પણ એવું. અમે તો ઘણા વર્ષ પહેલાં જોયું છેને. ૧૯૫૭ની સાલ. ૧૧ વર્ષની ઉંમર હતી. એને તો ઘણા વર્ષ થયા. ૭૭ વર્ષ થયા. અમારા મોટા ભાઈ હતા એ ગુજરી ગયા. બહુ સુંદર હતા, રૂપાળા હતા, હોશિયાર હતા. નાની ઉંમરમાં અઠ્યાવીશ વર્ષે એ સાંજે ગુજરી ગયા. સંધ્યાએ. તો રાતે મડદાને રાખ્યું. અમે તો જોયું. તો એ મડદા ઉપર એક કોષ-કોષ સમજો છો? લોઢા-લોઢાની. લોઢાની કોષ નથી હોતી લોઢાની? શું કહે છે? હા એ. લાંબી કોષ હોયને એ મડદા ઉપર રાખે. નહિતર મડદું ઊભું થઈ જાય. આહા..હા..! એવું અમે જોયું છે. પછી તો અમારી નાની ઉંમર હતી તો કહે અહીંથી ચાલ્યા જાવ. મામાના ઘરે જાવ. ઘરમાં મોસાળ હતાને. અહીં નહિ. આહા..હા..! ૫૭ની વાત છે. ૭૭ વર્ષ પહેલાંની વાત છે. નજરે જોયું છે. ભાઈ ગુજરી ગયા, નાની ઉંમર, એક દીકરો, એક વર્ષનો દીકરો બસ. આઠ વર્ષના લગન. લગન સમજ્યાને? એક દીકરો અને મુંબઈનું પાણી લાગ્યું હતું. જીર્ણ થઈ ગયું હતું. દેહ છૂટી ગયો. તો સાંજે દેહ છોડ્યો એટલે રાતે રાખવા અને અમારા પિતાજી એ વખતે નહોતા, મુંબઈ હતા ત્યાંથી આવવાના હતા. તો કહે એને રાત રાખો. પણ લોઢાની કોષ માથે રાખી. આહા..હા..! એ મડદું ઉંચુ થઈ જાય એ જડની ક્રિયા છે. આહા..હા..! એમ થાય.

**શ્રોતા :-** ઉંચું થઈ જાય પણ ચાલે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચાલે. એ ચાલ્યું નહિતર એમ થઈ જાય. એ જડની ક્રિયા એવી છે.

**શ્રોતા :-** પગ માંડીને ચાલે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચાલે એમ એ ચાલે .. નહિ જડ ચાલે છે. આ પણ પગ ભરે છે એ પણ જડ ચાલે છે, આત્મા નહિ. આત્માથી જડ હલતું નથી. આહા..હા..! આકરું કામ, ભાઈ!

અહીં અમૃતચંદ્રાચાર્ય મહાસંત ભાવલિંગી જેને અંતર આનંદનું પ્રચુર સ્વસંવેદન ભાવલિંગ છે. આહા..હા..! એ કહે છે કે આ ટીકા જે બની આ ટીકા સમયસારની, ભરતક્ષેત્રમાં બીજે એવી નથી એવી છે. આહા..હા..! જેમાં એક-એક ગાથા અને એક-એક શબ્દમાં ગંભીર... ગંભીર... ગંભીર (રહસ્ય ભર્યા છે), છતાં કહે છે કે એ ક્રિયા મારી નથી. આહા..હા..! પોપટભાઈ! તો આખો દિ' બધા આ લાદીનું કરે અને પૈસા કરે, ઉઘરાવે લે ને દે. આહા..હા..! એ તો જડની ક્રિયા, ભાઈ! તને ખબર નથી. આ હોઠ હલે છે એ જડની ક્રિયા છે. આત્માની નહિ. આહા..હા..! એ જડ અજીવતત્ત્વ ભિન્ન છે અને ભગવાન જીવતત્ત્વ ભિન્ન છે. ભિન્નનું ભાન થયું એવા સમ્યગ્દૃષ્ટિ જીવ કહે છે કે આ ટીકા મારી નથી. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! જૈનધર્મ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! જેણે એક સમયની વ્યક્ત જે પર્યાય છે એટલો પણ હું નથી. અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો ભાવ એ પણ હું નથી. પર્યાયમાં, વર્તમાન દશામાં જે ત્રિકાળી જ્ઞાયકભાવની એકાગ્રતા થઈને ભાન થયું તો હું તો જ્ઞાન અને આનંદ છું. આહા..હા..! ધર્મી જીવને એને ધર્મ કહીએ. આ સામાયિક ને પોષા ને પડિક્કમણા કરે, દાન ને ભક્તિ ને પૂજા એ તો બધી રાગની ક્રિયા છે, એ આત્મા નથી. આહા..હા..!

**શ્રોતા :-** મંદ કષાયની ક્રિયા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મંદ કષાય કહો, પણ એ મંદ કષાય આત્મજ્ઞાન વિના એ મંદ કષાય.. બહેને તો એવો શબ્દ વાપર્યો છે. કષાય રુંધાયેલો છે, એવો શબ્દ છે. બહુ સરસ! પુસ્તક એવું રત્ન નીકળ્યું છે. આહા..હા..! પુસ્તકનું એક-એક પાનું અને એની એક-એક પંક્તિ જે આવી ગઈ છે બહાર કુદરતે. આહા..હા..! કષાય રુંધાણો છે, ટળ્યો નથી. આહા..હા..! હઠથી મંદ કષાય કર્યો છે. ધર્મીને તો કષાય મંદ આવે છે પણ એ સહજ આવે છે, એનો કર્તા નથી થતો. આહા..હા..! કેમકે ભગવાન આત્મા તો જ્ઞાનપિંડ છે. એ જ્ઞાનનું સ્વરૂપ અને જ્ઞાનનો સાગર છે. ખબર ક્યાં છે એને. આહા..હા..! આ શરીર મારું, બાયડી મારી, કુટુંબ મારું, ધંધો મારો. મૂઢ છે. પાગલ-પાગલ થઈ ગયો છે. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા જિનેન્દ્રદેવે જે કહ્યું એ સંતો કહે છે. હું એક.. સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી. આહા..હા..! શાંતિભાઈ! આવું છે, પ્રભુ! તારી જ્ઞાનદશામાં રાગની ક્રિયા નથી, તો શબ્દની ક્રિયા ક્યાંથી આવી? આહા..હા..! આવો માર્ગ! અને અનંતકાળમાં એણે દરકાર કરી નથી. આહા..હા..! શાસ્ત્ર ધારણ કર્યા, ક્રિયા, કાંડ, વ્રત,

નિયમ એ ઘણું અનંતવાર કર્યું, પણ આ આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ શુદ્ધ સાગર આનંદ એની અસ્તિત્વતા, પરિપૂર્ણ ધ્રુવતા એ ઉપર દૃષ્ટિ નથી આપી. અને એના ઉપર દૃષ્ટિ દીધા વિના રાગની એકતા તૂટતી નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ! અને રાગની એકતા તૂટ્યા વિના સ્વભાવની એકતા થતી નથી. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! આહા..હા..!

ભાઈ! ભગવાન તું છોને, ભાઈ! આહા..હા..! પ્રભુ! તું ભગવાનસ્વરૂપ છોને. આહા..હા..! તારી ચીજ જ ભગવત્‌સ્વરૂપ છે, પ્રભુ! તને એમ લાગે કે આ તો એકાંત છે. પ્રભુ! એ તારા સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્‌ નામ શાશ્વત રહેનારી ચીજ, શાશ્વત જ્ઞાનસાગરનો ભંડાર શાશ્વત પ્રભુ... આહા..હા..! એ ઉપર નજર કર્યા વિના વર્તમાન પર્યાય અવસ્થા અને રાગ અને બાહ્યની ક્રિયા મારી એમ માનીને અનંત સંસારનું મૂળ જે મિથ્યાત્વ એને સેવે છે ઈ. આહા..હા..! જે મિથ્યાત્વમાં અનંતા ભવ કરવાની શક્તિ પડી છે. આહા..હા..! એ મિથ્યાત્વ જેને પોતાના સ્વરૂપનો, પર્યાયમાં સ્વરૂપનો આદર થયો, પર્યાયમાં રાગનો આદર છૂટી ગયો. આહા..હા..! એવી જ્ઞાનદશા, ધર્મદશા એને જ્ઞાની કહે છે કે મેં આ સમયસાર આમ કર્યું, એ ટીકા મેં કરી નથી. આહા..હા..! છે? ઓલામાં એટલું નથી માટે આ લીધું. કળશટીકામાં એટલું....

**'આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે...'** આહા..હા..! ભાષાવર્ગણા એ શબ્દરૂપે પરિણમી છે, હું એ રૂપે થયો નથી. આહા..હા..! ભાષા અજીવ રજકણનો પિંડ છે એ શબ્દરૂપે થયા છે, મેં શબ્દને કર્યા નથી. આહા..હા..! અહીં તો જ્યાં-ત્યાં મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' એમાં વળી કાંઈક બે-પાંચ-પચાસ લાખ રૂપિયા મળી જાય અને એના વ્યાજમાં પાંચ-સાત લાખ રૂપિયા આવતા હોય, એ તો જાણે બસ. આહા..હા..! અમે જાણે શું કર્યું! કર્યું પાપ મિથ્યાત્વ. આહા..હા..! જે મિથ્યાત્વમાં અનંત સંસાર કરવાની તાકાત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સંસાર એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસાર એટલે સંસરણ ઈતિ સંસાર. સ્વરૂપને ભૂલીને પરિભ્રમણ કરવું એ સંસાર. ચાર ગતિ આ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી. એમાં સંસરણ ઈતિ સંસાર. રખડવું એ સંસાર છે. મિથ્યાત્વ એ સંસાર છે ખરેખર. આહા..હા..! સમજાણું કાંઈ? 'એ શબ્દની ક્રિયા હું કરી શકું છું અને દયા, દાન, વ્રતનો રાગ આવ્યો એ મારું કર્તવ્ય છે' એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વરૂપ મહાસંસારને સેવે છે. આહા..હા..! આવી વાતું છે. અરેરે! એમ ને એમ અનાદિ બફમમાં ને બફમમાં અજ્ઞાનીની જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

અહીં આચાર્ય મહારાજ આવી ટીકા આહા..હા..! ગજબ ટીકા છે. અત્યારે ભરતક્ષેત્રમાં આવી ટીકા જેવી કોઈ ચીજ છે નહિ. જેના એક-એક શબ્દમાં, એક-એક વાક્યમાં અનંત ગંભીરતા પડી છે. આહા..હા..! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' પ્રભુ! તમારી ભાષા છેને?—કહે ના. ભગવાન આત્મા એ પ્રમત્ત-અપ્રમત્ત છે જ નહિ. કેમકે ચૈતન્યમૂર્તિ જ્ઞાયક ભગવાન શુભ અને અશુભભાવરૂપ થયો જ નથી. થયો નથી તો એવો પ્રમત્ત-અપ્રમત્તનો ભેદ ક્યાંથી આવ્યો? આહા..હા..! એ તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાયક સૂર્ય છે. એ જ્ઞાયકભાવ એ ધ્રુવ ત્રિકાળ તત્ત્વ છે, આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. ધર્મની પહેલી સીઢીનો વિષય, ધ્યેય, ધ્રુવ ધ્યેય અને સમ્યગ્દર્શન આદિ સાધક અને સિદ્ધપદ સાધ્ય. ધ્યેય, સાધક અને સાધ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં વાદ અને વિવાદ કરે એ ક્યાં (પાર પડે)? આહા..હા..!

સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી એનું ધ્યેય પૂર્ણાનંદ જ્ઞાયકસ્વરૂપ પૂર્ણ સામાન્ય ધ્રુવસ્વરૂપ, એ એનો વિષય કહો કે ધ્યેય કહો. આહા..હા..! અને જે સમ્યગ્દર્શન જ્ઞાન આદિ સ્વ ધ્યેયથી ઉત્પન્ન થયા એ સમ્યગ્દર્શન-જ્ઞાન પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એ સાધકભાવ છે, એ સાધક છે અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ સિદ્ધની એ સાધ્ય છે. આહા..હા..! ત્રણમાં રમતું છે અંદર. રાગ સાથે કાંઈ નહિ, પર સાથે કાંઈ નહિ. આહા..હા..! આકરું પડે લોકોને. આખો દિ' મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... આહા..હા..!

અહીં તો કહે છે કે અમે તો જંગલમાં રહેનારા આત્મામાં અમે તો છીએ. ભાષા બનાવવામાં અમે કદી આવ્યા જ નથી. આહા..હા..! દશરથલાલજી! બાલની ખાલ એનાથી પણ ઝીણી (વાત). આવો માર્ગ, પ્રભુ! આહા..હા..! અંદર ભગવત્સ્વરૂપ બિરાજે છેને. પ્રભુ! તને તારી મોટપની ખબર નથી. 'હું પામર છું ને હું સ્ત્રી છું અને હું પુરુષ છું, હું ગરીબ છું ને શેઠ છું.' મૂઢતાથી એમ માની લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો અમૃતચંદ્રાચાર્ય સંત સ્વસંવેદન આનંદમાં પડ્યા છે. એ કહે છે કે આ સમયસારની જે આ ટીકા બની ૪૧૫ શ્લોકની એ મેં નથી બનાવી. આહા..હા..! એ અજીવનું અભિમાન મેં કર્યું એવું મારામાં નથી. આહા..હા..! એ તો પરજ્ઞેય તરીકે ભાષા થઈ એ મારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકેનું જ્ઞાન થયું, પણ એ ક્રિયાનો હું કર્તા છું (એમ નથી). આહા..હા..! આવી વાત છે. પ્રભુ! વીતરાગમાર્ગ જિનેશ્વરનો માર્ગ બહુ સૂક્ષ્મ, અત્યારે સ્થૂળ કરી નાખ્યો છે લોકોએ. આ દયા પાળો, વ્રત પાળો ને ભક્તિ-પૂજા કરો, દાન કરો તમને ધર્મ થશે. અરે! મૂઢ ત્રણકાળમાં ધર્મ નથી, સાંભળતો ખરો. આહા..હા..!

અહીં કહે છે કે મારી ક્રિયા એ નથી, શબ્દોની છે. આહા..હા..! એ ભાષાવર્ગણા શબ્દરૂપે પરિણમી છે એની એ ટીકા થઈ છે. હસમુખભાઈ! આવી વાત છે. સાંજે નામા લખે. મોતીના દાણા જેવા અક્ષર. અમારે ખુશાલભાઈ હતા એની નામું લખવાની... ઘરનું નામું. કાંઈ નોકરી

તો હતી નહિ. ઘરની દુકાન, પણ મોતીના દાણા જેવા અક્ષર. એવા નામું લખે, નામું પોતે લખે. ઘરની દુકાન. મોતીના દાણા જેવા (અક્ષર). આહા..હા..! મોતીના દાણા સમજો છો? મોતી હોય છેને મોતી ગોળ એવા અક્ષર ગોળમટોળ આમ બરાબર સરખા ચાલ્યા જાય આમ. પણ એ તો જડની ક્રિયા છે. આહા..હા..! આવી વાત છે.

**'એવા અર્થનું, સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવનારું કાવ્ય હવે કહે છે :—'**

(उपजाति)

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।२७८।।

આહા..હા..! 'स्व-शक्ति-संसूचित-वस्तु-तत्त्वैः शब्दैः' **'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...'** એ શબ્દની શક્તિથી વસ્તુનું સ્વરૂપ કહ્યું. આહા..હા..! મેં કર્યું જ નથી. આહા..હા..! અહીં તો જરીક બોલતા આવડે ત્યાં તો જાણે બસ! મેં કર્યું, મેં ભાષણ કર્યું, મેં આવું લોકરંજન કર્યું. અરે! પ્રભુ! તારા ભગવત્ સ્વરૂપમાં એ છે જ નહિ. આહા..હા..! તારી ચીજ તો પ્રભુ જ્ઞાન અને આનંદનો સાગર અંદર મહિમા એ જ્ઞાનમાં જાણવાની મહિમા છે. એ જ્ઞાનમાં રાગ અને શબ્દની ક્રિયા કરવાની મહિમા નથી, એ તો હીનતા છે. મેં આ શબ્દ કર્યા એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આવું આકરું કામ. આ સોનગઢનું છે આ? કોનું છે આ? આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળતો ખરો.

**'પોતાની શક્તિથી જેમણે...'** શબ્દોએ પોતાની શક્તિથી. શબ્દો આ જે ટીકા થઈ જડની પર્યાય એ પોતાની શક્તિથી થઈ છે. આહા..હા..! **'વસ્તુનું તત્ત્વ...'** પાછું શું કહે છે? જેવી વસ્તુની સ્થિતિ છે દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા જ્ઞાયક આદિ **'(-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...'** એ શબ્દોએ પણ જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું સારી રીતે કહ્યું છે. આહા..હા..! મારગડા જુદાં, ભાઈ! જન્મ-મરણરહિત કરવાની ચીજ કોઈ જુદી છે. આહા..હા..! અત્યારે તો ધર્મને નામે... આહા..હા..! રાગની ક્રિયા અને દેહની ક્રિયાએ ધર્મ માન્યો. આહા..હા..! કાંઈ ખબર ન મળે. એ જિંદગી મનુષ્યભવ હારી જવાનો રસ્તો છે. આહા..હા..! જે ભવ, ભવના અભાવ માટેનો આ ભવ છે. આહા..હા..! અનંતકાળમાં એવું કર્યું નથી એવો ભવનો અભાવ કરવાની આ ચીજ છે. આહા..હા..! એમાં આવું કર્યું નહિ અને જ્યાં ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન... હું પૈસા કમાણો, દુકાનને થડે વ્યવસ્થિત રીતે હું બેસું છું તો મારાથી ઘરાક ઘણા આવે છે અને નોકર બેસે કે બીજા બેસે તો એની

વ્યવસ્થા એવી નથી હોતી. આહા..હા..!

**શ્રોતા :-** ... શેઠને દુઃખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય શેઠ નથી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે, બાપુ!

સ્વતત્ત્વ અને પરતત્ત્વ બેય અનાદિથી ભિન્ન છે. તો સ્વતત્ત્વ ભગવાન આત્મા એ શબ્દની ભાષાની ક્રિયા, શાસ્ત્ર બન્યા એની ક્રિયા મારી નથી. આહા..હા..! એ શબ્દોએ સારી રીતે કહ્યું, જુઓ, વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું શબ્દે યથાર્થરૂપે કહ્યું, મેં નહિ. આહા..હા..! કેટલા શબ્દો લીધા છે? કે '**પોતાની શક્તિથી જેમણે...**' એક વાત. એ શબ્દો થયા છે વાણી, આ ટીકા એ તો પોતાની શક્તિથી (થયા છે). એક વાત. '**વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...**' અને એ પણ વસ્તુની સ્થિતિ જ એવી હતી. જ્ઞાયક તો જ્ઞાયક છે, રાગરહિત છે, પૂર્ણાનંદનો નાથ છે એવી સ્વતત્ત્વની સ્થિતિ શબ્દની શક્તિથી થયું છે. આહા..હા..! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છેને. એ શબ્દની વર્ગણામાં તું આવે છો? જડમાં જા છો? આહા..હા..!

**શ્રોતા :-** શબ્દમાં જ્ઞાન તો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તાકાત એવી છે. પરમાણુમાં સ્વ-પર વસ્તુ કહેવાની તાકાત છે. આત્મામાં સ્વ-પર જાણવાની તાકાત છે. આહા..હા..! જાણવાની કાંઈ જરૂર નથી. એ કહ્યુંને જુઓને.

'**પોતાની શક્તિથી જેમણે...**' એ પરમાણુ શબ્દરૂપ જે સમયસારની ટીકા થઈ એ પોતાની શક્તિથી. વસ્તુ તત્ત્વ—છ દ્રવ્ય, એના ગુણ, એની પર્યાય જેમ છે તેમ વસ્તુતત્ત્વને સારી રીતે જેમ છે એમ કહ્યું. આહા..હા..! શબ્દે. અરે ભાઈ! તને ખબર નથી. શબ્દ તો અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વની ક્રિયા જીવ કેમ કરી શકે? આહા..હા..! અરે કાંઈ ખબર ન મળે અને એમ ને એમ આંધળે આંધળા ચાર ગતિમાં રખડે છે. એમાં વળી કાંઈક પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ પૈસા મળે અને કુટુંબ અને દુકાન સારી ચાલતી હોય તો જુઓ એ તો ગાંડો પાગલ જોઈ લ્યો એ તો. આહા..હા..! અમે કમાણા, અમારા પૈસા, અમારા કપડા, અમારા દાગીના, અમારી સ્ત્રી, અમારા છોકરા... આહા..હા..! પ્રભુ! તું ક્યાં ગયો? આહા..હા..! ખોવાઈ ગયો તું. પરની ક્રિયાની માન્યતામાં તારી ચીજ ખોવાઈ ગઈ. આહા..હા..! મરતા જુઓને ભાષા કામ નથી કરતી. બોલવાનો ભાવ છે. એ તો જોયું છે કે નહિ? એય..! શેઠ! આ મરણમાં તો ગયા હશોને. તમે તો મોટા શેઠ છો. કોઈ મોટાનું મરણ થાય તો તમારે જાવું પડે એની પાસે છેલ્લી સ્થિતિએ. તો ભાષા બોલી શકે નહિ.

**શ્રોતા :-** મુનિની ક્રિયા અને ગૃહસ્થની ક્રિયા બંને અલગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુનિની ક્રિયા ક્યાં અહીંયાં છે? અહીં તો હજી સમ્યગ્દૃષ્ટિની ક્રિયાની

વાત ચાલે છે. સમજાણું કાંઈ? દેહ છૂટવા ટાણે એં.. એં.. લક્ષ્મી.. લક્ષ્મી... ભાષા બાપા જડની છે, ભાઈ! એ લખુ આમાં પાંચ... પાંચ... પાંચ લાખ. જોવા આવ્યા હોય શેઠિયા. હવે એમાં ઓલો બોલે પાંચ લાખ. એય..! બાપુજી! અત્યારે લક્ષ્મીને યાદ ન કરીએ. એમ બધા કરશે હોં તમારા. એ ડાલચંદજી ને બધા તમને. કહે કે આવા પાપ કર્યા અને અમે પેદા કર્યા. લાવને હું દસ લાખ આપું. બાપુજી! અત્યારે પૈસા યાદ ન કરીએ. ઓલાને બોલવાની શક્તિ ન મળે હવે હાય... હાય... એને કહે શું? પણ હું કહું છું કે દાન.. તમે બોલો નહિ. પૈસાને યાદ ન કરો. એમ બોલી શકે અત્યારે? લવો આપણે એમ કહેવાય છેને? લવો વળતો નથી. ભાષા તોતડી થઈ જાય. આહા..હા..! લવો બાપુ! એ જડની ક્રિયા. જીભ ચાલે અને ભાષા (બોલાય) એ તો માટીની ક્રિયા, ભાઈ! તારી ક્રિયા નહિ, બાપુ! આહા..હા..! આવું જ્ઞેયતત્ત્વ. આહા..હા..!

**'આ સમયની વ્યાખ્યા...' 'સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ...'** આહા..હા..! કેવી ટીકા પણ! આહા..હા..! **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** જુઓ, આ શબ્દો! આખો સાર. આ ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્યસ્વરૂપ છેને, પ્રભુ! એક સમયની પર્યાયમાં તારી રમતું કરી નાથ! હવે તું આખો દ્રવ્યસ્વભાવ (છે) ત્યાં દૃષ્ટિ દે. એવું **'भूदत्थमस्सिदो खलु'** સત્યાર્થ ભગવાન ત્રિકાળરૂપના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. કહે છે કે એ પર્યાય શબ્દે કરી છે, મેં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. અરે! ક્યાંય સાંભળવા મળે નહિ અને રખડપટ્ટી ચોર્યાસીના અવતાર. એમાં રખડ-રખડ ઢોરની જેમ રખડે છે. આહા..હા..! અહીં કહે છે કે આચાર્ય. જેને એકાદ ભવે તો કેવળજ્ઞાન લઈને મોક્ષે જવું છે. આહા..હા..! આવી ટીકા હિન્દુસ્તાનમાં બીજામાં તો નથી, પણ આ સમયસારની ટીકા તો દિગંબરમાં આવી ટીકા બીજે ક્યાંય નથી. આહા..હા..! અધ્યાત્મની ટોચ ટીકા. એક-એક શબ્દમાં ગંભીરતાનો પાર નથી. તો કહે છે કે એ તો શબ્દોની શક્તિથી બનેલું છે. મેં નહિ હોં! આહા..હા..! સમજાણું કાંઈ?

**'સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ...'** છે? એ શબ્દોએ કહ્યું છે. આહા..હા..! વ્યવહાર અભૂતાર્થ છે, નિશ્ચય ભૂતાર્થ વસ્તુ છે એ શબ્દોએ કહ્યું છે, મેં નહિ. આહા..હા..! હું કાંઈ શબ્દોમાં આવું છું? એ તો જડની દશા છે. આહા..હા..! **'આ સમયની વ્યાખ્યા (આત્મવસ્તુનું વ્યાખ્યાન...'** આત્મપદાર્થનું વ્યાખ્યાન સમયસારનું. આહા..હા..! સમય નામ આત્મા. સાર નામ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત એવા ભગવાન આત્માની આ વ્યાખ્યા કરી **'અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા)...'** શબ્દોએ **'કરી છે;...'** આહા..હા..! **'स्वरूप-गुप्तस्य अमृतचन्द्रसूरेः'** હું તો શરીરની ક્રિયા, શબ્દની ક્રિયા, રાગની ક્રિયાથી (ભિન્ન) હું તો મારા સ્વરૂપમાં છું. હું તો જ્ઞાનસ્વરૂપમાં છું એમાં ક્યાં આ બનાવું? આહા..હા..! **'स्वरूप-गुप्तस्य'** મારું સ્વરૂપ તો રાગથી અને શબ્દની ક્રિયાથી ભિન્ન. મારા સ્વરૂપમાં હું ગુપ્ત સ્વરૂપમાં છું.

હું કોઈ રાગમાં કે શરીર કે શબ્દની ક્રિયામાં આવ્યો નથી. આહા..હા..!

**'स्वरूप-गुप्तस्य अमृतचन्द्रसूरेः'** સ્વરૂપગુપ્ત. અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપ. હું તો અમૂર્ત અને શબ્દ તો મૂર્ત છે. ટીકા વાણીથી બની એ તો જડ છે. આહા..હા..! ભગવાન! હું તો અમૂર્ત છુંને. આહા..હા..! મારામાં મૂર્તપણું તો ત્રણકાળમાં નથી. તો એ વાણીની ક્રિયા મારાથી થાય એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! હસમુખભાઈ! આહા..હા..! આ બાયુંને કેટલાક બાયુંને હોય એ બધી કહે અમારા હાથ જુઓ હળવા હાથે શીરા એવા બને, પૂરી બને. ઓલું શું કહેવાય? પાપડ બને. વડી-વડી. વડી હોય છેને વડી? વડી-વડી હોય છે. બહુ હુશિયાર હોય એનાથી વડી સારી બને અને પાપડ સારા બને. ધૂળમાંય નથી સાંભળ તો ખરી, મરી ગઈ તું. આહા..હા..! આત્માને તેં મારી નાખ્યો, પ્રભુ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે આ ટીકા આવી. આહા..હા..! **'ववहारोऽभूदत्थो'** એ શબ્દની શક્તિથી બન્યા છે. આહા..હા..! **'भूदत्थो देसिदो दु सुद्धणओ।'** એ શબ્દની શક્તિથી બન્યું છે. **'भूदत्थमस्सिदो खलु'** સત્યાર્થ ભગવાન ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવાથી સમકિતદૃષ્ટિ થાય છે. એ શબ્દથી, પોતાની શક્તિથી સારી રીતે કહ્યું છે. શાંતિભાઈ! કેટલું ઉડાવી દેવું પડશે એને? આહા..હા..! અહીં તો મોટર-બોટર ચાલે ફું-ફું મોટી લાખ, પચાસ હજારની, લાખની મોટી હોય છેને? પાંચ-પાંચ લાખની મોટર હોય છે. ચલાવે આમ જાણે. આહા..હા..! ડ્રાયવર જાણે આ મોટરને હું ચલાવું છું. હુંકારો કરે પાછો સામે કોઈ ઢોર હોય તો. દાબે. પણ એ ક્રિયા પ્રભુ તારી નહિ. આહા..હા..! આવું બેસવું ગળે (બહુ કઠણ).

**શ્રોતા :-** ગાંડાની હોસ્પિટલમાં મૂકી દેવા પડે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાંડાની હોસ્પિટલમાં જ છે આ બધા. આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલા પંચમ આરાના સંત એ એમ કહે છે કે આ ટીકા, ભરતક્ષેત્રમાં આવી ટીકા, આ ટીકા સમયસારની ઓહો..હો..! શાસ્ત્રનું રહસ્ય ખોલી દીધું છે. તો કહે છે કે એ તો શબ્દની શક્તિથી ભલી રીતે જેમ છે એમ કહેવામાં આવ્યું છે એ શબ્દની શક્તિથી છે, મારાથી નહિ. આહા..હા..! પ્રભુ! આ માર્ગ એવો છે. આહા..હા..!

હું તો **'સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ...'** **'किंचित्'** **'किंचित्'** શબ્દ પડ્યો છેને? કાંઈ નહિ, જરીએ મારો હાથ નથી. આહા..હા..! આવી વાતું હવે. આખો દિ' મોટું કામ કરે મોટા જુવાન માણસ. મોટા કોથળા આ મજૂર નહિ મોટા ચાર-ચાર મણની બોરી ચોખાની (ઉપાડે) અને અમારે પાલેજમાં તો બહુ મજૂર. મોટો વેપાર ત્યાં. મોટા મજૂર ત્રણ-ત્રણ, ચાર-ચાર રૂપિયા પેદા કરે દરરોજ. એ વખતે હોં. અત્યારે તો હવે ત્રણ-ચાર રૂપિયા સાધારણ થઈ ગયા.

**શ્રોતા :-** આપની વાત સાંભળેતો કામ કરવાનું બંધ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કામ કરે? એ કહેતા હતાને એવું? ઓલા ડોક્ટર. કોણ ડોક્ટર?

રતિભાઈ આંખના ડોક્ટર. એ ૧૯૯૫માં વ્યાખ્યાન સાંભળવા આવ્યા રાજકોટ. ચાર દિવસ સાંભળ્યું. આંખના ડોક્ટર. બહુ પૈસા ઘણા પેદા કર્યા હતા. પછી ચાલ્યા ગયા પૈસા. પણ એ પછી એમ કહેતા હતા કે જુઓ આ મહારાજનું સાંભળીએ તો કાંઈ કામના ન રહીએ. એમ બોલતા હતા. આવું સાંભળીએ તો (કોઈ કામના ન રહીએ). પણ કયું કામ કરી શકે છે તું? સાંભળને! આહા..હા..! એમ કહેતા હતા. પછી રોગ થયો તો સ્વામીનારાયણના સાધુ પાસે ગયા. ઓલા એક હતાને યોગીરાજ, થાપો મારે પાછળ. એટલે મટી જાય. થાપો માર્યો તો કાંઈ મટ્યું નહિ અને મરી ગયા. આહા..હા..! કરોડો રૂપિયા પેદા કરેલા, પણ પાછા બધા વયા ગયા. આહા..હા..! એ તો પુણ્યને લઈને આવે-જાય. એ તારા કારણે આવે નહિ અને તારે કારણે જાય નહિ અને તારે કારણે રહે નહિ. આહા..હા..! અમે ધ્યાન રાખીને સાચવીએ તાળા મારીને તો રહે. આહા..હા..! આવી વાતું હશે. આહા..હા..!

એ '**અમૃતચંદ્રસૂરિનું...**' '**किंचित् एव कर्तव्यम् न अस्ति**' '**કાંઈ જ...**' **નિશ્ચયથી** '**કર્તવ્ય નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત છે, પણ નિમિત્ત કરતું નથી એમ સિદ્ધ કર્યું. આહા..હા..! એ વાણીમાં નિમિત્ત તો છે, પણ નિમિત્ત કર્તા નથી. આહા..હા..! આવો માર્ગ છે. '**કાંઈ જ કર્તવ્ય નથી.**' આટલી ટીકા કરી અને કાંઈ કર્તવ્ય નથી? આહા..હા..! મારું કામ એમાં નથી. હું તો જ્ઞાનમાં છું, હું તો આત્મા છું, જ્ઞાનમાં છું. આહા..હા..! આ તો મુનિ છે, પણ સમ્યગ્દૃષ્ટિ હોય એ પણ એમ માને છે. આહા..હા..! આ દેહ ચાલે છે બરાબર પગ આમ રાખવા, આમ કરવા એ બધી જડની ક્રિયા, આત્માની નહિ. આત્મા ધ્યાન રાખે તો પગ નીચે સરખા રાખે અને નહિતર ન રહે, (એમ નથી). શેઠ! એ તો સવારમાં આ કાંઈક થયું નથી? સાંભળ્યું છે કાંઈક પગમાં.

**શ્રોતા :-** ખાલી ચડી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખાલી નહિ પડી ગયા હતા. ઉતરતા પડી ગયા હતા કાંઈક, એમ કહેતું હતું કોક હમણા. આ ભાઈ કહેતા હતા વસંતીલાલજી. વાત આવી જાય બધી બહાર. શેઠ ઉતરતા હતા સવારમાં એકદમ પડી ગયા. અહીં આવ્યા હતા પણ હવે એ તો જડની પર્યાય એ પ્રકારે થવાની હતી તે થવાની હશે તે થશે, થશે ને થશે. ધ્યાન ન રાખ્યું તો શરીર પડી ગયું એ વાત એક અંશે પણ (સત્ય) નથી. આહા..હા..! આવી વાતું હવે. હવે આખો દિ' છોકરાને સાચવવા, મોટા કરવા કે નહિ? નાના છોકરા હોય એને સાચવીને મોટા કરવા, કેળવણી આપવી એ બધું કરવું કે નહિ? ભાઈ! તને ખબર નથી, બાપુ! એ કાંઈ મોટા બીજાને કરી શકતો નથી, એની સંભાળ કરી શકતો નથી. એ તો બધી પરની ક્રિયા પરને કારણે થાય છે. આહા..હા..! આવી વાત બેસવી જગતને. આહા..હા..!

**શ્રોતા :-** એ પરમસત્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમસત્ય જ્ઞાનસ્વરૂપી ભગવાન એ ચૈતન્ય આંખ શું કરે? થાય

છે એને જાણે. થાય છે એને કરે? આહા..હા..! શ્રદ્ધામાં ઠેકાણા ન મળે. હું કરું છું, વાણી આમ કરું, આમ કરું. આહા..હા..!

**શ્રોતા :-** પૈસા તો મહેનત વગર કમાવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહેનત, ધૂળેય મહેનત નથી ત્યાં. શેઠ કરતા બુદ્ધિવાળા બીજા ઘણા નથી? એ બિચારા બે હજાર નથી પેદા કરી શકતા. બુદ્ધાને માટે બુદ્ધિથી ત્યાં પેદા થાય છે? પૈસાવાળાના દીકરા ડાહ્યા કહેવાય ઓલા પૈસાને લઈને અને ગરીબ માણસ હોય બુદ્ધિવાળા તો ઓલા કહેવાય. એને રળતા આવડે છે. બસ્સો રૂપિયા મહિને જોઈએ. એટલા પણ કમાતા નથી. કોણ કમાય? સાંભળને પ્રભુ! તું શું કરે છે આ? કાળાકેર કરે છે તારા ApÐdp D‘ f. Apd p.l p.! Aphu hpsy R? Apd p.l p.! cpj p L$u R? "**किंचित् एव कर्तव्यम् न अस्ति**’ જરા પણ મારું કર્તવ્ય એમાં નથી. આહા..હા..! ગજબ વાત કરી છેને.

‘**ભાવાર્થ :- શબ્દો છે તે તો પુદ્ગલ છે.**’ વાણી જે ઉઠે છે એ તો જડ છે, પુદ્ગલ છે, માટી છે, અજીવ છે. આહા..હા..! ‘**તેઓ પુરુષના નિમિત્તથી...**’ નિમિત્ત જુઓ, પુરુષના નિમિત્તથી. નિમિત્તથી થતું નથી. પુરુષ નિમિત્ત એને ‘**વર્ણ-પદ-વાક્યરૂપે પરિણમે છે;...**’ અક્ષરરૂપે, પદરૂપે અને વાક્યરૂપે એ પરિણમે છે. આહા..હા..! આત્મા શુદ્ધ છે. આ અને તા વર્ણ થયા અને બે થઈને પદ થયા અને ‘આત્મા શુદ્ધ છે’ એ વાક્ય થયું. સમજાણું કાંઈ? આહા..હા..! વર્ણ, પદ અને વાક્ય ત્રણેના કર્તા જડ પુદ્ગલ છે. આહા..હા..!

**શ્રોતા :-** એને નિમિત્ત કહ્યું તો એમાં રાગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ નહિ, જ્ઞાન છેને. ઉપસ્થિતિ છેને એટલે નિમિત્ત કહ્યું બસ એટલું. જ્ઞાન એ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ કોઈ કર્તા છે એમ નથી. એ તો લોકાલોક છે કે નહિ? એમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. આ શાસ્ત્રમાં પાઠ છે. લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? કે છે એટલું. કે લોકાલોકનો કર્તા છે? અને લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. એવો પાઠ છે. આહા..હા..! કે લોકાલોક છે તો કેવળજ્ઞાન છે? એમ નથી. અરસપરસ નિમિત્ત કહેવું એ તો બીજી કઈ ચીજ ત્યાં હાજર હતી એનું જ્ઞાન કરાવવા માટે છે. આહા..હા..! અહીં કહે છે કે જુઓ, નિમિત્તથી થયું. પણ નિમિત્તનો અર્થ શું? આહા..હા..! પહેલાં તો કહે છે કે અમારાથી થયું નથી. ફક્ત જ્ઞાન ત્યાં ક્ષયોપશમની દશા. આહા..હા..! એ શબ્દવર્ગણા પોતાના ઉપાદાનથી થાય છે ત્યારે જ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. પણ જ્ઞાનથી શબ્દવર્ગણા બની એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! આવી વાત! એમાં પરદેશમાં જાય અને એમાં પાંચ-પચાસ લાખ પેદા થાય. જાણે અમે શું કર્યું? કેટલા મેળવ્યા અને ક્યાંય આગળ વધી ગયા. આહા..હા..! અરેરે! ભગવાન તું ભૂલી ગયો. તારું

સ્વરૂપ તો જ્ઞાન છે. જે બને એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! બને એની ક્રિયા તો તારી થતી નથી, પણ બને એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! આવું સ્વરૂપ છે.

હવે એકવાર ત્યાં ઇંદોરમાં એમ બન્યું હતું. પચાસ પંડિત ભેગા થઈને અહીંનો વિરોધ કરવા માટે. પરદ્રવ્યને કર્તા ન માને તે દિગંબરી નહિ. એમ કરીને આ દિગંબર... પ્રભુ! સાંભળતો ખરો ભગવંત શું કરે છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર નથી. અહીં તો કહે છે કે 'શબ્દની વર્ગણા હું કરું છું ભાષા' એ જૈન નથી, એ સમકિતી નથી. આહા..હા..! એ જીવ જ નથી. એ તો અભિમાન કરીને જડ થઈ ગયો. મેં ભાષા બનાવી. આહા..હા..! આકરું કામ, ભાઈ! જૈનધર્મ એ બહુ અલૌકિક ચીજ છે. એવી ચીજ ક્યાંય છે નહિ. છે એની ખબર નથી. વાડામાં જન્મીને આખો દિવસ આ રળવું, આ કરવું, આ ધંધા ને પાણીને. એમાં પાંચ-દસ લાખ પેદા થાય એટલે થઈ રહ્યું જાણે ઓહો..હો..! શું કમાયા અને શું વધી ગયા આગળ! પાપમાં. આહા..હા..! આકરું કામ, ભાઈ! આહા..હા..!

કહે છે કે '**શબ્દ છે તે તો પુદ્ગલ છે. તેઓ પુરુષના નિમિત્તથી વર્ણ...**' નામ અક્ષર. '**પદ...**' નામ અક્ષરનું જોડાણ. આત્મા-વાક્ય. આ ત્મા એક અક્ષર થયો. આત્મા એ અક્ષર. પણ આત્મા એ પદ થયા. વાક્ય 'આત્મા પવિત્ર છે' એ વાક્ય થયું. એ વાત. તો આત્મા '**વર્ણ-પદ-વાક્યરૂપે પરિણમે છે;...**' શબ્દ પરિણમિત થાય છે. આહા..હા..! એક ભાવ પણ યથાર્થ સમજે તો સર્વ ભાવનું તેને સાચું જ્ઞાન થઈ જાય. અરેરે! મિથ્યાભ્રાંતિમાં. આહા..હા..! પર્યાયમાં હું પરનો કર્તા એવી માન્યતા, ભ્રમણા ભગવાનને જોવામાં વિઘ્ન કરે છે. અંદર ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ. આહા..હા..! અનંતગુણરત્નાકર ભગવાનસ્વરૂપ. એને હું રાગનો કર્તા વિભ્રમતા સ્વરૂપમાં જવા વિઘ્ન કરે છે. આહા..હા..!

અંતરમાં નથી જઈ શકતો તો એનું કોઈ કારણ તો હોવું જોઈએને? સમજાણું કાંઈ? ભગવાન અનંતગુણનો સાગર અંદર પ્રભુ, એક સમયની પર્યાયમાં તારી રમત છે, પણ પર્યાયની પાસે પૂર્ણાનંદ ભગવાન આત્મા પડ્યો છે. આહા..હા..! એમાં નહિ જવાનું કોઈ કારણ નથી. કાં તો એ પર્યાયનું અભિમાન, કાં રાગનું અભિમાન, કાં ભૂલની ખબર નથી. આહા..હા..! હું ક્યાં અટકું છું એની ખબર નથી. આહા..હા..! તો અંતર સ્વરૂપમાં જઈ શકતો નથી. ભગવાનના ભેટા નથી થતા એને. આહા..હા..!

'**તેથી તેમનામાં વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે,...**' જુઓ, ભાષા! પરમાણુમાં, શબ્દમાં, એમાં '**વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે,...**' આત્મા નિમિત્ત છે માટે એમાં શક્તિ ઉત્પન્ન થઈ એમ છે નહિ, એમ કહે છે. આહા..હા..! એ સમયમાં ભાષાની પર્યાય શબ્દરૂપે પરિણમવાનો સ્વકાળ હતો, જન્મક્ષણ હતી. એ પરમાણુમાં

ભાષા થવાની જન્મક્ષણ હતી તો થઈ છે. તારાથી થઈ નથી. આહા..હા..! કેટલું સંકેલવું પડે! આહા..હા..!

**શ્રોતા :-** એક સાથે સંકેલાઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક વાત એક પણ ભાવ સમજે. એ રાગ અને શબ્દની ક્રિયા મારી નથી. હું તો એને જાણનારો જ્ઞાન છું. મારા અસ્તિત્વમાં રાગ અને અલ્પજ્ઞપણું નથી, તો શબ્દની વર્ગણા મારા અસ્તિત્વથી થાય છે એ તો ત્રણકાળમાં નથી. આહા..હા..! છેલ્લો શ્લોક છેને. આટલી ટીકા. ચાર હજાર શ્લોક સંસ્કૃત ટીકા. આહા..હા..! રામબાણ જેવી ટીકા છે. પણ કહે છે કે એ રામબાણ આમ પડે છે એ બાણ આમ જાય એ મારી ક્રિયા નથી. એ જડની તે કાળે તે સમયની તે પર્યાય ઉત્પત્તિનો કાળ હતો જડમાં. એ કારણે એ બાણ એમ ગયું. શબ્દમાં પણ એ કાળે ભાષા વર્ગણામાં શબ્દરૂપ પરિણમવાની જન્મક્ષણ હતી એ કારણે ભાષા-ટીકા થઈ છે. આહા..હા..!

**'સ્વયમેવ છે,...'** એ પરમાણુમાં શબ્દ થવાની શક્તિ સ્વયમેવ છે. આત્મા નિમિત્ત છે તો એ શક્તિ એમાં આવી. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ હવે. ઓલો તો એકેન્દ્રિય, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, કલ્યાણ થઈ ગયા. ધૂળમાંય નથી. સાંભળતો ખરો. આત્માના ભાન વિના એવી ક્રિયાઓ અનંતવાર કરી. આહા..હા..! કર્તા થઈને કર્યું. આહા..હા..! 'કરે કરણ સોહી કરતારા જો જાણે સો જાનનહારા.' જે શબ્દની ક્રિયા અને રાગની ક્રિયાનો કર્તા માને એ કર્તા મિથ્યાદષ્ટિ છે. 'કરે કર્મ સોહી કરતારા, જો જાણે સો જાનનહારા.' ધર્મી સમ્યગ્દષ્ટિ તો જાણે છે કે આમ થાય છે, હું કરતો નથી. આહા..હા..! તો એમ કહે છે કે પોતાનું અભિમાન ટાળવા માટે વાત કરી છે એમ કહે છે. એમાં એમ ટીકા લખી છે. કળશટીકામાં. પણ એ યથાર્થ એમ જ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! ભાષાની, પરમાણુની પર્યાય એ ભાષા ઉઠે છે. એ સમયે ભાષાની પર્યાય શબ્દરૂપે પરિણમવાનો સ્વકાળ છે. આત્માને કારણે ભાષા થાય એમ ત્રણકાળમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધાંતની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો સિદ્ધાંત છે. સિદ્ધ થયેલી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'કારણ કે શબ્દનો અને અર્થનો વાચ્યવાચક સંબંધ છે.'** શું કહે છે? જે વાચ્ય પદાર્થ છે એ વાચ્ય અને શબ્દ છે એ વાચક. એ વાચક અને વાચ્યનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. મારાથી એ વાચ્ય, શબ્દથી શબ્દ વાચક થયો અને મારું વાચ્ય શબ્દે બતાવ્યું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે...'** આહા..હા..! **'એ વાત જ યથાર્થ છે. આત્મા તો અમૂર્તિક છે, જ્ઞાનસ્વરૂપ છે. તેથી તે મૂર્તિક પુદ્‌ગલની રચના કેમ કરી શકે?'** ભગવાન તો અરૂપી, અમૂર્ત

રંગ, ગંધ, રસ વિનાની ચીજ છે એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ભાષા કેમ કરી શકે? આહા..હા..! 'માટે જ આચાર્યદેવે કહ્યું છે કે **'આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું,...'** સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧૧, શનિવાર, તા. ૦૮-૧૦-૧૯૭૭, શ્લોક-૨૭૮, પ્રવચન નં. ૪૭૨

ભાવાર્થ ૨૭૮નો. આ ટીકા બનાવી તો કહે છે કે એ શબ્દ તો પુદ્ગલ છે. આહા..હા..! આ ટીકા બની એ તો પુદ્ગલથી બની છે. આહા..હા..! કેમકે આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, આનંદદળ એમાં શબ્દની ક્રિયા કરવી એ ક્યાં છે? આહા..હા..! રાગની ક્રિયા કરવી એ પણ એમાં નથી. ..માં કાંઈક પાપના પરિણામ એમાં રોકાઈ ગયો છે અને નીકળીને કદાચિત્ શુભભાવ થયો પુણ્યભાવ, શુભભાવ ત્યાં રોકાઈ ગયો, પણ એ ભાવથી ભિન્ન મારી ચીજ છે એનું જ્ઞાન અને આનંદ કદી લીધો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો અહીંયાં આચાર્ય કહે છે કે આ ટીકા જે બની છે એ મેં નથી બનાવી. આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા એમાં હું તો લીન છું, કોઈ રાગમાં અને પરમાં લીન છું નહિ. આહા..હા..!

**'તેઓ પુરુષના નિમિત્તથી...'** નિમિત્તથી હોં! કર્તા નથી. બની શકે નહિ. **'વર્ણ-પદ-વાક્યરૂપે પરિણમે છે; તેથી તેમનામાં વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે,...'** આહા..હા..! એ શબ્દમાં જ સ્વપર કહેવાની શક્તિ સ્વયમેવ છે. આત્મા પુરુષ જ્ઞાન નિમિત્ત છે તો એ શક્તિ શબ્દમાં આવી એમ છે નહિ. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? આચાર્યને ક્ષયોપશમ ઘણો છે. તો એ ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય છે તો શબ્દમાં સ્વપર કહેવાની શક્તિ આવી એમ નથી. આહા..હા..! શબ્દોમાં સ્વયમેવ, પરમાણુમાં ભાષા-શબ્દ થવાની સ્વયમેવ શક્તિ છે. એ સમયમાં શબ્દ ટીકા થવાનો સ્વકાળ હતો. આહા..હા..! એનાથી રચના થઈ ગઈ છે.

**શ્રોતા :-** તો એમ કે છે કે આચાર્ય... એમ કેમ કહેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તથી કથન. એ તો કહેશે હમણા. નિમિત્તથી કથન એમ આવે. અહીંયાં પણ કહ્યુંને પુરુષના નિમિત્તથી. પણ નિમિત્તનો અર્થ? એણે કર્યું નથી. આહા..હા..!

**શ્રોતા :-** એમ કહેવું જોઈએને કુંદકુંદચાર્યને નિમિત્ત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તથી અહીંયાં કહ્યું જુઓને. અહીં કહેશે. આગળ કહેશે.

**'આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે...'** આહા..હા..! ભગવાન આત્મા તો અરૂપી અને જ્ઞાનઘન અતીન્દ્રિય આનંદ રસકંદ એવો આત્મા શબ્દને કેમ રચે? એ દ્રવ્યશ્રુતની રચના તો શબ્દે કરી છે. આહા..હા..! અહીં તો કાંઈક ક્રિયા જડની થાય તો મેં કરી... મેં કરી... મેં કરી... સમજાણું કાંઈ? આવી વાત બહુ ઝીણી. વસ્તુનું સ્વરૂપ બતાવે છે. કે **'આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે એ વાત જ યથાર્થ છે. આત્મા તો અમૂર્તિક છે,...'** ભગવાન તો રસ, ગંધ, રંગ, સ્પર્શ વિનાની ચીજ છે. એ રંગ, ગંધ, રસ, સ્પર્શની ચીજ જે શબ્દની પર્યાય એ અરૂપી ભગવાન કેમ કરી શકે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનસ્વરૂપ છે.'** પ્રભુ! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. જાણક સ્વભાવનો સરોવર-દરિયો છે. આહા..હા..! એ જડ પુદ્ગલની રચના શબ્દની કેમ કરે? આહા..હા..! જડ તત્ત્વની પર્યાય આત્મા કરે એ ત્રણકાળમાં બને નહિ એમ કહે છે. આહા..હા..! **'તેથી તે મૂર્તિક પુદ્ગલની રચના કેમ કરી શકે?'** અમૂર્તિક પ્રભુ! આહા..હા..! ભલે એની દૃષ્ટિ એના ઉપર ન હોય, તોપણ અમૂર્તિક તો છેને. એ મૂર્તિક એવા શબ્દની રચના કેમ કરે? અજ્ઞાનથી માને. આહા..હા..! **'માટે જ આચાર્યદેવે કહ્યું છે કે 'આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે,...'** આહા..હા..! તો આ જગતના બધા ધંધા, પાણી. આહા..! કોણ કરે છે? એ જડની ક્રિયા જડથી થાય છે. સમજાણું કાંઈ? એ તત્ત્વ છેને? તો જીવતત્ત્વ અજીવતત્ત્વને કેમ કરે? આહા..! જીવ-અજીવ બે તત્ત્વ ભિન્ન છે. તો જીવતત્ત્વ અજીવતત્ત્વનું કારખાનું બનાવે, આ દુકાન ચલાવે. લ્યો, દુકાન ઉપર બેઠે.

**શ્રોતા :-** નામુ સરસ લખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામા લખે ફર્સ્ટક્લાસ. ધૂળેય લખે નહિ અહીં તો પ્રભુ! ગજબ વાત છે. એ અજ્ઞાની માને કે હું નામુ લખું છું, હું બોલું છું અને દુનિયાને હું વેપાર-ધંધામાં બચાવું છું કે આમ લ્યો, આમ ઘો, આમ કરો. એ ભાષા જડની પર્યાય છે. આહા..હા..! દુકાન ઉપર બેસેને તો કહે આવો બા આવો. શું લેવું છે? એ ભાષા જડની છે એમ કહે છે. આહા..! આવી વાત છે. એક તત્ત્વમાં બીજા તત્ત્વનું મિશ્રણ કરવું એ તો મિથ્યાભાવ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મિથ્યાભાવ કરે એનું મિશ્રણ થઈ જાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાભાવ થઈ જાય પણ છતાં કરી શકે નહિ. ત્યારે મિથ્યા કહેવાયને. આહા..હા..!

આચાર્યદેવ અહીંયાં કહે છે કે મારી એ ક્રિયા નથી. **''આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું,...'** આહા..હા..! પણ વિકલ્પ છેને. તો કહે વિકલ્પનો

પણ હું જ્ઞાતા છું. આહા..હા..! વિકલ્પ છે ત્યાં હું રોકાતો નથી. હું એને છોડી દઉં છું. આહા..હા..! વચ્ચે વિકલ્પ આવે છે એને હું છોડી દઉં છું. મારામાં નથી એ છોડી દઉં એ પણ વ્યવહાર છે. આહા..હા..! હું એને જાણું છું એ પણ વ્યવહાર છે. આહા..હા..! ઝીણી વાત બહુ. ધર્મ તત્ત્વ ઝીણું ઘણું. આહા..હા..! એ વિકલ્પને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કે વિકલ્પ તો અજીવ પર્યાય છે. ભગવાન તો આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એ જ્ઞાનમાં રહીને એને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. જ્ઞાનમાં રહીને જ્ઞાનની પર્યાયને જાણે એ પણ ઉપચાર કર્તા છે વ્યવહાર. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** ... સંસારનું કારણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરીએ નહિ કારણ.

**શ્રોતા :-** અમારા... માટે લાભનું કારણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ લાભનું કારણ એનાથી છે નહિ, એમ કહે છે. એનાથી લાભ નથી. પણ વ્યવહારથી મનાય છે કે નિમિત્ત એ કર્તા છે તો એનો ઉપકાર માનવો. એ વ્યવહાર છે.

**શ્રોતા :-** ઉપકાર માનવો એ વ્યવહાર નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ વ્યવહાર છે, એ કહે છે. આહા..હા..! બાકી તો પોતાના આત્મામાં પોતાના આનંદની જ્ઞાનની પર્યાય એ પોતાના દ્રવ્યના સ્વભાવમાં પૂર્ણાનંદ પડ્યો છે એની પ્રતીતિ અને અનુભવ કરવાથી પર્યાય પોતાથી થાય છે. પરનો ઉપકાર એ તો નિમિત્તનું કથન વ્યવહાર છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. દુનિયાને ક્યાં રખડે? ઓહો..હો..! અનાદિકાળથી કોઈ શરીરમાં અટકી ગયો, કોઈ વાણીમાં, કોઈ રાગમાં, કોઈ પુણ્યમાં, કોઈ પાપમાં, કોઈ સ્ત્રીમાં, કોઈ કુટુંબ ને કોઈ .. ધંધા એમાં રોકાઈ ગયો. પોતાનું ચૈતન્યસ્વરૂપ એનાથી ભિન્ન. એ ઉપર દૃષ્ટિ કદી કરી નથી. આહા..હા..! અને પરમાં રોકાય છે, પોતાની ચીજને ખોઈ નાખી. આહા..હા..! બહુ ઝીણી વાતું, બાપુ! ધર્મ ઝીણો ઘણો.

ધર્મીને પણ રાગ આવે છે, પણ રાગનો કર્તા ન થઈને, રાગમાં પોતાના ભાવમાં રહીને એને જાણે છે, એને સ્પર્શ કર્યા વિના જાણે છે. આહા..હા..! આવી વાત હવે. સમજાણું કાંઈ? એ રીતે વસ્તુનું સ્વરૂપ છે. એ રીતે ન માને અને વિપરીત માને તો પરિભ્રમણનો રસ્તો છે ચારગતિ. આહા..હા..! ઉજ્જૈનમાં એક મોટો સંચો છે. વિનોદમીલ. મોટો સંચો છેને શું કહેવાય એ? લાલચંદ શેઠ. ગયા નહિ. એક ફેરી લઈ ગયા હતા. તો મોટો સંચો. ત્યાં એક કપાસ મૂકે ફક્ત કપાસ. તો કપાસમાંથી કપાસિયા છૂટા પડી જાય, ધૂળ છૂટી પડી જાય. કરતાં... કરતાં... કરતાં... એક માણસ ઉભો હોય. જો વચ્ચે દોરો તૂટી જાય તો સાંધી નાખે. બસ એટલું. બાકી અહીં કપાસ નાખે એવું કપડું તૈયાર થઈને નીકળે. એવી મીલ છે. ઉજ્જૈનમાં છે. પણ એ ભ્રમણામાં. બ્રાહ્મણ પાસે મંત્ર જપાવતા હતા. અમે જ્યાં ઉતર્યા

હતા ત્યાં નજીકમાં બ્રાહ્મણ મંત્ર જપતા હતા. આ બધું નભે સરખું સંચો ચાલે એમ. અરેરે! ક્યાં? તો ત્યાં લઈ ગયા હતા પગલા કરવા. પાંચસો રૂપિયા મૂક્યા હતા ત્યાં નહિ? પાંચસો. પણ એ તો એવો સંચો છે. હિન્દુસ્તાનમાં એક જ છે. એક બીજો બે જ છે. તો એવો સંચો છે કે અહીંયાં કપાસ મૂકે. કપાસ સમજ્યાને? નાખે તો ત્યાં કપડું નીકળી જાય એની મેળાએ. આદમી-બાદમી વચ્ચે કોઈ નહિ. એ સંચાથી બધું બને. એક આદમી ઉભો હોય તો દોરો તૂટી જાય ક્યાંક. તો એને સાંધી દે. જો દોરો તૂટી જાય તો સંચો બંધ થઈ જાય. આહા..હા..! એ કોણ કરે કહે છે. આહા..હા..! એ માણસ કરે? એ કપડાને બનાવે કોણ? પંડિતજી! આહા..હા..! એ પુદ્‌ગલની પર્યાયની રચના સ્વયંસિદ્ધ એનાથી થાય. કપાસ નાખો, રૂ નાખો ભેગું કપડું. એટલો મોટો સંચો છે ત્રણ કરોડનો. ત્રણ કરોડનો એક સંચો છે. આવડો મોટો. લઈ ગયા હતા ત્યાં શેઠ. હતાને ત્યારે. ગુજરી ગયા શેઠ. આહા..હા..!

**શ્રોતા :-** કપાસ નાખો કપડું થઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કપડું થઈ જાય. એની મેળાએ એ સંચો એટલો તૈયાર. કપાસમાંથી રૂ નીકળે, એ રૂમાંથી સુતર નીકળે, દોરો થઈ જાય, દોરામાંથી કપડું બને અને બહાર. સંચામાંથી. કોઈ આદમી નથી. એક આદમી ઉભો જ્યાં જ્યાં દોરો તૂટી જાય ક્યાંક તો સાંધી દે. બસ એટલું. એ તો જગતની ચીજ જડની પર્યાયમાં થવાની હોય તો થાય એનાથી. કોઈ કહે કે મારાથી સંચો બન્યો અને અને હું બરાબર ચલાવું છું. આહા..હા..!

**શ્રોતા :-** બીજાથી થાય કે ન થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કીધુંને સંચાથી થયું છે, આત્માથી થયું જ નથી. આહા..હા..! એમ આ પરમાણુ આ ટીકા આત્માથી થઈ જ નથી. આહા..હા..!

**'મારું કર્તવ્ય તેમાં (-ટીકા કરવામાં) કાંઈ જ નથી.''** આહા..હા..! આવી ટીકા ભરતક્ષેત્રમાં અન્યમાં તો છે નહિ પણ જૈન દિગંબરમાં પણ આ ટીકા જે સમયસારની, પ્રવચનસાર, સમયસાર. ઓહો..હો..! નિયમસાર ટીકા. ગજબ ટીકા. એ કહે છે કે એ પર્યાય શબ્દને કારણે બની છે, મારાથી નહિ. મારું ક્ષયોપશમજ્ઞાન એમાં નિમિત્ત છે, પણ નિમિત્તથી એમાં ક્રિયા થઈ (એમ નથી). આહા..હા..! આવી વાત છે. અહીં તો હજી જ્યાં ત્યાં અમે કરીએ, હું કરું છું, હું કરું છું. આ શરીરની ક્રિયા પણ આહારથી થાય છે એ તો જડથી થાય છે, આત્માથી નહિ. આહા..હા..! રાગ આવ્યો આત્મામાં, તો રાગનો કર્તા આત્મા નથી. એ ચૈતન્યસ્વરૂપી એનો કર્તા નથી, એ તો જાણનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આચાર્યદેવ. મારું કોઈ કર્તવ્ય નથી. આહા..હા..! હવે આ બધા તમાકુના શું કહેવાય? ગોદામ ભર્યા હોય આખા. બરાબર તાળા દઈને સાચવે તો રહે એમ હશે? આહા..હા..! તાળું તો સમકિતી પણ તીજોરીને તાળુ દે. દેતા જ નથી. એ કહે છે કે હું એનો કર્તા છું જ નહિ.

**શ્રોતા :-** અજ્ઞાની પણ ક્યાં દે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાની માને છે કે હું તાળું દઉં તો તીજોરીમાં રહેશે. ચોર નહિ લઈ જાય. જ્ઞાની 'તાળાની ક્રિયા હું કરું છું' એમ માનતા જ નથી. આહા..! આવી ચીજ! અરે! આ રજકણો જડ-માટી અને શબ્દોની વર્ગણા એ પણ માટી. એની વર્તમાન પર્યાય જે થાય છે તો એક સાથે જન્મ ઉત્પત્તિનો કાળ છે એમાં ઉત્પત્તિ થાય છે, આત્માથી નહિ. આહા..! હજી શ્રદ્ધાની ખબર ન મળે, તત્ત્વની ખબર ન મળે. આહા..હા..! ભગવાન આત્મા જેનો દ્રવ્યસ્વભાવ, જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત અપરિમિત શક્તિનું સ્વરૂપ તે આત્મા. એ આત્મા રાગને કરે કે પરને કરે એ ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. ઓલા પંડિતો કહે પરને કર્તા ન માને એ દિગંબર નથી. લ્યો હવે આવું! અરે પ્રભુ! શું કરે છે? ભાઈ! આહા..હા..! દિગંબર કોણ કહેવાય નાથ તને ખબર નથી. પ્રભુ તારું સ્વરૂપ જ દિગંબર છે. તારો સ્વભાવ વિકલ્પ જે રાગ એનાથી રહિત રાગનું કપડું તારામાં છે જ નહિ. આહા..હા..! પણ એ અંતર વસ્તુની મહિમા જ આવી નથી. એક વર્તમાન પર્યાયમાં રમત કરીને શુભ કે અશુભભાવમાં રોકાણો, પણ એ પર્યાયની પાછળ અંદર આખું આત્મતત્ત્વ દ્રવ્ય વસ્તુ છે, ધ્રુવ છે, પલટતી પર્યાયની પાછળ આખો ધ્રુવ છે અને એ ધ્રુવમાં અનંતી શક્તિઓ પડી છે. આહા..હા..!

વર્તમાન પર્યાયને પર્યાયવાનમાં વાળવાથી અનંત જ્ઞાન-દર્શન-આનંદનો દ્રવ્યરૂપ સ્વભાવ એના જ્ઞાનમાં આવે છે. આહા..હા..! એવું જ્ઞાન ન કરતાં પર્યાયમાં રાગ અને પુણ્ય અને પુણ્યના ફળ આદિ બહાર સંયોગ એમાં લક્ષ કરીને અટકી ગયો, રોકાઈ ગયો. આહા..હા..! વસ્તુ ભગવાન તો નિવૃત્તસ્વરૂપ છે, અંદર આત્મા તો વિકલ્પથી પણ નિવૃત્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માટી, ધૂળ ક્યાંય રહી ગઈ. આ શરીર મારું, આંખ મારી, કાન મારા, નાક મારું. આહા..હા..! અરે પ્રભુ! તું ક્યાં રોકાઈ ગયો? તારી ચીજમાં એ તો છે નહિ અને એ ચીજમાં તારો સ્પર્શ પણ નથી. તું તો અરૂપી છોને. આહા..હા..! તો એનો સ્પર્શ પણ એને નથી. એ ચીજને મારી માનવી એ મિથ્યાભ્રમ છે. આહા..હા..! અને એ મિથ્યાભ્રમણા અનંત માથે નિગોદ અને નરકના ભવનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આચાર્ય તો કહે છે કે અમે તો આત્મા છીએ. તો હું આત્મા શું ટીકાના શબ્દની રચના કરું? આહા..હા..! અહીં તો હજી પરની દયા પાળી શકું છું અને પરને મારી શકું છું, પરની સેવા કરી શકું છું, પરની રક્ષા કરી શકું છું. બધો ભ્રમ છે. આહા..હા..! આકરી વાત, બાપુ! માર્ગ આકરો પ્રભુનો. આહા..હા..! આચાર્ય કહે છે કે મારું કાર્ય નથી. **'આ કથન આચાર્યદેવની નિર્માનતા પણ...'** એટલે શું કહ્યું 'પણ'? કે કર્તા તો નથી, પણ સાથે નિર્માનતા પણ જણાવે છે. મારું કર્તવ્ય નથી, પ્રભુ! એ હું નહિ. આહા..હા..! કર્તા તો નથી, સાથે નિર્માનતા

બતાવે છે. આહા..હા..! બાપુ પણ વસ્તુનું સ્વરૂપ એવું છે. અજ્ઞાની પણ શબ્દની રચના કરી શકતો નથી. એ બીડી.. આપટો અને ટીમરુ. ટીમરુનું એક પાંદડુ હોય અને આપટાના બે-ત્રણ પાંદડા ભેગા કરીને. દોરો વીંટે પછી અંદર છેલ્લે. આમ મોઢું બીડે મોઢું હોયને. અહીં તો કહે છે કે એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! સવારથી સાંજ સુધી હજાર બીડી બનાવે. હજાર-પંદરસો. કોઈ હુશિયાર હોય તો. પહેલાં તો આઠ આના મળતા હતા હજારના. પહેલાં આઠ આના. શેઠ! હવે ત્રણ-ચાર રૂપિયા કેટલા થયા? પાંચ રૂપિયા લ્યો. શેઠના ઘરે. પહેલાં આઠ આના હતા. અમે જ્યારે ૫૦-૬૦ વર્ષ પહેલાં. આઠ આનામાં એક હજાર બીડી વળે.

**શ્રોતા :-** પાંચ રૂપિયા તો મજુરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મજુરી છે. ઓહો..હો..! એ વાળે એના પછી એક હજાર દેવા પડે? પાંચ દે.

**શ્રોતા :-** મજુરી પાંચ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. મજુરી પાંચ, પણ ઓલા વાળે એને કેટલા દેવા પડે? પાંચ કીધાને. તો બહુ પૈસા વધ્યા નથી. એ વખતે આઠ આનાનું વીસ ગણું વધવું જોઈએ તો એટલું વધ્યું. આહા..હા..! તો એ બીડીના, એકપણ બીડીનું આમ વાળવું, તેમ વળવું ત્રણકાળમાં આત્મા કરી શકતો નથી. એ સમયમાં તે પરમાણુની, તે પર્યાયનું પરિણમન એ રીતે થવાનો સ્વકાળ છે તો થાય છે. આહા..હા..!

એ અમારે ઉમરાળામાં એવું હતું. ૭૦ વર્ષ પહેલાંની વાત. ૭૫ વર્ષ પહેલાં. એક હજાર-હજાર, પંદરસો-પંદરસો. બહુ હુશિયાર હોયને તો પંદરસો વાળે. બાર આના મળે. હજાર તો આઠ આના. પણ તે દિ' આઠ આના એટલે? એક મહિનાના પંદર રૂપિયા. ખોરાકમાં ત્રણ રૂપિયા જોઈએ મહિનાના ત્રણ-ચાર.. ત્રણ-ચાર.. બસ. અત્યારે તો ત્રણ-ચાર રૂપિયા તો શાકમાં જોઈએ. શું કહ્યું?

**શ્રોતા :-** વિજ્ઞાનનો યુગ છે અત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિજ્ઞાનનો યુગ છે, અજ્ઞાનનો યુગ છે. આહા..હા..! આ લોકોનું વિજ્ઞાન કહે છેને. અજ્ઞાન છે. વિજ્ઞાન અહીંયાં ક્યાં છે? આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન આ છે. આહા..હા..! ઓહો..હો..! પ્રભુ! તું તો ચૈતન્યસ્વરૂપ છોને, પ્રભુ! ભગવત્ તારો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ અને શાંતિ છેને. એ ક્રિયા જડની કેમ કરે? એ જ્ઞાતા થઈને જ્ઞેય એ તો છે. જ્ઞેયને જાણે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. પણ જ્ઞેય રચે. આહા..હા..! આ વાત જૈનમાં જૈનના વાડામાં પેસવી કઠણ પડે. અન્યને તો બેસે નહિ. આહા..હા..! આખો દિ' જુવાન શરીર હોય, લઠ્ઠ જેવું. ૨૫-૩૦ વર્ષની ઉંમર હોય, એમાં પાચ પચ્ચીસ લાખ મળતા હોય, એમાં ગરીબ બાયડી રૂપાળી હોય અને એમાં છોકરા થતા હોય રૂપાળા

જુઓ તમારે મશગુલ તમારે. મૂઢતામાં મશગુલ છે. સમજાણું કાંઈ?

ભગવાન! તું તો આનંદ અને જ્ઞાન છોને. તો તું એવી મૂંઝવણમાં ક્યાં ગયો? સમજાણું કાંઈ? આચાર્ય તો કહે છે કે અમે શાસ્ત્રની ક્રિયાના કર્તા છીએ જ નહિ. આહા..હા..! ગજબ વાત છે. શાંતિભાઈ! તો એ કર્તા તો નહિ, પણ શરીરની ક્રિયા હાલે-ચાલે છે એનો હું કર્તા નથી. આહા..હા..! પર ઉપર નજર છે કે આ પ્રાણી છે કીડી, તો મારો પગ ત્યાં ન પડે. એમ વિકલ્પ હોય, પણ એ ક્રિયા હું કરી શકું છું (એમ નથી). આહા..હા..! 'પગને ઉંચો રાખી શકું, કીડી ઉપર ન પડે,' એ ક્રિયા મારી નથી. આહા..હા..! અને એમાં વિકલ્પ આવ્યો એ પણ રાગ છે, એ મારી ચીજ નથી. આહા..હા..! હું તો રાગનો જ્ઞાતા-દ્રષ્ટા જ્ઞેય તરીકે જાણનારો છું. આહા..હા..! એવું પ્રભુનું સ્વરૂપ છે. આત્માનું સ્વરૂપ એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી તત્ત્વની ચીજ ન માને અને વિપરીત રીતે માને તો તત્ત્વદૃષ્ટિથી વિપરીત દૃષ્ટિ છે. આહા..હા..!

'**હવે, જો નિમિત્તનૈમિત્તિક વ્યવહારથી કહીએ તો...**' જુઓ, નિમિત્ત-નૈમિત્તિકથી કહેવાય. નૈમિત્તિક ક્રિયા તો એનાથી થઈ, પણ નિમિત્ત અહીંયાં આચાર્ય છે તો એવા નિમિત્ત-નૈમિત્તિકસંબંધથી જે કહીએ તો '**અમુક કાર્ય અમુક પુરુષે કર્યું.**' એમ કહેવામાં આવે છે. વ્યવહાર છે. નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવવા. નિમિત્તથી થયું નથી, પણ એમાં નિમિત્ત કોણ છે? આહા..હા..! '**આ ન્યાયે આ આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત છે જ.**' નિમિત્ત તરીકે 'એ જ કર્તા' એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે છે. આહા..હા..! '**તેથી, તેને વાંચનારા તથા સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ યુક્ત છે;...**' વ્યવહાર આવ્યોને? એણે બનાવ્યું છે તો એણે મહા.. આહા..હા..! અમૃત આત્મખ્યાતિ. આ ટીકાનું નામ આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ. ભગવાન આનંદનો નાથ પ્રભુ જ્ઞાનસ્વરૂપી બિરાજે છે એ રાગનો કર્તા નથી, પરનો કર્તા નથી, એવી પ્રસિદ્ધિ આત્માની બતાવી છે. સમજાણું કાંઈ? એ આત્મખ્યાતિ ટીકાનું નામ છે. આત્મપ્રસિદ્ધિ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ આત્મા એવી આત્માની ખ્યાતિ આ ટીકાએ બનાવી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ** જણાય છે,...' છે? તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ. ખરેખર આત્માનું સ્વરૂપ. આહા..હા..! એ તો જ્ઞાતા-દ્રષ્ટા પ્રભુ છે. આ વાંચવા-સાંભળવાથી આત્માનું પરમાર્થ સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા એ જણાય છે. 'હું કર્તા છું, હું પરનો ભોક્તા છું' એ વાતનો એમાં નાશ થાય છે. આહા..હા..! '**તેનું શ્રદ્ધાન...**' એક તો એને વાંચવાથી તથા સાંભળવાથી પારમાર્થિક ખરેખર સ્વરૂપ એનું જ્ઞાન થાય છે. આહા..હા..! તથા તેનું શ્રદ્ધાન થાય છે, 'હું તો જ્ઞાનસ્વરૂપ છું' એવું શ્રદ્ધાન એમાં થાય છે. આહા..હા..! કર્મરૂપી વેરી એણે આ

બધા દુશ્મનાઈના ખેલ ખેલ્યા છે બહાર. આ સ્ત્રી ને કુટુંબ ને પરિવાર ને આબરૂ. એમાં માને કે આ મારું છે. આહા..હા..! મારો દીકરો છે, મારો દીકરો છે. સમજાણું કાંઈ? અને કોઈનું મરણ થઈ જાય તો પોતે ન જઈ શકે તો એમ કહે કે તું જાને... તું જાને... ન્હાવા જાય છેને મરણ પછી? કે તું એ હું છુંને અને તું એ હું છું, જા. એમ કહે. ધૂળમાંય નથી. આહા..હા..! અરેરે! તારું પાગલપણું તો જો અને એ પાગલપણાથી તારે ચોર્યાસીના અવતાર કરવા પડશે, પ્રભુ! આહા..હા..! નરક અને નિગોદ. આહા..હા..! જેના દુઃખ... નારકીનું દુઃખ દસ હજાર વર્ષની સ્થિતિ એક. આહા..હા..!

અહીંયાં પુરુષનો, અબજોપતિ પુરુષ હોય, દીકરાના લગ્ન હોય, પાંચ-દસ કરોડ ખર્ચ્યા હોય અને સુહાગરાત, લગ્નની પહેલી રાત હોય એવા પુરુષને આહા..હા..! જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો સીધો નાખે અને એને એને જે દુઃખ થાય એનાથી અનંતગણું દુઃખ નરકની પહેલી સ્થિતિ. નરક દસ હજાર વર્ષમાં છે. આહા..હા..! પહેલી નરક છે દસ હજાર વર્ષ સ્થિતિ છે. દસ હજાર વર્ષની સ્થિતિપણે અનંતવાર ઉપજ્યો. આ મિથ્યાત્વને કારણે. આહા..હા..! દસ હજાર અને એક સમયની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો, દસ હજાર અને બે સમયની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો એમ ત્રણ, ચાર, પાંચ, છ, સાત અસંખ્ય સમય. પછી મિનિટ આવે છે અસંખ્ય સમયમાં. તો અસંખ્યની એક મિનિટે પણ ત્યાં અનંતવાર ઉપજ્યો. આહા..હા..! એવી-એવી સાતમી નરકના નારકી. ભાઈ! સાંભળ્યું ન જાય, ભાઈ! આહા..હા..! હજાર વીંછી કાળા. વીંછી હોય છે બહુ આકરા. શું કહેવાય એને? ઠાકરિયા. ઠાકરિયો એટલે વીંછીમાં ઠાકર. વીંછીમાં મોટો. જોયો છે અમે મોટો એક ફેરી એકલો ગયો હતો તો રસ્તામાં આમ મોટો આવડો વીંછી હતો. કાળો ઢીમ. કરડે તો મરી જ જાય. લાઠીમાં એક છોકરાને વીંછી કરડ્યો હતો તો છ મહિને મરી ગયો. મરી જ ગયો એ. આહા..હા..! એ ઠાકરિયા વીંછી એક એવા હજાર વીંછી કરડે એની વેદના કરતા પણ અનંતગુણી વેદના છે, પ્રભુ! આહા..હા..! તારે કરવાનું હતું તે ભૂલી ગયો, નહિ કરવામાં રોકાઈ ગયો. સમજાણું કાંઈ? દસ હજારની એક સમયની માંડીને ૩૩ સાગર. વચ્ચે કેટલા અસંખ્ય અબજ વર્ષ. એ દરેક સમયમાં, દરેક સમયમાં અનંતવાર જન્મ્યો છે. આહા..હા..! ભાઈ! તને પરપદાર્થમાં શેનો ઉત્સાહ થાય છે? હરખ શેનો થાય છે તને? આહા..હા..! પરપદાર્થના હરખથી તને દુઃખમાં અનંતતા આવી છે. આહા..હા..!

અહીંયાં પ્રભુ કહે છે કે એ દુઃખની અવસ્થા પણ તારી નથી. આહા..હા..! તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છોને એમ આત્મખ્યાતિ બતાવે છે. સમજાણું કાંઈ? સમયસાર પહેલી ગાથાથી ૪૧૫ પ્રભુ! તું આત્મા આનંદ છોને નાથ. ભગવત્ સ્વરૂપ તારું છેને, પ્રભુ! તું પરમેશ્વરસ્વરૂપ છો. તારામાં રાગ-દ્વેષ તો નથી, પરની ક્રિયા તો નથી, પણ અલ્પજ્ઞપણું તારા સ્વરૂપમાં નથી. એ આત્મખ્યાતિ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં ધંધાના કામમાં રોકાવું

આખો દિ' પાપમાં. આહા..હા..! પુણ્ય ધર્મ તો નહિ, પુણ્ય પણ ન મળે. આહા..હા..! એ ૨૦-૨૦-૨૨ કલાક. એક-બે કલાક વળી સાંભળવાનો વખત હોય તો સાંભળવા જાય. તો ત્યાં પુણ્ય બંધાય થોડું સાંભળે એટલું. ધર્મ તો બીજી ચીજ છે. આહા..હા..!

**શ્રોતા :-** એ કેવું પુણ્ય હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય એ પાપાનુંબંધી પુણ્ય.

**શ્રોતા :-** એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે કે એ પુણ્યના ફળમાં અનુકૂળતા મળશે એનાથી પાપ બાંધશે અને પાપ બાંધીને નરકમાં જાશે. આહા..હા..! આવું છે, ભાઈ! આહા..હા..! મિથ્યાશ્રદ્ધાથી ચોર્યાસીના ઊંડે કૂવે ઉતરી ગયો છે એ. આહા..હા..! બાયુ વિધવા થાયને નાની ઉંમરની. તો એ રોવે. બધું સાંભળ્યું છેને. જોયું છેને. ૨૦ વર્ષ, ૨૫ વર્ષની ઉંમર હોય અને ધણી ૨૮ વર્ષનો હોય અને મરી જાય. તો એને છોકરું કાંઈ હોય નહિ અને એકાદ છોકરું હોય તો પણ રોવે એવા રોવે.. રોવે.. અરેરે! અમને ઊંડે કૂવે નાખી અને વાલેળા દોરડા તોડ્યા. .. કાંઈક ભાષા એવી છે. દોરડા કાપ્યા પડ્યા અમે કૂવામાં નાખી દીધી મને. હવે અમારે ક્યાં જાવું? એમ રોવે. અરે! ધૂળમાંય નથી સાંભળને. (શ્રોતાઃ- હવે આપનો ઉપકાર છે એટલે કોઈ રોવે નહિ) આહા..હા..! અને એ રાંડે એટલે દુઃખી થઈ એમ કહે. એ દુઃખી થઈ. અરે! મૂઢ સાંભળને. પર મરી ગયો એમાં એને દુઃખ ક્યાંથી? દુઃખી તો મિથ્યાત્વને લઈને, વિપરીત માન્યતાને લઈને દુઃખી છે. આહા..હા..! એ અહીં કહે છે કે એ બતાવવા આ ટીકા આત્મખ્યાતિ પ્રસિદ્ધ છે. પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છોને, નાથ! ભગવત્ સ્વરૂપ તારી ચીજ છે અને ભગવાને કહ્યુંને. આહા..હા..! '**वंदित्तु सव्व सिद्धे**' માંડીને ૪૧૫ શ્લોકમાં આત્મખ્યાતિ, આત્માની પ્રસિદ્ધિ કરી. સ્ત્રીનો દેહ હોય, પુરુષનો દેહ હોય, હીજડાનો દેહ હોય, કીડીનો દેહ હોય, અરે! નિગોદનો દેહ હોય, પણ પ્રભુ તારી શક્તિ દ્રવ્ય છેને દ્રવ્ય. વસ્તુ છેને ત્રિકાળી. ધ્રુવ જે છેને એ તો નિર્મળાનંદ ત્રિકાળ પરથી નિવૃત્તસ્વરૂપ જ અંદર પડ્યો છે. આહા..હા..! એવી સ્થિતિને બતાવનારી આ ટીકા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આત્માનું સ્વરૂપ જણાય છે, તેનું શ્રદ્ધાન...**' પણ થાય છે. ત્રણે લીધું. આ આત્મખ્યાતિ સમયસાર સાંભળવાથી પોતાનું સ્વરૂપ સન્મુખ જાય તો જ્ઞાન પણ થાય છે અને સ્વરૂપની શ્રદ્ધા પણ થાય છે. એમાં ટીકા નિમિત્ત કહેવામાં આવે છે અને સ્વરૂપનું આચરણ પણ થાય છે જ્ઞાનાનંદ સ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનાનંદ સ્વરૂપનું સમકિત-શ્રદ્ધા, જ્ઞાનાનંદ સ્વરૂપની રમણતા. આહા..હા..! જેમ રાગમાં રમતો હતો એને છોડીને આત્મામાં રમવું તે આત્મખ્યાતિ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ કારણે '**મિથ્યાજ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ દૂર થાય છે...**' મિથ્યાજ્ઞાન—રાગ મારો છે, પુણ્ય મારું છે અને પુણ્ય

કરતાં-કરતાં કલ્યાણ થશે એવા મિથ્યા જ્ઞાનનો નાશ થાય છે, મિથ્યાશ્રદ્ધાનો નાશ થાય છે અને મિથ્યા આચરણ નાશ થાય છે. આહા..હા..!

**'અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.'** શુદ્ધ સ્વરૂપ પોતાનું પરમાનંદને બતાવનારી ચીજ, પ્રભુ! તારી શક્તિ તો મોટો ભંડાર છે, પણ શક્તિના સામર્થ્યમાં તારી દૃષ્ટિ ગઈ નથી. આહા..હા..! એક સમયની વર્તમાન પર્યાય-અવસ્થા એની સમીપમાં આખો ભગવાન અવસ્થાયી ચીજ પડી છે. આહા..હા..! જેની અવસ્થા એની અવસ્થાયી ચીજ પડી છે. આહા..હા..! એ આ શાસ્ત્ર બતાવે છે. સમજાણું કાંઈ? **'અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો નાશ થાય છે અને પછી ક્રમે કરીને કેવળજ્ઞાન મોક્ષ થાય છે. આહા..હા..!

**'મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે.'** લ્યો! મોક્ષના અભિલાષી પ્રાણીઓએ આ આત્મખ્યાતિ ટીકાનો નિરંતર અભ્યાસ કરવો જોઈએ. ભાષા એમ છે નિરંતર. આહા..હા..! એની લગની લાગવી જોઈએ, કહે છે. ભલે બીજામાં રોકાય પણ લગની ત્યાં હોય ત્યાં હોય ત્યાં. આહા..હા..! મારો આત્મા છે, આત્મા છે, જ્ઞાયક છે, દ્રવ્ય છે, શક્તિવાન છે, શુદ્ધ છે—એવી લગની લાગવી જોઈએ. આહા..હા..! એ ૭૮ પૂરો થયો. પછી રાખો હવે હમણા. હવે પહેલેથી લઈએ. આટલું પછી લઈશું. પૂરો થાશે ત્યારે.

હવે ૨૧૫ કળશ. ૨૧૫ કળશ છેને? આ બાજુમાં પહેલાં ભાવાર્થ. એ કળશ પહેલાં ભાવાર્થ છે? શેઠને નીકળ્યું? ગુજરાતી. એની પાસે શું છે? આ હિન્દીમાં તો ૪૯૪ પાનું છે. હિન્દી. હિન્દી છે હિન્દી? ૪૯૪. નીચે ભાવાર્થ. નીચે ભાવાર્થ છે. બીજી પ્રત છે? **'શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે.'** આવ્યું? આહા..હા..! ત્યાં સુધી વાંચ્યું છે. આ તો ક્લાસ આવ્યા હતાને એટલે શક્તિનું વર્ણન વાંચ્યું. **'ભાવાર્થ :- શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે.'** જુઓ, શું કહ્યું? ભાવાર્થ નથી? શુદ્ધ સ્વરૂપ જે પરમાનંદ પ્રભુ એનું જ્ઞાન કરવાની જે નય છે એ નયથી આત્મા તદ્દન શુદ્ધ પવિત્ર છે. ચેતના... ચેતના... ચેતના... ચેતન... ચેતના સ્વભાવસ્વરૂપ છે. ચેતન એટલે આત્મા એ ચેતના સ્વભાવ છે. જ્ઞાન, દર્શન એવો ચેતના એનો ત્રિકાળી સ્વભાવ છે. આહા..હા..!

**'તેના પરિણામ...' 'ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ...'** પર્યાય. **'જાણવું, દેખવું, શ્રદ્ધવું,...'** એ એના પરિણામ છે. આહા..હા..! શું કહે છે? વસ્તુ જે છે એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ચેતના છે. એ શરીર નથી, કર્મ નથી, રાગ-દ્વેષ નથી, અલ્પજ્ઞતા નથી. આહા..હા..! એ તો ચેતના સ્વભાવ, ચેતન દ્રવ્ય. ચેતના સ્વભાવ. ચેતના જેમ ત્રિકાળી, ચેતન ત્રિકાળી એમ ચેતના ત્રિકાળી સ્વભાવ. એની પર્યાય. દ્રવ્ય આત્મા ચેતન, ચેતના સ્વભાવ એ ગુણ આવ્યા. હવે એની પર્યાય. આહા..હા..! દ્રવ્ય ચેતન આત્મા, ચેતના એ સ્વભાવ ગુણ, હવે પર્યાય. આહા..હા..! હવે આવી દ્રવ્ય, ગુણ અને પર્યાયની વાતું.

પર્યાયમાં તો જાણવું એ પર્યાય છે. એને પર્યાય જાણે બસ. રાગ કરવો કે પરનું કરવું એ તો એમાં છે જ નહિ ત્રણકાળમાં. આહા..હા..! આવી વાત. ફુરસદ ક્યાં આમાં. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણની વાત કરે છે. દ્રવ્ય એટલે વસ્તુ એટલે આત્મા. એટલે ચેતન. ગુણ એટલે ચેતના, જાણવું-દેખવું એ ગુણ અને એની પર્યાય, જાણવું, દેખવું, શ્રદ્ધવું એ એની પર્યાય. આહા..હા..! જાણવું-દેખવું, શ્રદ્ધા કરવી, '**નિવૃત્ત થવું...**' એનો સ્વભાવ. પર્યાયમાં રાગથી નિવૃત્ત થવું એવો સ્વભાવ છે. ગુજરાતી છે. ગુજરાતી છે પણ એમાં છેને. બતાવ્યું? આહા..હા..! બહુ સરસ માલ આવ્યો છે એકલો.

એ વસ્તુ છે આત્મા એ ચેતન વસ્તુ આત્મદ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ અને સ્વભાવ, ગુણ ચેતના શક્તિ, ચેતના ગુણ. પર્યાય, અવસ્થા, જાણવું, દેખવું, શ્રદ્ધા કરવી અને રાગથી રહિત નિવૃત્ત થવું એ એનો સ્વભાવ છે. રાગમાં પ્રવૃત્તિ કરવી એ એનો સ્વભાવ નથી. આહા..હા..! આવી વાત એટલે મોંઘી પડેને માણસને. એટલે સોનગઢવાળા નિશ્ચયની વાત કરશે એમ કહે. એમ કરીને ઉડાવે. પ્રભુ! તને તારી ચીજની વાત છેને પ્રભુ! તારી ચીજ તો એટલી મોટી છે કે વાણીમાં પૂર્ણ આવી શકે નહિ એવી તારી મોટાઈ છે અંદરમાં. આહા..હા..! એ ચેતન દ્રવ્ય છે વસ્તુ, પદાર્થ અને એનો ચેતના ગુણ છે, શક્તિ છે, સ્વભાવ છે, ભાવ છે અને એની પર્યાય જાણવું, દેખવું, શ્રદ્ધવું અને સ્થિર થવું, રાગથી નિવૃત્ત થવું એ એનો સ્વભાવ છે. આહા..હા..! રાગને કરવો એ એનો સ્વભાવ નથી. આહા..હા..! વ્યવહાર દયા, દાનને કરવું એ પણ એનો સ્વભાવ નથી એમ કહે છે. ચૈતન્ય વસ્તુ તારી અને તારી ચેતન વસ્તુમાં ચેતના જાણવું-દેખવું એ શક્તિ ગુણ સ્વભાવ. અને એનું પરિણમન પર્યાય જાણવું-દેખવું, શ્રદ્ધા અને રાગથી નિવૃત્ત થવું એ એનો સ્વભાવ પર્યાયમાં છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ કરવો એ તારો સ્વભાવ નથી એમ કહે છે. વ્યવહારરત્નત્રયના રાગથી નિવૃત્ત થવું એ તારો સ્વભાવ છે. આહા..હા..! હવે અત્યારે એ પોકાર કરે કે વ્યવહારરત્નત્રય કરતાં-કરતાં નિશ્ચય થશે. અરે ભગવાન! શું કરે છે? ભાઈ! આહા..હા..! તારી મહત્તામાં કલંક લગાડે છે તું કે રાગ હોય તો મારી પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન થાય છે. આહા..હા..! એ તો કલંક લગાડે છે. તારો સ્વભાવ જ એવો છે. પર્યાયમાં હોં! આહા..હા..! કે વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે રાગ એનાથી નિવૃત્ત થવું એ તારો સ્વભાવ. તારી પર્યાય એ છે. રાગમાં પ્રવૃત્તિ કરવી એ તારી પર્યાય છે જ નહિ. આહા..હા..! આવું સાંભળવા મળે ક્યારે? એ ક્યારે સમજે અને ક્યારે ઉતરે? અરેરે! વસ્તુ દુર્લભ-દુર્લભ થઈ પડી.

તારા દ્રવ્ય, ગુણ, પર્યાયની સ્થિતિ શું છે એ બતાવે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય એટલે ત્રિકાળી ચીજ, ગુણ એટલે ત્રિકાળી સ્વભાવ ગુણ અને પર્યાય એટલે વર્તમાન પરિણમનની દશા. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં સુધી પહેલા વંચાઈ ગયું હતું. પણ પછી આ ક્લાસ આવ્યો હતોને એટલે શક્તિનું વર્ણન બહુ સારું આવ્યું છે શક્તિનું વર્ણન ઘણું. પહેલેથી. લખાણું

છે એ બહાર આવી જશે. છપાશે હળવે-હળવે. આહા..હા..!

'ઈત્યાદિ...' ઈત્યાદિ શું? કે અતીન્દ્રિય આનંદ પર્યાયનો થવો, વીતરાગતા થવી એ પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..! મૂળ વાત એ કે અંતર દ્રવ્ય જે વસ્તુ એમાં કેટલી શક્તિ અને સામર્થ્ય છે. અનંત સામર્થ્ય એની કદી પ્રતીત કરી જ નથી. પર્યાય ઉપર રમત અને દયા, દાન, વ્રત કરતાં-કરતાં કલ્યાણ થશે. થઈ રહ્યું મરી ગયો ત્યાં. રોકાઈ ગયો ત્યાં. પણ એ તારી પર્યાય જ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે થાય છે રાગ એ તારી પર્યાય નથી, એ તો વિકૃત અવસ્થા. આહા..હા..! તારી પર્યાય તો વિકૃત અવસ્થાથી નિવૃત્તરૂપ તારી પર્યાય છે. એટલે કે 'તું રાગાદિ છે' એ દુઃખરૂપ છે. એ દુઃખથી નિવૃત્ત થવું એ તારી પર્યાય છે. આહા..હા..! આવું છે ઝીણું. તારી વર્તમાનદશામાં એને તારી દશા કહીએ કે જે રાગ અને દુઃખની દશાથી નિવૃત્ત એ તારી દશા છે. આહા..હા..! તારી પર્યાય અને હાલત પણ તારી એવી છે. આહા..હા..! અરે! સાંભળવા મળે નહિ અને કે દિ' કરે? અને એમ ને એમ બિચારા જિંદગી પૂરી કરીને... આહા..હા..! ઘણા વાણિયા, વેપારીઓ તો મરીને ઢોરમાં જવાના. કારણ કે ધર્મની ખબર ન મળે, પુણ્યના ઠેકાણા ન મળે, આખો દિ' પાપ, પાપ ને પાપ. આહા..હા..! અરેરે! એ આમ વર્તમાનમાં એમ દેખાય કે જાણે અત્યારે આ સુખી છે અને મોટી આબરૂ છે, પણ પોતાના ચીજની ખબર ન મળે, દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે એની ખબર ન મળે અને ખબર બધી પુણ્ય અને પાપના વિકલ્પને એ. પુણ્યના પણ ક્યાં ઠેકાણા? બે-ચાર કલાક સાંભળે, બે-ચાર કલાક વાંચે તો તો પુણ્ય પણ બંધાય.

**શ્રોતા :-** જ્ઞાન ઉપરથી પુણ્ય બંધાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ પુણ્ય બંધાય, પણ એ સંયોગ અનુકૂળ મળે એટલું. એ સાંભળવાથી પુણ્ય બંધાય એ પણ સંયોગ આપે, એ આત્માનો ધર્મ ન આપે. ઝીણી વાતું, ભાઈ! સમજાણું કાંઈ? કેમકે આવું તો અનંતવાર સાંભળ્યું છે. સમવસરણમાં ગયો પરમાત્મા ત્રણલોકના નાથ બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં અનંતવાર મનુષ્યપણે જન્મ લીધો. અબજોપતિ શેઠાઈપણે સમવસરણમાં ગયો, કરોડો રૂપિયા, અબજો રૂપિયા ખર્ચ્યા, પણ એ તો બધી રાગની ક્રિયા છે, તો એનાથી પુણ્ય બંધાય અને એનાથી ભવિષ્યમાં કોઈ અનુકૂળ સંયોગ મળે, ધર્મ નહિ. આહા..હા..! આકરું કામ છે, ભાઈ! સમજાણું કાંઈ? અરે હું ક્યાં જઈશ? શું થશે? મારી ચીજમાં શું થશે કાંઈ એને દરકાર ન મળે. આહા..હા..! દુનિયાની હૂંફમાં બહારમાં કાંઈક મોટપ મળે, શરીર ને આબરૂ ને કીર્તિ ને પૈસા. એ હૂંફમાં બફાઈ ગયો. આહા..હા..! જેમ શક્કરિયાને અગ્નિમાં બાફે એમ બફાઈ ગયો. પ્રભુ આત્મા રહી ગયો અંદર. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે પ્રભુ! તું કોણ છો? અને ક્યાં તારી ચીજ છે? આહા..હા..! પ્રભુ! તું ચેતન છોને. આ તો બધા જડ છે. અને ચેતનમાં ચેતના તારો શક્તિગુણ છે.

શક્તિ એ તો ચેતનાની શક્તિ છે. જાણવા-દેખવાનું સામર્થ્ય તારામાં છે, એમ કહે છે. કોઈ પરને કરવું, પરમાં રોકાવું એ તારો સ્વભાવ નથી. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! આહા..હા..! એમ અહીંયાં ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ મજુરીમાં જાય. શાંતિભાઈ! મજુરી મોટી કરી રાગની. આહા..હા..! કહે છે કે તારે ઉદ્ધાર કરવો હોય તો પ્રભુ એકવાર સાંભળતો ખરો. આહા..હા..! તારી ચીજ જે વસ્તુ છેને વસ્તુ છે કે નહિ? અનાદિ-અનંત છે કે નહિ? આત્મતત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે તો દ્રવ્ય છેને? તો દ્રવ્ય છે તો અનાદિ-અનંત છે કે નહિ? કોઈ નવી ચીજ બને છે? અને છે એનો કાંઈ નાશ થાય છે? એવો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ દ્રવ્ય છે અને એ ચેતન અને એનો ચેતના સ્વભાવ પણ ત્રિકાળ છે. આહા..હા..! અને ચેતના સ્વભાવની પર્યાય જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું એ એની પર્યાય છે. આહા..હા..! અથવા અતીન્દ્રિય આનંદની પર્યાય એ તારી પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો,...**' આહા..હા..! પરને જાણનારો પણ નિશ્ચયથી કહેવામાં નથી આવતો. કર્તા તો નથી. આહા..હા..! એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# વાચકોની નોંધ માટે

# વાચકોની નોંધ માટે

# વાચકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર
સોનગઢ